POWDER COATED FOLDING RACK
15+ COLOR
Wholesale price as per shop/ showroom size
CUSTOMIZED
RION INDUSTRIES
Rangoli FURNITURE
FACTORY R. K. IND. ZONE-6 KUCHIYADAL TA. DIST. RAJKOT.
DHEBAR ROAD, RAJKOT.
97239 18483

Since 1979
AIR COMPRESSORS
toyo
M. 99042 99969, 96735 35982
Email:info@toyo.in • www.toyo.in

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

શહેર

પાના : ૨૦
કિંમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

દરેક પ્રોવિઝન સ્ટોરમાં મળશે
Pride of Rajkot
જલારામ ચીકી
Since 1962
સોની બજાર - ઈન્દીરા સર્કલ
લીમડા ચોક - કુવાડવા રોડ (ડી-માર્ટ પાસે)

હરસ,ભગંદર,ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S.
દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

ફોનઃ ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪, ૨૪૪૮૪૪૪, ■ વર્ષઃ ૪૯ ■ અંકઃ ૮૪ ■ 28 November 2025 ■ શુક્રવાર ■ માગશર સુદ-૮ ■ પ્રકાશન સ્થળઃઅકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

Ready in 7 Minutes
Enjoy nutritious comfort anytime, anywhere!
DAL PALAK KHICHADI
Frosze Dried Food
Coming Soon..!

'દિત્વા' વાવાઝોડાએ શ્રીલંકાને ધમરોળ્યું: ૧૬ના મોત નીપજયા Page ૧૦

જાકાર્તા હવે વિશ્વનું સૌથી મોટું શહેરઃ વસ્તી ૪.૧૯ કરોડ Page ૧૦

રાજ્યમાં વધુ એક BLO શિક્ષકનું કરૂણ મોતઃ મહેસાણાના સુદાસણ ગામે ફરજ દરમિયાન હાર્ટ એટેક Page ૯

અમેરિકા અને ચીન 'સુપર પાવર'ની શ્રેણીમાં: ભારત 'મેજર પાવર' સાથે ત્રીજા ક્રમે

ભારત ત્રીજુ શકિતશાળી રાષ્ટ્ર

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો દબદબો વધી રહયો છે: 'આતંકીસ્તાન' એવા પાકિસ્તાનનું નામ ટોપ-૧૦માં પણ નહી: ૧૬માં ક્રમે ધકેલાયું



નવી દિલ્હી, તા.૨૮: કહેવાય છે કે કોઈ સો જૂઠું બોલી શકે છે, પણ સત્ય હંમેશા બહાર આવે છે. વિશ્વના સૌથી આધુનિક ફાઈટર જેટમાંના એક રાફેલને તોડી પાડવાનો દાવો કરનાર પાકિસ્તાનની સાચી તાકાતનો પર્દાફાશ થયો છે, જે દેવા હેઠળ દબાયેલા આ દેશની વાસ્તવિકતાનો પર્દાફાશ કરે છે. ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત લોવી ઈન્સ્ટિટ્યૂટે એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫ બહાર પાડ્યો છે, જે એશિયા-પેસિફિક ક્ષેત્રના ૨૭ દેશોની લશ્કરી, આર્થિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક અસરકારકતાનું વિગતવાર મૂલ્યાંકન છે. ભૂતપૂર્વ ભારતીય રાજદ્વારી સૈયદ અકબરુદ્દીને તેમના X હેન્ડલ પર આ અહેવાલ શેર કર્યો છે, તેને વાંચવા યોગ્ય ગણાવ્યો છે. આ યાદીમાં ભારતનું નામ શામેલ છે, જ્યારે પાકિસ્તાન ટોચના ૧૦ ની બહાર છે. આ પાકિસ્તાનની સ્થિતિ દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પ્રભાવ સતત વધી રહ્યો છે. આર્થિક શક્તિની સાથે, ભારત લશ્કરી મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે. દરમિયાન, આતંકવાદને રાજ્ય નીતિ બનાવનાર પાકિસ્તાન કથળતી પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૫ ની યાદી પણ આ વાતની પુષ્ટિ કરે છે.

ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત લોવી ઈન્સ્ટિટ્યૂટે ૨૦૨૫ માટેનો તેનો વાર્ષિક એશિયા પાવર ઈન્ડેક્સ બહાર

Page NO.10

વ્હાઈટ હાઉસ પાસે આતંકી હૂમલા બાદ રાષ્ટ્રપતિની મહત્વની જાહેરાત

'ત્રીજા વિશ્વ'ના લોકોને અમેરિકામાં 'નો-એન્ટ્રી'

ટ્રમ્પના નિર્ણયની મોટી અસર થશે: જે લોકો અભ્યાસ-નોકરી-ગ્રાસથી બચવા અમેરિકા આવે છે તેમની મુશ્કેલી વધશે



વૉશિંગ્ટન, તા.૨૮: અમેરિકાના રાજકારણમાં એક નવો અને ધ્રુજારી ઉપજાવનારો વળાંક આવ્યો છે, જ્યાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી પ્રમુખીય ચૂંટણી પહેલા જ પોતાની ઈમિગ્રેશન નીતિઓનો રોડમેપ જાહેર કર્યો છે. એક ગંભીર ગોળીબારની ઘટના બાદ, ટ્રમ્પે જાહેરાત કરી કે તેમનું વહીવટીતંત્ર તમામ થર્ડ વર્લ્ડ દેશોમાંથી આવતા સ્થળાંતર (માઈગ્રેશન)ને કાયમી ધોરણે રોકવા માટે કામ કરશે, જેથી કરીને અમેરિકન સિસ્ટમ સંપૂર્ણપણે રીકવર અને રીસેટ થઈ શકે. આ આકરો નિર્ણય વ્હાઈટ હાઉસ નજીક થયેલા હુમલાના એક દિવસ પછી આવ્યો છે, જેમાં એક અફઘાન નાગરિક દ્વારા ગોળી મારવામાં આવેલા બે નેશનલ ગાર્ડ સૈનિકોમાંથી એકનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટનાએ ટ્રમ્પના સખત ઈમિગ્રેશન વલણને ફરી સપાટી પર લાવી દીધું છે.

આ જાહેરાત સાથે જ ટ્રમ્પ પ્રશાસને તત્કાળ પગલાં લેતા અફઘાનિસ્તાન સહિત ૧૯ દેશોના ઈમિગ્રન્ટ્સને આપવામાં આવેલા ગ્રીન કાર્ડ (કાયમી રહેઠાણ) ની સમીક્ષા પણ શરૂ કરી દીધી છે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર સ્પષ્ટ શબ્દોમાં લખ્યું હતું કે, હું

Page NO.10

TATA ની પ્રસ્તુતી
For marriages crafted by you
TANISHQ PRESENTS
RIVAAH
WEDDING JEWELLERY
વિશિષ્ટ વેડિંગ જવેલરીનું સૌથી વિશાળ એક્ઝિબિશન
28 નવેમ્બર થી 07 ડિસેમ્બર, 2025
₹600 સુધીની છૂટ* સોનાના દાગીના પર ઝીરો ટચ | 20% સુધીની છૂટ* હીરાના મૂલ્ય પર | ફ્લેટ 0% ડિડક્શન* એક્સચેંજ પર કોઈ પણ જ્વેલર્સ પાસેથી ખરીદેલ અમે બે કેરેટના જૂના સોનાં પર
To locate your nearest store and know more on 8147349242. Buy online at tanishq.co.in or Download our App *Conditions apply.
150 ફૂટ રીંગ રોડ, ITC FORTUNE હોટલની બાજુમાં.
ફોન: 0281-2992000, 9033002811

REQUIRED tumblëdry LAUNDRY | DRY CLEAN
Billing Staff 5
• Graduate • 1 Year Experienced • Female Preferable
Pickup / Delivery Boys 5
• 10th Pass • 1 Year Experienced
Send resume on Whatsapp No. 99259 92562 or mail on nidmisolutions@gmail.com
INTERVIEW TIME : 05.00 pm to 7.00 pm.
Address : Tumbledry, Samta, 5, Narmada Park Corner, Vidyakunj Society Main Road, Off. Amin Marg, Rajkot.
FRIENDS

Ratnaakar A LEGACY OF TRUST
BIRDSONG
by Ratnaakar
Weekend plots & villas.
Where quiet, immersive nature meets one of Gujarat's most promising growth corridors - a place to invest in serenity and rising potential.
Adroda Road, Ahmedabad.
Premium plots from 410 to 2000+ sq. yd.
₹38.95 Lakhs onwards.
Pre-booking window now open!
To know more call
95120 24400 / 84510 14829
In Rajkot on 29th & 30th November.
Meet us at Imperial Palace, Dr. Yagnik Road.
9am to 8pm.
www.birdsongbyratnaakar.com
Artistic impressions.

ચાલો માઘ મેળા (માઘ સ્નાન)
અયોધ્યા, નેપાળ સાથે
ટિકિટ ૧૫૦૦૦ દિવસ-૧૪
વધુ માહિતી માટે
૭૨૨૭૮ ૪૩૮૧૧
૯૮૨૫૯ ૪૫૦૪૨

કબુતર જાળી
આપના ઘર, બંગલા, ફેકટરી, રોડ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષને કબુતરથી બચાવો
SUDHANSU BIRD NO ENTRY
BIRD NET SPIKE & INVISIBLE GRILL SERVICE
Sadhu Vasvani Road, Nr. Alaap Green City, Rajkot
M. 99733 01587

RAIL & AIR • DEC to MAY 2025-26
ચંપારણ્ય-જ.પુરી-કલકત્તા-ગંગાસાગર
ભુવનેશ્વર, કોણાર્ક, ચંદ્રભાગા, સાક્ષીગોપાલ, ધવલગીરી
વારાણસી-અયોધ્યા-પ્રયાગરાજ-છપૈયા-ચિત્રકુટ
નેપાલ-ગાઠમંડુ-પશુપતીનાથ-પોખરા-મુકિતનાથ
પુલ્હાશ્રમ-બનારસ-અયોધ્યા-છપૈયા
AC હોટલ-AC બસ-ગુજરાતી કેટરર્સ સાથે
ભારતદર્શન 98244 56688

ORIGINAL
રાજકોટ પુસ્તકમેળો
21 Nov. to 2 Dec.
10 am to 10 pm
રાષ્ટ્રીય શાળા
ડૉ. યાજ્ઞિક રોડ
ગુજરાતી, ENGLISH, હિન્દી
પુસ્તકોનું વિશાળ COLLECTION
FREE ENTRY | PARKING AVAILABLE
RRSheth.com rrshethbooks
83200 37279

250+ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરનાર ગુજરાતની સૌ પ્રથમ હૉસ્પિટલ
zydus Hospitals
ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
જામનગર અને રાજકોટમાં વિશેષ ઓપીડી
સિનિયર લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન
ડૉ. આનંદ ખખર, MS, DNB
Fellow ASTS Liver Transplant & HPB Surgeon, Dr. B.C. Roy Awardee
1600+ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી અને 30+ વર્ષનો બહોળો અનુભવ
લીવર ને લગતા રોગોના લક્ષણો
• લીવર સિરોસિસ • લીવર કેન્સર • લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપેલ હોય • દારુના સેવનથી બગડેલ લીવર • સતત રહેતો કમળો • લોહીની ઉલ્ટી થતી હોય • પેટમાં પાણી ભરાવું • પીત્તાશયમાં કેન્સર અને પથરીની સર્જરી • શરીરમાં લોહીનું પ્રમાણ ઘટતું હોય • હિપેટાઇસિસ-બી - સી (ઝેરી કમળો) • સ્વાદુપિંડના કેન્સર અને પથરીની સર્જરી • વિલસન રોગ (શરીરમાં કોપરનું ધોવાણ) • લીવર અને પેટને લગતી ગંભીર સર્જરી માટે
29-11-2025 (શનિવાર)
જામનગર
સવારે 10:00 વાગ્યા થી
ઈમેજ પોઈન્ટ ડાયગ્નોસ્ટીક, પહેલો માળ, અમરીશ, ઈન્દીરા માર્ગ
રાજકોટ
સાંજે 04:00 વાગ્યા થી
ઝાયડસ સુપર સ્પેશ્યાલિટી ઓપીડી, 101, ટાઈમ્સ સ્કવેર-2, 150ફુટ રીંગ રોડ
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
સંપર્કઃ ભાર્ગવ શુક્લા 63543 53089 / 99520 99499
ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ - 54. 079 6619 0300

ઓખા-કાનાલુસ રેલ ડબલ લાઇન પ્રોજેક્ટઃ ગુજરાત માટે મહત્વપૂર્ણ નિર્ણય



રાજકોટ, તા.૨૭ : પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટી (CCEA) એ તાજેતરમાં ઓખા-કાનાલુસ વિભાગના ડબલ લાઈન પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ પરિયોજનાને પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન હેઠળ આયોજિત કરવામાં આવી છે, જેનું મુખ્ય ધ્યાન સંકલિત આયોજન અને હિતધારકોની સલાહ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા પર છે. આ પરિયોજના લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે અવિરત કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટ્સ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નવા ભારતના વિઝનને અનુરૂપ છે, જેનો હેતુ આ ક્ષેત્રમાં વ્યાપક વિકાસ કરવાનો છે.

દેવભૂમિ દ્વારકા ક્ષેત્રના આધ્યાત્મિક, આર્થિક અને લોજિસ્ટિક્સ વિકાસને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. દ્વારકા વિશ્વના મુખ્ય તીર્થસ્થળોમાંનું એક છે, અને દેવભૂમિ દ્વારકામાં આવેલો ઓખા-કાનાલુસ વિભાગ આ પવિત્ર ધામ સુધી પહોંચવાનો મુખ્ય રેલ માર્ગ છે. આ રેલ સેક્શન સૌરાષ્ટ્ર ક્ષેત્રની બંદર કનેક્ટિવિટી અને ઔદ્યોગિક ગતિવિધિઓ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે અને તે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાંથી પસાર થાય છે. મુસાફરો તેમજ માલગાડીઓની વધતી માંગને જોતાં આ પરિયોજનાનું મહત્વ વધુ વધી જાય છે.

૧૫૯ કિલોમીટર લાંબા આ ડબલિંગ પ્રોજેક્ટની કુલ કિંમત ૧,૪૫૭ કરોડ રૂપિયા છે. આમાં ૭ મુખ્ય અને ૧૪૩ નાના પુલનો સમાવેશ થાય છે અને કુલ ૧૨ સ્ટેશનો—ઓખા, મીઠાપુર, દ્વારકા, ગોરિંજા, ઓખામઢી, ભાટિયા, ભોપલકા, ભાટેલ, ખંભાળિયા, મોડપુર, અને કાનાલુસ—આ રૂટમાં આવરી લેવામાં આવશે. પરિયોજના પૂર્ણ થવા પર દ્વારકા આવતા તીર્થ યાત્રીઓ ને ઝડપી, સુરક્ષિત અને અવિરત મુસાફરીની સુવિધા મળશે. આ ઉપરાંત, ખાદ્ય મીઠા સહિત વિવિધ વસ્તુઓના માલ પરિવહનમાં પણ મહત્વપૂર્ણ વધારો થશે.

આ પ્રોજેક્ટ ઓખા પોર્ટ અને સલાયા પોર્ટ જેવા મુખ્ય આર્થિક કેન્દ્રોને વધુ મજબૂત રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે, જેનાથી લગભગ ૧૧ મિલિયન ટન વધારાની માલ પરિવહન ક્ષમતા વિકસિત થશે. તેનાથી દર વર્ષે આશરે ૧૪ કરોડ કિલોગ્રામ CO_2 ઉત્સર્જનમાં ઘટાડો થશે, જે લગભગ ૫૬ લાખ વૃક્ષો વાવવાની સમકક્ષ છે. સાથે જ, દર વર્ષે ૨.૮ કરોડ લીટર ડીઝલની બચત અને આશરે ૩૧૧ કરોડ રૂપિયાની લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે.

વર્તમાનમાં રાજકોટ-કાનાલુસ વિભાગ (૧૧૧ કિમી) પર ડબલિંગ કાર્ય ૧,૦૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ઝડપથી પ્રગતિ પર છે અને આશરે ૭૦ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જેને જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ સૌરાષ્ટ્ર ક્ષેત્રની કનેક્ટિવિટી, ઉદ્યોગ, પોર્ટ લોજિસ્ટિક્સ, તીર્થ પ્રવાસન અને પર્યાવરણ સંરક્ષણમાં મોટો બદલાવ લાવનારો છે. (૯.૩૩)

વાચકોએ નોંધ લેવી

કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપકઃ અકિલા

૫૦ વર્ષની આધ્યાત્મિક યાત્રાનો પાવન અવસર

જુનાગઢ સ્થિત ગિરનાર સાધના આશ્રમમાં મંત્ર જપ સુવર્ણ જયંતી વર્ષની થશે આધ્યાત્મિક ઉજવણી

ભગવાન દત્તાત્રેયના સાક્ષાત્કાર અને 'હરિ ઓમ તત્સત જય ગુરુદત્ત' મહામંત્ર અવતરણને ૫૦ વર્ષ પૂર્ણ: અધ્યાત્મ, ધ્યાન અને સેવાના ત્રિવેણી સંગમ વર્ષની ઉજવણી નિમિત્તે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન



રાજકોટ, તા.૨૮: દેશ-વિદેશમાં લાખો ભાવિકોને આત્મકલ્યાણનો માર્ગ બતાવનાર પૂજ્ય ગુરુદેવ સ્વામી પુનિતાચાર્યજી મહારાજના જુનાગઢ સ્થિત ગિરનાર સાધના આશ્રમમાં ૧૫ નવેમ્બરથી શરૂ થશે. આખા વર્ષને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવવામાં આવનાર છે આ સમગ્ર વર્ષ દરમિયાન સાધના આશ્રમમાં અધ્યાત્મ ધ્યાન અને સેવાના ત્રિવેણી સ્વરૂપ કાર્યક્રમો સમાજને સમર્પિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ગુરુદેવ સ્વામી પુનીતાચાર્યજી મહારાજને ૧૫ નવેમ્બર, ૧૯૭૫ના રોજ પ્રાપ્ત થયેલા ભગવાન દત્તાત્રેયના દૈવિક સાક્ષાત્કાર અને વિશ્વના કલ્યાણ માટે અવતરણ પામેલા હરિ ૐ તત્સત જયગુરૂદત્ત મહા-મહામંત્રના ૫૦ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસર પર સમગ્ર વર્ષ દરમિયાન અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ ૫૦ વર્ષો દરમિયાન આશ્રમે અધ્યાત્મ, સેવા અને સકારાત્મક પરિવર્તન દ્વારા અગણિત સાધકોના જીવનમાં શાંતિ અને આત્મ-અનુભૂતિનું પ્રગટીકરણ કર્યું છે.

ગુરુદેવ પુનિતાચાર્યજી મહારાજની સાધના પરંપરા વિશેષ રહી છે. આ પરંપરામાં હરિ ૐ તત્સત જયગુરૂદત્ત મહા-મહામંત્રનું જાપ મનને સ્વયંશાંત બનાવે છે. મંત્રના સ્પંદનથી આંતરિક ઊર્જા પ્રકાશિત થતાં, ધ્યાન સ્વાભાવિક રીતે ઊતરવા લાગે છે. આ અવસ્થાને જ સહજ ધ્યાન કહેવાય છે, જેમાં કોઈ કઠોર પ્રયાસ વગર આંતર શાંતિનો સ્પર્શ થાય છે.

હરિ ઓમ તત્સત જય ગુરુદત્ત મંત્ર જપથી મનની વૃત્તિઓ શાંત થાય છે તેમજ ચિંતા, ભય, અસુરક્ષા તથા નકારાત્મક ભાવનાઓ ઓછી થાય. આ મંત્રથી ચિત્તની એકાગ્રતા, સ્મરણશક્તિ અને કાર્યક્ષમતામાં વધારો થાય છે અને હૃદયમાં ભક્તિ, કરુણા અને સકારાત્મકતા અનુભવી શકાય છે. આધ્યાત્મિક પવિત્રતા અને આત્મવિશ્વાસ વધારવામાં મંત્ર જાપ ખૂબ ઉપયોગી છે.

સ્વામી પુનિતાચાર્યજી મહારાજ પ્રેરિત આ ધ્યાનના માર્ગે સાધકને આધ્યાત્મિક, માનસિક અને ભાવનાત્મક તેમજ શારીરિક એમ ત્રણેય સ્તરે ઊંડા લાભો પ્રાપ્ત થાય છે. જે પૈકી આધ્યાત્મિક લાભોમાં આત્મજ્ઞાન અને ચેતનાની ઊંચી અવસ્થાઓનો અનુભવ અને દૈવી શક્તિ સાથેના જોડાણની ઊંડાઈ, માનસિક અને ભાવનાત્મક લાભોમાં ડિપ્રેશન, તણાવ અને મનોવિકારથી રાહત ઉપરાંત ભાવનાઓ પર નિયંત્રણ તથા જીવનનાં નિર્ણયોમાં સ્પષ્ટતા તેમજ શારીરિક લાભોમાં રક્તચાપ, હૃદયગતિ અને તણાવ હોર્મોન્સ સંતુલન. ઊંઘમાં સુધારો અને પ્રતિરક્ષા શક્તિ મજબૂત થવાનો સમાવેશ થાય છે.

ગિરનાર સાધના આશ્રમ ખાતે આ વર્ષ દરમિયાન માત્ર સ્મરણ નહીં, પરંતુ મંત્ર,ધ્યાન અને સેવાના ત્રિવેણી માર્ગે સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવાનો સંકલ્પ છે. આજના યુગમાં માનવીને અંતર શાંતિ, માનસિક સ્વસ્થતા અને આધ્યાત્મિક સંતુલનની સૌથી વધુ જરૂર છે, જે ગુરુદેવ પુનિતાચાર્યજી મહારાજે પ્રદાન કરેલા મંત્ર અને ધ્યાનમાં સહજ રીતે ઉપલબ્ધ છે ત્યારે વિશ્વના તમામ દત્તભક્તો, ધ્યાનસાધકો અને હિતેચ્છુઓને ગિરનાર સાધના આશ્રમમાં યોજાનારા સુવર્ણ જયંતી કાર્યક્રમોમાં જોડાવવા માટે સાધના આશ્રમ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. (૨૨.૬)

પાંચમી વાર્ષિક પૂણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી




સ્વ. વસંતરાય શાંતિલાલ વિસાણી
સ્વ.તા.૨૮/૧૧/૨૦૨૦ જી.ટી.શેઠ સ્કુલના શિક્ષક (નિવૃત)

પિતા વગરનું ઘર અને ભગવાન વિનાનું મંદિર એક સમાન

પુરુષાર્થ કરી શૂન્યમાંથી, સર્જન કરી કષ્ટ સહન કરીને, પરિવાર માટે ફૂલો પાથરી ગયા....સુખમાં છલકાયા નહિ, દુઃખથી ડર્યા નહિ, વ્યવહાર કદી ચુક્યા નહિ, ધર્મ કદી ચુક્યા નહિ,રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી,
સાથ ભલે છોડ્યો તમે, અમે ભૂલવાના નથી, તમારી ખોટ કદીય પુરાશે નહિ.... તમારો હસમુખો ચહેરો, પ્રેમાળ સ્વભાવ, ઉદાર - પરોપકારી વૃત્તિ, અને કૌટુંબિક ભાવના હર હંમેશ યાદ રહેશે....
નથી હયાત તમે પણ સાથે હોય તેવું લાગ્યા કરે છે, હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.... ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.... પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના....


લી. **મયુર વી. વિસાણી**
ડો. હિરેન વી. વિસાણી
સમગ્ર ડો. વિસાણી પરીવાર

ગીતા જયંતિના દિવસે ગીતા વિદ્યાલયનો ૬૧માં વર્ષમાં પ્રવેશ ભગવદ ગીતાનો ગુંજારવ તથા માનવસેવા પ્રવૃતિના ૬૦ વર્ષ પૂર્ણ



રાજકોટઃ જંકશન પ્લોટ ખાતે શ્રીમનહરલાલજી મહારાજ સ્થાપિત સેવાસંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટ(રજી ચેરિટેબલ ટ્રસ્ટ) તા.૧-૧૨-૨૦૨૫ ને સોમવારે ગીતા જયંતિના રોજ ભગવદ્ગીતાનો ગુંજારવ અને માનવસેવાના ૬૦ વર્ષોની સેવાયાત્રા પૂર્ણ કરીને ૬૧મા વર્ષમાં પ્રવેશ કરે છે. આજનો બાળક એ આવતી કાલનો નાગરિક છે તે ધ્યાનમાં રાખીને જો બાળકોને બાળપણથીજ ગીતાજી-રામાયણનું અધ્યયન કરાવવામાં આવેતો સદાચાર, સદ્ગુણ, સહિષ્ણુતાથી પરિપૂર્ણ આદર્શ નાગરિકોનું ઘડતર થાય અને એક આદર્શ ભારત રાષ્ટ્રનું નિર્માણ થાય. આ ભવ્ય હેતુને નજર સમક્ષ રાખીને ભાગવતાચાર્ય શ્રીમનહરલાલજી મહારાજે સૌરાષ્ટ્રમાં જામનગર, રાજકોટ, ગોંડલ, ખાંડાધાર, કોસંબા, ધારી, ધ્રોલ સહીત અનેક સ્થળોએ ગીતાવિદ્યાલયની સ્થાપના કરી, જેમાં રાજકોટમાં આજથી ૫૦ વર્ષો પૂર્વે પાનાચંદ જાદવજી ખખ્ખર,હરસુતભાઈ રાવલ, કેશુભાઈ જોષી, ચંદુભાઈ ભટ્ટ, આર.એલ.જાની, બાબુભાઈ પરમાર, મગનભાઈ રાવલ, કુવરજીભાઈ નંદાણી, હંસરાજભાઈ પટેલ, ચંદુભાઈ મહેતા વગેરે ટ્રસ્ટીઓના સહકારથી ગીતાજયંતિના રોજ ગીતાવિદ્યાલયની સ્થાપના કરી.

રાજકોટમાં જંકશન પ્લોટ ખાતે છેલ્લા ૬૦ વર્ષોથી ગીતાવિદ્યાલય ટ્રસ્ટ દ્વારા બાળસંસ્કાર કેન્દ્ર, ગીતાપ્રચાર, સંસ્કૃતપ્રચાર, નિઃશુલ્ક ઉનાળુ છાશકેન્દ્ર,નિઃશુલ્ક મેડિકલ નિદાન-સારવારકેમ્પ, રાહતદરે નોટબુક વિતરણ,કારકિર્દી માર્ગદર્શન, સાર્વજાનિક વાચનાલય, પુસ્તકમેળો, મેડીકલ સાધનસહાય, જ્ઞાનયજ્ઞ, માતૃભાષામાં શિક્ષણનું અભિયાન, બાળમજૂરી નાબુદી અભિયાન,સતસાહિત્યનું વિતરણ, મહોત્સવોની ઉજવણી, વ્યસનમુક્તિ, યોગ શિબિર, ભજનસંધ્યા,ભગવદ્ગીતાપારાયણ વગેરે સેવા પ્રવૃત્તિઓનું નિયમિતપણે સંચાલન થાય છે.



સંસ્થાના ગીતા મંદિર પરિસરમાં સનાતન હિંદુ ધર્મના તમામ ઉત્સવો, તહેવારોની ભાવપૂર્વક ઉજવણી થાય છે. તેમજ ગીતાજીના પ્રચાર માટે શુદ્ધ ઉચ્ચાર સાથે સંપૂર્ણ ગીતાજીના સંગીતમય શ્લોકોની ઓડિયો સીડીનું નિર્માણ કર્યું છે, જે યુટ્યુબ ઉપર પણ ઉપલબ્ધ છે. સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓને કારણે રાજકોટ મહાનગરપાલિકાએ જંકશન પ્લોટ મેઈન રોડને ગીતા વિદ્યાલય રોડ નામ આપેલ છે.

ગીતા જયંતિ નિમિતે સોમવારે ગીતા વિદ્યાલયમાં ધૂપ-દીપ અને પુષ્પોની સુવાસથી મહેકતા મંદિર સભાખંડમાં સાંજે ૪ થી ૭ સુધી ભગવદ્ગીતાના સામૂહિક સંપૂર્ણ ગીતાપાઠનું આયોજન કરેલ છે.

સંસ્થાના ષષ્ટીપૂર્તિ પ્રસંગે આગામી સમયમાં ગીતાપ્રેસ ગોરખપુરનો પુસ્તકમેળો, સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ, શાળાકક્ષાની સંસ્કૃત સ્તોત્રગાન સ્પર્ધા,ધાર્મિક યાત્રાપ્રવાસ, માચીસના કદના ગીતાજીથી લઈને ૧૨૦૦ પૃષ્ઠના દળદાર ગીતાજીના વિવિધ ગ્રંથોની ગીતા પ્રદર્શની વગેરેનું આયોજન કરવામાં આવશે. જ્યાં અનેક સંતો,મહાત્માઓની પાવન પધરામણી થઈ ચૂકી છે તેવા નાત-જાતકેધર્મના ભેદભાવ વિના, બિનરાજકીય, બિનવિવાદાસ્પદ ધોરણે છેલ્લા ૬૦ વર્ષોથી માનવસેવા અને ભગવદ્ગીતાના ગુંજારવ દ્વારા ગીતાપ્રચારનુ પાયાનું કાર્ય કરી રહેલ રજિસ્ટર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ ગીતાવિદ્યાલય-ગીતામંદિરના ૬૧મા વર્ષમાં પ્રવેશ સમયે છેલ્લા ૬૦ વર્ષો દરમ્યાન મળેલા સહકાર બદલ ગીતાવિદ્યાલય પરિવારે સૌ દાતાઓ,શુભેચ્છકો પ્રત્યે ઋણસ્વિકાર સાથે આભારની લાગણી વ્યક્ત કરીને ધન્યવાદ પાઠવ્યા છે. તેમ સંસ્થાના શ્રી કૃષ્ણકુમાર મહેતાની યાદીમાં જણાવાયું છે. (૩૮.૧૩)

તમારી પ્રેસનોટ-ફોટા મેઈલ કરજો

રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓને જણાવવાનું કે તમારા કાર્યક્રમ અંગેની પ્રેસનોટ અને ફોટા મેઈલ akiladailyphoto@gmail.com મોકલવા વિનંતી. મેઈલ કર્યા બાદ ફોન.૦૨૮૧-૨૪૪૫૩૫૪/ ૨૪૪૮૪૪૪ ઉપર જાણ કરવી જરૂરી છે.

પોરબંદર નિવાસી અને હાલ વડોદરા શાંતિલાલભાઇ ચંદારાણાનું અવસાન

પોરબંદર : મુળ પોરબંદર નિવાસી અને હાલ વડોદરા સ્વ. શાંતિલાલભાઈ કરમશીભાઈ ચંદારાણા (ઉ.૬૫) જે સ્વ. વ્રજલાલ ચંદારાણા તથા સ્વ. જયાબેન ભીખાલાલ સોમૈયા (જામનગર) તથા સ્વ. મંગળાબેન નરોતમદાસ ઠકરારના નાના ભાઈ, તથા વિમલ શાંતિલાલ, ખુશ્બુ જોબનપુત્રા (જુનાગઢ), સ્વીટી જયકુમાર બારોટ (વડોદરા)ના પિતાશ્રી તથા સ્વ. વ્રજલાલ ભાણજીભાઈ રાંચ (શેઠ વડાળા)ના જમાઈનું અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૮ શુક્રવારના રોજ સાંજે ત્રણ વાગ્યાથી પાંચ વાગ્યા સુધી તેમના નિવાસસ્થાને રાખેલ છે. (૫-૧૧)

શ્રદ્ધાંજલી



સ્વ. કેતનભાઇ જેસંગભાઇ હેરમા
સ્વ. તા. ૨૨-૧૧-૨૦૨૫
વિ.સં.૨૦૮૨ માગસર સુદ બીજને શનિવાર

કળી બનીને સુવાસ મુકી ગયા, કિરણ બની સુર્યપ્રકાશ છોડી ગયા, ઝરણું બની સાગરમાં સમાઈ ગયા, ભુલી ના ભુલાશે એવી યાદોના સ્મરણ છોડી ગયા, પ્રભુ દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના
ૐ શાંતિ... ૐ શાંતિ...

લી.
હિતેષભાઇ નારણભાઇ ડોડીયા
વેદાંત હિતેષભાઇ ડોડીયા

શ્રદ્ધાંજલી



સ્વ.ગગુબેન લાલજીભાઈ ટીલાળા
સ્વ.તા.૨૭-૧૧-૨૦૨૫
માગશર સુદ-૭, ગુરૂવાર
(ગામ-પાળ)

સૌજન્ય, સદ્ભાવ, સ્નેહ, સૌમ્યતા જેમનો સ્વભાવ હતો,
સહજતા અને ઉદારતા જેના સદ્ગુણો હતા,
પરમાર્થ અને પુરુષાર્થ જેમની કર્મનિષ્ઠા હતી તેવા
દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

કે.ટી. એન્જીનીયરીંગ વર્કસ
રાજુભાઇ ચીચોળાવાળા
સંજયભાઇ - મુકેશભાઇ

SHASHI -98255 55845

ચક્ષુદાન મહાદાન
૯૪૨૮૨ ૩૩૭૯૬

અવસાન નોંધ

ઇન્દીરાબેન કકૈયા

ઉપલેટા : નિવાસી વિઠ્ઠલદાસ હરિલાલ કકૈયા ના ધર્મ પત્ની ઈન્દિરાબેન ઉ.વ ૮૦ તે ઉમેશભાઈ, અંજનાબેન જુનાગઢ, નીતાબેન પોરબંદર, પારૂલબેન ભાવનગર, અનુરાધાબેન મહુવાના માતુશ્રી તથા શૈલેશભાઈના દાદીમા તા. ૨૭/૧૧ ને ગુરૂવારના રોજ અક્ષર નિવાસી થયેલ છે સદગતની પ્રાર્થના સભા આજે સાંજે ૪ થી ૫:૩૦ સુધી ત્રિલોકનાથ મહાદેવ મંદિર, આદર્શ સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ, ઉપલેટા મુકામે રાખેલ છે.(૨૩.૩)

જયદીપભાઇ દક્ષિણી

રાજકોટ : જયદીપભાઈ દક્ષિણી (ઉ.વ. ૩૪) તેઓ પ્રકાશભાઈ દક્ષિણીના પુત્ર તેમજ ધવલભાઈ, નયનભાઈના ભાઈ તથા ભૂપેન્દ્રભાઈ જાડાના જમાઈ, તે સ્વ. મનસુખભાઈ તથા અનિલભાઈ દક્ષિણીના ભત્રીજા, તે સ્વ. હરીશભાઈ તથા અશોકભાઈ કોટકના ભાણેજનું તા. ૨૭ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તા. ૨૯ શનિવારના રોજ સાંજે ૪ થી ૫:૩૦ કલાકે પંચનાથ મહાદેવ મંદિર, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. (૩૬.૨)

જીલ્લા ભાજપ મંત્રી મનોજ રાઠોડના માતુશ્રીનું કાલે બેસણું



રાજકોટ: મૂળ વતન હરિપર પાળ તા. લોધિકા ના સ્વ. દેસુરભાઈ વસ્તાભાઈ રાઠોડ ના પત્ની હીરાબેન, (ઉ.વ.૯૫), જે રાજકોટ જિલ્લા ભાજપના મંત્રી અને લોધિકા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મનોજભાઈ રાઠોડ મો. ૯૮૨૪૨ ૫૧૬૬૩, નાથાભાઈ લક્ષ્મણભાઈ, સ્વ. વાલજીભાઈના માતુશ્રી તેમજ રાહુલભાઈ, ડો. મોહીલભાઈ, માનવભાઈ, ધીરુભાઈ, રવિભાઈ, મુકેશભાઈ, નલિનભાઈના દાદીનું દુઃખદ અવસાન તા. ૨૬ ને બુધવાર ના રોજ થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૯ ને શનિવાર ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે, જડેશ્વર મહાદેવ મંદિર, ગામ હરીપર પાળ, કાલાવડ રોડ, મોટેલ ધ વિલેજ ની સામે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.(૩૮.૬)

ખંભાળીયા પોલીસના નિવૃત રાઇટર હેડ બાબુભાઇ ફફલનું અવસાન

ખંભાળીયા : ખંભાળીયા નિવાસી બાબુભાઈ દેશળભાઈ ફફલ (નિવૃત રાઈટર હેડ - ખંભાળીયા પોલીસ સ્ટેશન) તે હાર્દિક (સરકારી હોસ્પિટલ) તેમજ શેજલના પિતાશ્રી તથા એડવોકેટ અને પત્રકાર કરણ વિષ્ણુભાઈ જોષીના સસરા, તા. ૨૭ ના શ્રીજી ચરણ પામેલ છે. બેસણું તેમના નિવાસ સ્થાને નાગર પાડો, શેરી નંબર-૩, ખંભાળિયા ખાતે આજે બપોરે ૪ થી ૫ વાગ્યે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે. (૩૬.૫)

દુઃખદ અવસાન / બેસણું




સ્વ. શ્રી મંગલભાઈ મૂળજીભાઈ પરમાર
જન્મ તા. ૧૯-૧-૧૯૪૯
સ્વ.તા. ૨૬-૧૧-૨૦૨૫, બુધવાર

યુનાઇટેડ ઇન્ડિયા ઇન્સ્યોરન્સ કંપનીના રિટાયર્ડ ADM શ્રી મંગલભાઈ મૂળજીભાઈ પરમાર તેઓ કમલેશભાઈ મંગલભાઈ પરમાર, ભરતભાઈ (જયેશભાઈ)મંગલભાઈ પરમાર તથા રંજનીબેન અનિલભાઈના પિતાશ્રી અને અનિલભાઈ પ્રેમજીભાઈ દાફડાના સસરાનું તા. ૨૬-૧૧-૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

:: સદ્ગતનું બેસણું ::
તારીખ ૨૯-૧૧-૨૫, શનિવારે સાંજે ૪ થી ૬ તેમના નિવાસ સ્થાન "પરમાર નિવાસ", રૈયા ગામ ખાતે રાખેલ છે.
:: પાણીઢોળ(કારજ) ::
તારીખ : ૧-૧૨-૨૦૨૫ ને સોમવારે બપોરે રાખેલ છે.

સમસ્ત પરમાર પરિવારના જયશ્રી કૃષ્ણ

ભાવભીની
શ્રદ્ધાંજલી



સ્વ. આયદાનભાઇ
મેપાભાઇ જરીયા (બોરીચા)
સ્વ. તા. ૨૮-૧૧-૧૯૮૭
શનિવાર


સમય જીંદગીનો ઓછો હશે કયાં ખબર હતી, વિદાય તમારી અણધારી હશે કયાં ખબર હતી,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા, પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતી અર્પે એ જ પ્રાર્થના.

❋ સદાય આપના આશિર્વાદને ઝંખનાર ❋

પરેશભાઇ મેપાભાઇ જરીયા સિધ્ધરાજ દિલીપભાઇ ખાંડેખા
ભુપતભાઇ આયદાનભાઇ જરીયા આર્યન ભુપતભાઇ જરીયા
વિજયભાઇ આયદાનભાઇ જરીયા આદિત્ય વિજયભાઇ જરીયા
હિતેષભાઇ પરેશભાઇ જરીયા કૃષ્ણમ્ હિતેષભાઇ જરીયા

કનૈયા વુડન । શ્રી ભગવતી કેડીટ કો. ઓપ. સોસા. લી. । બાલાજી પ્રિન્ટર્સ

અગયારમી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી કાંતિભાઇ ચોંડાભાઇ ગોરવાડીયા
સ્વ. તા.૨૮-૧૧-૨૦૧૪
શુક્રવાર

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે. મૃત્યુ થવું એ સમયની વાત છે. પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવીત રહેવું તે જીવનમાં કરેલા કર્મોની વાત છે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના...

શ્રી મધુબેન કાંતિભાઇ ગોરવાડીયા
સ્વ.અમિતભાઇ કાંતિભાઇ ગોરવાડીયા • મનિષભાઇ કાંતિભાઇ ગોરવાડીયા
કલ્પેશભાઇ કાંતિભાઇ ગોરવાડીયા
આદિત્ય અમિતભાઇ ગોરવાડીયા • જીલ મનિષભાઇ ગોરવાડીયા
સાનવી કલ્પેશભાઇ ગોરવાડીયા • આરાધ્ય કલ્પેશભાઇ ગોરવાડીયા

રોયલ કિચનવેર પરિવાર

ઉઠમણું બેસણું શ્રદ્ધાંજલી
દુઃખદ અવસાનની જાહેરાતનો દર

રૂા.૪૦૦/-
(અંદરના પાને)

સાઇઝ ૫ સે.મી.×૨ કોલમ અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ વધારાના પ્રત્યેક એક કોલમ સે.મી.ના રૂા.૧૨૦

+ 5 % GST EXTRA

અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો.

તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક કરો

જય જીનેન્દ્ર
પાંચમી વાર્ષિક પૂણ્યતિથિએ
॥ શ્રદ્ધાંજલી ॥



સ્વ. દિપકભાઇ (રાજુભાઇ) કાંતિલાલ દોશી
સ્વ. તા.૨૮-૧૧-૨૦૨૦, શનિવાર

આપશ્રીએ વાત્સલ્ય ભાવે સૌને સ્નેહ અને સુખ સમર્પિત કર્યુ અને અવિરત નિઃસ્વાર્થ ભાવે કુટુંબ સેવા કરી તે જીંદગીભર યાદ રહેશે, આપની શીતળ છાંયા અમોએ ગુમાવી છે પરંતુ આપનો સંસ્કારી વારસો અમારા માટે કાયમ પ્રેરકબળ અને આશીર્વાદ સાબિત થશે.

હંમેશા આપની યાદમાં
ગં.સ્વ. સ્મિતાબેન દિપકભાઇ દોશી
વૈભવ ડી. દોશી - સોનાલી વી. દોશી - પરીન વી. દોશી
દર્શન ડી. દોશી - ભુમી ડી. દોશી
G.S. Enterprise, Rajkot

‘સેન્યાર’ પછી ‘દિત્વા’ વાવાઝોડાનો પ્રકોપઃ પાંચ રાજ્યોમાં એલર્ટ

બંગાળની ખાડીમાં સર્જાયું બીજું શક્તિશાળી ચક્રવાતઃ તમિલનાડુ, કેરળ અને આંધ્રપ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદની આગાહીઃ માછીમારોને તાત્કાલિક દરિયો ખેડવાનું બંધ કરવા આદેશ



તમિલનાડુ, તા.૨૮: ચક્રવાત સેન્યારની અસરો હજી ઓછી થઈ નથી, ત્યાં તો બંગાળની ખાડીમાં વધુ એક પ્રચંડ ચક્રવાત દિટવાહ સક્રિય થઈ ગયું છે, જેણે દક્ષિણ ભારતમાં વિનાશ વેરવાનું શરૂ કરી દીધું છે. હવામાન વિભાગ દ્વારા આ નવા અને શક્તિશાળી ચક્રવાત માટે પાંચ રાજ્યોમાં મુશળધાર વરસાદની રેડ એલર્ટ જારી કરવામાં આવી છે, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભય અને સાવધાનીનો માહોલ છે. હવામાનશાસ્ત્રીઓ ચેતવણી આપી રહ્યા છે કે ચક્રવાત દિટવાહ નોંધપાત્ર વિનાશ વેરવાની ક્ષમતા ધરાવે છે અને આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કેરળ જેવા રાજ્યોમાં ભારે તબાહી મચાવી શકે છે.

IMD ના અહેવાલ મુજબ, બંગાળની ખાડીમાં સર્જાયેલો નીચા દબાણનો વિસ્તાર ગુરુવારે રાત્રે શક્તિશાળી ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ ગયો છે. આ ચક્રવાતની સૌથી વધુ અસર તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કેરળના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળશે. વાવાઝોડું જમીન પર ત્રાટકે તે પહેલાં જ, તમિલનાડુના દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ ગયો છે. આ જોખમને ધ્યાનમાં રાખીને, હવામાન વિભાગે માછીમારોને દક્ષિણપશ્ચિમ બંગાળની ખાડી, મન્નારનો અખાત, કોમોરિન વિસ્તાર અને તમિલનાડુ-પુડુચેરીના સમુદ્ર કિનારાથી તાત્કાલિક દૂર રહેવાની અને દરિયો ન ખેડવાની સ્પષ્ટ ચેતવણી આપી છે.

દિટવાહના કારણે દક્ષિણના પાંચ રાજ્યોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. ખાસ કરીને તમિલનાડુ, કેરળ અને કર્ણાટકના ઘણા વિસ્તારોમાં વરસાદ ચાલુ છે. IMD એ જણાવ્યું છે કે આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુમાં ૩૦ નવેમ્બર સુધી વાતાવરણ અત્યંત ખરાબ રહેશે. આગાહી મુજબ, કર્ણાટકમાં ૨૯ નવેમ્બરે સૌથી ભારે વરસાદ પડશે, જ્યારે તેલંગાણામાં ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. પુડુચેરી અને કરાઈકલના કેટલાક વિસ્તારોમાં પણ હળવા વરસાદના આંચકા અનુભવાશે.

જ્યારે દક્ષિણ ભારતમાં મેઘતાંડવનું જોખમ છે, ત્યારે ઉત્તર ભારતનું હવામાન પણ બદલાઈ રહ્યું છે. આગામી બે થી ત્રણ દિવસમાં ઉત્તર ભારતના તાપમાનમાં સતત ઘટાડો થવાની સંભાવના છે. હિમાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના ભાગોમાં સવારના સમયે ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે, જે વાહનવ્યવહારને અસર કરશે. એક તરફ દક્ષિણ ભારતમાં ચક્રવાતી વરસાદનું આક્રમણ અને બીજી તરફ ઉત્તર ભારતમાં શીત લહેરનો સંકેત, આ દર્શાવે છે કે સમગ્ર દેશમાં હવામાનની સ્થિતિ પલટાઈ રહી છે, અને લોકોને ભારે સાવચેતી રાખવાની જરૂર છે. (૨૨.૫)

Free Camp
સાઓલ હાર્ટ સેન્ટર
રાજકોટ
saaol
મફત આરોગ્ય તપાસ કેમ્પ
૨૯ - ૩૦ નવેમ્બર, ૨૦૨૫ - સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી
મફત:
બ્લડ પ્રેશર ટેસ્ટ
ડોક્ટરની સલાહ
બ્લડ સુગર ટેસ્ટ
દર્દીઓને જોવા જોઈએ:
જેમને છાતીમાં દુખાવો, થાક અથવા શ્વાસ લેવામાં તકલીફ હોય
જેમને હૃદયની લયની સમસ્યા હોય
જેમને બાયપાસ/સ્ટેન્ટ સર્જરી માટે ભલામણ કરવામાં આવી છે
જેમને હૃદયમાં બ્લોકેજ હોય
આ શિબિરમાં શા માટે આવો છો?
હાઈ બ્લડ પ્રેશરનું વહેલું નિદાન | ડોક્ટર સાથે વ્યક્તિગત પરામર્શ
તાત્કાલિક તપાસ અને સલાહ
+91 98700 36559
DR. BIMAL CHHAJER
MBBS, MD, Ex. Consultant AIIMS, Delhi
Heart care and lifestyle expert
આ આરોગ્ય કેમ્પ ડૉ. બિમલ છાજેરની ટીમ દ્વારા આયોજિત કરવામાં આવી રહ્યો છે.
Saaol heart center opp. 9th Avenue Apartments, behind sterling hospital, sheri no. 1, Satadhar park, Rajkot - 360007

અલાસ્કામાં ભૂકંપઃ ૬.૦ ની તીવ્રતાના ભૂકંપથી લોકોના શ્વાસ થંભી ગયા!

૪ વર્ષ બાદ ફરી એકવાર ભયનો માહોલઃ પૃથ્વીની સપાટીથી ૮૦.૪ કિમી ઊંડે ભૂકંપનું કેન્દ્ર

અલાસ્કા, તા.૨૮: અમેરિકાના અલાસ્કામાં આજે વહેલી સવારે ધરતી ધ્રૂજી ઉઠી હતી, જેના કારણે સમગ્ર એન્કરેજ મેટ્રોપોલિટન વિસ્તારમાં જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ૬.૦ની તીવ્રતાના આ ભૂકંપે ચાર વર્ષ પહેલાના વિનાશની યાદો તાજી કરાવી દીધી, અને લોકોના ચહેરા પર ફરી એકવાર ભયની રેખાઓ ખેંચાઈ ગઈ. યુએસ જીઓલોજિકલ સર્વે અનુસાર, આ ભૂકંપ સવારે ૦૫:૧૧ વાગ્યે અલાસ્કાના સુસિત્નાથી માત્ર ૧૪ કિમી પશ્ચિમમાં આવ્યો હતો. આ તીવ્ર આંચકાના પગલે પ્રશાસને તત્કાળ સુનામીની ચેતવણી પણ જાહેર કરી હતી, જોકે સદભાગ્યે કોઈ મોટા નુકસાન કે જાનહાનિના પ્રારંભિક અહેવાલો મળ્યા નથી.

ભૂકંપની તીવ્રતા જેટલી હતી, તેટલું જ તેનું કેન્દ્ર ઊંડું હતું, જેણે આ ઘટનાને વધુ ચિંતાજનક બનાવી દીધી હતી. USGS ના અંદાજ મુજબ, ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૮૦.૪ કિમી નીચે હતું. આ ભૂકંપનું પ્રારંભિક સ્થાન ૬૧.૫૭ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૧૫૦.૭૮ ડિગ્રી પશ્ચિમ રેખાંશ પર નોંધવામાં આવ્યું હતું. આ ઊંડાણે આવેલા ભૂકંપના કારણે આંચકા ઘણા મોટા વિસ્તારમાં ફેલાયા હતા. સ્થાનિક ટીવી ચેનલ KTUU ના અહેવાલ મુજબ, આ ભૂકંપ વર્ષ ૨૦૨૧ પછી દક્ષિણ-મધ્ય અલાસ્કામાં અનુભવાયેલો સૌથી મોટો આંચકો છે, જેણે આ પ્રદેશના લોકોને ફરી એકવાર કુદરતી આપત્તિની યાદ અપાવી દીધી. અલાસ્કા રાજ્યને યુએસએમાં સૌથી વધુ ભૂકંપ-સંભવિત વિસ્તાર માનવામાં આવે છે. તે વિશ્વના સૌથી વધુ ભૂકંપ-સક્રિય પ્રદેશોમાંનું એક છે, જે પેસિફિક રિંગ ઓફ ફાયર પર સ્થિત છે. આ કારણે અહીં લગભગ દર વર્ષે ૭.૦ કે તેથી વધુ તીવ્રતાનો એક મોટો ભૂકંપ આવે છે. પ્લેટોની ગતિવિધિ અને ટેક્ટોનિક હલચલ આ વિસ્તારને સતત જોખમમાં રાખે છે. આજના ૬.૦ની તીવ્રતાના ભૂકંપે ફરી એકવાર આ સતત જોખમની યાદ તાજી કરી દીધી છે.

પ્રશાસન અને કટોકટી વ્યવસ્થાપન ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તપાસ કરી રહી છે અને નુકસાનના આકારણી માટે પ્રયાસો શરૂ કરી દીધા છે. જોકે તાત્કાલિક કોઈ મોટી દુર્ઘટનાના સમાચાર નથી, પરંતુ લોકોમાં ગભરાટનો માહોલ છે. આ ભૂકંપ એ વાતની ચેતવણી આપે છે કે આ પ્રદેશમાં સુરક્ષા અને પૂર્વાયોજન કેટલું મહત્વનું છે. અલાસ્કાના રહેવાસીઓ હવે ભૂકંપ પછીના આંચકા અને સંભવિત જોખમો માટે સજાગ છે, અને આશા છે કે આ મુશ્કેલ સમયમાંથી તેઓ સુરક્ષિત રીતે બહાર નીકળી શકશે. (૨૨.૩)

ઇન્ડોનેશિયામાં ભૂકંપ અને સુનામી તબાહી મચાવી રહ્યા છે

૩૦ દિવસમાં ૧,૪૪૦ ભૂકંપ... ઇન્ડોનેશિયામાં ધરતી કેમ ધ્રુજી રહી છે?



જકાર્તા તા.૨૮: ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પર આવેલા આચેહ પ્રાંતમાં ગુરુવારે એક જોરદાર ભૂકંપ આવ્યો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૩ માપવામાં આવી હતી. આ તીવ્રતાના ભૂકંપને ખતરનાક માનવામાં આવે છે કારણ કે તે વ્યાપક નુકસાન પહોંચાડી શકે છે. ભૂકંપથી થોડા સમય માટે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, તાત્કાલિક કોઈ મૃત્યુ કે મોટા નુકસાનની જાણ કરવામાં આવી નથી. ઈન્ડોનેશિયાના કોઈને કોઈ વિસ્તારમાં દરરોજ ઘણી વખત ભૂકંપ આવી રહ્યા છે, જેના કારણે નિષ્ણાતોમાં ચિંતા વધી રહી છે.

ઈન્ડોનેશિયા પહેલાથી જ ચક્રવાત સેન્યારને કારણે થતા ઘાતક પૂર અને ભૂસ્ખલનનો સામનો કરી રહ્યું છે. પૂર અને ભૂસ્ખલનથી માત્ર ઉત્તર સુમાત્રામાં જ ઓછામાં ઓછા ૨૫ લોકોના મોત થયા છે. સ્થાનિક સત્તાવાળાઓ અને રાહત કાર્યકરો પહેલાથી જ અસંખ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે, અને ભૂકંપે આ પડકારોને વધુ વધાર્યા છે.

પેસિફિક રીંગ ઓફ ફાયર પર સ્થિત, ઈન્ડોનેશિયામાં તીવ્ર ટેક્ટોનિક પ્રવૃત્તિને કારણે વાર્ષિક હજારો ભૂકંપ આવે છે. USGS અને વોલ્કેનોડિસ્કવરી ડેટા અનુસાર, છેલ્લા ૩૦ દિવસમાં દેશમાં ૬.૪ સુધીની તીવ્રતાના આશરે ૧,૪૪૦ ભૂકંપ નોંધાયા છે. આ સંખ્યા પરિસ્થિતિની ગંભીરતા દર્શાવવા માટે પૂરતી છે.

ભૂકંપની ચોક્કસ ગણતરી થ્રેશોલ્ડના આધારે બદલાય છે, પરંતુ નોંધપાત્ર ઘટનાઓ (૪.૫ થી વધુ ભૂકંપ) ની સંખ્યા આશરે ૨૫૦ છે. આ છેલ્લા છ મહિનામાં ૪ કે તેથી વધુ તીવ્રતાના ૨,૩૦૦ ભૂકંપનો સામાન્ય ભૂકંપ દર દર્શાવે છે. આનાથી ઈન્ડોનેશિયનોમાં ચિંતા વધી છે, અને નિષ્ણાતો પણ ચિંતિત છે.

પેસિફિક રીંગ ઓફ ફાયર પર ઈન્ડોનેશિયાનું સ્થાન તેને વારંવાર ભૂકંપ આવવાની સંભાવના બનાવે છે. વિશ્વના ૯૦ ટકા ભૂકંપ અહીં ૧૫ મુખ્ય ટેક્ટોનિક પ્લેટો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાને કારણે થાય છે. ખાસ કરીને સુમાત્રા સુંડા મેગાથ્રસ્ટની ઉપર આવેલું છે, જ્યાં ઈન્ડો-ઓસ્ટ્રેલિયન પ્લેટ દર વર્ષે યુરેશિયન પ્લેટથી ૫-૭ સેમી નીચે જાય છે. આ તણાવ પેદા કરે છે જે ભૂકંપની ઘટનાઓમાં મુક્ત થાય છે.

રીંગ ઓફ ફાયર એ પેસિફિક મહાસાગરની સાથે ઘોડાની નાળ આકારનો ભૂસ્તરશાસ્ત્રીય ક્ષેત્ર છે. તે ભૂકંપ અને સુનામી માટે સંવેદનશીલ છે કારણ કે તે અનેક ટેક્ટોનિક પ્લેટોની સીમા પર આવેલું છે. આમાં મોટી પેસિફિક પ્લેટ અને આસપાસની ઘણી નાની પ્લેટોનો સમાવેશ થાય છે. ખાસ કરીને જ્યારે પાણીની અંદર ભૂકંપ આવે છે, ત્યારે તે સુનામીને ઉત્તેજિત કરી શકે છે, જેમ કે કામચટકા ભૂકંપ પછી બુધવારે સવારે થયું હતું.

ઈન્ડોનેશિયાના સુમાત્રામાં તાજેતરમાં ઘણા ભૂકંપ આવ્યા છે, જેમાં નજીકના ૬.૬ ની તીવ્રતાનો ભૂકંપનો સમાવેશ થાય છે. આ પ્રદેશ ભૂકંપ માટે સંવેદનશીલ છે. ૨૦૦૪ માં, ૯.૧ ની તીવ્રતાના ભૂકંપ અને વિનાશક સુનામીમાં ૨૩૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા. સુમાત્રામાં તાજેતરમાં આવેલા ભૂકંપથી સુનામીનો ખતરો નથી, પરંતુ તેનાથી ચિંતા વધી છે. (૩૮.૨)

તારીખ :૨૬/૧૧
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ
હસ્તકની પ્રાથમિક શાળા પી.એમ.શ્રી ગુજરાતમાં
રીસોર્સ પર્સન ભરતી જાહેરાત

સમગ્ર શિક્ષા સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ સમગ્રશિક્ષા/કયુઈસેલ /૧ /૨૦૨૫ /૬૬૯૬૨-૬૭૦૦૯ તા.૧૮-૧૧-૨૦૨૫ થી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તક ની પી. એમ. શ્રી - ગુજરાત શાળાઓ તાલુકો-રાજકોટ કોર્પોરેશન, જિલ્લો-રાજકોટ ખાતે નીચે મુજબના કરાર આધારિત જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

લાયકાત અને રસ ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયે જણાવેલ તારીખ સુધીમાં અરજી રૂબરૂ અથવા નીચે દર્શાવેલ સરનામે સ્વ હસ્તાક્ષરમાં મોકલી આપવાની રહેશે.

ક્રમ	જગ્યાનું નામ	લાયકાત	અનુભવ	મળવા પાત્ર મહતમ માસિક માનદ ફી
1.	કમ્પ્યુટર રિસોર્સ પર્સન	1.B.Com/B.Sc./BBA સાથે સરકાર/યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીનો એક વર્ષનો PGDCA કોર્સ કરેલો હોવો જોઈએ. અથવા તેની સમકક્ષ/ સરકાર યુ.જી.સી. માન્ય યુનિવર્સિટી કે સંસ્થામાંથી કોમ્પ્યુટરનો એક વર્ષનો કોર્સ કરેલો હોવો જોઈએ અથવા 2. B.E. (COMPUTER/IT અથવા 3. B.C.A. અથવા 4. M.C.A. અથવા 5. M.Sc.(IT/CS)	કોમ્પ્યુટરની કામગીરીનો ઓછામાં ઓછો એક વર્ષનો સંસ્થાકીય અનુભવ	૧૬૦૦૦/- (સોળ હજાર રૂપિયા પુરા)
2	મ્યુઝીક કમ ડાન્સ રિસોર્સ પર્સન	સંગીત વિશારદ	---	16000/- (સોળ હજાર રૂપિયા પૂરા)
3	આર્ટ (ચિત્ર) એન્ડ ક્રાફ્ટ રિસોર્સ પર્સન	એ.ટી.ડી.	---	16000/- (સોળ હજાર રૂપિયા પૂરા)
4	યોગ/ રમતગમત શિક્ષક/કોચ	માન્ય યુનિવર્સીટીની કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક+C.P.Ed/D.P.E.d./B.P.Ed./B.A. In YOGA /B.Sc. In YOGA/M.Y.A. Sc. in YOGA-2 વર્ષ.	---	11000/- (અગિયાર હજાર રૂપિયા પૂરા)

-: શરતો :-
૧. શૈક્ષણિક લાયકાત અને અન્ય પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે અરજી શાળા સમય દરમિયાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ રાજકોટ હસ્તકની નીચે જણાવેલ શાળાઓ પૈકી લાગુ પડતી શાળા ખાતે રૂબરૂ મોકલવાની રહેશે.
૨. કોઈ સંસ્થા કે એજન્સી અરજી કરી શકશે નહીં. ફરજિયાત વ્યકિતગત રીતે અરજી કરવાની રહેશે.
૩. આવેલ અરજીઓ પૈકી શાળાની એસ.એમ.સી. દ્વારા ઉમેદવારની પસંદગી કરવામાં આવશે.
૪. કામગીરી સંતોષકારક નહીં જણાય અથવા વચ્ચેથી છોડીને જતા રહેતા વર્ક ઓર્ડર રદ ગણાશે.
૫. શાળાના કામકાજના પ્રત્યેક દિવસે નિયમિત શાળા સમયમાં ઉપસ્થિત રહીને કામગીરી કરવાની રહેશે.
૬. પસંદગી અંગે તથા કામગીરી અંગે તમામ નીતિ નિયમો અને પરિપત્રો રૂબરૂ મુલાકાત સમયે વાંચી સંભળાવવામાં આવશે.
૭. પસંદ થયેલ રિસોર્સ પર્સનની કામગીરીનો વર્ક ઓર્ડર મુજબ હાજર થયા તારીખથી ૩૧/૦૩/૨૦૨૬ સુધીનો રહેશે.
૮. ઉમેદવારોએ ખાસ નોંધ લેવી કે સમય મર્યાદા પછી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિં. તેથી સમયમર્યાદામાં અરજી મળી જાય તે રીતે મોકલવી.
૯. જે ઉમેદવાર અરજી કરવા માંગતા હોય તેઓ તેમના તમામ આધાર જણાવેલ સ્થળ પૈકી લાગુ પડતી શાળા પર તારીખ ૦૨/૧૨/૨૦૨૫ મંગળવાર સાંજ ૦૫ વાગ્યા સુધીમાં જમા કરાવવાની રહેશે.

શાળાના નામ તથા સરનામાં
(૧) શ્રી રાજા રામમોહનરાય પ્રા. શાળા નંબર ૯૪ પી. એમ. શ્રી-ગુજરાત વિમલ નગર મેઈન રોડ, પ્રેમ મંદિર પાછળ, કાલાવડ રોડ રાજકોટ
(૨) આદિત્ય પ્રાથમિક શાળા નંબર ૩૨ પી. એમ. શ્રી-ગુજરાત ગાંધી સ્મૃતિ સોસાયટી, કુવાડવા રોડ, રાજકોટ
(૩) પંડિત જવાહરલાલ નહેરુ પે સે. શાળા નંબર ૬૭ પી. એમ. શ્રી-ગુજરાત માલધારી સોસાયટી, આર.ટી. ઓ પાસે, રાજકોટ
(૪) શ્રી પ્રાણનાથજી પ્રાથમિક શાળા નંબર ૮૫, ઉદય નગર ૨, મોવડી ચોકડી પાસે, ટાટા મોટર શો રૂમ વાળી શેરી, ૧૫૦ ફૂટ રીંગ રોડ,રાજકોટ

સંદર્ભઃ સમગ્ર શિક્ષા/કયુઈસેલ/૧/૨૦૨૫/ ૬૬૯૬૨-૬૭૦૦૯,તા.૧૮-૧૧-૨૫.

સહી : અવાચ્ય
આચાર્ય
શ્રી પ્રાણનાથજી પે-સેન્ટર પ્રા. શાળા નં. ૮૫, રાજકોટ

સહી : અવાચ્ય
આચાર્ય
શ્રી રાજા રામ મોહન રાય પે-સેન્ટર શાળા નં. ૯૪ વોર્ડ નં. ૧૧, રાજકોટ

સહી : અવાચ્ય
ઈ/ચા. આચાર્ય
શ્રી આદિત્ય પ્રા.શાળા (શાળા નં. ૩૨)-રાજકોટ

સહી : અવાચ્ય
ઈ/ચા. આચાર્ય
પંડિત જવાહરલાલ નહેરૂ પે સેન્ટર શાળા નં. ૬૭, રાજકોટ-૩.

૪,૦૦૦ થી વધુ કામદારો અને કારીગરોએ પાંચ વર્ષ સુધી ચોવીસ કલાક કામ કર્યું

રામ મંદિરના નિર્માણમાં પાંચ વર્ષ લાગ્યાઃ ૧,૮૦૦ કરોડનો ખર્ચ

ત્રણ માળનું આ મંદિર ૧૬૧ ફૂટ ઊંચું, ૨૩૫ ફૂટ પહોળું અને ૩૬૦ ફૂટ લાંબુ છે. રાજસ્થાનના બંસી પહાડપુર રેતીના પથ્થરથી બનેલું, આ મંદિરમાં કોઈ લોખંડ કે સ્ટીલ નથી, વાંદરાઓ અને પક્ષીઓને દૂર રાખવા માટે વપરાતી જાળી પણ ટાઇટેનિયમથી બનેલી છે. પમી સદીના નાગર સ્થાપત્ય અને ડિઝાઇન શૈલીમાં બનેલ, મુખ્ય સંકુલમાં ગર્ભગૃહ ઉપરાંત પાંચ મંડપ (હોલ) છે



અયોધ્યા તા.૨૮: અયોધ્યામાં રામ મંદિરને આગામી ૧,૦૦૦ વર્ષ સુધી સમય, હવામાન અને કુદરતી આફતોનો સામનો કરી શકે તેવી રચના બનાવવા માટે ૪,૦૦૦ થી વધુ કામદારો અને કારીગરોએ પાંચ વર્ષ સુધી ચોવીસ કલાક કામ કર્યું. સેન્ટ્રલ બિલ્ડીંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, રૂરકી, ત્ત મદ્રાસ, દિલ્હી, મુંબઈ અને ગુવાહાટી અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સના ઈજનેરોએ નોંધપાત્ર સહયોગ આપ્યો હતો.

૨૫ નવેમ્બરના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંદિરના બાંધકામ પૂર્ણ થવાના પ્રસંગે ધ્વજવંદન સમારોહમાં હાજરી આપી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની બાંધકામ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે મુખ્ય મંદિરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. લેન્ડસ્કેપિંગનું કામ ચાલી રહ્યું છે, અને સીમા દિવાલ અને સભાગૃહ ૨૦૨૬ ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે દાનમાં મળેલા પ્રારંભિક ૩,૦૦૦ કરોડ રૂપિયામાંથી બાંધકામ પર અંદાજે ૧,૮૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે વાંદરાઓ અને પક્ષીઓને દૂર રાખવા માટે ઉપયોગમાં લેવાતી ૩૧ જાળી બનાવવા માટે હૈદરાબાદ સ્થિત જાહેર ક્ષેત્રની કંપની મિશ્રા ધાતુ નિગમ લિમિટેડ પાસેથી ૧૨.૫ ટન ટાઇટેનિયમ ખરીદવામાં આવ્યું હતું.

પમી સદીના નાગર સ્થાપત્ય અને ડિઝાઇન શૈલીમાં બનેલ, ભોંયતળિયે દેવતાઓની છબીઓ કોતરેલા આશરે ૧૬૦ સ્તંભો છે. ગર્ભગૃહમાં રામ લલ્લા (ભગવાન રામનું બાળ સ્વરૂપ) ની મૂર્તિ છે, જે કૃષ્ણ શિલા અથવા મૈસુર કાળા ગ્રેનાઈટમાંથી કોતરવામાં આવી છે, જે જાન્યુઆરી ૨૦૨૪ માં પ્રથમ પ્રાણ-પ્રતિષ્ઠા સમારોહ પછી સ્થાપિત કરવામાં આવી હતી. મંદિરના ૪૭ દરવાજામાંથી ચૌદ દરવાજા ભોંયતળિયે છે અને સોનાથી મઢેલા છે. પહેલા માળે રામ દરબાર છે. તેમાં ભગવાન રામની રાજકીય મૂર્તિઓ, સીતા, લક્ષ્મણ અને હનુમાન, બધા રાજસ્થાનના સફેદ મકરાણા આરસપહાણમાંથી કોતરવામાં આવ્યા છે. આ માળે ૧૩૨ કોતરેલા સ્તંભો છે. પમી સદીના નાગર શૈલીના સ્થાપત્ય અને ડિઝાઇનમાં બનેલ, મુખ્ય સંકુલમાં ગર્ભગૃહ ઉપરાંત પાંચ મંડપ (હોલ) છે. આ મંડપોમાં નૃત્ય, રંગ, ગુઢા, કીર્તન અને પ્રાર્થના હોલ છે, જે મંદિરની અંદર વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક વિધિઓ માટે સમર્પિત છે. મુખ્ય મંદિર સંકુલની બહાર બે માળની દિવાલ છે, જે આશરે ૭૫૦ મીટર લાંબી અને ૧૪ ફૂટ જાડી છે. ભોંયતળિયે વિવિધ દેવતાઓને સમર્પિત છ મંદિરો છે સૂર્ય, શિવ, ભગવતી, ગણેશ, હનુમાન અને અન્નપૂર્ણા, તેમજ ટ્રસ્ટના કાર્યાલયો. ઉપરનો માળ પરિક્રમા માર્ગ તરીકે સેવા આપે છે, જે મોટી સંખ્યામાં યાત્રાળુઓને આકર્ષે છે. (૩૮.૯)

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)
7.00% જનરલ ડિપોઝીટર માટે
7.50% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

HAPPY BIRTHDAY

કારીયા પરિવારની ગુંજતી કિલકારી અને વ્હાલનો દરિયો એવી ચિ. જીયાંશીને આજે જન્મ દિવસ નિમિત્તે અટળક શુભેચ્છા...
પપ્પા ધવલની વ્હાલનો દરિયો એટલે જીયાંશી કારીયા પરિવારની લાડકીનો આજે જન્મદિવસ, જીયાંશીના જીવનમાં ખુશીના મોજા ઉછળે તેવી હાર્દિક શુભેચ્છા
દાદા-સ્વ. મનસુખભાઇ
દાદી રસીલાબેન
મોટા પપ્પા-ધર્મેશભાઇ
મોટા મમ્મી-અમિતાબેન
પપ્પા-ધવલભાઇ
મમ્મી-સોનલબેન
નાનોભાઇ-કાનો
મોટા બહેન-માહી

૧ રૂપિયે કિલો કાંદા વેચાતા જોઈ ખેડૂતોએ બેન્ડવાજાં સાથે કાઢી ડુંગળીની અંતિમયાત્રા



મંદસૌરઃ મધ્ય પ્રદેશના મંદસૌરમાં કાંદાના ભાવ ગગડી જતાં હેરાન થતા ખેડૂતોએ અનોખી રીતે પ્રદર્શન કર્યું હતું. તેમણે કાંદાને અર્થી પર સજાવ્યા હતા અને એની અંતિમયાત્રા કાઢી હતી. સાથે બેન્ડવાજાં વગાડીને શોક-ગીતો ગાયાં હતાં. ખેડૂતોનું કહેવું છે કે કાંદા ૧૦૦થી ૧૫૦ રૂપિયામાં ૧૦૦ કિલો વેચાય છે એને કારણે ખર્ચો પણ નીકળી નથી રહ્યો. મહારાષ્ટ્રમાં કાંદાનો વિપુલ પાક આવ્યો હોવાથી મધ્ય પ્રદેશના ખેડૂતોને કાંદાના ભાવમાં ઘટાડો પરેશાન કરી રહ્યો છે. કોઈકને આ પ્રદર્શન રોચક અને અજાયબી જેવું લાગે, પરંતુ ખેડૂતોની હાલત એટલી કફોડી હતી કે અંતિમયાત્રા વચ્ચે ખેડૂતો રડી પડ્યા હતા. કેટલાય ખેડૂતો ભાવ ઓછા મળતા હોવાથી પાક પાછો લઈને જતા રહ્યા હતા.

લેડીઝ સ્ટાફ જોઇએ છે
ઓપીડી આસીસ્ટન્ટ-૧
મળવાનો સમય સાંજે ૬.૦૦ થી ૭.૦૦
સાંઈ કૃપા ડાયગ્નોસ્ટીકસ
એક્સ-રે, સોનોગ્રાફી ક્લીનીક
પરિશ્રમ પ્લાઝા, બીજો માળ, મંગળા મેઈન રોડ, રાજકોટ

સહુને પરવડે તેવા ભાવે બ્લાઉઝ અને ડ્રેસ સીવડાવો... સાડીના ફોલ-છેડા માટે પણ અમને મળોઃ
સ્થળઃ
નયનાબેન પ્રમોદભાઈ દરજી,
સતગુરૂ એજન્સીની બાજુની શેરીમાં, શેરી નંબર ૭ ના ખૂણા ઉપર માધાપર ગામ, રાજકોટ.
મો. ૯૫૭૪૪ ૩૦૩૧૧

પશ્ચિમ રેલવે
ભાવનગર મંડળ
સીસીટીવી કેમેરાની જોગવાઈ
પશ્ચિમ રેલવે, ભાવનગર પરાના ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ) દ્વારા ૦૫ ગૂડ્સ શેડો જે જૂનાગઢ, આદરી રોડ, વસ્તેજ, ગોંડલ, ભાવનગર ટિમ્બર ડિપો ખાતે સીસીટીવી કેમેરાની જોગવાઈ માટે ટેન્ડરો આમંત્રિત કરે છે. આ નિવિદા ઓઇઆરઇપીએસ વેબસાઇટ પર પ્રકાશિત કરી દેવામાં આવેલ છે. નિવિદાનું નિયંત્રણ નીચે મુજબ છે. નિવિદા નંબર : ૦૩-૨૦૨૫-૨૬, નિવિદા અપલોડ કરવાની તારીખ : ૨૬/૧૧/૨૦૨૫, ભરતાવો જમા કરવાની અંતિમ તારીખ અને સમય: ૧૮/૧૨/૨૦૨૫, ૧૫:૦૦ કલાકે. નિવિદા મૂલ્ય (રૂા.માં) : રૂા. ૬૪,૦૪,૪૩૪.૩૦/-, ઇએમડી (રૂા.માં) : રૂા. ૧,૨૮,૧૦૦/-, નિવિદા દસ્તાવેજ ઉપલબ્ધ : ભારતીય રેલવેની વેબસાઇટ : https://www.ireps.gov.in/ BVP 204-

EDITORIAL
અકિલા તંત્રી સ્થાનેથી..
૨૮-૧૧-૨૦૨૫

હિરો બનેલાની હવા કાઢો...

ગડકરીએ ગુજરાતમાં વાહ-વાહી લૂંટી, પણ ભંગાર નેશનલ હાઇવે અંગે કોઇ કંઇ ન બોલ્યું

કો'કની ભલામણથી પદ મળી ગયા બાદ પ્રસિધ્ધથી રાજનીતિના હીરા બની ગયેલા ભાજપમાં ઠાંસી-ઠાંસીને ભર્યા છે. આ હરોળમાં એક નીતિન ગડકરી છે. આ નેતા પોતાને વડાપ્રધાનપદની રેસના ખેલાડી ગણાવે છે. પરંતુ તેની પ્રસિધ્ધિ અને શકિત વચ્ચે અતિઅંતર છે. દેશમાં એક- બે સારા પ્રોજેક્ટ બનાવીને પોતાને મહાન ગણાવતા કેન્દ્રિય પ્રધાન નીતિન ગડકરીને મોટાભાગને નેશનલ હાઈવેની કંગાળ-ભંગાર દશા અંગે જરાપણ શરમ આવતી નથી.

ગુજરાતના હાઇવે તો સમગ્ર દેશના કદાચ સૌથી ખરાબ હશે. તોતીંગ ટોલટેકસ ઉઘરાવ્યા બાદ પણ ગુજરાતને ઉત્તમ હાઈવે સુવિધા નથી મળી એ હકીકત છે. તૂટેલા- ફૂટેલા- થીગડાં મારેલા માર્ગોથી વાહન ચાલકો ત્રાહીમામ છે. ગુજરાતમાં હાઈવે પર ચાલતા બ્રીજ સહિતના પ્રોજેકટ્સ પણ ગોકળગતિએ ચાલે છે. આ કામોની ગુણવતા સામે પણ વારંવાર સવાલો ઉઠે છે. અણધડ હાઈવે મેનેજમેન્ટના કારણે જીવલેણ અકસ્માતોનું પ્રમાણ તીવ્ર ગતિએ વધી રહ્યું છે. પ્રોજેકટ મોડા થવાના કારણે ખર્ચમાં પણ તોતીંગ વધારો થાય છે.

આ તમામ બાબતો હાઇવે ઓથોરિટીની બેદરકારી કે સેટિંગ સાથે સંકળાયેલી છે. કંગાળ માર્ગોની નૈતિક જવાબદારી જે તે પ્રધાનની ગણાય. નીતિન ગડકરી સામે ગુજરાતમાંથી સવાલો- આક્રોશ ઉઠવા જોઈએ. પણ બની બેઠેલા હીરાની હવા કાઢનાર કોઇ ન હતું...

નીતિનભાઇ ગુજરાતની મુલાકાતે હતા. વટથી રોડ- શો યોજયો. મોટી-મોટી વાતો કરીને ગુજરાતમાં વટ મારીને પ્રસિધ્ધિની બેલેન્સ વધારી. ગુજરાત સરકાર અને ગુજરાત ભાજપ નીતિનભાઇને સલામી ભરતા રહયા. અતિથિને આવકાર મળવો જ જોઇએ. પણ જીવલેણ સમસ્યાઓ અને કરોડો ગુજરાતીઓને અન્યાય સામે ગુજરાત જે રીતે ચુપ રહયું તે દર્શાવે છે કે, ગુજરાતી નેતાગીરી અંગતહિત- પક્ષહિતને જ પ્રાધાન્ય આપે છે. ગુજરાતનું જે થવું હોય તે થાય.

મોટાભાગના નેતાઓ પોતાની જ્ઞાતિ-સમાજના જોરે પદ પર ચઢી બેઠા છે. કંગાળ માર્ગોમાં તેમનો સમાજ પણ ઝંખવાઇ રહ્યો છે. જ્ઞાતિ-સમાજે યાદ રાખવું જોઇએ કે નેતાઓ ચૂંટણી વખતે જ જ્ઞાતિવાદી હોય છે. જીત્યા બાદ...

આશ્ચર્ય એ છે કે, માર્ગોની સમસ્યા અંગે વિપક્ષ પણ મૌન રહ્યોઃ હીરો બની ને ફરતા નેતાઓની ગુજરાતમાં હવા કાઢવાનો મોકો હતો. પણ વિપક્ષ ચુકી ગયો. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને મરણિયા બનતા આવડતું નથી. અથવા તો બનવું નથી. નિવેદનિયા વિરોધ કરીને સત્તા પર બેસવાના સપના જુએ છે. જો કે એકમાત્ર કોંગ્રેસ પ્રમુખે એવું કહયાનું પ્રસિધ્ધ થયું છે કે મુખ્યમંત્રીએ ગડકરીજીને કહેવું પડયું કે જનતા કરોડોનો ટોલટેકસ ભરે છે છતાંયે હાઇવે ઉબડખાબડ હોય, તે શરમજનક છે. જો કે સત્તાવાર આવી કોઇ જાહેરાત થઇ નથી.

આવા વિપક્ષના કારણે સાવ ફાલતું જેવા તત્વો ગુજરાતમાં મોટા પદ પર ગોઠવાઇને પોતાને મહાન ઘોષિત કરી રહ્યા છે. ગુજરાતીઓ, જાગતા રહેજો. (૩.૨)

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને યુઝર જનરેટેડ કન્ટેન્ટ માટે 'પ્રીસ્ક્રીનિંગ મિકેનિઝમ'નો ડ્રાફ્ટ તૈયાર કરવા આપ્યો મોટો આદેશ

સોશિયલ મીડિયા પર પોસ્ટ અપલોડ કરતા પહેલા સ્ક્રીનિંગ થશે?



CJI સૂર્યકાન્તની ખંડપીઠે કહ્યું - અભિવ્યક્તિની સ્વતંત્રતા મહત્વપૂર્ણ છે, પણ તે નિરંકુશ નથી : હાનિકારક સામગ્રી વાયરલ થયા બાદ દૂર કરવાથી અસર થતી નથી, 'નિવારક વ્યવસ્થા' જરૂરી : સરકારને ૪ સપ્તાહમાં ડ્રાફ્ટ તૈયાર કરવાનો નિર્દેશ

નવી દિલ્હી, તા.૨૮: સુપ્રીમ કોર્ટે ગુરુવારે માહિતી અને પ્રસારણ મંત્રાલય (I&B) ને સોશિયલ મીડિયા પર યુઝર જનરેટેડ કન્ટેન્ટ (UGC) અપલોડ થાય તે પહેલાં તેની ચકાસણી કરવા માટે એક 'પ્રી-સ્ક્રીનિંગ મિકેનિઝમ' નો ડ્રાફ્ટ તૈયાર કરવાનો મોટો નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે સોશિયલ મીડિયા પર કેટલીક સામગ્રી એટલી ઝડપથી વાયરલ થઈ જાય છે કે તેને હટાવવામાં આવે તે પહેલાં જ સમાજમાં અશાંતિ ફેલાવી દે છે, તેથી માત્ર પોસ્ટપ્રફેક્ટો (બની ગયા પછીની) કાર્યવાહી પૂરતી નથી.

અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કાયદાકીય શૂન્યતાઃ મુખ્ય ન્યાયાધીશ (CJI) જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની ખંડપીઠ આ કેસની સુનાવણી કરી રહી હતી.

અભિવ્યક્તિની મર્યાદાઃ ખંડપીઠે કહ્યું કે અભિવ્યક્તિની સ્વતંત્રતા ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ તે સંપૂર્ણપણે નિરંકુશ નથી. યુઝર-જનરેટેડ કન્ટેન્ટના મામલે હાલમાં સ્વ-નિયમનકારી કોડ કામ કરી રહ્યા નથી.

નિવૃત્ત વ્યવસ્થાની જરૂરઃ કોર્ટે કહ્યું કે જો કોઈ રાષ્ટ્ર-વિરોધી સામગ્રી અપલોડ થઈ જાય, તો સરકાર દ્વારા તેને નોટિસ આપીને હટાવવાનો આદેશ આપવામાં બે-ત્રણ દિવસનો સમય લાગી જાય છે. ત્યાં સુધીમાં તે વાયરલ થઈને નુકસાન પહોંચાડી ચૂકેલો હોય છે. કોર્ટને એક 'યોગ્ય નિવારક વ્યવસ્થા' જોઈએ છે, જે સોશિયલ મીડિયા પર હાનિકારક સામગ્રી અપલોડ થાય તે પહેલાં તેને ફિલ્ટર કરી શકે.

કાયદાકીય શૂન્યતાઃ ખંડપીઠે જણાવ્યું કે આજે આ ક્ષેત્રમાં વૈધાનિક ખાલીપો છે, જેને ભરવો જરૂરી છે.

એન્ટી-નેશનલઃ શબ્દ પર તીખી ચર્ચા : સુનાવણી દરમિયાન, વકીલ પ્રશાંત ભૂષણે 'એન્ટી-નેશનલ' (રાષ્ટ્ર-વિરોધી) શબ્દના ઉપયોગનો વિરોધ કર્યો અને કહ્યું કે તેનો ઉપયોગ વ્યક્તિલક્ષી રીતે થાય છે. તેના જવાબમાં CJI એ ઉદાહરણ આપ્યું કે જો કોઈ વ્યક્તિ સોશિયલ મીડિયા પર ભારતના કોઈ ભાગને પડોશી દેશનો બતાવીને વીડિયો પોસ્ટ કરે તો શું તે રાષ્ટ્રપ્રવિરોધી નહીં ગણાય?

સોલિસિટર જનરલની આપત્તિઃ ભૂષણે જ્યારે સિક્કિમના ભારતમાં વિલય પર સવાલ ઉઠાવવાને માત્ર એક દૃષ્ટિકોણ ગણાવ્યો, ત્યારે સોલિસિટર જનરલ (SG) તુષાર મહેતાએ સખત વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે ન્યાયિક કાર્યવાહીમાં અલગતાવાદને ઉત્તેજન આપવું ન જોઈએ.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે સરકારની વિરુદ્ધ બોલવું એ રાષ્ટ્રપ્રવિરોધી નથી, તે લોકશાહીનો અધિકાર છે, પરંતુ સમસ્યા એવી સામગ્રીની છે જે વાયરલ થઈને સમાજમાં અશાંતિ ફેલાવે છે.

સરકારને ૪ સપ્તાહનો સમય.

એટર્ની જનરલ આર. વેંકટરમણી અને એસજી તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી કે મંત્રાલય ચાર સપ્તાહમાં ડ્રાફ્ટ તૈયાર કરશે અને જાહેર સૂચનો લેશે. કોર્ટે નિર્દેશ આપ્યો કે ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે ડોમેન નિષ્ણાતો, ન્યાયવિદો અને મીડિયા પ્રોફેશનલ્સની મદદ લેવી જોઈએ. સુપ્રીમ કોર્ટ ડ્રાફ્ટ મિકેનિઝમ અને જાહેર સૂચનો પર વિચાર કર્યા પછી જ આ મુદ્દે વધુ સુનાવણી કરશે.

સ્વતંત્ર ભ્રષ્ટાચાર નિરોધક બ્યૂરો (ICAC)એ કોન્ટ્રાક્ટ, નિગરાણી અને સંભવિત ભ્રષ્ટાચારની તપાસ માટે વિશેષ ટાસ્ક ફોર્સ બનાવી છે

હોંગકોંગની ભીષણ આગમાં મૃત્યુઆંક ૯૪: ૩૦૦ લોકો હજુય ગૂમ

જ્યારે ૭૬ લોકો ઘાયલ છે. જેમાં ૧૫ની હાલત ખુબ ગંભીર છે. ૯૦૦ લોકો બેઘર થયા



હોંગકોંગ તા.૨૮: હોંગકોંગના તાઈ પો વિસ્તારમાં આવેલા વાંગ ફુક કોર્ટ રહેણાંક કોમ્પલેક્સમાં છેલ્લા ૩ દિવસથી ભભૂકી રહેલી ભીષણ આગે શહેરને આઘાતમાં નાખી દીધુ છે. મલ્ટી સ્ટોરી બિલ્ડિંગોવાળા આ જૂના રહેણાંક વિસ્તારમાં ભોગ બનેલામાં મોટાભાગે વૃદ્ધો અને પરિવાર હતા. આગે સાત ટાવરોને સંપૂર્ણ રીતે પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. ગુરુવારે સવાર સુધીમાં આ આગ પર ૯૦ ટકા સુધી કાબૂ મેળવી લેવાયો હતો પરંતુ મૃત્યુઆંક સતત વધી રહ્યો છે.

ફાયર સર્વિસીઝ વિભાગના જણાવ્યાં મુજબ સર્ચ ઓપરેશન પૂરું થાય તેવી આશા છે. અત્યાર સુધીમાં ૯૪ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. જ્યારે ૭૬ લોકો ઘાયલ છે. જેમાં ૧૫ની હાલત ખુબ ગંભીર છે. ૩૦૦થી વધુ લોકો હજુ પણ ગૂમ છે. હોંગકોંગના ઈતિહાસમાં છેલ્લા ૮૦ વર્ષમાં આ સૌથી ઘાતક આગની ઘટના છે. ૧૯૪૮ બાદ એક જ દુર્ઘટનામાં આટલા વધુ લોકોના જીવ ગયા નથી. રેસ્ક્યૂ અભિયાનમાં લાગેલી ટીમોએ અત્યાર સુધીમાં ૯ બિલાડીઓ અને એક કૂતરાને પણ સુરક્ષિત બહાર કાઢ્યા છે. ફાયરકર્મીઓ પોતાના જીવ જોખમમાં નાખીને ઉપરના ફલોર્સ સુધી પહોંચ્યા. પરંતુ આ દરમિયાન એક ફાયર ફાઈટરે જીવ ગુમાવ્યો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રિનોવેશન કાર્ય દરમિયાન મજૂરો દ્વારા વાંસના સ્કૈફોલ્ડિંગ પર સિગરેટ પીવું એ આગનું મુખ્ય કારણ હોઈ શકે છે. પરિસરમાં ઉપયોગમાં લેવાયેલી જ્વલનશીલ ફોમ સીલેન્ટ, પ્લાસ્ટિક નેટિંગ અને વાંસના માળખાએ આગને ભયાન સ્વરૂપ આપ્યું. ભારે પવને તેને એક ટાવરથી સાત ટાવર સુધી ફેલાવી દીધી. ૩૩૦ મિલિયન હોંગકોંગ ડૉલરનો રિનોવેશન કોન્ટ્રાક્ટ પ્રેસ્ટીજ કન્સ્ટ્રક્શન કંપનીને મળ્યો હતો. જેનો સુરક્ષા ઉલ્લંખનોનો જૂનો રેકોર્ડ રહ્યો છે. રહીશોનો આરોપ છે કે તેઓ મહિનાઓથી મજૂરોની બેદરકારી વિશે ફરિયાદ કરતા હતા. પોલીસે કંપનીના બે ડાયરેક્ટર અને એક કન્સલ્ટન્ટની ગેરઈરાદાપૂર્વક હત્યાની શંકાને આધારે ધરપકડ કરી છે.

૧૯૮૦ના દાયકામાં બનેલી આ ઈમારતોમાં ન તો સ્પ્રિંકલર સિસ્ટમ હતી કે ન સ્મોક ડિટેક્ટર કે ન તો ફાયર રેસિસ્ટેન્ટ ગ્લાસ બારીઓ. હોંગકોંગમાં જગ્યાની કમીના કારણે ઈમારતો એક બીજાની નજીક હોય છે જેના કારણે આગ ઝડપથી ફેલાઈ. ૩૨ માળના ટાવરોમાં ફાયરની સિડીઓ ફક્ત ૧૮મા માળ સુધી જ પહોંચી શકી. ૧૨૦૦થી વધુ ફાયરકર્મીઓ અને ૩૦૪ વાહનોએ દિવસ રાત સંઘર્ષ કર્યો. પરંતુ ભીષણ ગરમીના કારણે હેલિકોપ્ટરથી રેસ્ક્યૂ વર્ક શક્ય બની શક્યું નહીં.


ચીફ એક્ઝીક્યુટિવ જહોન લીએ ૩૦૦ મિલિયન હોંગકોંગ ડોલર (લગભગ ૩૮ મિલિયન અમેરિકી ડોલર)ની વિશેષ મદદની જાહેરાત કરી છે. સ્વતંત્ર ભ્રષ્ટાચાર નિરોધક બ્યૂરો (ICAC)એ કોન્ટ્રાક્ટ, નિગરાણી અને સંભવિત ભ્રષ્ટાચારની તપાસ માટે વિશેષ ટાસ્ક ફોર્સ બનાવી છે. શહેરની તમામ રિનોવેશન સાઈટ્સ પર તત્કાળ સુરક્ષા નિરીક્ષણના આદેશ અપાયા છે. HSBC સહિત અનેક બેંક પીડિતોને નાણાકીય મદદ આપી રહ્યા છે.

સ્વયંસેવી સંગઠન ડોનેશન સેન્ટર ચલાવી રહ્યા છે જ્યાં ભોજન, કપડાં અને દવાઓ અપાઈ રહ્યા છે. લગભગ ૯૦૦ લોકો બેઘર થયેલા છે જેઓ અસ્થાયી આશ્રયગૃહોમાં છે. જ્યાં તેમના પાલતુ જાનવરોને પણ જગ્યા અપાઈ છે. ચીફ એક્ઝીક્યુટિવ જહોન લીએ કહ્યું કે અમે બધા એક છીએ, અમે પીડિત પરિવારોની પડખે છીએ. આ આગ માત્ર એક ઘટના નથી પરંતુ જૂની ઈમારતોની સુરક્ષા વ્યવસ્થા અને કોન્ટ્રાક્ટ પ્રક્રિયામાં ઊંડી ખામીઓનું દર્દનાક ઉદાહરણ છે અને ભવિષ્યમાં આવી ત્રાસદી ન થાય તેનું ધ્યાન રાખવામાં આવશે.(૩૮.૧૧)

ઢાકાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી કોરેલમાં મંગળવારે સાંજે આગ ફાટી નીકળી હતી

બાંગ્લાદેશમાં આગઃ ઝૂંપડપટ્ટીમાં ૧,૫૦૦થી વધુ ઘર બળીને ખાખ, હજારો લોકો બેઘર

ઢાકા તા.૨૮: બાંગ્લાદેશની રાજધાની ઢાકાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી કોરેલમાં મંગળવારે સાંજે આગ ફાટી નીકળી હતી, જેમાં ૧,૫૦૦ થી વધુ ઘરો બળીને ખાખ થઈ ગયા હતા. હજારો લોકો બેઘર થઈ ગયા હતા, જેમાં ગર્ભવતી સ્ત્રીઓ અને બાળકો સહિત ઘણા લોકોએ ઘરની બહાર ઠંડીમાં રાત વિતાવી હતી. ઢાકા મેટ્રોપોલિટન નોર્થ કમિટી ખોરાકનું વિતરણ કરી રહી છે. જમાત-એ-ઈસ્લામી અને આલો હેલ્થ ક્લિનિકે દવા અને સારવાર પૂરી પાડી હતી. ઘણી સગર્ભા સ્ત્રીઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જેમાંથી એકે ગુરુવારે સવારે બાળકને જન્મ આપ્યો હતો. ફાયર બ્રિગેડના અધિકારી રાશેદ બિન ખાલિદે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે મંગળવારે સાંજે શરૂ થયેલી આગ બુધવારે બપોર સુધીમાં કાબૂમાં આવી ગઈ હતી. આગને ઓલવવામાં ૧૬ કલાકથી વધુ સમય લાગ્યો હતો ઢાકાટ્રિબ્યુન અનુસાર, આગ રસોઈ ગેસ સિલિન્ડર ફાટવાથી લાગી હતી. વિસ્તાર સાંકડો હોવાથી, આગ એક ઘરથી બીજા ઘરમાં ઝડપથી ફેલાઈ ગઈ. સાંકડી ગલીઓના કારણે ફાયર બ્રિગેડના વાહનો અંદરના ભાગમાં પહોંચી શક્યા નહીં. આના કારણે આગ કાબુમાં લેવામાં વિલંબ થયો. કોરેલ વસાહત ૧૬૦ એકરમાં ફેલાયેલી છે અને તેમાં આશરે ૮૦,૦૦૦ લોકો રહે છે. ઘાયલો અને મૃતકોની સંખ્યા હજી સુધી જાણી શકાઈ નથી. કોરેલ ઝૂંપડપટ્ટીમાં અગાઉ ૨૦૧૭ માં ભયાનક આગ લાગી હતી. પછી બધું જ નાશ પામ્યું. મારા પતિની નાની ખાદ્ય દુકાન પણ બળીને ખાખ થઈ ગઈ, સ્થાનિક જહાંઆરા બીબીએ બીજા એક પીડિત, અલીમે કહ્યું, મારી નજર સામે બધું બળીને રાખ થઈ ગયું. હું કંઈ કરી શકતો ન હતો. હવે મારું મન મૂંઝવણમાં છે કે આગળ શું કરવું. અહીં, લોકો આખી રાત



તેમના પરિવારો સાથે ઠંડા, ખુલ્લા આકાશમાં, તેમના બળી ગયેલા ઝૂંપડાઓની સામે બેઠા હતા. ઢાકા મેટ્રોપોલિટન નોર્થ કમિટી ખોરાકનું વિતરણ કરી રહી છે. જમાત-એ-ઈસ્લામી અને આલો હેલ્થ ક્લિનિકે દવા અને સારવાર પૂરી પાડી હતી. ઘણી સગર્ભા સ્ત્રીઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જેમાંથી એકે ગુરુવારે સવારે બાળકને જન્મ આપ્યો હતો. હાલમાં, હોન્ગકોન્ગના તાઈ પો જિલ્લામાં ૩૫ માળના એક રેસિડેન્શિયલ કોમ્પ્લેક્સમાં આગ લાગી હતી. એક બિલ્ડિંગમાં લાગેલી આગ જોતજોતાંમાં આસપાસનાં ૭ બિલ્ડિંગોમાં ફેલાઈ ગઈ હતી. આ કોમ્પ્લેક્સમાં લગભગ ૨૦૦૦ ઘરો છે જેમાં ૪૮૦૦ લોકો રહે છે. આગ લાગવાનું મૂળ કારણ હજી જાણી શકાયું નથી. ફાયર-ફાઈટરોની ટીમ લગભગ ૩ કલાકની જહેમત પછી માત્ર એક જ બિલ્ડિંગની આગ ઓલવી શક્યા હતા. આગમાં ૧૩ લોકોનાં મૃત્યુ થયાં હતાં અને ૧૫ લોકો ઘાયલ થયા હતા. હજારો લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. મોડી રાત સુધી આગ પર કાબૂ મેળવી શક્યો નહોતો.(૩૮.૪)

ભારત-રશિયાની અડીખમ દોસ્તીઃ S-૪૦૦ને વધુ ઘાતક બનાવાશેઃ રૂ.૧૦,૦૦૦ કરોડના મિસાઈલ સોદાથી પાકિસ્તાનની ઊંઘ હરામ!

મોદી-પુતિન બેઠક પહેલા નવી દિલ્હીએ મોસ્કોને આપી ગિફ્ટ, ૩૦૦ અતિ-ઘાતક મિસાઈલોની તાત્કાલિક ખરીદીઃ ૫ વધુ S-૪૦૦ સ્ક્વોડ્રન અને પેન્ટસિર સિસ્ટમ ખરીદવા પર પણ વિચારણા

નવી દિલ્હી, તા.૨૮: ડિસેમ્બરમાં થનારી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ઐતિહાસિક બેઠક પૂર્વે, ભારતે રશિયા સાથેના સંરક્ષણ સંબંધોને એક નવી ઊંચાઈ આપી છે. સદીઓ જૂની આ મિત્રતા ૨૧મી સદીમાં પણ મજબૂત બની રહી છે, જેનો સૌથી મોટો આધાર સંરક્ષણ ક્ષેત્ર છે. ભારતીય વાયુ સંરક્ષણ પ્રણાલીને અજેય બનાવવા માટે કેન્દ્ર સરકારે એક મોટો અને તાત્કાલિક નિર્ણય લીધો છે. ભારતે રશિયન S-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ માટે ૩૦૦ મિસાઈલો ખરીદવા માટે રૂ.૧૦,૦૦૦ કરોડથી વધુનો સંરક્ષણ સોદો કર્યો છે. આ સોદાને ફાસ્ટ-ટ્રેક પ્રક્રિયા હેઠળ પૂર્ણ કરવામાં આવી રહ્યો છે, જે ભારતીય સેનાની સુરક્ષાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ તાત્કાલિક ખરીદીનું મુખ્ય કારણ મે ૨૦૨૫માં થયેલું ઓપરેશન સિંદૂર છે, જે દરમિયાન S-૪૦૦ સિસ્ટમનો વ્યાપક ઉપયોગ થયો હતો. આ ઓપરેશનમાં S-૪૦૦ એ પાકિસ્તાનના ફાઈટર જેટ્સ, અર્લી વૉર્નિંગ એરક્રાફ્ટ અને સશસ્ત્ર ડ્રોનને નિશાન બનાવ્યા હતા, જેમાં એક પાકિસ્તાની વિમાનને તો પંજાબની અંદર ૩૧૪ કિમી દૂર તોડી પાડવામાં આવ્યું હતું. આ જોરદાર પ્રદર્શનને કારણે મિસાઈલોનો જે જથ્થો વપરાયો હતો, તેને યુદ્ધની તૈયારીના ભાગરૂપે તાત્કાલિક ફરી ભરવાની જરૂરિયાત ઊભી થઈ છે. સંરક્ષણ મંત્રાલયે આ માટે રશિયાની સરકારી કંપની રોસોબોરોનેક્સપોર્ટને વિનંતી માટે દરખાસ્ત મોકલવાની તૈયારી કરી લીધી છે અને આ ડીલ ચાલુ નાણાકીય વર્ષમાં જ પૂર્ણ થવાની સંભાવના છે, જે સુરક્ષા પરની કેબિનેટ સમિતિની મંજૂરીની રાહ જોઈ રહી છે.



વર્તમાન સોદા ઉપરાંત, ભારત રૂ.૫૬,૦૦૦ કરોડના ખર્ચે પાંચ વધુ S-૪૦૦ સ્ક્વોડ્રન ખરીદવા પર પણ સક્રિયપણે વિચારણા કરી રહ્યું છે. આ વધારાની સિસ્ટમ્સ દુશ્મન રોકેટ, મિસાઈલ અને એરક્રાફ્ટ સામે ભારતની સુરક્ષા કવચને વધુ અભેદ્ય બનાવશે. એટલું જ નહીં, ભારતીય સૈન્ય આત્મઘાતી (કામિકાઝ) ડ્રોન અને સશસ્ત્ર ડ્રોનનો સામનો કરવા માટે રશિયાની અત્યંત અસરકારક પેન્ટસિર મિસાઈલ સિસ્ટમ પણ ખરીદવાનું વિચારી રહ્યું છે. S-૪૦૦ અને પેન્ટસિરનું સંયોજન કરીને ભારત આકાશમાં એક બે-સ્તરીય, મજબૂત એર ડિફેન્સ વ્યવસ્થા સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ પણ ભારત ઝડપથી આગળ વધી રહ્યું છે. રૂ.૨૦,૦૦૦ કરોડના મીડિયમ એલ્ટિટ્યુડ લોંગ એન્ડ્યુરન્સ ડ્રોન પ્રોજેક્ટમાં ૨૦ થી વધુ ભારતીય ખાનગી કંપનીઓએ રસ દાખવ્યો છે. ઈઝરાયલની એલ્બિટ, અમેરિકાની જનરલ એટોમિક્સ અને બેલ જેવી વૈશ્વિક દિગ્ગજ કંપનીઓ ભારતીય કંપનીઓ સાથે મળીને ભારતમાં જ ડ્રોન બનાવવાનો પ્રસ્તાવ મૂકી ચૂકી છે. ભલે ૫ ડિસેમ્બરની મોદી-પુતિન બેઠકમાં કોઈ મોટા સંરક્ષણ સોદાની જાહેરાત થવાની શક્યતા ઓછી હોય, પરંતુ રૂ.૧૦,૦૦૦ કરોડના મિસાઈલ સોદાથી ભારત અને રશિયાએ વિશ્વને સ્પષ્ટ સંદેશ આપી દીધો છે કે તેમની વ્યૂહાત્મક ભાગીદારી અતૂટ અને સમયની કસોટી પર ખરી ઉતરેલી છે. (૨૨.૨)

જો તેમના પિતાને કંઈ થશે તો પાકિસ્તાન સરકાર જવાબદાર રહેશે

ઇમરાન ખાનના નાના પુત્ર કાસિમ ખાને સરકાર પાસે તેમના પિતાના જીવિત હોવાના પુરાવા માંગ્યા

પાકિસ્તાની સરકાર તેમના પિતાને જેલમાં એકાંતમાં રાખી રહી છે, પરિવારના કોઈપણ સભ્યને ખાનને મળવાની મંજૂરી નથી



ઈસ્લામાબાદ, તા.૨૮: પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના નાના પુત્ર, કાસિમ ખાને સરકાર પાસેથી તેમના પિતાના જીવિત હોવાના પુરાવા માંગ્યા છે. કાસિમે જણાવ્યું હતું કે પાકિસ્તાની સરકાર તેમના પિતાને જેલમાં એકાંતમાં રાખી રહી છે. પરિવારના કોઈપણ સભ્યને ખાનને મળવાની મંજૂરી નથી. કાસિમે જણાવ્યું હતું કે તેમની પાસે ઈમરાન ખાન જીવિત હોવાના કોઈ પુરાવા નથી. પાકિસ્તાનની બહાર રહેતા અને રાજકારણથી દૂર રહેતા કાસિમે કહ્યું કે જો તેમના પિતાને કંઈ થશે તો પાકિસ્તાન સરકાર જવાબદાર રહેશે. કાસિમે ગુરુવારે સાંજે ટ્વિટર પર એક લાંબી પોસ્ટ પોસ્ટ કરી. તેમણે લખ્યું, મારા પિતા ૮૪૫ દિવસથી ધરપકડ હેઠળ છે. છેલ્લા છ અઠવાડિયાથી, તેમને ડેથ સેલમાં એકલા રાખવામાં આવ્યા છે. કોર્ટના આદેશ છતાં તેમની બહેનોને તેમને મળવાની મંજૂરી નથી. કોઈ ફોન કોલ્સ આવ્યા નથી, એટલે કે અમારી પાસે તેમના જીવનનો કોઈ પુરાવો નથી. હું અને મારો ભાઈ પણ અમારા પિતાનો સંપર્ક કરી શક્યા નથી.

કાસિમે જણાવ્યું હતું કે ઈમરાન ખાનને સંપૂર્ણ રીતે બ્લેકઆઉટ અને ઍક્સેસ આપવાનો ઇનકાર એ કોઈ સુરક્ષા પ્રોટોકોલ નથી. એવું લાગે છે કે આ તેમની સ્થિતિ છુપાવવાનો અને અમારા પરિવારને તેમના સ્વાસ્થ્ય અને સલામતી વિશે જાણવાથી રોકવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે. આનાથી તેઓ સુરક્ષિત છે કે કેમ તે અંગે પ્રશ્નો ઉભા થાય છે. કાસિમે વધુમાં જણાવ્યું હતું કે, પાકિસ્તાની સરકાર અને તેના હેન્ડલર્સ મારા પિતાની સલામતી અને આ અમાનવીય અલગતાના તમામ પરિણામો માટે કાયદેસર, નૈતિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંપૂર્ણપણે જવાબદાર રહેશે. હું આંતરરાષ્ટ્રીય સમુદાય, વૈશ્વિક માનવાધિકાર સંગઠનો અને દરેક લોકશાહી અવાજને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અપીલ કરું છું. કાસિમ ખાને વિશ્વને પાકિસ્તાન સરકાર પર દબાણ લાવવા અપીલ કરી. તેમણે દરેકને પાકિસ્તાન સરકાર પાસેથી ઈમરાન ખાનના જીવનનો પુરાવો માંગવા વિનંતી કરી. આ અમાનવીય અલગતાનો અંત લાવો અને ખાનની મુક્તિની માંગ કરો, જેને ફક્ત રાજકીય કારણોસર જેલમાં રાખવામાં આવ્યો છે. ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩ થી જેલમાં છે. છેલ્લા કેટલાક દિવસોથી, પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય વિશે વિવિધ અફવાઓ ફેલાઈ રહી છે. ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે દાવો કર્યો છે કે ઈમરાન ખાનનું જેલમાં મૃત્યુ થયું છે. આનાથી તેમના પરિવાર અને સમર્થકોમાં ચિંતા ફેલાઈ છે.

અદિયાલા જેલ પ્રશાસને દાવો કર્યો છે કે ઈમરાન ખાનની તબિયત સારી છે અને તેમણે અફવાઓને નકારી કાઢી છે. જોકે, કોઈ પણ તેમના પરિવારને મળી શક્યું નથી. ઈમરાન ખાનની બહેનોને તેમને મળવા દેવામાં આવ્યા નથી. આ ઈમરાન ખાનના સ્વાસ્થ્ય વિશે ફેલાતી અફવાઓને સમર્થન આપી રહ્યું છે.

પાક વીમાની રકમ ન મળતા ખેતરમાં ૫૦૦-૫૦૦ની નોટો વાવી દીધી

ગામલોકો અને સોશિયલ મીડિયા પર લોકો તેને ખેડૂતની પીડા અને વ્યવસ્થાની નિષ્ફળતાનો વિરોધ ગણાવી રહ્યા છે

ખેડૂતનો અનોખો વિરોધઃ

નાગોર તા.૨૮: રાજસ્થાનના નાગૌર જિલ્લાના દેવરિયા જાટાન ગામમાં રહેતા ખેડૂત મલ્લારામ બાવરી હાલમાં સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યા છે. તેનું કારણ છે તેમનો વિરોધ કરવાની અનોખી રીત, જેણે પ્રશાસન અને વીમા કંપનીઓની કાર્યશૈલી પર અનેક સવાલ ઊભા કર્યા છે. મલ્લારામ બાવરીએ પાક વીમા ક્લેમ નહીં મળતા નારાજ થઈને પોતાના ખેતરમાં ૫૦૦-૫૦૦ રૂપિયાની નોટો વાવી દીધી હતી. ગામલોકો અને સોશિયલ મીડિયા પર લોકો તેને ખેડૂતની પીડા અને વ્યવસ્થાની નિષ્ફળતાનો વિરોધ ગણાવી રહ્યા છે. ખેડૂત દ્વારા ખેતરમાં નોટ વાવવાનો વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેના કારણે આ મામલો વધારે ચર્ચામાં આવ્યો છે.



પાક વીમો કરાવ્યો હોવા છતાં ખેડૂતને કોઈ રાહત મળી નહીં. વરસાદથી નુકસાન થયા બાદ તેમણે વીમા કંપનીને ટોલ ફ્રી નંબર પર ફરિયાદ નોંધાવી હતી. પણ કેટલાય દિવસ સુધી કોઈ અધિકારી દાટનાસ્થળે નિરીક્ષણ કરવા આવ્યા નહીં. મલ્લારામનું કહેવું છે કે તેઓ સતત બેન્ક, વીમા કંપની અને કૃષિ વિભાગના ચક્કર કાપતા રહ્યા. પણ તેમને કંઈ મળ્યું નહીં. ફરિયાદો પર કાર્યવાહી ન થતા અને વળતર ન મળતા તેમણે ખેતરમાં નોટ વાવીને વિરોધ નોંધાવ્યો હતો.

ખેડૂતોએ કહ્યું કે એક ખેડૂતથી વધારે સારી રીતે કોઈ નથી જાણતું કે પૈસા વાવવાથી ઝાડ નથી ઊગતા. પણ તેમની મજબૂરી અને પીડાને સમજાવવા માટે તેમને આ રીત યોગ્ય લાગી. તેમણે પોતાની ઉપજથી મળેલા ૪ હજાર રૂપિયાની ૫૦૦-૫૦૦ની નોટ ખેતરમાં વાવી દીધી અને સિચાઈ પણ કરી દીધી, જેથી અધિકારીઓને એ સમજાવી શકે કે વારંવાર કહેવા છતાં જો રાહત નથી મળતી, તો ખેડૂતો કેટલા લાચાર થઈ જાય છે. તેમણે આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ શેર કર્યો છે, જે બાદ તે વાયરલ થઈ ગયો. ખેડૂત મલ્લારામે જણાવ્યું કે તેમણે કપાસની ખેતી માટે બેન્કમાંથી એક લાખની લોન લીધી હતી. આ સીઝનમાં નાગોરમાં થયેલા સતત વરસાદથી પાક બરબાદ થઈ ગયો. ખેતરમાં ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા. ત્યાં સુધી કે કપાસનો પાક લાંબા સમય સુધી પાણીમાં રહેવાથી પાક બળી ગયો. ખેડૂતનું કહેવું છે કે આખું ખેતર તળાવ બની ગયું. આવી સ્થિતિમાં આખી સિઝન મહેનત કરી અને મહેનતના ફળ સ્વરૂપે ખાલી ૪ હજાર રૂપિયાની નીપજ આવી.(૩૮.૧૨)



કોઠારીયાની શાનદાર રેસીડેન્સીમાં હીરાના કારખાનેદાર રાજેશભાઇ મારકણાનો આપઘાતઃ વ્યાજખોરી કારણભુત

ઘર નજીક ગોવર્ધન પાન પાસે ઝેર પી દિકરા તિર્થને જાણ કરીઃ હોસ્પિટલે લઇ જતી વખતે વ્યાજમાં આવી ગયાનું કહ્યું હતુંઃ મોબાઇલ ડિટેઇલને આધારે પોલીસ તપાસ કરે તેવી પરિવારની માંગણી

રાજકોટ તા. ૨૮ઃ વ્યાજખોરીમાં ફસાઇ જનારા લોકો આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતાં હોવાના બનાવો અગાઉ પણ બની ગયા છે. દરમિયાન કોઠારીયામાં રહેતાં અને અગાઉ હીરાનું કારખાનુ ચલાવતાં આધેડએ ઘર નજીક પાનની દૂકાન પાસે ઝેર પી લઇ આપઘાત કરી લીધો છે. વ્યાજખોરીમાં ફસાઇ જવાથી અને પઠાણી ઉઘરાણી થતી હોવાથી કંટાળીને આ પગલુ ભર્યાની તેમના પરિવારજનોએ શંકા દર્શાવી છે. પોલીસ તેમનો મોબાઇલ ફોન કબ્જે કરી કોલ ડિટેઇલને આધારે તપાસ કરે તેવી પરિવારજનોએ માંગણી કરી છે.

જાણવા મળ્યા મુજબ કોઠારીયા ગામથી થોડે આગળ આવેલી શાનદાર રેસીડેન્સી-૩માં રહેતાં રાજેશભાઇ બાબુભાઇ મારકણા(ઉ.વ.૪૫)એ પરમ દિવસે ઘર નજીક આવેલા ગોવર્ધન પાન નામના ગલ્લા પાસે ઝેરી દવા પી લીધી હતી. દવા પીધા બાદ પોતાના ૧૯ વર્ષના દિકરા તિર્થને ફોન કરી પોતે દવા પી ગયા છે અને ગોવર્ધન પાન પાસે છે તેવી વાત કરતાં ગભરાઇ ગયેલો તિર્થ પરિવારજનોને જાણ કરી તુરત જ ત્યાં પહોંચતા તેને પિતા રાજેશભાઇ દવા પીધેલી હાલતમાં મળ્યા હતાં. તુરત જ તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન આજે મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

આપઘાત કરનારા રાજેશભાઇ મારકણા એક બહેન અને બે ભાઇમાં વચેટ હતાં. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ અગાઉ હુડકો ચોકડી પાસે ડિવાઇન ડાયમંડ નામે હીરાનુ કારખાનુ ચલાવતાં હતાં. જો કે આર્થિક સંકડામણને કારણે આ કારખાનુ થોડા સમય પહેલા બંધ કરવાની નોબત આવી ગઇ હતી. તેઓ વ્યાજમાં પણ ફસાઇ ગયા હોઇ તેના કારણે સતત ચિંતામાં રહેતાં હોઇ આ પગલુ ભર્યાનું પરિવારજનોએ કહ્યું હતું. જો કે કોઇ ચિઠ્ઠી પરિવારજનોને મળી નથી. ત્યારે પરિવારજનોએ માંગણી કરી છે કે રાજેશભાઇનો મોબાઇલ ફોન પોલીસ તપાસ માટે જપ્ત કરી કોલડિટેઇલ વગેરે કઢાવે તો અમને ન્યાય મળી શકે.

રાજેશભાઇના દિકરા તિર્થ મારકણાએ જણાવ્યું હતું કે-પપ્પાએ દવા પીધા બાદ મને ફોન કરતાં હું તુરંત ત્યાં પહોંચ્યો હતો. તેમને દવાખાને લઇ જતી વખતે રસ્તામાં તે થોડા ભાનમાં હોઇ મેં શા માટે આવુ કર્યુ? એમ પુછતાં તેણે વ્યાજખોરો હેરાન કરે છે એટલુ બોલ્યુ હતું. બાદમાં તેઓ બેભાન થઇ ગયા હતાં. બનાવને પગલે મારકણા પરિવારમાં શોક છવાઇ ગયો છે. આજીડેમ પોલીસ આ અંગે વધુ તપાસ કરે છે. (૧૪.૮)

પરાબજારના ગોળ-ખજૂરના વેપારી ૩૫ વર્ષિય જયદીપભાઇ દલાણીનું હૃદય ધબકારા ચુક્યું

નાગેશ્વર સોસાયટી અરિહંત એવન્યુમાં ઘરમાં જમતી વખતે ઢળી પડ્યાઃ બે પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું



રાજકોટ તા. ૨૮ઃ હૃદય ધબકારા ચુકી જવાથી મૃત્યુની ઘટનાઓનો સિલસિલો યથાવત રહ્યો છે. વધુ એક યુવાનનું હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું છે. જામનગર રોડ નાગેશ્વર સોસાયટી ભવાની ચોક અરિહંત એવન્યુ-૬૦૨ ખાતે રહેતાં જયદીપભાઇ પ્રકાશભાઇ દલાણી (ઉ.વ.૩૫) નામના યુવાન બપોરે પોણા ત્રણેક વાગ્યે ઘરમાં જમી રહ્યા હતાં ત્યારે જમતાં જમતાં જ એકાએક ઢળી પડતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ અંતિમ શ્વાસ લઇ લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના યુવરાજસિંહ પરમાર મારફત થતાં ગાંધીગ્રામના મયુરસિંહ જાડેજાએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર જયદિપભાઇ બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે પરાબજારમાં ગોળ-ખજુરનો વેપાર કરતાં હતાં. આ ઉપરાંત રામાપીર ચોકડી પાસે ખજુરનુ કારખાનુ પણ ચલાવતાં હતાં. હાર્ટએટેકને કારણે મૃત્યુ થયાનું જણાવાયું હતુ. આ બનાવથી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. (૧૪.૮)

ગોકુલધામ પાસે ગિતાંજલી સોસાયટીમાં બનાવ
૩૦ વર્ષિય શિક્ષીકા હેતલબેનનું બેભાન થઇ ગયા બાદ મૃત્યુ



રાજકોટ તા. ૨૮ઃ શહેરના ગોકુલધામ પાસે ગિતાંજલી સોસાયટી-૧માં રહેતાં હેતલબેન વિનોદભાઇ ભાડેસીયા (ઉ.વ.૩૦) સવારે ચારેક વાગ્યે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

મૃત્યુ પામનાર હેતલબેન ચાર બહેનમાં મોટા હતાં અને ઘર નજીક આવેલી સ્કૂલમાં શિક્ષીકા તરીકે નોકરી કરતાં હતાં. તેણીના પિતા વિનોદભાઇ ભાડેસીયા સુથારી કામ, લુહારી કામની મજૂરી કરે છે. તેમના કહેવા મુજબ દિકરી હેતલબેનને છાતીમાં કફ ભરાઇ ગયો હોઇ તેની સારવાર ચાલુ હતી. આજે અચાનક સવારે બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયું હતું. માલવીયાનગરના એએસઆઇ એચ. ટી. પરમાર સહિતે જરૂરી કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આશાસ્પદ દિકરીના મૃત્યુથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. (૧૪.૮)

નવી પેઢીને નશાની ગર્તામાં ધકેલાતી અટકાવવા માટે સીબીઆઇ બેક ગ્રાઉન્ડ ધરાવતા વડોદરા સીપી નરસિંહમા કોમારના અનુકરણીય અભિયાનની શહેરના લોકો સાથે ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવી દ્વારા પણ લેવામાં આવી છે

૭ માસમાં ડ્રગ્સ સહિતના ૭ કેસ પહેલા ચાલુ વર્ષમાં ૩૨ કેસ સહિત કરોડોનો મુદામાલ આ રીતે પકડાયો છે

બરોડા સીપી દ્વારા દરેક પોલીસ મથકમાંથી બબ્બે ચુનંદા સ્ટાફની પસંદગી કરી, પોલીસ હેડ કવાટરમાં જાતે મિટિંગ રાખી, જાતે તાલીમ આપવા સાથે ફુલ પ્રુફ પુરાવા સાથે કેસ કેમ કરવા? તેનું જ્ઞાન પણ આપવામાં આવ્યું છે....ભીતરની કથા



રાજકોટ તા. સીબીઆઇ બેક ગ્રાઉન્ડ ધરાવતા અને આખા રાજ્યની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિનો લો એન્ડ ઓર્ડર વડા તરીકે ઊંડો અભ્યાસ કરનાર વડોદરા પોલીસ કમિશનર નરસિંહમા કોમાર ખૂબ અભ્યાસુ , દૂરંદેશી, અને સ્વચ્છ છબી ધરાવતા IPS છે.

આ સંસ્કારી નગરીને સુરક્ષિત રાખી ભાવિ પેઢીને નશાની ગર્તામાં ધકેલાતી અટકાવવા માટે આખું અભિયાન તૈયાર કરી એને આ માટે દરેક પોલીસ મથકમાંથી ખૂબ ચુનંદા બબ્બે સ્ટાફની પસંદગી કરી અને તેમને વિશેષ તાલીમ જાતે આપી અને તેના અદભુત પરિણામ મળ્યા છે.

ગઇ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ વડોદરા શહેર પોલીસ પોલીસ કમિ'ર નરસિમ્હા કોમાર સા શ્રી દ્વારા પોલીસ હેડકવાટર ખાતે એક તાલીમનું આયોજન કરવામાં આવેલ જેમાં જે.સી.પી.સા.શ્રી તેમજ તમામ ડી.સી.પી.શ્રીઓ, એ.સી.પી શ્રીઓ, પોલીસ સ્ટેશનના પી.આઇ.શ્રીઓ તથા તેમની NDPS ના કામગીરી કરવા માટે ફાળવવામાં આવેલ બે-બે કર્મચારીશ્રી નાઓ હાજર રહેલા અને જેમાં પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર સા શ્રી દ્વારા NDPS માટેની માહીતી કેવી રીતે મેળવવી તેને કેવી રીતે દાખલ કરવો. વીગેરે બાબતે વિગતવાર સુચના અને માર્ગદશન આપવામાં આવેલ. જે આધારે વડોદરા શહેર પોલીસ દ્વારા માત્ર ૧૭ દિવસમાં એન.ડી.પી.એસ ના કુલ ૧૩ કેસ કરવામાં આવેલ જેમાં ૧૭ આરોપી ને અટક કરવામાં આવેલ અને કુલ કિ.રૂ.૧૧,૫૬,૯૧૨/-નો ડ્રગ્સનો મુદામાલ તેમજ અન્ય મુદામાલ મળી કુલ્લે કિ.રૂ.૨૩,૬૪,૫૩૨/- નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે.

જેથી વડોદરા શહેર પોલીસ કમિ'ર નરસિમ્હા કોમાર સા શ્રી નાઓના પ્રયાસો, માર્ગદર્શન અને સુચના આધારે વડોદરા શહેર



પોલીસ દ્વારા ડ્રગ્સના દુષણોને દુર કરવા ઓપરેશન ક્રેક ડાઉન કરવામાં આવેલ છે.

કાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ.આર.જી.જાડેજા, પોલીસ ઇન્સ.એચ.ડી.તુવર અને પોલીસ ઇન્સ. એન.જી.જાડેજા નાઓની દોરવણી હેઠળ પોલીસ સબ ઇન્સપેકટર એસ.ટી.સાંડસુર નાઓની ટીમને બાતમીદારથી બાતમી મળેલ કે, હુજરાત ટેકરા શેરઅલીબાવાની દરગાહ પાસેબીજા માળે, રહેતો સાહીદ ઉર્ફે ભુરીયો ઝાકીરભાઇ શેખ નામનો ઇસમ પોતાના ઘર પાસે એમ.ડી.ડ્રગ્સનો જથ્થો પોતાના કબ્જામાં રાખી ગ્રાહકોને છુટકમાં વેચાણ કરે છેજ્ઞ તેવી બાતમી આધારે ટીમના માણસો સાથે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા સદર જગ્યાએથી ઇસમ નામે સાહીદ ઉર્ફે ભુરીયો ઝાકીરભાઇ શેખ ઉ.વ.૩૨ રહે.હુજરાત ટેકરા, શેર અલી બાવાની દરગાહ પાસે,વડોદરાને શોધી કાઢી સદર ઇસમની અંગઝડતીમાંથી ઓપ્પો મોબાઇલ ફોન તેમજ પ્લાસ્ટીકની ઝીપલોકવાળી થેલીમા સફેદ કલરનો પાઉડર મળી આવતા. આ સફેદ કલરના પાઉડરના પ્રાથમિક પરીક્ષણ તથા અભિપ્રાય મેળવવા એફ.એસ.એલ.અધિકારીશ્રી મારફતે મેફેડ્રોન આઇડેન્ટીફિકેશન કિટ વડે પરીક્ષણ કરતા મેફેડ્રોન ડ્રગ્સ હોવાનુ જણાયેલ. તેમજ નેટ વજન ૨ ગ્રામ ૮૦મીલી ગ્રામ કિ.રૂ.૬,૨૪૦/-ગણી લઇ. સદર ઇસમને આ મેફેડ્રોન ડ્રગ્સ ક્યાંથી, કોની પાસેથી લાવેલ તેમજ કોને આપવાનુ હતુ તે બાબતે પુછપરછ કરતા પોતે સુરત શહેરના અમરોલી ખાતે રહેતા સાજીદ પટેલ પાસેથી લાવી તેમાંથી નાની નાની પડિકીઓ બનાવી ચોરીછુપીથી છુટકમા ગ્રાહકોને વેચતો હોવાની હકિકત જણાવતા. સદર ઇસમ પાસેથી મેફેડ્રોન ડ્રગ્સ, ઓપ્પો મોબાઇલ ફોન તેમજ ઘરની લાઇટબીલ તપાસ અર્થે કબ્જે કરી આ પકડાયેલ ઇસમ સામે NDPS એકટ અન્વયે કાયદેસર કાર્યવાહી કરી ગુનો રજી.થવા તથા આગળની તપાસ માટે સીટી પોલીસ સ્ટેશનને સોંપેલ છે.

સાત માસમાં સાત કેસ કરનાર વડોદરા



પોલીસે આ પહેલા ડ્રગ્સ, હાઇ બ્રીડ ગાંજાના ૩૨ કેસ કરતા ગાંધીનગર સુધી અર્થાત્ ગ્રહ મંત્રી દ્વારા નોંધ લેવામાં આવી છે.

પોલીસ કમિશનર નરસિંહમાં કોમાર દ્વારા આ માટે ડ્રગ્સ,ગાંજો જેવા કેસની તમામ માહિતી પોલીસ મથક અને બ્રાંચોમાંથી મેળવી તેનો ચાર્ટ તૈયાર કરી તેનો અભ્યાસ થાય છે આની જવાબદારી SOG પોલીસ ઇન્સ્પેક્ટર શૈલેષ રાતડાને સુપ્રત થયેલ છે.ચાલુ વર્ષ દરમિયાન પોલીસ કમિશનરના આ જોરદાર અભિયાનથી ૩૨ કેસો આ પહેલા થયેલ છે.૫૬ આરોપી સાથે પોણા બે કરોડથી વધુનો. મુદામાલ ઝડપ્યો છે, આ બાબતની.નોંધ ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી દ્વારા હર્ષભેર લેવામાં આવી છે. (૫-૧૪)

ક્રાઇમ બ્રાન્ચ પણ એક્ટિવ મોડમાં મૂકવામાં આવી છે, જોઇન્ટ સીપી ડો.લીના પાટીલ, ડીસીપી હિમાંશુ વર્માના માર્ગદર્શનમાં પીઆઇ આર .જે જાડેજા ટીમ પણ આરોપીઓ પકડી લાવે છે

કોટડાસાંગાણીના અરડોઇ ગામે બોગસ સાટાખત ઉભું કરી જમીન પચાવી પાડવાનું કૌભાંડ

ભાઇના દિકરાએ કરી કરામતઃ પુત્રની માતાએ લેખીત ફરિયાદ આપી

ગોંડલ તા.૨૭ઃ કોટડા સાંગાણી તાલુકાના અરડોઇ ગામે રહેતા અને માનસિક રીતે અસ્વસ્થ હોય અલ્પેશભાઈના માતાએ વડીલોપાર્જિત જમીનનું ભાઈનાં દિકરાએ બોગસ સાટાખત ઉભું કરી જમીન વેચવાની પેરવી કરતા વારસદાર તરીકેની નોટીસ મળતાં ષડયંત્ર થયાનું પ્રકાશમાં આવ્યું હતું જે અંગેની લેખીત ફરિયાદ કોટડા સાંગાણી તાલુકા પોલીસ સ્ટેશનમાં અને એસ.પી.કચેરી રાજકોટ ખાતે આપતાં તપાસના આદેશો આપ્યા હતાં

કોટડા સાંગાણી તાલુકાના અરડોઇ ગામે રહેતા અને ખેતી કરતાં અલ્પેશભાઈ પ્રવિણભાઈ વિરોજાના માતા કાન્તાબેન વિરોજાએ પુત્રની વડીલોપાર્જિત જમીનનું બોગસ સાટાખત તેમનાં ભાઈનાં દિકરાએ તથા અન્ય લોકોએ કરાવી વેચાણ કરવાની પેરવી કરતા તેમનાં એડવોકેટે દસ્તાવેજ કરાવાની નોટીસ આપતાં સમગ્ર પ્રકરણ પ્રકાશમાં આવ્યું હતું જે અંગેની લેખીત ફરિયાદ કોટડા સાંગાણી તાલુકા પોલીસ સ્ટેશનમાં આપી અને એસ.પી. કચેરીએ રૂબરૂ રજૂઆત કરતાં તપાસના આદેશો આપ્યા હતાં કાન્તાબેન પ્રવિણભાઈ વિરોજાએ લેખીત ફરિયાદમાં જણાવ્યું છે કે મારો પુત્ર અલ્પેશ ઘણાં સમયથી માનસિક રીતે અસ્વસ્થ અને અપરણિત છે સ્પષ્ટ બોલી શકે તેમજ સમજી શકે તેમ ન હોય મારા પુત્રની વડીલોપાર્જિત જમીન અરડોઇ ખાતા નં ૧૯૭૧ થી આવેલ છે રે.સર્વે. નં. ૪૧ જુનો સર્વે નં ૪૫૫/૩ ની જમીન હે.૧-૪૬-૭૧- તથા રે.સર્વે. નં. ૪૨ જુનો સર્વે નં ૪૫૫/૪ જમીન હે. ૧-૧૫-૩૫ કુલ વિધા ૧૬ વાળી ખેતીની જમીન સ્વતંત્ર માલીકીની અને કબ્જા ભોગવટાની છે મારા ભાઈનો પુત્ર અંકિત શૈલેષભાઈ ભાલોડી રહે ગોંડલ તાલુકાના ગોમટા ગામે તથા પરસોત્તમભાઈ મૈયાભાઈ અકબરી રહે .ટોડા તાલુકો કાલાવડ જીલ્લો જામનગર વાળા જેઓને અમે ઓળખતાં પણ નથી તેઓની સામે બી.એન.એસ.૩૧૬(૨) તથા ૩૧૮(૨) તેમજ એકબીજાને મદદગારી કરનાર અન્ય લોકો વિરૂધ્ધ કોટડા સાંગાણી તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ આપી રાજકોટ એસ.પી. કચેરીએ રૂબરૂ મળી રજૂઆત કરતાં તપાસના આદેશો આપ્યા હતાં

ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે ઉપરોક્ત બન્ને જણા સાથે મળીને અરડોઇ ગામે આવેલ ખાતા નં ૧૯૭૧ વાળી જમીનનું બોગસ સાટાખત એકબીજાને મદદગારી કરી ઉભું કરેલ છે મારો પુત્ર અલ્પેશે કોઈપણ જાતનો સોદો નક્કી કરેલ નથી ખેતીની જમીન મારા પુત્રએ રૂપિયા ૧૪ લાખમાં વેચાણ કરેલ નથી કે સુથી પેટે રૂપિયા ૫૦ હજાર પણ લીધેલા નથી ગત.તા. ૨૩/૪/૨૦૨૫ ના રોજ નોટરીથી રૂબરૂ સાટાખત કરાવી લીધેલ છે જે પણ જાણ નથી પાંચ વર્ષ પહેલાં મારા પુત્રના થયેલા એક્સીડન્ટના કારણે માનસિક અસ્વસ્થ હોય ષડયંત્ર રચી વિશ્વાસમાં લઈ રાજકોટ ખાતે યેનકેન પ્રકારે સહી કરાવી લીધેલ હોય પણ અમારા ધ્યાનમાં નથી અને અસ્વસ્થના કારણે તેઓનાં ગાર્ડીયન તરીકે નામદાર કોર્ટનો હુકમ મેળવ્યાં બાદજ સાટાખત કરી શકાય પરંતુ આવી કોઈ પ્રોસીઝરી કર્યા વિના જમીનનાં બોગસ ડોક્યુમેન્ટ ઉભા કરી ષડયંત્ર રચ્યું હોવાનું જણાઈ આવે છે વડીલોપાર્જિત જમીન એક ચો.મી.પણ વેચાણ કરવા માંગતા નથી જ્યારે હાલ બજાર ભાવ એક વિધાના રૂપિયા ૪૦ લાખ છે કુલ ૧૬ વિધા જમીનના ૬.૪૦ લાખ જેવી માતબર રકમ થાય પરંતુ ષડયંત્ર રચનાર દ્વારા છળકપટથી ૧૪ લાખનું સાટાખત લખાણ કરાવી છેતરપિંડી કરી છે આ પ્રકરણમાં તેઓનાં એડવોકેટે ગત તા. ૧૯/૧૧/૨૦૨૫ ના રોજ અમોને ખેતીની જમીનનો દસ્તાવેજ કરી આપવા નોટીસ મળતાં સમગ્ર પ્રકરણ અમારી જાણમાં આવતાં વળતી નોટીસ પાઠવી જવાબ પણ આપ્યો છે કોટડા સાંગાણી તાલુકા પોલીસ સ્ટેશનમાં લેખીત ફરિયાદ આપી રાજકોટ એસ.પી. કચેરીએ રૂબરૂ મળીને રજૂઆત કરતાં તપાસના આદેશો આપ્યા હતાં.(૨.૧૪)

વાવડીમાં બેભાન થઇ ગયા બાદ ૩૪ વર્ષના રહનુમાબેનનું મોત
દિકરા-દિકરી મા વિહોણા થતાં પરિવારમાં માતમ

રાજકોટ તા. ૨૮ઃ ગોંડલ રોડ પર વાવડીમાં મનસુખભાઇ છાપીયા ટાઉનશીપમાં રહેતાં રહનુમાબેન આદીલભાઇ ખેડારા(ઉ.વ.૩૪) સાંજે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવારમાં વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર રહનુમાબેનના લગ્ન દસ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. પતિ આદિલભાઇ પ્રાઇવેટ નોકરી કરે છે. રેનુમાબેન સાંજે ઘરે બેભાન થઇ જતાં સાત વર્ષની દિકરીએ પપ્પાને ફોન કરી જાણ કરી હતી. આથી આદિલભાઇએ દિકરીને પડોશીઓને બોલાવવાનું કહ્યું હતું અને પોતે પણ પણ પહોંચ્યા હતાં અને પત્નિને સારવાર માટે ખસેડ્યા હતાં. પરંતુ સારવાર કારગત નીવડી નહોતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે તાલુકા પોલીસને જાણ કરી હતી.

રેનુમાબેનને બ્લડપ્રેશરની બિમારી હોવાનું જણાવાયું હતું.



હળવદની પાયલબેન પર વજઘાતઃ પ્રથમ પતિનું વાહન અકસ્માતમાં મોત થયું પછી બીજાનું પણ એવી જ રીતે મોત!

અમિતભાઇએ મોટા ભાઇના મૃત્યુ પછી ભાભી સાથે દિયરવટુ કર્યુ હતુંઃ હળવદથી કોંઢ ગામે પત્નિને તેના માવતરેથી તેડવા જતી વખતે બાઇક સ્લીપ થતાં ગંભીર ઇજા પહોંચીઃ રાજકોટમાં દમ તોડ્યો



રાજકોટ તા. ૨૮ઃ હળવદની એક પરિણીતા સાથે કુદરત જાણે રૂઠ્યો હોય તેમ એક પછી એક બંને પતિના વાહન અકસ્માતમાં મૃત્યુ થયું છે. ધ્રાંગધ્રાના કોંઢ ગામે માવતર ધરાવતી પાયલબેનનું સાસરૂ હળવદ ખાતે છે. તેના પ્રથમ પતિનું એક વર્ષ પહેલા વાહન અકસ્માતમાં મૃત્યુ થયુંહતું. આ પછી તેણીએ દિયરવટુ કર્યુ હતું. હાલમાં તેણી માવતરે હોઇ પતિ તેણીને તેડવા હળવદથી કોંઢ ગામે જતો હતો ત્યારે રસ્તામાં તેનું પણ વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં મોત થયું છે. જાણવા મળ્યા મુજબ હળવદમાં રહેતો અમિતભાઇ જગદીશભાઇ પોકેણીયા (ઉ.વ.૨૬) ગત ૨૫/૧૧ના રોજ હળવદથી બાઇક હંકારીને ધ્રાંગધ્રાના કોંઢ ગામે માવતરે આટો દેવા ગયેલી પત્નિ પાયલબેનને તેડવા જવા નીકળ્યો ત્યારે હળવદના ધવાણા ગામ નજીક પહોંચતા તેનું બાઇક સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા પહોંચી હતી. સ્થાનિક હોસ્પિટલમાં સારવાર લીધા બાદ વધુ સારવાર માટે તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે સવારે મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, રવિભાઇ, પ્રતાપભાઇ સહિતે હળવદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર અમિતભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટો હતો અને છુટક મજૂરી કરતો હતો. કરૂણતા એ છે કે તેના મોટા ભાઇ વિપુલભાઇનું એક વર્ષ પહેલા બાઇક અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ પછી અમિતભાઇએ વિપુલભાઇના પત્નિ એટલે કે પોતાના ભાભી પાયલબેન સાથે દીયરવટુ કર્યુ હતું. પાયલબેનને આગલા ઘરની એક દિકરી છે. કરમકઠણાઇ કહો કે કુદરતની કુરતા એક વર્ષ પહેલા પતિને ગુમાવનારા પાયલબેને બીજા લગ્ન દિયર સાથે કર્યા હતાં એ બીજા પતિનું પણ પ્રથમ પતિની જેમ વાહન અકસ્માતમાં મોત થતાં તેણી પર વજઘાત થયો છે. (૧૪.૬)

ગોંડલના વેપારી અલ્પાબેન શાહ સાથે રૂા. ૫.૪૫ લાખની ઠગાઇ

તેલના ૩૦૦ ડબ્બા મંગાવ્યા બાદ થોડા રૂપિયા ચુકવ્યા બાદ બે શખ્સો ફરાર થઇ ગયાઃ ગોંડલ તાલુકા પોલીસમાં ફરીયાદ

રાજકોટ,તા.૨૮ :ગોંડલના મહિલા વેપારી પાસેથી ૩૦૦ તેલના ડબ્બા મંગાવી કડીની બેલડી ભુગર્ભમાં ઉતરી જતાં ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. ભોજપરામાં તેલની મિલ ચલાવતાં મહિલાને બેલડીએ શરૂઆતમાં પેમેન્ટ ચૂકવી બાદમાં રૂ.૬.૪૫ લાખનું તેલ મંગાવી ફોન સ્વીચઓફ કરી નાંખ્યા હતાં. ૧ લાખ પરત કરી રૂ.૫.૪૫ લાખ પરત ન આપી છેતરપિંડી આચરી હતી. ગોંડલમાં નાગડકા રોડ પર આઈટીઆઈ પાછળ રાજહંસ સોસાયટીમાં રહેતાં અલ્પાબેન દિપકકુમાર શાહ (ઉ.વ.૪૯)એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજેશ અમૃત પટેલ અને જીગ્નેશ રજની પટેલ (રહે. કરશનપુરા, કડી) ના નામ આપ્યા છે. ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ભોજપરા ગામ અવધ એક્ષટેસમાં મમતા ઈન્ડસ્ટ્રીઝના નામે મીલ ચલાવી ખાધ્યતેલનું વેચાણ કરે છે. આઠેક મહીના પહેલા આરોપી રાજેશ પટેલનો ફોન આવેલ કે, હું રાંદલકૃપા ટ્રેડીંગના નામની પેઢી કડી માર્કેટીંગ યાર્ડની બાજુમાં, શ્રીરામ શોપીંગ સેન્ટર ખાતે ચલાવું છું અને જીગ્નેશભાઈ પટેલ મારા પાર્ટનર છે, અને તે બેંકીંગ કામગીરી કરે છે. ખાધ્ય તેલનો વેપાર કરીએ છીએ. મારે જ્યારે ખાધ્ય તેલની જરૂરીયાત રહેશે ત્યારે હું તમારી પાસેથી ખાધ્ય તેલ મંગાવીશ. જેથી તેમને કહેલ કે, હું તમારા કહ્યા મુજબ ખાધ્યતેલનો જથ્થો મોકલાવી આપીશ. બાદ ગઈ તા.૨૪/૦૪/૨૦૨૫ ના રાજેશ પટેલે ખાધ્ય તેલના ડબ્બા મંગાવેલ હતા. જેના બીલના રૂપિયા તેમણે સમયસર મોકલાવી આપ્યા હતાં. બાદ તા. ૧૦/૦૫ ના અને ત્યાર બાદ તા.૨૯/૦૫ ના તેલના ડબ્બા મંગાવેલ હતા. જેમનું પેમેન્ટ પણ સમયસર કરી આપ્યું હતું. જે બાદ તા.૧૫/૦૬ ના ફોન કરી ૧૫૦ તેલના ડબ્બા મોકલવા કહેલ, જેથી બીજા દિવસે તા. ૧૬/૦૬ ના ૧૫૦ ખાધ્ય તેલના ડબ્બા ટ્રાન્સપોર્ટની ગાડીમાં મોકલેલ હતા. જેના રૂ.૩,૧૯,૯૮૮ થયા હતાં. ફરીયાદીએ રાજેશને ફોન કરી તેલના ડબ્બાના બીલના રૂપિયા મોકલાવવા કહેતાં તો તેમણે કહેલ કે, હું તમારા બીલના રૂપિયા બે દિવસમાં મોકલાવી આપીશ. બે દિવસ બાદ તેના પાર્ટનર જીગ્નેશ પટેલને ફોન કરી બીલના રૂપિયા નાખવાનું કહેતાં તો તેમણે બે-ચાર દિવસમાં મોકલાવી આપવાનું કહેલ. તેમજ જીજ્ઞેશએ ફરી ૧૫૦ તેલના ડબ્બા મોકલવા કહેલ, જેથી અગાઉ બીલના કરેલ પેમેન્ટના વિશ્વાસે ફરીયાદીએ આરોપીના કહ્યા મુજબ ફરી ૧૫૦ તેલના ડબ્બા ક્રિષ્ના ટ્રાન્સપોર્ટની ગાડીમાં મોકલેલ અને તેનું બિલ રૂ.૩,૨૫,૭૧૦ થયેલ હતું. જેથી બંને શખ્સો પાસેથી ૩૦૦ ખાધ્ય તેલના ડબ્બાના રૂા.૬,૪૫,૬૯૮ લેવાના થતા હોય જેથી તેઓને ફોન કરી અવાર-નવાર રૂપિયા નાખવાનું કહેતાં તા.૨૫/૦૬ ના રૂ.૧ લાખ પેઢીના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલ હતાં. તેમજ બાકીના રૂ.૫,૪૫, ૬૯૮ બાબતે વાત કરતાં તેઓ કહેતાં કે, જી.એસ.ટી.ની રેઈડ પડેલ છે અને મારૂ લેપટોપ તેમની પાસે છે, બેંક એકાઉન્ટ બંધ કરી દિધેલ છે. મારી દુકાન પણ બંધ છે. તેમ અવાર-નવાર જુદા જુદા બહાના બતાવતા હોય જેથી થોડા દિવસ બાદ રાજેશને ફોન કરેલ તો તેમનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવતો હતો અને પાર્ટનર જીજ્ઞેશને ફોન કરેલ તો તેમણે કહેલ કે, હું બહાર છું, ઘરે જઈ તમારૂ પેમેન્ટ મોકલી આપીશ. બાદ તેમને અવાર-નવાર ફોન કરેલ પરંતુ તેમનો ફોન બંધ આવતો હતો. કડી, મહેસાણાના બીજા વેપારીને ફોન કરેલ તો તેમણે કહેલ કે, તેમની પાર્ટી ઉઠી ગયેલ છે અને તે ધંધો બંધ કરી ક્યાંક જતા રહેલ છે. તેમજ બીજા મિલ વાળા સાથે પણ આવો બનાવ બનેલ છે. બંને આરોપી સામે સુરેન્દ્રનગર બી.ડીવીજન પોલીસ મથકમાં ફરીયાદ પણ થઇ છે. (૯.૨૧)

રાજકોટ પંથકમાં પવનચક્કી અને જીઇબીના કોપરવાર ચોરી કરનાર નાગજી શેખાણી પકડાયો

રૂરલ એલસીબીના હેડ કોન્સ. ધર્મેશભાઇ બાવળીયા, વાઘાભાઇ આલ, પ્રણયભાઇ સાવરીયા અને કોન્સ. મેહુલભાઇ સોનરાજની બાતમીઃ કચ્છના ચાર શખ્સોની શોધખોળ

રાજકોટ તા. ૨૮ :.. જીલ્લાના કોટડાસાંગાણી, ભાડલા, આટકોટ, અને પડધરી પાસે પવનચકકી તથા જીઇબીના ટ્રાન્સફોર્મરમાંથી કોપર વાયરની ચોરી કરનારા શખ્સને રૂરલ એલ. સી. બી. ની ટીમે ઝડપી લીધો હતો.

મળતી વિગત મુજબ કોટડા સાંગાણી, ભાડલા, આટકોટ અને પડધરી પાસે પવનચકકી તથા જીઇબીના વીજ પોલના ટ્રાન્સફોર્મરમાંથી કોપરવાયરની ચોરી કરનારા શખ્સોને પકડી લેવા માટે રેન્જ આઇ. જી. અશોકકુમાર યાદવ તથા રૂરલ એસ. પી. વિજયસિંહ ગુર્જરની સુચનાથી એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરા સ્ટાફ સાથે આરોપીની શોધમાં હતા ત્યારે હેડ કોન્સ. ધર્મેશભાઇ બાવળીયા, વાઘાભાઇ આલ, પ્રણયભાઇ સાવરીયા અને કોન્સ. મેહુલભાઇ સોનરાજને બાતમી મળતા કોપર વાયરની ચોરી કરનાર નાગજી ઉર્ફે નગો લખમણભાઇ શેખાણી (ઉ.વ.૩૨) (રહે. પસવારીયા ગામ, અંજાર (કચ્છ)ને પકડી લીધો હતો. તેની પુછપરછ કરતા અંજારના પ્રેમજી હરજીભાઇ ભીલ, ગળપાદરના વશરામ વિરમભાઇ મકવાણા, અંજારના દેવરાજ ઉર્ફે નાનો અશોકભાઇ ઠક્કર અને રૂડા મચ્છુભાઇ ઠાકોર નામના શખ્સો આ ચોરીમાં સામેલ હોવાની કબુલાત આપતા પોલીસે આ ચારેય રીઢા આરોપીની શોધખોળ હાથ ધરી છે.

આ કામગીરી એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરા, પીએસઆઇ એચ.સી.ગોહીલ, આર.વી.ભીમાણી, એએસઆઇ બાલકૃષ્ણ ત્રિવેદી, અમીતસિંહ જાડેજા, અમીતભાઇ કનેરીયા, ઇન્દ્રસિંહ જાડેજા, અનિલભાઇ ગુજરાતી, રોહીતભાઇ બકોત્રા, હેડ કોન્સ. ધર્મેશભાઇ બાવળીયા, વાઘાભાઇ આલ, પ્રણભાઇ સાવરીયા, હરેશભાઇ પરમાર, રસીકભાઇ જમોડ, ઘનશ્યામસિંહ જાડેજા, કોન્સ. મેહુલભાઇ સોનરાજ, મહીપાલસિંહ ચુડાસમા, અબ્બાસભાઇ ભારમલ, ભાવેશભાઇ મકવાણા, વિજયભાઇ સિંહાર, અનિરૂધ્ધસિંહ જાડેજા દિલીપસિંહ જાડેજા દ્વારા કરવામાં આવી હતી.



કલ્પના ચાવલા ગાર્ડન ખાતે છાત્રાઓને મહિલા પોલીસની 'શી' ટીમે સમજ આપી

રાજકોટઃ શહેરના રેસકોર્ષ ખાતે કલ્પના ચાવલા ગાર્ડનમાં શાળાની બાળાઓ ફરવા આવી હોઇ તેને મહિલા પોલીસની શી ટીમના કોકીલાબેન સોલંકી સહિતે શી ટીમ, ૧૮૧ મહિલા હેલ્પલાઇન, ૧૧૨ નંબરની ઉપયોગીતા, સાયબર ક્રાઇમ, ટ્રાફિક અવેરનેસ, મહિલા પોલીસ સ્ટેશનની કામગીરી સહિતની બાબતોની સમજ અપાઇ હતી અને અન્ય મહત્વના મુદ્દે કઇ રીતે સજાગ રહેવું તેની સમજ અપાઇ હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી આર. એસ. બારીયા, પીઆઇ એચ. એમ. ભાટીની રાહબરીમાં આ કામગીરી થઇ હતી.

તેલ, સંરક્ષણ અને વેપાર સહિત અનેક મહત્વપૂર્ણ કરાર થશે

પુતિન ૪-૫ ડીસેમ્બરે ભારતની મુલાકાતેઃ ભારત-રશિયાના સંબંધોનો નવો અધ્યાય શરૂ થશે



નવી દિલ્હી, તા.૨૮ઃ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ૪ અને ૫ ડિસેમ્બર રોજ ભારતનીબે દિવસીય રાજ્ય મુલાકાતે આવી રહ્યા છે. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા પુષ્ટિ કરાયેલ આ મુલાકાત, ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલન માટે યોજાઈ રહી છે, જે બંને દેશો વચ્ચેના વિશિષ્ટ અને વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. આ ઉચ્ચ-સ્તરીય મુલાકાત વૈશ્વિક અને પ્રાદેશિક ભૂ-રાજકીય પરિદ્રશ્યમાં પણ નોંધપાત્ર માનવામાં આવી રહી છે.

આ મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ પુતિન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વ્યાપક ચર્ચાઓ કરશે, જેમાં ભારત-રશિયા સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરવામાં આવશે. ચર્ચાના મુખ્ય મુદ્દાઓમાં તેલ ખરીદી, સંરક્ષણ સહયોગ અને દ્વિપક્ષીય વેપાર વધારવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રમાં, S-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમની ડિલિવરી અને અન્ય સંરક્ષણ સોદાઓ પર પ્રગતિની સમીક્ષા થઈ શકે છે. આ ઉપરાંત, આ બેઠક નેતાઓને તેમના સંબંધોમાં આગળની પ્રગતિ માટે એક વ્યાપક વિઝન નક્કી કરવાની તક પૂરી પાડશે.

રાષ્ટ્રપતિ પુતિનનું રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા પણ સ્વાગત કરવામાં આવશે, અને તેમના સન્માનમાં રાષ્ટ્રપતિ ભવનમાં એક વિશેષ ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઔપચારિક બેઠકો દરમિયાન, બંને દેશોના નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરશે. જેમાં યુક્રેન સંઘર્ષની વૈશ્વિક અસર, આંતરરાષ્ટ્રીય મંચો પર સહયોગ અને વૈશ્વિક પુરવઠા શૃંખલામાં સ્થિરતા જાળવવા જેવા વિષયોનો સમાવેશ થાય છે.

પુતિનની આ મુલાકાતની જાહેરાત આ વર્ષની શરૂઆતમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની મોસ્કો મુલાકાત અને ત્યારબાદ શાંઘાઈ સહયોગ સંગઠન સમિટ દરમિયાન પીએમ મોદી અને પુતિન વચ્ચેની મુલાકાત પછી કરવામાં આવી હતી. આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધોને જ નહીં, પરંતુ બંને દેશો વચ્ચેના ઐતિહાસિક મિત્રતા અને વ્યૂહાત્મક વિશ્વાસને પણ પુનઃ સમર્થિત કરે છે. ભારતીય વિદેશ મંત્રાલયના નિવેદન મુજબ, આ મુલાકાત બંને દેશો માટે એકબીજાની ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે. (૨૨.૨૨)

પાલીતાણામાં પોલીસ સ્ટેશનમાં પુછપરછ માટે લવાયેલ આધેડનો આપઘાત

ટોયલેટમાં જઇને ઝેરી દવા ગટગટાવી લીધી

ભાવનગર તા. ૨૮ :.. ભાવનગર પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં તપાસ સંદર્ભે લાવવામાં આવેલા વ્યક્તિએ પોલીસ સ્ટેશનમાં આત્મહત્યા કરી છે. જે દરમિયાન પોલીસ સ્ટેશનમાં ટોયલેટમાં જઈને અનાજમાં નાખવાની ટિકડીયો ગટગટાવી લેતા યોગેશ ભાઈ પોલીસ સ્ટેશનમાં ઢળી પડ્યા હતા.

મળતી માહિતી મુજબ, જૈન સમાજના યોગેશભાઈ નામના આ વ્યક્તિને પાલીતાણા ટાઉન પોલીસ ગઈકાલે તપાસના સંદર્ભે પોલીસ સ્ટેશન ખાતે લાવી હતી.

આ દરમિયાન, યોગેશભાઈ જીકી પોલીસ સ્ટેશનના ટોયલેટમાં ગયા અને ત્યાં તેમણે અનાજમાં નાખવાની ઝેરી ટીકડીઓ ગટગટાવી લીધી હતી, જેના કારણે તેઓ પોલીસ સ્ટેશનમાં જ ઢળી પડ્યા હતા.

યોગેશભાઈની તબિયત લથડતાં પોલીસે તેમને તાત્કાલિક પાલીતાણાની સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, તબિયત વધુ ગંભીર બનતા તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં સારવાર દરમિયાન આજે તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

બનાવની ગંભીરતાને જોતાં મૃતદેહને પોસ્ટમોર્ટમ (પીએમ) માટે ભાવનગર હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો છે અને હાલમાં પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. પણ ભાવનગર પહોંચ્યા છે. આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસ હાથ ધરવામાં આવી છે.

શ્રીલંકાએ પાકિસ્તાનને પછાડ્યું

છેલ્લી ઓવરમાં ૧૦ રનની જરૂર હતી, પાક.૬ રન જ બનાવી શક્યું



નવીદિલ્હી:રાવલપિંડીમાં રમાયેલી ટી૨૦ ત્રિકોણીય શ્રેણીની મેચમાં શ્રીલંકા સામે પાકિસ્તાનનો ૬ રનથી પરાજય થયો. પહેલા બેટિંગ કરતા શ્રીલંકાએ ૧૮૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો અને પાકિસ્તાન ૭ વિકેટે ૧૭૮ રન જ બનાવી શક્યું હતું. રોમાંચક મેચ છેલ્લી ઓવર સુધી ચાલી હતી. પાકિસ્તાનને છેલ્લી ઓવરમાં ૧૦ રનની જરૂર હતી, પરંતુ દુષ્મંથ ચમીરાએ માત્ર ૩ રન આપીને શ્રીલંકા માટે મેચ જીતી લીધી. આ જીત સાથે, શ્રીલંકા ફાઈનલમાં પહોંચી ગયું, જ્યારે પાકિસ્તાન પહેલાથી જ ફાઈનલમાં પહોંચી ગયું હતું, જેના કારણે ઝિમ્બાબ્વે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું હતું. આ મેચમાં, પહેલા બેટિંગ કરતા, શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૮૪ રન બનાવ્યા. લક્ષ્યનો પીછો કરતા પાકિસ્તાનની શરૂઆત ખરાબ રહી. દુષ્મંથ ચમીરાએ પ્રથમ બે ઓવરમાં પાકિસ્તાને ફક્ત ૪ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. કેપ્ટન સલમાન આગાએ અણનમ ૬૩ રન બનાવ્યા હોવા છતાં, તે પોતાની ટીમને વિજય તરફ દોરી શક્યો નહીં. પાકિસ્તાનને શ્રીલંકાએ ૬ રનથી રોમાંચક વિજય જીતવા માટે છેલ્લી ઓવરમાં ૧૦ રનની જરૂર હતી, પરંતુ દુષ્મંથ ચમીરાની ઘાતક બોલિંગ સામે પાકિસ્તાની બેટ્સમેનો લાચાર હતા. યજમાન ટીમ ફક્ત ૩ રન જ બનાવી શકી, અને શ્રીલંકાએ ૬ રનથી રોમાંચક વિજય મેળવ્યો.(૪૦.૨૭)

દિવ્યાંગ શ્રેષ્ઠતા પુરસ્કારઃ અસાધારણ સિદ્ધિ મેળવનારાઓનું સન્માન



રાજકોટઃપરફેક્ટ સૌરાષ્ટ્ર સાંધ્ય દૈનિક સમાચાર અને વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'વિકલાંગ (દિવ્યાંગ) શ્રેષ્ઠતા પુરસ્કાર'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પુરસ્કારનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં રહેલા એવા દિવ્યાંગ ભાઈ-બહેનોને સન્માનિત કરવાનો છે જેમણે શારીરિક મર્યાદાઓને ઓળંગીને વિવિધ ક્ષેત્રોમાં સામાન્ય લોકો કરતા પણ વિશેષ અને અસાધારણ સફળતા મેળવી છે. વિકલાંગ કલ્યાણકારી ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ કાકડીયાએ યાદીમાં જણાવ્યું છે કે જે દિવ્યાંગ વ્યક્તિઓએ શિક્ષણ, રમતગમત, કલા, સાહિત્ય અથવા સામાજિક સેવા જેવા કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કર્યું હોય તેઓ આ માટે અરજી કરી શકે છે. નામ નોંધણી કરાવવા માટેની છેલ્લી તારીખ ૧૦ ડિસેમ્બર, વધુ માહિતી માટે રોનકભાઈ ચોવટીયાનો મો.નં.૯૯૭૮૭ ૮૨૨૩૩ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.(૪૦.૩૦)



કોઠારીયા રોડ પર ડ્રેનેજ લાઈન નખાશેઃ કામનો પ્રારંભઃ રાજકોટ, મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં નવા ડેવલપ થતા વિસ્તાર ટી.પી.૩૮, ૩૯ તથા સિલ્વર, ગોલ્ડન તથા નટરાજ ઈન્ડસ્ટ્રીઝ તેમજ આદર્શ શિવાલય આસોપાલવ સુંદરમ પાર્ક અને કોઠારીયા રોડ પર સેલિબ્રેશન પાર્ટી પ્લોટ થી કોઠારીયા ચોકડી સુધી બંને બાજુ ડ્રેનેજ મેઈન લાઈન નાખવાનું તથા મેન હોલ બનાવવાના કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટરઓ દ્વારા કરવામાં આવ્યો. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મીતેશભાઈ બોરીચા, મુન્નાભાઈ જોગરાણા, મનસુખભાઈ ઠુંમર, નીલેશભાઈ મુંગરા, મહેશભાઈ આસોદરીયા, એલિસ રાઠોડ, દીપક ટાંક, ધર્મેશભાઈ કિહોર, મુકેશભાઈ કવલ, પરેશભાઈ તાલપરા, કલ્પેશભાઈ બામટા, જયેશભાઈ લાઠીયા, રામભાઈ આહિર, કેવિન વરસાણી, હિમાંશુભાઈ રાજયગુરૂ, મોહિતભાઈ મહેતા, દિનેશભાઈ કિડીયા, માલતીબેન ચાવડા, સોનલબેન સોમૈયા, ભારતીબેન ગજેરા, આશાબેન ગોહેલ, પ્રભાબેન સવાસડીયા તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. (૨૨.૧૯)

લગ્નના એક મહિનામાં જ પતિની વિચિત્ર માંગણીઓ !

યુવતીને 'ઓનલાઇન' મુરતિયો ગોતવો મોંઘો પડ્યો

અમદાવાદ, તા.૨૮: અમદાવાદઁ શહેરની એક ૩૦ વર્ષીય યુવતીને ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઈટ પરથી મુરતિયો શોધી તેની સાથે લગ્ન કરવા ભારે પડ્યા છે. આ યુવતીએ લગ્ન કર્યા બાદ માત્ર એક મહિનાના સમયગાળામાં તેના પતિએ અસલી રંગ દેખાડી દીધા હતા અને લાખો રૂપિયાના ફ્લેટ તથા થાઈલેન્ડ ટ્રીપના ખર્ચ સહિત ભારે ભરખમ દહેજની માગણી કરી હતી. આટલું જ નહીં આ પીડિત યુવતીને તેના પતિએ લાખો રૂપિયા જોઈન્ટ એકાઉન્ટમાં મુકવાનું દબાણ કરી, ખોટા કેસમાં ફસાવવાની ધમકી પણ આપી હતી, ત્યારે સમગ્ર મામલો હાલ પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

વિગતવાર વાત કરીએ તો, અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારની રહેવાસી આ ૩૦ વર્ષીય યુવતી મેટ્રિમોનિયલ સાઈટના માધ્યમથી વડોદરાના સૂર્યભૂષણ કૃષ્ણકુમાર તિવારી નામના વ્યક્તિ સાથે સંપર્કમાં આવી હતી, જે બાદ વાત આગળ વધતા તેઓ બંનેએ ધામધૂમથી લગ્ન કર્યા હતા. બંને પરિવારની સંમતિથી લગ્ન થયા બાદ યુવતી તેના પતિના ઘરે આવી હતી, પરંતુ લગ્નના માંડ ૩૦ દિવસ વિત્યા હતા, ત્યારે જ તેના પતિ સૂર્યભૂષણ તિવારીએ પોતાનો અસલી ચહેરો બતાવવાનું શરૂ કર્યું.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, આ યુવતીનું લગ્નજીવન શરૂઆતના દિવસોમાં સારી રીતે ચાલ્યું હતું, પરંતુ એક મહિનાનો સમય વિતતા જ પતિ સૂર્યભૂષણે તેની પાસેથી વધુ સામાન અને પૈસા મંગાવવાનું શરૂ કર્યું હતું. તેણે દબાણ કર્યું કે, તારા પિતાએ ફ્લેટ લઈ આપવાનું વચન હતું, તે હજુ સુધી આપ્યું નથી. તું આ ફ્લેટ લેતી આવ અને થાઈલેન્ડ હનીમૂન ટ્રીપના તમામ ખર્ચ માટેના પૈસા પણ તું લેતી આવ, આટલું જ નહીં સૂર્યભૂષણે તેની પત્ની (ફરિયાદ યુવતી)ના ખાનગી બેંક એકાઉન્ટમાં પડેલા ૩૨ લાખ રૂપિયા જોઈન્ટ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવા માટે પણ દબાણ કર્યું હતું.

આ માગણીઓ પૂરી ન થતાં સૂર્યભૂષણે તેની પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું અને અવારનવાર ઝઘડા થતા તેણે યુવતીને પિયર મૂકી આવ્યો હતો. જોકે એક મહિના પછી યુવતી સાસરે પરત ફરી ત્યારે પતિએ ફરી તે જ માગણીઓ કરી અને ઉગ્ર અવાજે કહ્યું કે, થાઈલેન્ડના પૈસા લાવ્યા નથી,



૩૨ લાખ જોઈન્ટ એકાઉન્ટમાં મૂક્યા નથી... હવે તો આપણા લગ્ન જ નથી થયા એવું હું સાબિત કરીશ અને મેરેજ સર્ટિફિકેટ નહીં બનાવું, જો તું વધુ કાંઈ કરીશ તો હું આત્મહત્યા કરીને તને જૂઠા કેસમાં ફસાવી દઈશ.

આમ પતિની ધમકીઓ અને ત્રાસથી કંટાળીને આ યુવતીએ અમદાવાદ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ત્યારે પોલીસે પતિ સૂર્યભૂષણ તિવારી સાથે સાસરિયાંઓ સામે દહેજ પ્રતિબંધક કાયદા હેઠળ તેમજ શારીરિકપ્રમાનસિક ત્રાસ તેમજ ધમકીના ગુના હેઠળ જત્ય નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલ આ ઘટનાએ ફરી એક વખત ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઈટ્સ દ્વારા થતા લગ્નમાં સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી કરી છે. દહેજના નામે નવવધૂને ત્રાસ આપવાની ઘટનાઓ ગુજરાતમાં સતત સામે આવી રહી છે, જે સમાજ માટે ચિંતાનો વિષય બન્યો છે.(૨૩.૨૩)

ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા સોમવારે કચ્છના ઝારા ડુંગરે ૨૫મો શહીદ શ્રધ્ધાંજલી સમારોહ યોજાશે



રાજકોટ,તા.૨૮ઃ અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા ૨૫મો ઝારા શહીદ શ્રધ્ધાંજલી સમારોહ તા.૧ના સોમવારે બપોરે ૧૨ વાગ્યાથી શહીદવીરોની ભૂમિ ઝારા ડુંગર તા.લખપત કચ્છ ખાતે યોજવામાં આવેલ છે.

અકિલા ખાતે વિગતો વર્ણવતા અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘના આગેવાનોએ જણાવેલ કે ભારત દેશની અને કચ્છની સ્વતંત્રતા, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કાજે અને અસ્તિત્વનું સૌથી મોટું યુધ્ધ વી.સ.૧૮૧૯માં સિંધના આક્રમણખોર બાદશાહ ગુલામશાહ કલોરા અને કચ્છના મહારાઓ શ્રી ગોડજી બીજા વચ્ચે લડાયું હતું જેમાં શહીદ થયેલ હજારો વીરો-યોધ્ધાઓને શ્રધ્ધાંજલિ આપવા છેલ્લા ૨૪ વર્ષોથી, દર વર્ષે માગસર સુદ-અગીયારસ, (ગીતા જયંતી)ના દિવસે શહીદોને યાદ કરવા આ કાર્યક્રમ યોજાય છે.

આ શહીદોની યાદ ચિરંજીવી રાખવા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા દર વર્ષે માગશર સુદ અગિયારસના રોજ ત્યાં સ્થળઃ ઝારા ડુંગર પર જ કાર્યક્રમ કરવામાં આવે છે.

કચ્છના અસ્તિતની આ મહત્વની આ લડાઈમાં ઘણાં હોથી જાડેજા રાજપૂતો અને સાહેબ જાડેજા રાજપૂતો, વિરભદ્ર જાડેજા, અબડા જાડેજા રાજપૂતો, ભાયાતો એ બીજા ઘણી જાતિઓના લડવૈયાઓ શહીદ થયા હતા. ઈતિહાસમાં હોથી જાડેજા રાજપૂત શહીદોની યાદી મળે છે.

આ કાર્યક્રમ ડો.જયેન્દ્રસિંહ જાડેજા, એમ.ડી.પી.ટી. જાડેજા, આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, દિપકસિંહ ઝાલા, આંતરરાષ્ટ્રીય મંત્રી, હનુમંતસિંહ જાડેજા, આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ, નીરુભા ઝાલા, પ્રદેશ અધ્યક્ષશ્રી, અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ, દસરથબા મહેન્દ્રસિંહ પરમાર, પ્રદેશ અધ્યક્ષ મહિલા સંઘ, વિશુભા ઝાલા પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, રૂદ્રતસિંહ વાઘેલા -કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ, નટુભા પી જાડેજા, પ્રદેશ ઉપાધ્યક્ષ દિગ્વિજય સિંહ ઝાલા, પ્રદેશ પ્રમુખ યુવા પાંખ સ્વરૂપસિંહ સોઢા, જિલ્લા પ્રમુખ વિજયસિંહ જેઠવા-કન્વિનયર, પ્રવિણસિંહ ઝાલા-સહ કન્વિનયર, સીતાપુર વગેરેના માર્ગદર્શન હેઠળ આયોજીત થયો છે.

કાર્યક્રમને સફળ બનાવવા ભરતસિંહ ઝાલા-ભભુજ શહેર પ્રમુખ, સમર્થસિંહ સોઢા-કાર્ય પ્રમુખ ભુજ, ખેતુભા જાડેજાઝમોટા રેહા, શિવરાજસિંહ જાડેજા-મોટી ચિરઈ, નવુભા વાઘેલા રાપર, ભવાનસિંહ જાડેજા-ભચાઉ, રતનસિંહ જાડેજા, જેહુભા જાડેજા-ખટીયા, કિશોરસિંહ જેઠવા, પાંડાવદર અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ તથા યુવા પાંખના કાર્યકરો જહેમત ઉઠાવી રહેલ છે.

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ આવા શહીદોને શ્રધ્ધાંજલી આપવા અંગેના ઉમદા કાર્યક્રમમાં પધારવા સૌને ભાવભર્યુ આમંત્રણ પાઠવે છે. કાર્યક્રમ સ્થળે પહોંચવા માતાના મઢથી નારાયણ સરોવરના રસ્તે ઘડૂલીથી જમણી બાજુ, લાખાપર થઈને (માતાના મઢથી આશરે ૩૩ કિ.મી) જઈ શકાશે.

તસ્વીરમાં 'અકિલા' ખાતે વિગતો વર્ણવતા અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘના કિશોરસિંહ જેઠવા પાંડાવદર જીલ્લા પ્રમુખ, પથુભા જાડેજા ખોખરી શહેર પ્રમુખ, હિતેન્દ્રસિંહ ઝાલા કોઠારીયા યુવા પ્રમુખ, બળદેવસિંહ ગોહિલ કુકડ, દેવેન્દ્રસિંહ ઝાલા ઈગોરાળા, મહીપતસિંહ પરમાર ટીકર, પરાક્રમસિંહ જાડેજા માણેકવાડા નજરે પડે છે. (તસ્વીરઃ અભિજીત બગથરીયા)(૪૦.૨૪)





બોર્ડ ઓફ ટ્રેડની મિટીંગમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરતાં રમેશભાઈ ટીલાળા

રાજકોટઃ ભારતના વ્યાપાર જગતને ઉંચાઈ પર લઈ જવા તેમજ વિદેશ વ્યાપારનીતિ સબંધીત નિતીગત વિષયો પર સરકાર સાથે ચર્ચા વિમર્શ કરવામાં આવી હતી. આ બોર્ડ ઓફ ટ્રેડની વાણિજ્યભવન ન્યુ દિલ્હી ખાતે કેન્દ્રિય ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પિયુષ ગેઓલના અધ્યક્ષસ્થાને યોજાએલ હતી, જેમાં સૌરાષ્ટ્રના ઉદ્યોગનું પ્રતિનિધિત્વ રાજકોટના ઉદ્યોગપતિ તેમજ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ કર્યું. બોર્ડ ઓફ ટ્રેડની મિટિંગમાં રાષ્ટ્રીય ઉદ્યોગનીતિ, વિવિધ ભારતીય પ્રોડક્ટની નિકાસ સામે એમએસએમઈને ઈન્ટેન્સિવ આપવા બાબત, આંતરરાજ્ય ઉદ્યોગનું સુવ્યવસ્થિત માળખું, ઉદ્યોગને લગતા વિવિધ પ્રશ્નો અને સૌરાષ્ટ્રને ઔદ્યોગીક વેગ આપવા રાજકોટ ખાતે કનવેશન સેન્ટર બનાવવા ચર્ચા કરવામાં આવી. બોર્ડ ઓફ ટ્રેડની રાજ્યકક્ષાના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી જતીન પ્રસાદ, ગુજરાત રાજકક્ષાના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી જતીન પ્રસાદ, ગુજરાત રાજકક્ષાના નાણામંત્રી કમલેશભાઈ પટેલ, વિવિધ રાજ્યોના નાણામંત્રી તેમજ ઉદ્યોગમંત્રીઓ વિવિધ રાજ્યોના સચિવો અને ઉદ્યોગજગતનું પ્રતિનિધિત્વ કરતાં ઉદ્યોગપતિઓ હાજર રહ્યા હતા. (૪૦.૨૮)

જય ભવાની ભુવા ગ્રુપ દ્વારા રવિવારે તળપદા કોળી સમાજના સમુહલગ્ન

આઠ દિકરીઓ પ્રભુતામાં પગલા પાડશે, કરિયાવરમાં ૩૦૦ થી વધુ વસ્તુઓ



રાજકોટ : જય ભવાની ભુવા ગ્રુપ દ્વારા આગામી તા. ૩૦ ના રવિવારના રોજ સમસ્ત તળપદા કોળી સમાજના સમુહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

માંડા ડુંગર, ગોકુલ પાર્ક-૧ ના ગેઈટની બાજુમાં, રાજકોટ ખાતે શ્રી સમસ્ત તળપદા કોળી સમાજ રાજકોટ (કતપરવાળા) દ્વારા ૩૦મીના રવિવારે આયોજીત આ સમુહલગ્નમાં આઠ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે. કરીયાવરમાં દિકરીઓને ૩૦૦ થી વધુ વસ્તુઓ આપવામાં આવશે.

આયોજનને સફળ બનાવવા સમસ્ત તળપદા કોળી, રાજકોટ "જયભવાની ભુવા ગ્રુપ"ના ભરતભાઈ ઢાયા, રણછોડભાઈ ચાવડા, કાળુભાઈ ખેર, હિરેનભાઈ રાઠોડ, રવિ પરમાર, ગોપાલ જાદવ, રમેશભાઈ બારૈયા, રામજીભાઈ બારૈયા, રોહિત ઢાયા, હિતેશ બારૈયા, મહેબુબભાઈ અજમેરી અને ચંદ્રેશભાઈ ઢાયા જહેમત ઉઠાવી રહ્યા છે. (તસવીર : અભિજીત બગથરીયા)

મહાબોધી મહાવિહાર મુક્તિ આંદોલનના સમર્થનમાં રવિવારે રાજકોટમાં ધમ્મ સભા-ધમ્મ પદયાત્રા



રાજકોટ તા.૨૮ઃ બિહારના બોધગયામાં આવેલું મહાબોધી મહાવિહારએ વિશ્વના બૌદ્ધોનું આસ્થાનું કેન્દ્ર છે જ્યાં ગૌતમ બુદ્ધ ને બોધિ પ્રાપ્ત થઈ હતી આ મંદિર પર બિન બૌદ્ધો નો કબ્જો છે તેને મુક્ત કરાવવા માટે મહાબોધી મહા વિહાર મુક્તિ આંદોલન ચાલુ છે તેના સમર્થનમાં ભારતીય બૌધ્ધ મહાસભા, સમતા સૈનિક દળ અને સમસ્ત બૌધ્ધ પૌધ્ધ સમુદાય દ્વારા ભવ્ય ધમ્મ સભાનું આયોજન તા. ૩૦/૧૧/૨૦૨૫ બપોરે ૨.૩૦ થી ૬ રાજકોટના શાસ્ત્રી મેદાન ખાતે કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં વંદનીય ભદંત ગ્યાનજયોતી મહાથેરો, વંદનીય ભન્તે વિનાચાર્ય, ભીખ્ખુ સંઘ, આયુ. ભીમરાવ યશવંતરાવ આંબેડકર ડો.બાબાસાહેબ ના પ્રપૌત્ર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી મહાબોધી મહા વિહાર મુક્તિ આંદોલનને નવી દિશા આપશે.

બપોરે ૧ વાગ્યે ધમ્મ પદ યાત્રાની શરૂઆત બહુમાળી ભવનથી થશે જે શાસ્ત્રી મેદાન ખાતે પહોંચશે જ્યાં ભવ્ય ધમ્મ સભા યોજાશે. આ ધમ્મ સભામાં પધારવા માટે સ્વતંત્રતા, સમાનતા, મૈત્રી અને કરુણામાં માનવાવાળા દરેક ભારતવાસીઓને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જાહેર અપીલ.

તસ્વીરમાં "અકિલા" ખાતે વિગતો વર્ણવતા અંતે પથીક શ્રેષ્ઠી, સતિષભાઈ મુછડીયા (મો. ૮૩૨૦૫ ૭૬૬૨૮), જીજ્ઞેશ પી.પરમાર (મો. ૯૦૮૧૮ ૨૩૪૭૦), વિક્રમભાઈ પી.વોરા (મો. ૯૬૩૮૩ ૬૨૧૫૦), વિનય સાગર અનિત્ય, ભંતે ધમ્મરત્ન, સુમેધભાઈ તથાગત નજરે પડે છે. (તસ્વીરઃ અભિજીત બગથરીયા) (૩૮.૧૮)

બાળકોની દ્રષ્ટિ વૃધ્ધિમાં અવરોધ વિષે ફેસ બુક ટોક

રાજકોટ : લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (પ્રોજેક્ટ 'લાઈફ' રેસકોર્સ રીંગ રોડ) દ્વારા આરોગ્યલક્ષી પ્રવચન શ્રેણી 'શું કરીએ તો સદાય સાજા રહીએ' અંતર્ગત ૩૨૯મા પ્રવચનનું આગામી રવિવાર, તા.૩૦ ના સવારે ૧૦ થી ૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. ઐશ્વર્યા રાઠોડ, 'બાળકોની દ્રષ્ટિ વૃધ્ધિમાં અવરોધ' પર માહિતી આપશે. વધુ માહિતી માટે ૮૫૧૧૩૩૧૧૩૩ / ૦૨૮૧ ૨૪૭૯૧૩૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.(૪૧.૩)

હરદ્વારને જોડતી એકમાત્ર ટ્રેન ઉપર મુસાફરોનું ભારણ★ ડબલ ટ્રેકની કામગીરી પૂર્ણ થયા બાદ અઠવાડીયામાં 3 વખત દોડાવવાના વાયદા ભુલાયા

મુંબઇને જોડતી સૌરાષ્ટ્ર મેઇલ, સૌરાષ્ટ્ર જનતા અને દુરાંતો, હમસફરના સમયમાં માત્ર અડધો કલાકનો ફેર હોવાથી મુસાફરોને 'સુવિધા'ના બદલે 'દુવિધા'

કોરોના પહેલાની સિનીયર સીટીઝનોને અપાતી છુટછાટ ફેરફાર વગર ફરીથી શરૂ કરવા સહિત અનેક પડતર પ્રશ્નો સંદર્ભે લોકસભા સાંસદ પુરષોતમ રૂપાલા, રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયા ઉણા ઉતર્યાનું પિકચર સ્પષ્ટ



મુસાફરોને જરૂરી રેલ સુવિધા અપાવવાના મુદ્દે રાજકોટ-જામનગરના સાંસદો નાપાસ: ડબલ ટ્રેક પૂર્ણ થવા છતાં નવી ટ્રેનો કે ફ્રીકવન્સી મળતી નથી!: ભાવનગરને અનેક ટ્રેનો અપાવી મનસુખ માંડવીયા આગળ નીકળ્યા



રાજકોટ, તા.૨૮ : સૌરાષ્ટ્રના એપી સેન્ટર ગણાતા રાજકોટ સાથે જોડાયેલા જુનાગઢ, વેરાવળ-સોમનાથ, પોરબંદર, જામનગર, દ્વારકા, ઓખા સહિતના મુસાફરો અને યાત્રાળુઓથી વર્ષભર ધમધમતા રહેતા રેલ્વે સ્ટેશનોને મળવી જોઈતી દેશના અન્ય ભાગો સાથે જોડતી નવી ટ્રેનો અને વર્તમાન ટ્રેનોની ફ્રેકવન્સી વધારવાની વર્ષો જુની મુસાફરોની માંગણીઓને અત્યાર સુધી ડબલ ટ્રેકની અપૂર્ણ કામગીરીના બહાને ઠેલવતા રહેલા રાજકોટના સાંસદો પાસે હવે જયારે વિરમગામ-ઓખા વચ્ચેનો ડબલ ટ્રેક અને ઈલેકટ્રીફિકેશનની કામગીરી પૂર્ણ થવા છતાં કોઈ જવાબ રહ્યો નથી. ભાવનગર ના સાંસદ અને કેન્દ્રીય મંત્રી પોતાના સ્ટેશને મુસાફરોનું ભારણ ઓછું હોવા છતાં અનેક નવી ટ્રેનો અપાવી બાજી મારી ગયા છે ત્યારે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ મુસાફરોનું બેઈઝ ધરાવતા રાજકોટ-જામનગર સહિતના સ્ટેશનોને જોડતા સૌરાષ્ટ્રના મુસાફરોને ન્યાય અપાવવામાં રાજકોટના સાંસદ રામભાઈ મોકરીયા, પુરૂષોતમભાઈ રૂપાલા નાપાસ રહ્યાનું પીકચર મુસાફરોના માનસમાં ઉપસ્યુ છે. આ મુદ્દે ભારોભાર રોષ પ્રવર્તિ રહ્યો છે. ત્યારે રાજકોટ-જામનગર- દ્વારકા-ઓખા-પોરબંદર- વેરાવળ, જુનાગઢ સહિતના સ્ટેશનો માટે કઈ કઈ નવી ટ્રેનો જરૂરી છે અને કેટલી વર્તમાન ટ્રેનોની ફ્રિકવન્સી વધારવી જરૂરી છે. તેનું વિશ્વલેષ મુસાફરોની માંગણી મુજબ



જનતા, સૌરાષ્ટ્ર મેઈલ અને દુરાંતો-હમસફર એકસપ્રેસ વચ્ચે માત્ર અડધા કલાકનું અંતર હોવાથી સુવિધા પણ દુવિધા રૂપ બની ગઈ છે. જો આ ટ્રેનોના સમયગાળામાં યોગ્ય સમયાંતર રાખવામાં આવે તો રાજકોટથી મુંબઈ જતા મુસાફરોને રાજકોટ સ્ટેશન પર થતી અકારણ દોડધામ થાય નથી અને વહેલી સવારના બદલે મુંબઈનગરી દોડતી થાય ત્યારે મુસાફરો મુંબઈના સ્ટેશનો ઉપર ઉતરી તેમના કામકાજ સરળતાથી નિપટાવી શકે તેવા સમયના ફેરફાર તાકીદે જરૂરી છે.

લાંબા સમયથી સૌરાષ્ટ્રના મુસાફરો માટે કોઈ નિયમિત નવી ટ્રેન શરૂ કરવામાં આવી નથી જેમાં કહેવામાં આવ્યું છે કે ટ્રેક તેની ક્ષમતાથી વધુ પડતો ભાર અનુભવી રહ્યો છે, તેથી રાજકોટ સુધી ડબલ ટ્રેક પૂર્ણ થયા પછી વિચારણા કરવામાં આવશે.

૧. રાજકોટથી ડબલ ટ્રેક શરૂ થયા પછી, ટ્રેન નંબર ૧૯૫૬૫ ઉત્તરાંચલ એકસપ્રેસની ફ્રીકવન્સી વધારવાનું વચન આપવામાં આવ્યું હતું, જે ૨૦૦૧ માં શરૂ થયા પછી પણ સામાહિક ટ્રેન છે અને રેલ્વે સત્તાવાળાઓ દ્વારા આપવામાં આવેલા વચન મુજબ દરરોજ દોડવી જોઈએ.

૨. ટ્રેન નંબર ૨૦૯૧૩, રાજકોટથી દિલ્હી માટે શરૂ થયેલી સામાહિક ટ્રેન, ઓછામાં ઓછી ત્રણ અઠવાડિયામાં તેની ફ્રીકવન્સી વધારવાની જરૂર છે અને તેને કાઠગોદામ સુધી લંબાવવાની જરૂર છે જેથી સૌરાષ્ટ્રના મુસાફરો ઉત્તરાખંડના સુંદર હિલ સ્ટેશન નૈનિતાલની મુલાકાત લઈ શકે.

૩. ટ્રેન નંબર ૨૦૯૩૭ પોરબંદર દિલ્હી બાય સામાહિકને દિલ્હી સરાઈને બદલે જૂના દિલ્હી રેલ્વે સ્ટેશન સુધી લંબાવવાની જરૂર છે જેથી સૌરાષ્ટ્રના મુસાફરો હરિદ્વાર ટ્રેન નંબર ૧૪૦૪૧ સુધી સરળતાથી જોડાઈ શકે, કારણ કે હવે COVID-19 પછી થોડા દિવસો પછી, ટ્રેન નંબર ૧૪૦૪૧ મસૂરી એકસપ્રેસ જૂના દિલ્હી રેલ્વે સ્ટેશનથી ઉપડી રહી છે જે COVID-19 પહેલા દિલ્હી સરાઈથી ઉપડતી હતી. જો આ પગલું અમલમાં આવે તો તે આવકારદાયક ગણાશે.

૪. સોરઠ પ્રદેશના લાભ માટે સોમનાથથી યોગ નગરી ઋષિકેશ સુધી ઓછામાં ઓછી ત્રણ અઠવાડિયામાં એક નવી ટ્રેન શરૂ કરવામાં આવે તે જરૂરી છે.

૫. ગેજ ફેરફાર પછી, ઉત્તર ગુજરાત સાથે નિયમિત રીતે જોડાયેલી કોઈ ટ્રેન નથી જે કીર્તિ એકસપ્રેસ નામના મીટર ગેજમાં ઉપલબ્ધ હતી. તેથી હવે, સોમનાથ/જૂનાગઢથી તારંગા હિલ સુધી એક ઈન્ટરસિટી ટ્રેન શરૂ કરવામાં આવે, જે જૈનોના પવિત્ર સ્થળ અને આપણા પ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબનું વતન છે તે વડનગરને આવરી લે છે.

૬. સૌરાષ્ટ્રના મુસાફરોના લાભ માટે અસારવા અમદાવાદથી જયપુર રાજસ્થાન વચ્ચે દરરોજ ટ્રેન નં.૧૨૯૮૨ ઓછામાં ઓછા રાજકોટ સુધી અઠવાડિયે લંબાવવામાં આવે.

૭. રેલવે બોર્ડ દ્વારા લાંબા સમયથી અમદાવાદથી રાજકોટ સુધી લંબાવવા માટે મંજૂર કરાયેલી દસ ટ્રેનોને વહેલી તકે શરૂ કરવામાં આવે.

૮. સૌરાષ્ટ્ર મેઈલનો સમય તેના મૂળ સમય પ્રમાણે સાંજે ૫.૪૫ વાગ્યે ફરીથી શેડ્યૂલ કરવામાં આવે.

૯. સોમનાથથી અયોધ્યા માટે એક નવો સ્લીપર વંદે ભારત શરૂ કરવામાં આવે.

૧૦. સૌથી અગત્યનું, સૌરાષ્ટ્ર જતી અને આવતી બધી ટ્રેનોને સાબરમતી રેલ્વે સ્ટેશન પર સ્ટોપેજ આપવો જોઈએ જેથી સૌરાષ્ટ્રના મુસાફરો વધુ મુશ્કેલી વિના સાબરમતી રેલ્વે સ્ટેશનથી આગળની ટ્રેનો મેળવી શકે. કારણ કે બધી ટ્રેનો હવે કાલુપુર રેલ્વે સ્ટેશનથી સાબરમતી તરફ ડાયવર્ટ કરવામાં આવી છે.

૧૧. કોવિડ-૧૯ પહેલા ઉપલબ્ધ વરિષ્ઠ નાગરિકોની છૂટ કોઈપણ ફેરફાર વિના વહેલી તકે પુનઃસ્થાપિત કરવી.

ઉપરોક્ત મુખ્ય મુદ્દાઓ છે જેનો ઉકેલ રેલવે સત્તાવાળાઓ અને જનપ્રતિનિધિઓ દ્વારા વહેલામાં વહેલી તકે લાવવો જરૂરી છે જેથી સૌરાષ્ટ્રના મુસાફરોને મુશ્કેલી ન પડે. હવે ડબલ ટ્રેક કાર્યરત છે ત્યારે લાંબા સમયથી ટ્રેક પરનું ભારણ ઘટ્યું છે માટે સતાધીશો પાસે કોઈ બહાનુ બચતુ નથી.

આ ઉપરાંત જુના જમાનામાં ચાલતી મહેસાણા અને ઓખા વચ્ચેની લોકલ ફરીથી ઓખાથી આબુ રોડ સુધી શરૂ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના યાત્રાળુઓ અંબાજી સુધી અને માતાના દર્શને સરળતાથી પહોંચી શકે. ઓખા-અમદાવાદ વચ્ચે ચાલતી લોકલ ટ્રેન જે કોવીડ પછી બંધ કરવામાં આવી છે. તે શરૂ થાય તો દ્વારકાના દર્શનાર્થે આવતા મુસાફરોને સરળતા રહે તેમ છે. આ બધા મુદ્દાઓ મુસાફરોની સુવિધાઓ માટે પરિણામલક્ષી હુકમોની રાહ જોઈ રહ્યા છે.

પોરબંદર- દિલ્હી સરાઇને બદલે જુના દિલ્હી રેલ્વે સ્ટેશન સુધી દોડાવાય તો હરદ્વારના મુસાફરોને સરળતા રહે★ સોમનાથથી યોગનગરી ઋષિકેષ સુધી ઓછામાં ઓછી 3 અઠવાડીયામાં એક નવી ટ્રેન શરૂ કરવી જરૂરી★ કોવીડ-૧૯ પહેલાનો સૌરાષ્ટ્ર મેઇલનો સમય પુનઃ પ:૪૦નો સ્થાપીત કરવો જરૂરી★ ઓછા મુસાફરોની અવર-જવર વાળા ભાવનગર ડિવીઝનને અયોધ્યા એકસપ્રેસ, સિંકદરાબાદ-ભાવનગર, ભાવનગર-ઉધમપુર, સપ્તાહમાં બે વખત હરદ્વાર ફ્રિકવન્સી અપાવવામાં મનસુખભાઇ માંડવીયા આગળ નિકળી ગયા ★ સૌરાષ્ટ્રના એપી સેન્ટર રાજકોટને જોડતા સૌરાષ્ટ્રના જુનાગઢ, વેરાવળ, પોરબંદર, દ્વારકા, ઓખા સ્ટેશનોને મળવી જોઇતી ટ્રેનોનો અભાવ

હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી

રાજ્યમાં 'વન ડિસ્ટ્રિક્ટ વન કેન્ટીન' પ્રચાર અભિયાન હેઠળ એકસરખા બ્રાન્ડ નેમ અને ડિઝાઇન સાથે ૩૦ નવી 'મંગલમ કેન્ટીન' શરૂ કરાશે

'મંગલમ કેન્ટીન' થકી ૧,૭૦૦થી વધુ સખી મંડળની મહિલાઓને દર મહિને રૂ. ૧૦ હજારથી ૫૦ હજાર સુધીની આવક

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં રાજ્યની વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્ટેલ, હોસ્પિટલ જેવી મહત્વપૂર્ણ જગ્યાઓ પર ૨૦૦થી વધુ 'મંગલમ કેન્ટીન' કાર્યરત



અમદાવાદ તા.૨૮: રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ સંચાલિત ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC તમામ જિલ્લાઓમાં મહિલા સ્વસહાય જૂથો-સખી મંડળોને સશક્ત બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. જે અંતર્ગત 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સૂત્રને સાર્થક કરતી અને મહિલાઓના સશક્તીકરણ-રોજગાર માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજ્યમાં ૫૦ નવી કેન્ટીન સહિત ૨૦૦થી વધુ 'મંગલમ કેન્ટીન' કાર્યરત કરવામાં આવી છે. સખી મંડળની મહિલાઓ દ્વારા સંચાલિત આ કેન્ટીન રાજ્યની વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્ટેલ, હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને NGO જેવી મહત્વપૂર્ણ જગ્યાઓ પર ચાલી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં હાલમાં 'મંગલમ કેન્ટીન'થકી ૧,૭૦૦થી વધુ સખી મંડળની મહિલાઓને રોજગારીની તકો મળી છે. રાજ્ય સરકારની આ પહેલથી મહિલાઓને તેમના સંચાલનના સ્તર પર આધારિત દર મહિને રૂ. ૧૦ હજારથી ૫૦ હજાર સુધીની આવક મળી રહી છે. આ આવક મહિલાઓની આર્થિક સ્વતંત્રતા તેમજ તેમના પરિવારના સર્વાંગી ઉત્થાન માટે મહત્વનું યોગદાન બની રહી છે.

રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષે 'વન ડિસ્ટ્રિક્ટ વન કેન્ટીન' પ્રચાર અભિયાન હેઠળ એકસરખા બ્રાન્ડ નેમ અને ડિઝાઈન સાથે ૩૦ નવી 'મંગલમ કેન્ટીનો' શરૂ કરવામાં આવશે, જે પૈકી અત્યારસુધીમાં ૨૭ કેન્ટીન કાર્યરત થઈ ચૂકી છે. આ નવી કેન્ટીન પોલીસ વિભાગ, કચેરીઓ, મ્યુનિસિપલ બિલ્ડિંગ્સ અને અન્ય સરકારી સંસ્થાઓ ખાતે પ્રારંભ કરાશે.

ગામડાઓમાં મહિલાઓ ખાસ પ્રસંગો તેમજ વિવિધ કાર્યક્રમો દરમિયાન કેટરિંગની સેવાઓ આપે છે. GLPC દ્વારા આ મહિલાઓની ઓળખ કરી, પ્રોત્સાહન અને માર્ગદર્શન થકી તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ બાદ વ્યવસાયિક કેન્ટીન સંચાલન અને કેટરિંગ સેવાઓ માટે ક્ષમતા નિર્માણના સતત પ્રયાસો થકી તેમને સહાયતા પણ પૂરી પાડવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં GLPCએ 'મંગલમ કેન્ટીન' નામની બ્રાન્ડ હેઠળ તેમનું પ્રથમ મોડલ ગાંધીનગરના પોલીસ ભવન ખાતે સ્થિત ડિરેક્ટર જનરલ ઓફિસમાં શરૂ કર્યું હતું. જેનું સંચાલન છ સખી મંડળ મહિલાઓ દ્વારા સંપૂર્ણપણે કરવામાં આવી રહ્યું છે. GLPC અને ગુજરાત પોલીસના સહયોગથી શરૂ કરવામાં આવેલી આ પહેલ ખૂબ સફળ સાબિત થતાં હવે પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ તેમજ પોલીસ અધિક્ષકની કચેરી, મહિલાઓ દ્વારા સંચાલિત સુવિધાસભર ઉચ્ચ ધોરણોને અનુસરીને પોલીસ ગાંધીનગર ખાતે પણ 'મંગલમ કેન્ટીન' ઈન્ફ્રાસ્ટ્રકચર સાથેની આ કેન્ટીન અધિકારી-કર્મચારીઓ માટે પૌષ્ટિક શરૂ કરવામાં આવી છે. સખી મંડળની આરોગ્ય, સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના ભોજન પૂરું પાડી રહી છે.

સંજયગીરી ગોસાઇની સુપુત્રીના શુભલગ્ન : ચિ. ડો. મેઘના ✠ ચિ. રાહુલ




રાજકોટ : શ્રીમતી રેખાબેન તથા સંજયગીરી બચુગીરી ગોસાઈ (પૂર્વ પ્રમુખ વોર્ડ નં. ૪, પૂર્વ પ્રભારી વોર્ડ નં. ૧૫, શહેર ભાજપ)ની સુપુત્રી ચિ. ડો. મેઘનાના શુભલગ્ન નાગેશ નિવાસી શ્રીમતી પારૂલબેન તથા રમેશગીરી હર્ષદગીરી ગોસાઈના સુપુત્ર ચિ. રાહુલ (ઈન્જીનિયર) સાથે તા. ૩૦ ના રવિવારના શુભ દિને રાજકોટ ખાતે નિરધારેલ છે. આ પ્રસંગે તા. ૨૮ શુક્રવાર, સાંજે ૪ વાગ્યાથી સાંજીના ગીત, તા. ૨૯ શનિવારે રાત્રે ૯ વાગ્યાથી રાસ ગરબા રાખેલ છે.

મોરબીના વિજયભાઇ કારીયાના સુપુત્રના શુભલગ્ન: ચિ. રોહિત ✠ ડો. તનુષી

ચિ. જલ અને ચિ. રેયાંશને યજ્ઞોપવિત ધારણ કરાવાશે





રાજકોટ, તા.૨૮: ઈષ્ટદેવશ્રી સુરાપુરાદાદા તથા શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી મોરબીના અ.સૌ હર્ષાબેન અને શ્રી વિજયભાઈ જેઠાલાલ કારીયાના સુપુત્ર ચિ. રોહિતના શુભલગ્ન અમદાવાદ નિવાસી અ.સૌ મમતાબેન અને શ્રી અમરીશભાઈ ત્રિપાઠીના સુપુત્રી ચિ. ડો. તનુષી સાથે તા. ૩૦-૧૧-૨૫ને રવિવારે નિરધારેલ છે.

તેમજ મોરબી નિવાસી અ.સૌ. રૂપલબેન મોરબી નિવાસી અ.સૌ. રૂપલબેન અને શ્રી અમિતભાઈ હરસિધ્ધભાઈ કારીયાના સુપુત્ર ચિ.જલ તથા ચિ. રેયાંશને યજ્ઞોપવિત તા. ૩૦-૧૧-૨૫ને રવિવારે અર્પણ કરાશે આનંદના અવસોરમાં તા.૨૯-૧૧-૨૫ને શનીવારે સવારે ૮:૩૫ વાગ્યે ગણેશ સ્થાપના ૯:૪૫ વાગ્યે મંડપ મુહુર્ત,૧૦:૩૦ વાગ્યે હલ્દી રસમ, બપોરે ૧ વાગ્યે ભોજન સમારંભ તથા સાંજે ૭:૩૦ વાગ્યે રાસની રમઝટ બોલશે.

તા.૩૦-૧૧-૨૫ને રવિવારે સવારે ૮:૩૫ વાગ્યે ગ્રહશાંતિ, સવારે ૧૧:૩૦ વાગ્યે ચિ.જલ અને ચિ. રેયાંશની કાશીયાત્રા, સાંજે ૫ વાગ્યે જાન પ્રસ્થાન અને રાત્રે ૯ વાગ્યે હસ્તમેળાપ,આમંત્રિતોને ઉપસ્થિત રહેવા શ્રી વિજયભાઈ જેઠાલાલ કારીયા, અ.સૌ. હર્ષાબેન વિજયભાઈ કારીયા,સ્નેહાધીન અ.નિ.જેઠાલાલ શિવલાલ કારીયા, અ.નિ.કંચનબેન જેઠાલાલ કારીયા,અ.નિ.હરસિધ્ધભાઈ જેઠાલાલ કારીયા, ગં.સ્વ. પારૂલબેન હરસિધ્ધભાઈ કારીયા પરિવાર તથા અમિતભાઈ હરસિધ્ધભાઈ કારીયા, અ.સૌ.રૂપલબેન અમિતભાઈ કારીયા, પ્રતિકકુમાર નરેશભાઈ ઠક્કર અ.સૌ. ભક્તિબેન પ્રતિકકુમાર ઠક્કર ઉત્સવકુમાર કિરીટભાઈ સેજપાલ, અ.સૌ. કોમલબેન ઉત્સવકુમાર સેજપાલ, અમિતકુમાર ઠક્કર, સંતોષકુમાર રસીકલાલ ઠક્કર, અ.સૌ. નેહાબેન સંતોષકુમાર ઠક્કર, પાર્થ અમિતકુમાર ઠક્કર, જલ અમિતભાઈ કારીયા, રૂષિ સંતોષકુમાર ઠક્કર તથા સનાયા, ધીવાન, જહાન, જાહનવ, મંત્ર, રેયાંશ સહિતનાએ આમંત્રણ પાઠવ્યુ છે. વ્યવસાયિક પ્રતિષ્ઠાન નરેન્દ્રકુમાર એન્ડ કુ.અમિત ટાઈમ (મોરબી) મો. ૯૮૨૫૪ ૩૪૧૬ મો. ૯૪૦૯૨ ૫૮૯૬૩ (૩.૪)

કયાં કેટલી ઠંડી

શહેર	લઘુતમ તાપમાન
અમદાવાદ	૨૧.૧ ડીગ્રી
અમરેલી	૧૯.૨ ડીગ્રી
બરોડા	૨૧.૨ ડીગ્રી
ભાવનગર	૨૧.૦ ડીગ્રી
ભુજ	૧૬.૦ ડીગ્રી
દમણ	૨૧.૪ ડીગ્રી
ડીસા	૨૦.૩ ડીગ્રી
દીવ	૨૦.૪ ડીગ્રી
દ્વારકા	૧૯.૭ ડીગ્રી
ગાંધીનગર	૨૦.૮ ડીગ્રી
કંડલા	૧૮.૬ ડીગ્રી
નલિયા	૧૩.૬ ડીગ્રી
ઓખા	૨૨.૬ ડીગ્રી
પોરબંદર	૧૯.૩ ડીગ્રી
રાજકોટ	૧૮.૦ ડીગ્રી
સુરત	૨૨.૦ ડીગ્રી
વેરાવળ	૨૧.૯ ડીગ્રી
જામનગર	૧૯.૦ ડીગ્રી

વહેલી સવારે ઝાકળવર્ષા: ઠંડી ઘટી

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં લઘુતમ તાપમાનનો પારો ઉંચે આવી ગયો

રાજકોટ, તા. ૨૮: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં વહેલી સવારે ઝાકળવર્ષા થઈ હતી આવા વાતાવરણ વચ્ચે ઠંડીમાં ઘટાડો યથાવત છે. આજે કચ્છના નલીયામાં ૧૩.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૮, જામનગરમાં ૧૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે.

જુનાગઢ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢ: આજે સવારે જુનાગઢ સહિત ગિરનાર પર ગાઢ ધુમ્મસ છવાઈ ગયુ હતુ અને તાપમાનમાં બીજા દિવસે પણ વધારો થયો હતો.

છેલ્લા ત્રણ દિવસથી સવારના તાપમાનમાં વધારો થઈ રહ્યો છે અને જેની સાથે ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૭ ટકાએ પહોંચી ગયું હતું. જેના પગલે ધુમ્મસ છવાઈ ગયું હતું અને ઝાકળ વર્ષા પણ થઈ હતી. ગિરનાર પર ધુમ્મસના આક્રમણથી સમગ્ર પર્વત ઢંકાઈ ગયો હતો.

આજે સવારે વાતાવરણમાં ભેજ વધવાની સાથે સવારનું લઘુત્તમ તાપમાન પણ વધીને ૧૭.૯ ડીગ્રી નોંધાયું હતું. તાપમાન વધવા છતાં પણ ઠંડીથી લોકોને કોઈ રાહત મળી ન હતી કેમ કે ભેજને લઈને વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું.

જામનગર

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર: બાજરા સંશોધન કેન્દ્ર, જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૧૯ સે.ગ્રે. મહતમ તાપમાન ૨૯સે.ગ્રે. ભેજનું પ્રમાણ ૬૬ ટકા, પવનની ગતિ ૩.૬ કિ.મી. રહી હતી.(૬.૧૧)

રવિવારે ભોલગામડા મુકામે શુકલ પરિવારનું સ્નેહમીલન -વડીલ વંદના

રાજકોટ : શ્રી ઔદિચ્ય ગઢીયા બ્રહ્મસમાજ જ્ઞાતિ શુકલ પરિવારના પૂ. કુળદેવતા / સુરધન શ્રી લવજીદાદા અક્ષયધામ મુ. ભોલગામડા, ભાદર નદીના કાઠે, સીમતળ તા. ધોરાજી ખાતે શુકલ પરિવારનું ૨૮ મું વાર્ષિક સ્નેહ મિલન, સાધારણ સભા તથા વડીલ વંદના કાર્યક્રમ તા. ૩૦ ને રવિવારના પૂ. દાદાની જગ્યાએ આ વર્ષના મુખ્ય યજમાન નિમંત્રક મનહરભાઈ ઈચ્છાશંકર શુકલ, જેતપુર તથા તેમના પરિવાર તરફથી યોજાએલ હોવાનું યાદીમાં જણાવાયું છે.

આ કાર્યક્રમ માટે દૂરથી આવતા પરિવારજનો માટે આગલા દિવસે રાત્રી રોકાણ - ભોજનની વ્યવસ્થા કરેલ છે. વધુ માહિતી માટે મુકેશભાઈ એમ. શુકલ, રાજકોટ મો. નં. ૯૪૨૬૪ ૭૬૪૦૩ નો સંપર્ક કરવા ટ્રસ્ટના પ્રમુખ સુનિલભાઈ વી. શુકલની એક અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.(૪૧.૨)

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com





વડાપ્રધાન મોદીએ પોતાના હાથે બ્લાઈન્ડ વિમેન ક્રિકેટર્સનું મોઢું મીઠું કરાવ્યું

નવી દિલ્હીઃ પ્રથમ વિમેન્સ બ્લાઈન્ડ વિમેન્સ ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ટીમે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિવાસસ્થાને શુભેચ્છા-મુલાકાત કરી હતા. તમામ બ્લાઈન્ડ મહિલા ક્રિકેટર્સ પોતાના મેડલ સહિત બ્લાઈન્ડ ક્રિકેટ એસોસિએશનના લોગો સાથે ચેમ્પિયન્સ લખેલો કોટ પહેરીને વડા પ્રધાનને મળવા પહોંચી હતી. વડા પ્રધાન શ્રી મોદીએ પ્લેયર્સને હાથમાં પકડાવીને જ ગ્રુપ-ફોટો પડાવ્યો હતો. આ પહેલાં મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ અને વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૫ની વિજેતા ભારતીય ટીમ સાથેની મુલાકાત દરમ્યાન પણ ચેમ્પિયન્સના હકની ટ્રોફીને અડકી નહોતી. બ્લાઈન્ડ વિમેન્સ ટીમની પ્લેયર્સે પોતાના ઓટોગ્રાફવાળું બેટ નરેન્દ્રભાઈ મોદીને ગિફ્ટ કર્યુ હતું. બ્લાઈન્ડ ટીમે પોતાના સ્પેશ્યલ ક્રિકેટ-બોલ પર નરેન્દ્રભાઈ મોદીના ઓટોગ્રાફ પણ લીધા હતા. મુલાકાતના અંતે વડા પ્રધાને તમામ ચેમ્પિયન પ્લેયર્સને પોતાના હાથે મીઠાઈ ખવડાવી હતી. વડા પ્રધાનના હાથે મોઢું મીઠું કરીને કેટલીક પ્લેયર્સ ભાવુક થઈ ગઈ હતી.(૪૦.૨૯)

સત્યસાઈબાબાના શતાબ્દી વર્ષ ઉજવણી અંતર્ગત આંધ્રપ્રદેશમાં વિનામૂલ્યે દંતયજ્ઞ

દાતાઓના સહયોગથી ડીવાઈન ટ્રસ્ટ દ્વારા ડિસેમ્બરમાં કેમ્પ



રાજકોટઃ તા.૫ થી ૭ ડિસે.પુટ્ટપરથી ખાતે સત્ય સાઈબાબાનાં શતાબ્દી વર્ષ ઉજવણી અંતર્ગત રાજકોટના દંતવૈદ્ય જયસુખભાઈ મકવાણા દ્વારા દંત યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે.

ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજ્યુકેશનની યાદી મુજબ શ્રીસત્યસાંઈબાબાના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી આંધ્ર પ્રદેશના પુટ્ટપરથી સત્ય સાઈ પ્રશાંતિ નિલયમ ખાતે ચાલી રહેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ એ પણ ભાગ લીધેલ હતો.

આયુર્વેદ દંત ચિકિત્સા ક્ષેત્રે રાષ્ટ્રીય આયુર્વેદ વિદ્યાપીઠ-ન્યુ દિલ્હીના સી.આર.એ.વી.ગુરુ તરીકે સેવા આપતા ડો.જયસુખભાઈ મકવાણાના આયુર્વેદ દંત યજ્ઞનું આયોજન અને દાંતની બત્રીસીનો કેમ્પનું આયોજન તા.૫ થી ૭ ડીસેમ્બર પુટ્ટપરથી (આંધ્ર પ્રદેશ) ખાતે કરેલ છે. આ દંત યજ્ઞ સત્યસાઈ બાબાના લંડન યુ.કે. વસતા ગુજરાતી સાઈબાબાના ભક્ત ચન્દ્રાબેન સોઢા અને ડો.કે.આર.ખેતીયા દ્વારા સમગ્ર આયોજન કરેલ છે. મોનિકા ભટ્ટ અને જાગૃતિ ચૌહાણ સેવા આપશે.


દાંતના રોગોનું નિદાન કરી સારવાર તેમજ જરૂરીયાત મંદ દર્દીને જાલંધર બંધ યોગ દ્વારા દાંત વગર ઈન્જેક્ષને કાઢી આપવામાં આવશે. ફ્રી દાંતની બત્રીસી ચોકઠાં બનાવવા માટે માપ લેવાની વ્યવસ્થા રાખવામાં આવી છે. હસુભાઈ મકવાણા, રાજેશભાઈ ભાતેલીયા ટીમને અભિનંદન પાઠવ્યા છે. (તસ્વીરઃ અભિજીત બગથરીયા)



આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥ વિક્રમ સંવત-૨૦૮૨
વીર સંવત ૨૫૫૨
શાલિવહન શક-૧૯૪૭
ઇસ્વીસન-૨૦૨૫
તા.૨૯-૧૧-૨૦૨૫ શનિવાર
માગસર સુદ-૯
શ્રી હરિ નવમી
કલ્પાદિ - પંચક

આજના ગ્રહો
સૂર્ય-વૃશ્ચિક
ચંદ્ર-કુંભ
મંગળ-વૃશ્ચિક
બુધ-તુલા
ગુરૂ-કર્ક
શુક્ર-વૃશ્ચિક
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય-૭-૦૯
સૂર્યાસ્ત- ૬-૦૦
જૈન નવકારશી- ૭-૫૭
ચંદ્ર રાશિ- કુંભ (ગ.સ.)
૨૦-૩૨ થી મીન (દ. ચ.ઝ.થ.)
નક્ષત્ર-પૂર્વા ભાદ્રપદ
રાહુ કાળ ૯-૫૨ થી ૧૧-૧૪

દિશાશૂળ-પૂર્વ
માંગલિક કાર્યોનો શુભ સમય

અભિજિત ૧૨-૧૩ થી ૧૨-૫૭ સાંજનો શુભ સમય ૧૮-૦૧ થી ૨૦-૩૫ સુધી ૮-૩૧ થી શુભ ૯-૫૨ સુધી ૧૨-૩૫ થી ચલ-લાભ-અમૃત ૧૬-૩૯ સુધી ૧૮-૦૧ થી લાભ ૧૯-૩૯ સુધી, ૨૧-૧૮ થી શુભ- અમૃત-ચલ ૨૬-૧૪ સુધી

શુભ હોરા

૮-૦૪ થી ૮-૫૮ સુધી ૧૦-૪૭ થી ૧૩-૨૯ સુધી ૧૪-૨૪ સુધી ૧૫-૧૮ સુધી, ૧૭-૦૬ થી ૨૦-૧૨ સુધી

બ્રહ્માંડના સીતારા

દરેક મા-બાપ પોતાના સંતાનો સારૂ ભણે તેવું ઈચ્છતા હોય છે. તો ઘણી વખત સંતાનો-અભ્યાસમાં બીલકુલ રસ ન હોય જેથી મા-બાપ સંતાનોને ભણવાનું દબાણ કરે છે. અહીં મા-બાપે સંતાનોને સમજાવવા જોઈએ પણ કોઈ દબાણ ન કરવું. તેની સાથે પોતાના સંતાનો ઓછા માર્ક લઈને પાસ થાય તો કોઈ જાતની દેખા-દેખી ન કરવી. અહીં ગ્રહોની વાત કરીએ તો જન્મ કુંડલીમાં જો ગુરૂની દૃષ્ટિ અભ્યાસના સ્થાન ઉપર ન પડતી હોય અથવા શનિ - રાહુની દૃષ્ટિ હોય તો સંતાનો બુધ્ધિશાળી હોય છે. પણ અભ્યાસમાં નિષ્ફળતા મેળવે છે.(૫-૩)

કંપની સમાચાર

કેતન ખત્રી

નવનિત દ્વારા મહિલા ક્રિકેટને વ્યાખ્યાયિત કરતી લોન્ગ બુક રજૂ

(કેતન ખત્રી દ્વારા)અમદાવાદઃ તા.૨૭, બીજી નવેમ્બર, ૨૦૨૫ના દિવસે ભારતીય મહિલા ક્રિકેટ ટીમે મહિલા વિશ્વ કપના ૫૦ વર્ષના ઈતિહાસની સફરમાં પહેલીવાર આ ટુર્નામેન્ટ જીતી ઈતિહાસ રચ્યો હતો. આ અસાધારણ સિદ્ધિના માનમાં નવનીત એજ્યુકેશન લિમિટેડની બ્રાન્ડ 'યુવા'એ લિમિટેડ-એડિશન સિરીઝ- 'વુમન્સ વર્લ્ડ કપ લોન્ગ બુક્સ'(A4, 127 પાનાં) રજૂ કરી છે. જે દેશભરના ક્રિકેટપ્રેમીઓને એકતાંતણે બાંધતા ટીમના મિજાજ, ખંત તથા જુસ્સાની ઉજવણી માટેનું આ કલેક્શન કરે છે

ભારતીય ટીમની સખત મહેનત, દ્રઢ નિર્ધાર અને એકતાએ દેશને યશ-કીર્તિ અપાવી એ ગર્વભરી ક્ષણે લાખો લોકોના હૃદયો આનંદ અને ગૌરવથી છલોછલ થઈ ગયા હતા. આ શ્રેણીમાંની દરેક બુક આ દંતકથા સમાન વિજયની ઉત્તેજનાના આપણી મહિલા ચેમ્પિયન્સના આત્મવિશ્વાસ તથા ગૌરવનું પ્રતિબિંબ પાડતાં જીવંત દૃશ્યોને ઝીલે છે.કવર પરની ડિઝાઈન ગર્લ પાવર તથા સ્ત્રી સશક્તીકરણની સમર્થ તસવીરોથી સજ્જ છે તથા ઊડીને આંખે વળગે છે, જે યુવાન વાચકોને યાદ અપાવે છે કે દ્રઢતા, હિંમત તથા આત્મવિશ્વાસ કંઈ પણ પ્રાપ્ત કરવામાં તેમની મદદ કરે છે.

રૂા. ૧૦ લાખનું રોકાણ ICICI પ્રુડેન્શિયલ લાર્જ કેપ ફંડમાં રૂા.૧.૧૩ કરોડ થયું

(કેતન ખત્રી દ્વારા)અમદાવાદઃ તા.૨૭, લાર્જ કેપ મ્યુચ્યુઅલ ફંડ્સની દુનિયામાં, ICICI પ્રુડેન્શિયલ લાર્જ કેપ ફંડ તેના સતત સારા પ્રદર્શનને કારણે અલગ તરી આવે છે. મે ૨૦૦૮ માં લોન્ચ થયેલું આ ફંડ હવે ૧૭ વર્ષથી વધુ જૂનું છે. લાર્જ કેપ ફંડ હોવાને કારણે, આ સ્કીમનું રોકાણ માર્કેટ કેપના હિસાબે સૌથી મોટી હોય તેવી ટોપ-૧૦૦ કંપનીઓમાં થાય છે. ફંડમાં બોટમ-અપ સ્ટાક પીકિંગ અપ્રોચ અપનાવવામાં આવે છે.આજના સમયમાં, અનિશ તવાકલે અને વૈભવ દુસાદ દ્વારા સંચાલિત આ ફંડ તેની કેટેગરીમાં સૌથી મોટું ફંડ છે, જેનું AUM રૂા. ૭૫,૮૬૩ કરોડ છે.

બનાવટી રોકાણ યોજનાઓથી સાવધ રહેવા 'એન્જલ વન'દ્વારા ચેતવણી

(કેતન ખત્રી દ્વારા)અમદાવાદઃ તા.૨૭, એન્જલ વન લિમિટેડ, જે ફિનટેક (FinTech)ક્ષેત્રની અગ્રણી કંપની છે, તેણે રોકાણકારોને એન્જલ વનના નામનો દુરુપયોગ કરતા અને તેના વરિષ્ઠ અધિકારી હોવાનો ઢોંગ કરતા બનાવટી સોશિયલ મીડિયા ગ્રુપ્સના વધતા જતા પ્રમાણ અંગે ચેતવણી આપી છે.એન્જલ વન દ્વારા નિવેદન આપવામાં આવ્યું ''અમે ભારપૂર્વક જણાવવા માંગીએ છીએ કે સિક્યોરિટીઝ માર્કેટમાં અનધિકૃત રોકાણ સલાહ આપવી કે વળતરની ગેરંટી આપવી તે સખત પ્રતિબંધિત છે. અમે રોકાણકારોને વિનંતી કરીએ છીએ કે અમારી સંસ્થા તરફથી હોવાનો દાવો કરતા કોઈપણ સંદેશાની ખરાઈ કરો અને સાવચેતી રાખો. રોકાણના સાચા નિર્ણયો હંમેશા ગાઢ સંશોધન અને અધિકૃત સ્ત્રોતોમાંથી મળતી માહિતી પર આધારિત હોવા જોઈએ. એન્જલ વન લિમિટેડનો આવી કોઈપણ ફેક એપ્લિકેશન્સ, વેબ લિંક્સ કે પ્રાઈવેટ વોટ્સએપ/ટેલિગ્રામ ગ્રુપ્સ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ સંબંધ નથી.(૩૫-૧૬)

સ્ટર્લિંગ હોસ્પિટલ્સના MD અને CEO તરીકે સંતોષ મરાઠેએ કાર્યભાર સંભાળ્યો

(કેતન ખત્રી દ્વારા)અમદાવાદઃ તા.૨૭, સ્ટર્લિંગ હોસ્પિટલ્સે સિનિયર હેલ્થકેર સ્ટ્રેટેજિસ્ટ સંતોષ મરાઠેને મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિયુક્ત કર્યા છે. આ નિર્ણય ગુજરાતની અગ્રણી હોસ્પિટલ નેટવર્ક સ્ટર્લિંગ હોસ્પિટલ્સ માટે ઘણો મહત્વપૂર્ણ છે. તેમની નિમણૂક સાથે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ નો વિકાસ, ઓપરેશનલ સ્ટ્રેન્થ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડના આગામી ચરણને ગતિ મળશે. ભારતીય તેમજ વૈશ્વિક હેલ્થકેર સિસ્ટમોમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવતા સંતોષ મરાઠે આ લાર્જ હોસ્પિટલ નેટવર્કને વધુ કાર્યક્ષમ બનાવવા, ક્લિનિકલ પરફોર્મન્સ સુધારવા અને સંસ્થાકીય ક્ષમતાઓ મજબૂત બનાવવામાં અગ્રેસર રહેશે.સ

ટર્લિંગ હોસ્પિટલ્સના MD અને CEO સંતોષ મરાઠેએ પોતાનું વિઝન શેર કરતા જણાવ્યું કે છેલ્લા ૨૦ વર્ષ કરતા પણ વધુ સમયથી સ્ટર્લિંગ હોસ્પિટલ્સે ગુજરાતભરમાં એક આગવી છાપ છોડી લોકોનો વિશ્વાસ હેલ્થકેર સેક્ટરમાં જીતી લીધો છે. મારુ વિઝન હવે આ વિશ્વાસને વધુ ગાઢ બનાવવાનું છે.

ઈન્ડીક્યુબે વૃદ્ધિને વેગ આપ્યોઃ ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં રૂા.૨૮ કરોડનો નફો

(કેતન ખત્રી દ્વારા)અમદાવાદઃ તા.૨૭,ભારતના અગ્રણી ટેક-સક્ષમ વર્કસ્પેસ સોલ્યુશન્સ પ્રદાતાઓમાંની એક, ઈન્ડીક્યુબ સ્પેસીસ લિમિટેડે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫નારોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક (Q2 FY26) માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા.ઈન્ડીક્યુબ સ્પેસીસ લિમિટેડેના અર્ધ વાર્ષિક પરિણામો અંગે IndiQube ના સહ-સ્થાપક અને CEO ઋષિ દાસે જણાવ્યું હતું કે, અમારી ગતિ મજબૂત બની રહી છે કારણકે અમે નાણાકીય વર્ષ ૨૬ ના પહેલા છ મહિનામાં રૂા.૬૬૮ કરોડની અમારી અત્યાર સુધીની સૌથી વધુ અર્ધવાર્ષિક આવક નોંધાવી છે. આ આવકનો ૯૬% રિકરિંગ થઈ રહ્યો છે, અને ઓપરેટિંગ રોકડ પ્રવાહ ઈ ૧૫૧ કરોડ સુધી સુધર્યો છે. જે ભવિષ્યના વિકાસ માટે અમારી પાસે મજબૂત પાયો બન્યો છે. ઉપરાંત, Q2 FY26 માટે અમારો PAT વધીને રૂા.૨૮ કરોડ થયો છે, જે નફાકારક અને સ્થિતિસ્થાપક વ્યવસાય બનાવવા પર અમારા સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે.(૩૫-૧૬)

ખેડૂતોના બાળકોને શિક્ષણ અને સમુદાય વિકાસ દ્વારા સશક્ત બનાવતી એરન્ડા શિષ્યવૃત્તિ

(કેતન ખત્રી દ્વારા)અમદાવાદઃ તા.૨૭,ઇહસેડુ એગ્રોકેમ પ્રા. લિમિટેડ દ્વારા સમર્થિત અને જયંત એગ્રો ગ્રુપના સસ્ટેનેબિલિટી મિશન (SATVA) હેઠળ સુવિધા આપવામાં આવતી આર્કેમા પહેલ, એરન્ડા શિષ્યવૃત્તિ, શિક્ષણ, સર્જનાત્મકતા અને સમુદાય વિકાસને પ્રોત્સાહન આપીને ખેડૂતોના બાળકોના જીવનમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવાનું ચાલુ રાખે છે.એરન્ડા શિષ્યવૃત્તિ આંતર-શાળા સ્પર્ધાઓ દ્વારા ખેડૂતોના બાળકોના શિક્ષણ અને વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રવૃત્તિઓ માત્ર પ્રતિભા અને સર્જનાત્મકતાને પુરસ્કાર આપે છે એટલું જ નહી પરંતુ શાળા સુવિધાઓના સુધારણામાં પણ ફાળો આપે છે, જે વિદ્યાર્થીઓ અને આસપાસના સમુદાય માટે કાયમી મૂલ્યનું સર્જન કરે છે.

બજરંગ ગૃપ દ્વારા માટીના કુંડાનું વિતરણ

રાજકોટ,તા.૨૮ઃબજરંગ ગૃપ ઓફ રાજકોટ સીટી દ્વારા રવિવારે સવારે ૧૦ થી ૧૨, પંચમુખી હનુમાનજીના મંદિર પાસે, ગરેડીયા કુવા રોડ ખાતે નિઃશુલ્ક માટીના કુંડા, લાકડાના માળાનું વિતરણ હરેશભાઈ દવે, કિશોરભાઈ કારીયા, હસુભાઈ ગણાત્રા, રાકેશભાઈ દવેના હસ્તે કરવામાં આવશે. આ માટે મેહુલભાઈ ખંધેડીયા, મનુભાઈ મકવાણા, સુનીલભાઈ મજેઠીયા, જતિનભાઈ ભીંડોરી, બટુકભાઈ રાચ્છ, દિનેશભાઈ તન્ના, બી.કે. જાડેજા, હર્ષદસિંહ જાડેજા, ભગીરજસિંહ જાડેજા, જયોતિબેન ભટ્ટ, વિજયભાઈ ભટ્ટ કાર્યરત છે. તેમ વહીદ મારફાણીની યાદિમાં જણાવાયું છે.(૩૬.૨)

રૈયા ગામ ખાતે બાલ સંસ્કાર કેન્દ્ર

રાજકોટ, તા. ૨૮ : રૈયા ગામ સીતારામ મંદિર ખાતે સોનલબેન વાછાણી દ્વારા ૧૦:૩૦ થી ૧૨:૩૦ બાળ સંસ્કાર કેન્દ્ર ચલાવવામાં આવે છે. બાળકોને સંસ્કાર સિંચનની પ્રવૃત્તિ કરવામાં આવે છે. આ માટે ભારત સેવક સમાજનો સહયોગ મળ્યો છે.

દાતાઓની મદદથી બાળકોને આરોગ્યપ્રદ નાસ્તો તથા જીવનમાં ઉપયોગી ભેટ આપવામાં આવે છે. રૈયા ગામના બાળકોને લાભ લેવા જનાર્દન પંડયા, એડવોકેટ અમિત આર. ચૌહાણે વિનંતી કરી છે. વધુ વિગત માટે મો.નં.૯૯૯૮૬૧૯૮૭૦ ઉપર સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.(૩૬.૨)

રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા

પડધરીના ગઢડાની પ્રાથમિક શાળામાં પ્રદર્શનઃ બાળ વૈજ્ઞાનિકોનું કૌશલ્ય



પડધરી પાસેની ગઢડા સરકારી પ્રાથમિક શાળાના બાકળમાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી દિક્ષિત પટેલ નાયબ શિક્ષણાધિકારી શ્રી અશોક વાણવી, તાલુકા વિકાસ અધિકારી ગૌતમ ભીમાણી વગેરેએ બાળકોનું સન્માન કર્યું હતું

રાજકોટ, તા.૨૮ઃ જી.સી.ઈ.આર.ટી - ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન રાજકોટ માર્ગદર્શિત બીઆરસી પડધરી આયોજિત તાલુકા કક્ષાનું પ્રાથમિક વિભાગનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૫ શ્રી ગઢડા પ્રાથમિક શાળા ખાતે તા. યોજાયેલ. જેમાં તાલુકાના ૯ ક્લસ્ટરમાંથી પસંદગી પામેલ કુલ ૨૭ જેટલી કૃતિઓ બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ કરવામાં આવેલ.

ચાલુ વર્ષે વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM) થીમ આધારિત જુદા જુદા ૫ વિભાગોમાં ટકાઉ ખેતી, કચરાનું વ્યવસ્થાપન, પ્લાસ્ટિકના વિકલ્પો, ગ્રીન એનર્જી, વિકસિત નવીન ટેક્નોલોજી, આરોગ્ય અને સ્વચ્છતા, જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન, ગણિતને ગમતું કરતા મોડલ તેમજ વર્તમાન સમસ્યાઓ માટે નિરાકરણ કરતા વિવિધ મોડલો શાળાના માર્ગદર્શક શિક્ષકોના પ્રયત્નો અને મદદ થકી વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ સુંદર રીતે બનાવી અને અહીં પ્રદર્શિત કરેલ. આ પ્રદર્શનમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દીક્ષિત પટેલ નાયબ શિક્ષણાધિકારી અશોકભાઈ વાણવી, તાલુકા વિકાસ અધિકારીશ્રી ગૌતમ ભીમાણી કેળવણી નિરીક્ષક તેમજ પદાધિકારીઓએ મુલાકાત લઈ કૃતિઓ નિહાળી, બાળકોને પ્રોત્સાહિત કરેલ.

કાર્યક્રમ સફળ બનાવવા We the Team સમગ્ર શિક્ષા પરિવાર પડધરીના તમામ સીઆરસી, બીઆરપી, બ્લોક સ્ટાફ મિત્રોએ બીઆરસી કો. ઓર્ડીનેટર પૂજાબેન પૈજાના માર્ગદર્શન હેઠળ જહેમત ઉઠાવી હતી, તેમજ શાળા કક્ષાએ આચાર્યશ્રી ધર્મેશભાઈ દવે તેમજ શિક્ષક પરિવાર ઉપરાંત શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ના સભ્યો, સરપંચશ્રી રાણાભાઈ તેમજ અન્ય અગ્રણીએ સહયોગ આપ્યો હતો.

પડધરી તાપ્રા. શિ. સંઘ, શૈક્ષણિક મહાસભા, ઉત્કર્ષ મંડળ, શિક્ષક શરાફી મંડળી તેમજ અન્ય દાતાઓ દ્વારા શાળા તેમજ બાળકોને શીલ્ડ, પ્રમાણપત્ર તેમજ શૈક્ષણિક કીટ, ઉપરાંત પુસ્તકો ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. આ પ્રદર્શન બાદ પસંદગી પામેલ કૃતિઓ જિલ્લા કક્ષાએ ભાગ લેશે. ભૂતકાળમાં પડધરી તાલુકાની કૃતિઓ, રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ છે. (૩.૯)

શનિ ગ્રહ અને ચંદ્રનું નિદર્શન

કાલે લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે રાજકોટ સ્કાય વોચ નામનો કાર્યક્રમ


રાજકોટઃ સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન તેમજ રાજકોટ મહાનગર પાલિકા સ્થાપિત અને સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત અને ગુજકોસ્ટ પુરસ્કૃત શ્રી ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર (રેસકોર્સ)ની બિગ બેંક એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તા.૨૯ શનિવારે સાંજે ૭ થી ૯ સુધી રાજકોટ સ્કાય વોચ નામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત ત્રણ અધ્યતન ટેલિસ્કોપ દ્વારા શનિ ગ્રહ અને ચંદ્રનુ જાહેર નિદર્શન કરાવવામાં આવશે. ચંદ્રની સપાટી પર આવેલ રૂપસ રેકટા નામક એક ખાસ ફ્લેટ લાઈન હાઈ મેગ્નિફિકેશન વાળા ટેલિસ્કોપથી જાહેર જનતાને બતાવવામાં આવશે. ચંદ્ર પર આવેલ બે થી ત્રણ કીલોમીટર પહોળી અને લગભગ ૧૧૦ કિ.મી. લાંબી આ ફોલ્ટ લાઈન અથવા ખીણ જોવાનો સૌથી અનુકૂળ સમય સુદ નોમ અથછા વદ આઠમ હોય છે. જ્યારે સૂર્યપ્રકાશ એવા કોણથી વળતો હોય કે આ ખીણ એકદમ સરસ રીતે જોઈ શકાય છે. જાહેરજનતાને આમંત્રણ અપાયું છે.(૪૦.૨૭)

પુસ્તક પરિચય

ધન્વી-માહી

વણજના વાણોતર ધનુભાઈ વોરાઃ કૌશિક મહેતા લિખિત પુસ્તકનું ભુપેન્દ્રભાઇના હસ્તે વિમોચન



રાજકોટઃ રાજકોટના વેપાર ઉદ્યોગના જાણીતા અગ્રણી ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સના ચેરમેન ધનુભાઈ વોરાના જીવન કવન પર સીનીયર જર્નાલીસ્ટ અને જાણીતા કટારલેખક શ્રી કૌશિક મહેતા (મો.૯૪૨૭૨ ૧૪૨૦૩) દ્વારા લખાયેલું પુસ્તક વણજનાં વાણોતર ધનુભાઈ વોરા... સિધ્ધાંત સંઘર્ષ સફળતાની ગાથાનું વિમોચન તાજેતરમાં રાજકોટમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા થયું હતું. ધનુભાઈની ૫૦ વર્ષની સેવા માટે સન્માન પણ થયું. આ પુસ્તકમાં ધનુભાઈનાં જીવન અને કવન વિષે વાત કરાઈ છે. આર્થિક સંકડામણમાં એમણે બીઝનેસમાં કઈ રીતે સફળતા મેળવી એના અનેક કિસ્સાઓ પુસ્તકમાં સમાવાયા છે. નૈતિકતા અને પ્રામાણિકતાથી પણ વેપાર કરી શકાય છે એ ધનુભાઈએ સાબિત કરી આપ્યું છે. ધનુભાઈ એન્જીનીયર છે. ટેકનીકલી સાઉન્ડ છે પણ સાથે કાયદા અને સરકારી નિયમોના જાણકાર છે અને એ કારણે એમણે વેપાર ઉદ્યોગના અનેક પ્રશ્નો સફળતાપૂર્વક ઉકેલ્યા છે. વેપાર ઉદ્યોગના હજારો કરોડો બચાવ્યા હતા.

ધનુભાઈ વેપારના પ્રશ્ને કોઈ સરકારી કચેરીમાં જાય તો એમના પ્રશ્ન વિષે અધિકારીઓ કઈ કહેતા પહેલા સો વાર વિચારે છે. આજે ય અનેક અધિકારીઓ એમ માને છે કે, ધનુભાઈ કોઈ કેસ લઈને આવે તો એમાં દમ હોવો જોઈએ. મનમોહન સિહથી માંડી પી. ચીદમ્બરમ સાથે એમને ચીરકાલીન સબંધો રહ્યા છે. ગુજરાત હોય કે દિલ્હી, ત્યાં અધિકારીઓ સાથે એમનો સારો રેપો રહ્યો છે. વિદેશમાં એમણે વેપાર કર્યો અને એના અનુભવો પણ રસપ્રદ છે. એમને દરેક રાજકીય પક્ષો સાથે સબંધો છે પણ રાજકારણમાં જવાનું એમણે કદી ના વિચાર્યુ. એ સબંધોનો કદી દુરુપયોગ ન કર્યો. એમણે પરિવાર માટે પણ જાત ઘસી નાખી. અન્યાય સામે એ કદી ઝુક્યા નથી.

કૌશિક મહેતાએ પુસ્તકની જે પ્રસ્તાવના લખી છે તેના કેટલાક અંશો...

એમના જીવનમાં કેટલીક ઘટના એવી બને છે કે માન્યામાં ન આવે. એમને અસામાન્ય સંજોગોમાં મદદ મળી છે. તો એમની સફળતાથી જલનારા લોકોએ એમના માર્ગમાં વિઘ્નો સર્જવામાં કંઈ બાકી રાખ્યુ નથી. પણ ધનુભાઈનો એક જ સિદ્ધાંત રહ્યો કે, 'ફોગટનું કંઈ લેવું નહિ અને ઈમાનદારીથી વેપાર કરવો.' આજે જીવનના આઠ દાયકા પસાર કર્યા પછી એ લગભગ નિવૃત્ત છે, પણ આજેય ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ, રાજકોટમાં એટલા જ સક્રિય છે અને વેપાર-ઉદ્યોગને મદદરૂપ થવા તત્પર રહે છે. કોઈ વેપારી કે ઉદ્યોગકારને કોઈ કાયદાકીય કે ટેકનિકલ સમસ્યા આવે તો એ ધનુભાઈની આજેય સલાહ લે છે. ધનુભાઈએ નિકાસ ક્ષેત્રે સફળતાથી કામ કર્યુ છે. રાજકીય નેતાઓ અને અધિકારીઓ સાથે એમને ગુજરાતથી દિલ્હી સુધી સંબંધો રહ્યા છે. પણ એમણે એનો ક્યારેય ખોટો ઉપયોગ કર્યો નથી. રાજકારણથી દૂર રહ્યા છે.

ધનુભાઈની બીજી એક વાત સ્પર્શી જાય એવી છે. એ છે એમનો પરિવારપ્રેમ અને દોસ્તી નિભાવવાની રીત. પરિવાર માટે એમણે એટલું કર્યુ છે કે, આજના યુગમાં જરા અવાસ્તવિક લાગે. બહુ મોટો પરિવાર એમનો છે અને કોઈને એમણે ઓછું આવવા દીધું નથી. દોસ્ત હોય તો ધનુભાઈ જેવા. આવું એટલે કહેવું પડે કે, એમણે વિપરીત સંજોગોમાં પણ દોસ્તી નિભાવી છે. જેણે દુશ્મની કરી એની સાથે પણ દોસ્તી રાખી છે. અન્યાય સામે લડી લેનારા ધનુભાઈ પરિવાર અને દોસ્ત માટે એકદમ લાગણીશીલ માણસ બની જાય છે. આવા ધનુભાઈ સાથે અનેક બેઠકો અને કલાકો વિતાવ્યા બાદ આ પુસ્તક તૈયાર થયું છે એનો આનંદ છે. એક સ્ટડી કેસ જેવું એમનું જીવન રહ્યું છે અને એ અનેકને પ્રેરણા આપે એવું છે.


આ પુસ્તક વેપાર ઉદ્યોગ માટે જ નહિ પણ એક સામાન્ય માણસ કઈ રીતે સિધ્ધાંત જાળવીને સઘર્ષ કરી સફળતા મેળવી શકે એનો દાખલો છે. પ્રેરણારૂપ એમનું જીવન રહ્યું છે. આ પુસ્તક મેળવવા માટે સંપર્ક ધનુભાઈ વોરા મો. નં. ૯૮૨૫૨ ૧૮૨૩૬ પર સંપર્ક કરવો.(૩૮.૧૭)

રાજકોટ માર્કેટીંગ યાર્ડ

(અનાજના ભાવ)

અનાજ	ન્યુનતમ	મહત્તમ
કપાસ બી.ટી.	૧૩૨૪	૧૪૮૫
ઘઉં લોકવન	૫૧૭	૫૭૬
ઘઉં ટુકડા	૫૨૩	૬૦૫
જુવાર સફેદ	૭૯૦	૯૧૦
બાજરી	૩૧૨	૫૬૨
મકાઈ	૩૯૦	૪૪૦
તુવેર	૧૦૮૦	૧૩૫૧
ચણા પીળા	૯૧૧	૧૦૯૦
ચણા સફેદ	૧૧૨૫	૧૮૩૦
અડદ	૯૧૫	૧૪૪૩
મગ	૧૨૦૦	૧૭૬૧
વાલ દેશી	૬૫૦	૯૦૦
ચોળી	૯૨૦	૧૩૨૪
મઠ	૯૦૦	૧૮૦૦
વટાણા	૧૪૦૦	૨૦૪૦
કળથી	૪૨૫	૫૪૦
રાજમા	૯૦૦	૧૫૦૦
મગફળી જાડી	૧૦૩૫	૧૪૧૧
મગફળી જીણી	૧૦૧૦	૧૩૭૦
તલી	૧૯૭૦	૨૨૮૪
એરંડા	૧૨૪૧	૧૩૨૬
અજમો	૧૨૭૦	૧૯૩૫
સુવા	૧૧૫૦	૧૬૭૫
સોયાબીન	૮૫૫	૮૮૫
સીંગફાડા	૯૫૦	૧૪૪૦
કાળા તલ	૩૫૨૦	૫૧૭૦
લસણ	૬૩૦	૯૬૦
ધાણા	૧૪૦૦	૨૦૦૧
મરચા સુકા	૧૦૦૦	૩૮૦૦
ધાણી	૧૪૪૦	૧૯૬૦
જીરૂ	૩૫૬૦	૪૧૦૦
રાય	૧૬૫૦	૧૯૧૫
મેથી	૧૧૨૦	૧૩૦૦
ઈસબગુલ	૧૨૫૦	૨૧૨૦
અશેરીયો	૧૧૫૦	૧૧૫૦
રાયડો	૧૨૫૦	૧૩૫૦
રજકાનું બી	૭૪૦૦	૯૭૦૫
ગુવારનું બી	૮૧૦	૯૨૦

આજના શુભ દિવસે...



વિનુભાઈ જગડા ● ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

તમારું ધન તમારે એવા કામમાં લગાડવું જોઈએ કે જેના વિષે તમે જ્ઞાન ધરાવતા હો. જ્ઞાન ન હોય અને તમે પૂંજી લગાવી દો તો તમારે પસ્તાવું પડે. નિરંતર સમૃધ્ધિ, પ્રભાવ માટે આ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે. જયાં સુધી તમે આમ નહિ કરો, ત્યાં સુધી તમારા ધનમાં વૃધ્ધિ થવાની નથી.

માધાપર ચોકડી પાસે ટ્રકે બાઇકને ઉલાળતાં દંપતિ ખંડિતઃ પત્નિનું મોત

પતિ, દિકરીને ઇજાઃ કેતનભાઇ ભટ્ટી પત્નિ ઉસ્માબેન, દિકરી મીશરીને લઇ લગ્નપ્રસંગમાં જતાં હતાં ત્યારે બનાવ

રાજકોટ તા. ૨૮ઃ જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના બની છે. જેમાં માધાપર ચોકડી પાસે ટ્રકની ઠોકરે બાઇક ચડી જતાં માધાપર ચોકડીએ રહેતાં યુવાન, તેના પત્નિ અને દિકરીને ઇજાઓ થતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ પત્નિનું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. લગ્નપ્રસંગમાં હાજરી આપવા જતી વખતે આ બનાવ બન્યો હતો.



જાણવા મળ્યા મુજબ માધાપર ચોકડીએ ઓમ એપાર્ટમેન્ટમાં રહેતાં કેતનભાઇ બાબુભાઇ ભટ્ટી (ઉ.વ.૪૩) તેના બાઇકમાં પત્નિ ઉસ્માબેન કેતનભાઇ ભટ્ટી (ઉ.વ.૪૨) અને દિકરી મીસરી (ઉ.વ.૧૧)ને બેસાડી ઘરેથી સગાને ત્યાં લગ્ન પ્રસંગમાં જવા નીકળ્યા ત્યારે માધાપર ચોકડીથી બેડી ચોકડી વચ્ચેના પૂલ ઉપર પહોંચતા ટ્રકના ચાલકે બાઇકને ઉલાળી દેતાં ત્રણેય ફંગોળાઇ જતાં ઇજાઓ થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ગંભીર ઇજાગ્રસ્ત ઉસ્માબેનનું મૃત્યુ થયું હતું. જ્યારે તેના પતિ, પુત્રીને સારવાર અપાઇ હતી. મૃતકના પતિ પ્રાઇવેટ નોકરી કરે છે. અકસ્માત સર્જી ભાગી ગયેલા ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી છે. (૧૪.૧૧)

પોતાનાથી ઉમરમાં નાના શખ્સ પર આંધળો વિશ્વાસ કરી વીસ વર્ષ જુના લગ્નસંબંધને ભુલી કહેવાતા પ્રેમી સાથે ગઇઃ પણ તેણે લગ્ન ન કરી જાકારો આપી દીધોઃ યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કર્યો

જુનાગઢના ભાવીને ઇન્સ્ટાગ્રામ મારફત રાજકોટની બે સંતાનની માતાને ફસાવી દૂષ્કર્મ આચરી જિંદગી બગાડી

મારા ઘરના અપનાવે કે ન અપનાવે હું તને અપનાવીશ તેમ કહી અનેક વખત શરીર સંબંધ બાંધ્યાઃ એક વખત તો ભાવીનની મમ્મીએ પણ ફોનમાં કહેલુ-તમે એક બીજાને પસંદ કરો છો તો મને કોઇ વાંધો નથીઃ ઉજ્જૈન ફરવા ગયા ત્યારે પરિણીતાના પતિને શંકા જતાં ભાવીનનો મોબાઇલ ચેક કર્યો અને ભાંડો ફુટ્યો

રાજકોટ તા. ૨૮ઃ સોશિયલ મિડીયા થકી મિત્રતા અને પ્રેમની જાળમાં ફસાવી વધુ એક શખ્સે દૂષ્કર્મ આચર્યું છે. જુનાગઢના યુવાને રાજકોટ રહેતી બે સંતાનની માતા સાથે ઇન્સ્ટાગ્રામથી ફ્રેન્ડશીપ કરી બાદમાં પોતે તેણીને અપનાવશે, લગ્ન કરી લેશે, પોતાના પરિવારના લોકો માને કે ન માને પણ પોતે તે લગ્ન કરીને લઇ જ જશે તેવી વાતો કરી ફસાવી રાજકોટ આવી અવાર-નવાર પરિણિતાના ઘરે તેમજ અન્ય સ્થળોએ શરીરસંબંધ બાંધી લીધા હતાં. જો કે પરિણીતા ૨૦ વર્ષના લગ્નસંબંધને જતાં કરી પતિને છોડી આ કહેવાતા પ્રેમી સાથે નીકળી ગઇ પછી પ્રેમીએ તેણીને ન અપનાવતાં પોતાની સાથે ફ્રેન્ડશીપના નામે છેતરપીંડી થયાનું અને શોષણ થયાનું જણાતાં પોલીસને જાણ કરી હતી.

આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રાજકોટ રહેતી ૩૭ વર્ષિય મહિલાની ફરિયાદ પરથી જુનાગઢના ભાવીન રતિલાલ મકવાણા વિરૂધ્ધ દૂષ્કર્મનો ગુનો નોંધી તેને ઝડપી લેવા તજવીજ આદરી છે. આ પરિણીતાને સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. પોલીસ ફરિયાદ મુજબ ભોગ બનનાર મહિલા રાજકોટમાં પતિ અને દિકરા-દિકરી સાથે રહ છે. આશરે ત્રણ મહિના પહેલા તેને જૂનાગઢના ભાવિન રતિલાલ મકવાણા સાથે ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા થઈ હતી. બંને વચ્ચે વાતચીત વધતાં ભાવિન રાજકોટ તેને મળવા આવ્યો હતો. આ વખતે મહિલાએ ભાવિનને જણાવ્યું હતું કે તે પરણીત છે, બે બાળકોની માતા છે અન ઉંમરમાં પણ તેનાથી મોટી છે. આમ છતાં ભાવિને-હું તને અપનાવીશ અને લગ્ન કરીશ જ, તેવી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધી હતી. ત્યાર પછી ભાવિન અવારનવાર મહિલાના ઘરે આવતો હતો. એક દિવસ મહિલાના પતિ નોકરી પર હતા અને બાળકો નીચે રમવા ગયા હતા ત્યારે ભાવિ તેણીના ઘરે પહોંચી ગયો હતો.

આ વખતે પરિણીતાએ સંતાનોને આ મારી ફ્રેન્ડનો ફ્રેન્ડ છે તેમ કહી સંતાનોને આ ભાવીન મારી ફ્રેન્ડનો દિકરો છે તેમ કહ્યું હતું. બાદમાં સંતાનો બિલ્ડીંગ નીચે રમવા જતાં રહ્યા હતાં. આ પછી ભાવીન લગ્નની વાત કરી શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ આ સિલસિલો ચાલુ રહ્યો હતો. બંને એકબીજાને અવારનવાર મળતા અને મહિલાની મિત્રના ઘરે પણ તેઓ શરીર સંબંધ બાંધતા હતા. ભાવિને તેના પરિવાર સાથે પણ ફોન પર વાતચીત કરાવી લગ્ન માટે રાજી હોવાનું નાટક કર્યું હતું. દરમિયાન દિવાળી પર પરણિીતા, તેનો પતિ, બાળકો અને તેમજ ભાવિન સહિતના લોકો ઉજ્જૈન ફરવા ગયા હતા. પરત ફરતી વખતે તેણીના પતિને શંકા જતાં તેણે ભાવિનનો મોબાઈલ ચેક કર્યો હતો, જેમાં પત્નિ અને ભાવિનના ફોટા મળી આવતા ભાંડો ફૂટ્યો હતો.

આ ઘટના બાદ રાજકોટ પરત ફર્યા પછી પરિણીતાના માવતર પક્ષને બોલાવી તેણીના અને ભાવીનના સંબંધની વાત કરી હતી. આ વખતે ભાવીન પણ હાજર હતો. તેણે બધાની વચ્ચે તેણીને અપનાવી લેવાની વાત કરી હતી અને તેણીને પોતાની સાથે જુનાગઢ લઈ ગયો હતો. પરંતુ જુનાગઢ ભાવીનના પરિવારજનોને આ પસંદ ન પડતાં ભાવીને તેણીને પરત રાજકોટ જતાં રહેવાનું કહેતાં તે રાજકોટ આવી ગઇ હતી. બાદ ફરીથી જુનાગઢ પોતાની બહેનપણીના ઘરે અને ત્યાંથી ભાવીનના મમ્મી-પપ્પાના ઘરે ગઇ હતી. ત્યારે ભાવીન પણ હાજર હતો. પરંતુ તે લગ્ન બાબતે કંઇ બોલતો ન હોઇ તેણી પરત રાજકોટ આવી હતી. એ પછી પતિ સાથે છુટાછેડાની વાત ચાલતી હોઇ ૭/૧૧ના રોજ છુટાછેડા લઇ લીધા હતાં. જે વ્યક્તિ માટે પરિણીતાએ પોતાનું ઘર ભાંગ્યું, એ જ વ્યક્તિએ લગ્ન કરવાની ના પાડી દેતાં પરિણીતાને પોતાની સાથે દગો થયાનું સમજાયું હતું. યુનિવર્સિટી પીઆઇ એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોનસ. જી. એસ. ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. (૧૪.૯)

> ભાવીન પરિણીતાને તેણીના માવતર, પતિ સહિતની હાજરીમાં અપનાવવાની વાત કરી ભાવીન મોટે ઉપાડે જુનાગઢ સાથે તો લઇ ગયો પણ તેના પરિવારજનોએ તેણીને ન અપનાવતાં પરત રાજકોટ મોકલી દીધી

મારા મમ્મી-પપ્પા મરજી વિરૂધ્ધ લગ્ન કરાવવા માંગતા'તા એટલે ઘર છોડયુઃ સગીરાનું રટણ

પ્ર-નનગર પોલીસે ગુમ થયેલી સગીરાનું અપહરણનો ગુનો નોંધી તેને શોધી કાઢતા તપાસ કરતા હકીકત સામે આવી

રાજકોટ, તા.૨૮ઃ શહેરના પોપટપરા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરા ગઇકાલે પોતાન ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા પરિવારજનોએ જાણ કરતા પ્રનગર પોલીસે ગુમ થયેલી સગીરાનું અપહરણનો ગુનોનોંધી તેને શોધી કાઢી હતી.

મળતી વિગત મુજબ પોપટપરા વિસ્તારમાં રહેતી ૧૫વર્ષની સગીરા ગઇકાલે વહેલી સવારે એકસેસ લઇને પોતાના ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા તેના માત-પિતા સહિતના પરિવારજનોએ સગીરાની શોધખોળ હાથધરી હતી. પરંતુ તેનો કોઇ પતો ન લાગતા પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી. પ્રનગર પોલીસે ગુમ થયેલી સગીરાનું અપહરણનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી સગીરાને શોધી કાઢી હતી. પોલીસની પુછપરછમાં તેના માતા-પિતા તેની મરજી વિરૂધ્ધ લગ્ન કરાવવા માગતા હોઇ, તેથી તેણે ઘર છોડયુ હોવાની હકિકત બહાર આવી હતી.

જયારે બીજા બનાવમાં કોઠારીયા રોડ વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની સગીરા ગત તા. ૨૪ ના રોજ પોતાના ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા તેના પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેનો કોઇ પતો ન લાગતા તેના પિતાએ આજી ડેમ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (૩-૧૪)

કણકોટ ચોકડી શુભમંગલ પાર્ટી પ્લોટ પાસે કારની ઠોકરે માધાપરના મનસુખભાઇનું મોત

ગોંડલ રોડ ચોકડીથી એક્ટીવા હંકારી ઘરે જતાં હતાં ત્યારે બનાવઃ ઝાલાવડીયા પરિવારમાં શોકની કાલીમાઃ તાલુકા પોલીસે કારચાલક સામે ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૨૮ઃ શહેરના મોટા મવા કણકોટ ચોકડી શુભમંગલ પાર્ટી પ્લોટ પાસે કારની ઠોકરે એક્ટીવા ચડી જતાં તેના ચાલક માધાપર ગામ વૃંદાવન સસાયટી શેરી ન. ૨માં રહેતાં સામાજીક આગેવા મનસુખભાઇ મોહનભાઇ ઝાલાવડીયા (ઉ.વ.૬૦)નું ગંભીર ઇજા થતાં મોત થયું છે.



જાણવા મળ્યા મુજબ માધાપર રહેતાં મનસુખભાઇ ઝાલાવડીયા-પટેલ હરસિધ્ધી ઓટો મોબાઇલમાં નોકરી કરતાં હતાં. તેઓ સાંજે સાડા સાતેક વાગ્યે કણકોટ ચોકડી શુભમંગલ પાર્ટી પ્લોટ પાસેથી એક્ટીવા જીજે૦૩કેઆર-૭૯૭૦ હંકારીને જતાં હતાં ત્યારે જીજે૦૩પીડી-૭૦૦૮ નંબરની ગ્લોસ્ટર કારની ઠોકરે ચડી જતાં એક્ટીવા સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફ મારફત થતાં તાલુકા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કિશનભાઇ અજાગીયા સહિતે હોસ્પિટલે પહોંચી મૃતકના પુત્ર કાર્તિકભાઇ મનસુખભાઇ ઝાલાવડીયા (ઉ.વ.૩૦)ની ફરિયાદ પરથી કારચાલક સામે ગુનો નોંધ્યો છે.

મૃત્યુ પામનાર મનસુખભાઇ ત્રણ બહેન અને ચાર ભાઇમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. મનસુખભાઇ ગોંડલ ચોકડીએ ગયા હોઇ ત્યાંથી પરત ઘરે જતાં હતાં ત્યારે રસ્તામાં આ બનાવ બન્યો હતો. મોભીના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. (૧૪.૧૧)

યુવતિને ફસાવી દૂષ્કર્મ આચરનારા શિક્ષક, મદદ કરનાર શિક્ષીકા સામે બીજો ગુનો

ભોગ બનનારના લગ્ન મંડપમાં ઘુસી તેણીના થનાર પતિને મર્ડર કરી નાંખવાની અને તેણીના પિતાને પણ મારી નાખવાની ધમકી દીધી'તીઃ મુકેશ અને પ્રીતિ સામે શાપર પોલીસે ગુનો નોંધ્યો

રાજકોટ તા. ૨૮ઃ શહેરમાં રહેતી એક યુવતિને માધાપર ચોકડી પાસે રહેતાં પરણેલા શિક્ષકે અન્ય શિક્ષીકાની મદદથી ફસાવી દૂષ્કર્મ આચરી ન્યુડ ફોટા વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ ૪.૫૦ લાખ પડાવી તેમજ યુવતિના લગ્ન મંડપમાં પહોંચી હોબાળો કરી લગ્ન અટકાવી દેતાં યુનિવર્સિટી પોલીસમાં ગુનો દાખલ થયો છે. આ દરમિયાન આ શિક્ષક અને તેની સાથેની યુવતિ સામે શાપર પોલીસે પણ વધુ એક ગુનો દાખલ કર્યો છે. આ અંગે ભોગ બનનાર યુવતિના પિતાએ ફરિયાદ કરી છે.

રાજકોટમાં રહેતા ૬૨ વર્ષના વૃદ્ધએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મુકેશ રવજી સોલંકી (રહે. માધાપર ચોકડી, રાજકોટ) અને પ્રીતિ ઘેટીયા (રહે. સાધુ વાસવાણી રોડ, રાજકોટ)ના નામ આપ્યા છે. વૃધ્ધે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ રાજકોટમાં દુકાન ચલાવી ગુજરાન ચલાવે છે. સંતાનમાં એક દિકરો તથા એક દિકરી છે, પુત્રી ૩૩ વર્ષની છે. દિકરી વર્ષ ૨૦૨૨માં નજીકના ગામ વિપશ્યના શિબીરમાં ગઇ હતી. ત્યારે રાજકોટમાં સાધુવાસવાણી વિસ્તારમાં રહેતા પ્રીતિબેન ઘેટીયા સાથે તેને પરીચય થયો હતો. તેઓ બંને એકબીજાના ઘરે આવતા જતા હતા. ફરીયાદીનાં દિકરીના ગોંડલ રોડ ઉપર આવેલ એક પાર્ટી પ્લોટ ખાતે લગ્નનુ આયોજન કર્યું હતુ.

ફરીયાદી તેમજ અન્ય સગા સંબંધી દીકરીના લગ્નમાં હાજર હતા અને તેના લગ્ન ચાલુ હોય તે વખતે રાતના આઠેક વાગ્યાની આસપાસ પ્રીતિબેન ઘેટીયા તથા તેમના મિત્ર મુકેશ સોલંકી પાર્ટી પ્લોટે આવી અને દિકરી તેમજ જાનૈયા હતા ત્યાં આવી બન્ને જણા દિકરીને કહેવા લાગેલ કે, તું તારા લગ્ન મંડપમાંથી બહાર નીકળી જા, જો બીજા કોઇ જોડે લગ્ન કર્યા તો તારૂ મર્ડર કરી નાખીશું, મારે આ કન્યા સાથે ઘણા સમયથી સંબંધ છે. તેમ કહી દિકરી વિશે ખરાબ વાતો કરવા લાગ્યો હતો.

ફરીયાદીએ વચ્ચે પડી બંને આરોપીને ગાળો ન બોલવા અને અહીથી જતા રહેવા માટે સમજાવતા બંનેએ તેઓને પણ ગાળો આપી કહેવા લાગેલ કે ડોસા તારી દિકરીના બીજા કોઇ જોડે લગ્ન કર્યા છે તો પતાવી દઇશ તેમ કહી ધમકી આપી હતી. દેકારો થવા લાગતા આ બન્ને જણા પાર્ટી પ્લોટથી જતા રહેલ હતાં.

બંને આરોપીએ ફરીયાદીની દિકરી વિશે ખરાબ વાતો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોઇ અને પાર્ટી પ્લોટમાં દેકારો થવા લાગતાં જમાઇ તથા તેમના પરીવારના સભ્યોએ દિકરી સાથે લગ્ન નહીં કરવાનો નિર્ણય લઇ તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનિય છે કે યુનિવર્સિટીમાં નોંધાયેલા દૂષ્કર્મના ગુનામાં પ્રીતિ પકડાઇ ગઇ હતી, મુકેશ હજુ ફરાર છે. ત્યાં બીજો ગુનો શાપરમાં નોંધાયો છે. (૧૪.૧૧)

મેટોડા જીઆઇડીસીમાં દિપકભાઇના કારખાનામાં રૂા. ૬.૧૬ લાખની ચોરી

તસ્કરો કારખાનામાં ઓફિસના દરવાજાનો લોક તોડી રૂા.૬ લાખ રોકડા, બે મોબાઇલ ઉઠાવી ગયા

રાજકોટઃ તા. ૨૮, મેટોડા જીઆઇડીસી. ગેઇટ નં. ૨ માં આવેલા કારખાનાને નિશાન બનાવી તસ્કરો કારખાનામાં પ્રવેશ કરી ઓફિસના દરવાજાનો લોક અને કાચ તોડી ટેબલના ખાનામાંથી રોકડ તથા બે મોબાઇલ ફોન મળી રૂા. ૬.૧૬ લાખની માલમતા ચોરી જતા ફરિયાદ થઇ છે.

મળતી વિગત મુજબ રાજકોટના અમીન માર્ગ પર ભરતવન સોસાયટીમાં રહેતા દિપકભાઇ મોહનભાઇ ઘેટીયા (ઉ.વ.૪૯) ના મેટોડા જીઆઇડીસી ગેઇટ નં. ૨ માં પ્લોટ નં.જી-૧૯૩૫/૩ માં આવેલા લેકસમો પોલીફલેકસ ઇન્ડસ્ટ્રીઝ નામના કારખાનાને નિશાન બનાવી તસ્કરો કારખાનામાં પ્રવેશ કરી અંદર ઓફિસના દરવાજાનો કશાચ તોડીને લોક તોડયો હતો બાદ અંદર પ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલા કુલ ૬ લાખની રોકડ તથા રૂા. ૮ હજારની કિંમતના બે મોબાઇલ ફોન મળી રૂા. ૬,૧૬,૫૦૦ ની માલમતા ચોરી ગયા હતા, ગઇ કાલે સવારે કારખાનામાં કામ કરતા કર્મચારીઓ કારખાને આવતા ઓફિસના દરવાજાનો કાચ અને લોક તુટેલો જોવા મળ્યો હતો અને અંદર સામાન વેરવીખેર જોતા તુરત જ જાણ કરતા કારખાનાના માલિક દિપકભાઇ ઘેટીયા દોડી આવ્યા હતા તેણે જાણ કરતા મેટોડા પોલીસ મથકના પીઆઇ.એસ.એમ. શર્મા સહિતના સ્ટાફે સ્થળ પર પહોંચી કારખાનાના માલિક દિપકભાઇની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પાટણ નશા મુકિત કેન્દ્રમાં ભરતી થનાર હાર્દિક સુથાર હત્યા કેસમાં આરોપી જામીન પર

રાજકોટઃ તા.૨૮, અત્રે મર્ડર કેસના ગુન્હામાં સંડોવાયેલ આરોપીના જામીન મંજુર કરી ગુજરાત હાઇકોર્ટ જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત એવી છે કે આ કામના આરોપી જયદિપ ધીરૂભાઇ રૂપાપરા રહે. રાજકોટવાળાની સામે પાટણ બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ખુનનો ગુન્હો નોંધાયેલ હતો, જેમાં કેસની હકીકત જોઈએ તો પાટણ ખાતે નશા મુકિત કેન્દ્રમાં હાલના અરજદાર/આરોપીને નશા મુકિત માટે ભરતી કરવામાં આવેલ હોય જે દરમિયાન નશા મુકિત કેન્દ્રમાં આ કામના મરણ જનારને હાર્દિક સુથાર હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ ભેગા મળીને મરણ જનારને ઢોરમાર મારેલ હોય અને ઢોરમાર માર્યા બાદ તેને અર્ધ હાલતમાં સળગાવી નાખેલ હોય જેથી તેમનું મૃત્યુ થયેલ હતુ અને આ કામમાં કુલ ૯ આરોપીઓને જેલહવાલે કરવામાં આવેલ હતા.

ત્યારબાદ હાલના અરજદાર / આરોપી જયદિપ ધીરૂભાઇ રૂપાપરાએ કાયમી જામીન પર મુકત થવા માટે તેમના એડવોકેટ દ્વારા પાટણ કોર્ટ તેમજ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી ગુજારેલ, તેમાં વકીલની દલીલો ધ્યાને રાખીને જયદિપ ધીરૂભાઈ રૂપાપરાને ગુજરાત હાઈકોર્ટે કાયમી જામીન પર મુકત થવાનો હુકમ કરેલ હતો.

આ કામના અરજદાર / આરોપી વતી રાજકોટના સીનીયર એડવોકેટો રાહુલ બી. ચોરીયા તેમજ જાહિદ એન. હિંગોરા રોકાયેલા હતા તેમજ ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ બળવંતસિંહ એન. સોલંકી રોકાયેલ હતા. (૩૫-૧૮)

એલએલબીના છાત્ર રિક્ષાચાલક યુવાને બ્લેકમેઇલીંગથી કંટાળી ફિનાઇલ પીધું

રૈયાધારના યુવાનની રિક્ષામાં મુસાફર તરીકે યુવતિ બેઠી હોઇ ફોન નંબરની આપ-લે થતાં વાતચીત કરતાં હતાંઃ યુવાને ખોટુ થતું હોવાનું લાગતાં મિત્રતા ખતમ કરતાં દોઢ લાખ માંગી હેરાન કરતી હોવાનો આક્ષેપ

રાજકોટ તા. ૨૮ઃ શહેરના રૈયાધાર ટાઉનશીપ સરકારી કવાર્ટરમાં રહેતાં અને એલએલબીમાં અભ્યાસ કરવાની સાથે સાથે રિક્ષા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં અનિલ રવજીભાઇ બેડવા (ઉ.વ.૨૨) નામના યુવાને રાતે એક વાગ્યે ઘરે ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ યુવાનના પિતાએ આક્ષેપ કર્યો છે કે એક જેતપુર પંથકની યુવતિ જે તેના પતિને મુકીને રાજકોટ આવી છે તેણે મારા દિકરાની રિક્ષામાં મુસાફરી વખતે ફોન નંબરની આપ-લે કરી બાદમાં તેને ફસાવ્યો હતો. દિકરાને ખબર પડી જતાં તેણે રીલેશન પુરા કરતાં આ યુવતિ બ્લેકમેઇલ કરી ખોટી ફરિયાદ કરતી હોઇ કંટાળીને મારો દિકરો ફિનાઇલ પી ગયો હતો.

અનિલ બેડવા બે બહેનનો એકનો એક ભાઇ છે. તેણે રાતે ફિનાઇલ પી લેતાં સારવાર માટે ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. અનિલના પિતા રવજીભાઇએ જણાવ્યું હતું કે ચારેક મહિના પહેલા મારો દિકરો રિક્ષાના ફેરા કરતો હતો ત્યારે યુવતિ તેમાં મુસાફર તરીકે બેઠી હતી. બાદમાં તેણીએ પોતાને રોજ બરોજ બહાર આવવા-જવાનું હોય છે તેમ કહી પોતાના નંબર આપી મારા દિકરાના ફોન નંબર પણ લીધા હતાં.

આ પછી બંને એક બીજા સાથે મેસેજમાં વાતો કરતાં હોઇ રિલેશનશીપ થઇ હતી. પણ બાદમાં મારા દિકરાને ખબર પડી હતી કે યુવતિ તેની સાથે ખોટુ કરી રહી છે આથી તેણે એકાદ મહિના પહેલા રિલેશન ખતમ કરી દીધા હતાં. આ પછી તે દોઢ લાખ રૂપિયા માંગી મારા દિકરાને હેરાન કરે છે અને યુનિવર્સિટી પોલીસમાં અરજી કરી મારા દિકરાને હેરાન કરે છે. આથી કંટાળીને તેણે ફિનાઇલ પીધુ હતું. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. (૧૪.૧૨)

રાજ્યમાં વધુ એક BLO શિક્ષકનું કરૂણ મોતઃ મહેસાણાના સુદાસણ ગામે ફરજ દરમિયાન હાર્ટએટેક

મહેસાણાના સુદાસણ ગામમાં BLOને આવ્યો હાર્ટએટેકઃ દિનેશ રાવળ નામના BLOનું હાર્ટ એટેક આવતા મોતઃ SIRની કામગીરી દરમિયાન આવ્યોહાર્ટ એટેક

મહેસાણા, તા.૨૮ઃ ગુજરાત રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરીના બોજ હેઠળ ફરજ બજાવતા શિક્ષકો પરના તણાવનો વધુ એક કરૂણ કિસ્સો સામે આવ્યો છે.



મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના સુદાસણ ગામમાં BLO (બૂથ લેવલ ઓફિસર) તરીકે ફરજ બજાવતા શિક્ષક દિનેશ રાવળનું હાર્ટ એટેક આવવાથી નિધન થયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુદાસણ કન્યા શાળાના મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અને BLO તરીકેની વધારાની જવાબદારી નિભાવતા દિનેશ રાવળનું ગત રાત્રે આશરે ૨ વાગ્યાની આસપાસ હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું છે. સ્થાનિક સૂત્રો અને શાળાના આચાર્યના નિવેદન મુજબ દિનેશ રાવળ સતત છેલ્લા બે-ચાર દિવસથી રાત્રે ઊઠીને SIR (સ્પીશિયલ સમરી રિવિઝન)ની કામગીરી અંતર્ગત ફોર્મ અપલોડ કરવાનું કામ કરી રહ્યા હતા.

SIRની મોબાઈલ એપ્લિકેશન બરાબર કામ ન કરતી હોવાને કારણે તેઓ રાત્રિના સમયે જાગીને આ કામગીરી પૂર્ણ કરવા પ્રયત્નશીલ હતા. ગઈ રાત્રે પણ તેઓ લગભગ ૨ વાગ્યે ફોર્મ અપલોડ કરવાનું કામ કરી રહ્યા હતા, તે દરમિયાન તેમને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. તાત્કાલિક સારવાર માટે તેમને વડનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃત્યુ થયું ત્યાં સુધીમાં દિનેશભાઈએ તેમની BLO કામગીરી લગભગ ૭૦% જેટલી પૂરી કરી દીધી હતી.

સમગ્ર ઘટના અંગે સુદાસણા પગાર કેન્દ્ર શાળાના આચાર્ય ગોવિંદસિંહ બારડ એ નિવેદન આપ્યું હતું. તેમણે શિક્ષકો પરના તણાવ તરફ ઈશારો કરતા જણાવ્યું હતું કે શિક્ષકોમાં સ્ટ્રેસ એ વાતનો હતો કે ટૂંકાગાળાની અંદર જે એમને ગોલ આપેલો હતો એ પૂરો કરવાનો હતો. એમાં પણ સર્વર છે તે બરાબર કામ કરતું નથી. ફોર્મ અપલોડ કરવાના હોય ત્યારે સર્વર બરાબર કામ કરતું નથી.

ઉલ્લેખનીય છે કે, બીજી તરફ કામગીરી પૂરી કરવા માટે સતત દબાણ રહેતું હોય છે. BLOની કામગીરી નિભાવતા શિક્ષકનું રાત્રે કામગીરીના દબાણ હેઠળ હાર્ટ એટેકથી નિધન થતાં સુદાસણ ગામ અને મહેસાણા જિલ્લાના શિક્ષક આલમમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે, અને સાથે જ ફરજ દરમિયાનના તણાવ અંગે ગંભીર સવાલો ઊભા થયા છે. (૨૨.૨૦)

ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડની હેરાનગતિને લીધે છાત્રાએ દવા-ફિનાઇલ પીધા

રાજકોટ તા. ૨૮ઃ શહેરનાં ગોંડલ રોડ વિસ્તારમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી ૨૦ વર્ષની યુવતિએ ઉંદર મારવાની દવા અને ફિનાઇલ બંને પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી.

યુવતિ એક ભાઇથી મોટી છે. તેના પિતા છુટક મજૂરી કરે છે. તેણીએ કહ્યું હતું કે છએક મહિના પહેલા મારો પરિચય ઇન્સ્ટાગ્રામ મારફત એક શખ્સ સાથે થયો હતો. પણ તે ખોટુ કરતો હોઇ તેમ લાગતાં મેં એકાદ મહિનાથી તેની સાથેના સંપર્ક કાપી નાંખ્યા છે. આમ છતાં તે ધરાર મિત્રતા રાખવાનું કહી ધમકી આપી હેરાન કરતો હોઇ જેના કારણે મેં આ પગલુ ભર્યુ હતું. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી છે. (૧૪.૧૨)

વિદેશી દારૂના ચાર ગુનામાં સામેલ અલીમઅલી પાસામાં ધકેલાયો

પીસીબીના પી.એસ.આઇ. પી.બી. ગાજીયા તથા ટીમે વોરંટની બજવણી કરી વડોદરા જેલ હવાલે કર્યો



રાજકોટઃ તા.૨૮, શહેરના અલગ -અલગ વિસ્તારમાં વિદેશીદારૂના ચાર ગુનામાં સામેલ બુટલેગરને પીસીબીની ટીમે પાસા હેઠળ અટકાયત કરી વડોદરા જેલમાં ધકેલી દીધો હતો.

મળતી વિગત મુજબ શહેરના એ-ડિવીઝન, થોરાળા અને ભકિતનગર પોલીસ મથકમાં વિદેશીદારૂના ચાર ગુનામાં સામેલ અલીમઅલી અનીશભાઇ શેખ (ઉ.વ. ૩૬) (રહે. જંગલેશ્વર શેરી નં. ૨, નદીના કાંઠા પાસે) ને પાસામાં ધકેલવા માટે પીસીબીના ઇન્ચાર્જ પી.આઇ.એમ.આર. ગોંડલીયા તથા એમ.જે. હુણે દરખાસ્ત કરતા પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝાએ વોરંટ ઇશ્યુ કરતા પીસીબીની ટીમે બુટલેગર અલીમઅલી શેખની પાસા હેઠળ અટકાયત કરી વોરંટની બજવણી કરી વડોદરા જેલમાં ધકેલી દીધો હતો.

આ કામગીરી પીએસઆઇ પી.બી.ત્રજીયા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, રાજુભાઇ દહેકવાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડેજા, વિજયભાઇ મહેતા, રાહુલગીરી ગૌસ્વામી, ઇન્દ્રજીતસિંહ સિસોદીયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી તથા હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી. (૩૫-૧૭)

રાજકોટમાં ફુલેલી- ફાલેલી દારૂ- નશીલા દ્રવ્યોની પ્રવૃતિઓ ઉપર કડક પગલા કયારે?: કોંગ્રેસનો પોલીસ કમિશનરને વેધક સવાલ

રાજકોટઃ શહેર કોંગ્રેસ સમિતિ અને મહિલા કોંગ્રેસ સમિતિના આગેવાનીમાં રાજકોટ શહેર પોલીસ કમિશનરને રાજ્ય સરકારની મીઠી નજર હેઠળ ચાલતા દારૂના અડ્ડા અને ડ્રગ્સ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવા ૧૦૦ થી વધુ કોંગ્રેસના આગેવાનો- કાર્યકરો દ્વારા પોલીસ કમિશનરને વિસ્તૃત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડો. રાજદિપસિંહજી જાડેજા, મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ દીપ્તિબેન સોલંકી, અતુલ રાજાણી, જશવંતસિંહ ભટ્ટી, વશરામભાઇ સાગઠીયા, શ્રીમતી કોમલબેન હરેશભાઇ ભારાઇ, મનીષાબા વાળા, ડી પી મકવાણા, સલીમભાઇ કારિયાણીયા, મનીષાબા વાળા, બિંદીયાબેન તન્ના, જીગ્નેશ બોરડ, દિલીપભાઇ આસવાણી, કંચનબેન વાળા, મેરૂમબેન કુરેશી, જયાબેન ચૌહાણ, પુનમબેન રાજપૂત, કૃષ્ણદત રાવલ, રણજીત મુંધવા, વૈશાલીબેન સિંદે, દીપુબેન રવૈયા, સંજયભાઇ લાખાણી, ઈબ્રાહીમ સોરા, ગજેન્દ્રસિંહ ઝાલા, ગીરીશભાઇ પટેલ, ધર્મેશ સોલંકી, જગુભા જાડેજા, ગૌરવ પુજારા, જલ્પેશ વાઘેલા, પૂનમબેન રાજપૂત, મયુરભાઇ શાહ, વિજયસિંહ જાડેજા સહિતના કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (૨.૧૭)



રાજકોટ શહેર અને મહિલા કોંગ્રેસ સમિતી દ્વારા દારૂ-નશીલા દ્રવ્યોની ફુલેલી- ફાલેલી પ્રવૃતિઓ નાથવા કડક પગલાની પોલીસ કમિશનર બ્રજેશ ઝા સમક્ષ માંગણી કરવામાં આવી હતી. (ફોટોઃ સંદિપ બગથરીયા) (૨.૧૭)

૬૦૦થી વધુ ઘર તબાહઃ બદુલ્લા અને નુવારા એલિયામાં સૌથી વધુ મૃત્યુ, સેના દ્વારા યુદ્ધના ધોરણે બચાવ કામગીરી શરૂઃ જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ

'દિત્વા' વાવાઝોડાએ શ્રીલંકાને ધમરોળ્યુંઃ ૫૬ના મોત



કોલંબો સહિત દેશભરમાં 'કુદરતનો પ્રકોપ' તબાહી લાવ્યોઃ ભારે વરસાદથી સરકારી કચેરીઓ અને શાળાઓ બંધ, રેલ-રોડ વ્યવહાર ખોરવાયો

કોલંબો, તા.૨૮: શ્રીલંકા હાલમાં તેના ઈતિહાસના સૌથી ગંભીર હવામાન સંકટનો સામનો કરી રહ્યું છે, જ્યાં છેલ્લા ૪૮ કલાકમાં થયેલા અવિરત અને અસાધારણ ભારે વરસાદને કારણે દેશભરમાં પૂર અને ભૂસ્ખલનનો તાંડવ મચી ગયો છે. અત્યાર સુધીમાં ૫૬ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૬૦૦થી વધુ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે, જેના કારણે જાનમાલનું મોટું નુકસાન થયું છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા સરકારે તાત્કાલિક અસરથી તમામ સરકારી કચેરીઓ, શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો આદેશ આપ્યો છે, જેથી લોકોની અવરજવર અટકે અને વધુ જાનહાનિ ટાળી શકાય. અનેક મોટા રસ્તાઓ, રેલવે ટ્રેક અને વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે, જેના કારણે દેશભરનું જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના જણાવ્યા અનુસાર, સૌથી વધુ વિનાશ પહાડી ચાના બગીચા ધરાવતા વિસ્તારો - બદુલ્લા અને નુવારા એલિયામાં થયો છે. આ વિસ્તારોમાં માત્ર એક જ દિવસમાં ભૂસ્ખલનને કારણે ૨૫ થી વધુ લોકોના મૃત્યુ થયા છે, અને હજી પણ ૨૧ લોકો ગુમ હોવાની આશંકા છે. કાદવ અને ખડકો ધસી પડવાના કારણે પર્વતીય માર્ગો બ્લોક થઈ ગયા છે, જ્યારે મેદાની વિસ્તારોમાં નદીઓ અને તળાવો છલકાઈ જતાં અનેક સ્થળોએ રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે. પૂર્વના શહેર અંપરા નજીક તો પૂરના પાણીમાં એક કાર તણાઈ જતાં ત્રણ મુસાફરોના કરૂણ મોત નીપજ્યા હતા, જે આ સંકટની ભયાનકતા દર્શાવે છે. રેલવે ટ્રેક પર કાટમાળ પડવાથી ટ્રેન સેવાઓ પણ ખોરવાઈ ગઈ છે.

શ્રીલંકામાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. નૌકાદળ, પોલીસ અને વાયુસેનાની ટીમોએ સાથે મળીને હોડીઓ અને હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ડઝનબંધ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે. સ્થાનિક ટીવી ચેનલો પર વાયુસેનાના હેલિકોપ્ટર દ્વારા પૂરગ્રસ્ત ઘરની છત પર ફસાયેલા ત્રણ લોકોને બચાવવાનો વીડિયો વાયરલ થયો છે, જે બચાવકર્તાઓના શૌર્ય અને જોખમને દર્શાવે છે. જોકે, હવામાન વિભાગે આગાહી કરી છે કે વરસાદ ટૂંક સમયમાં બંધ થવાની શક્યતા નથી, જેનો અર્થ છે કે પૂરનું સ્તર હજુ વધી શકે છે અને ભૂસ્ખલનનો ભય યથાવત છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, સરકારે લોકોને સતર્ક રહેવા અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરની ચેતવણીઓનું ગંભીરતાથી પાલન કરવા વિનંતી કરી છે. લોકોએ સલામતીના કારણોસર ઘરની બહાર ન નીકળવું અને પહાડી કે નીચાણવાળા વિસ્તારોમાંથી તાત્કાલિક સલામત સ્થળોએ ખસી જવું જરૂરી છે. શ્રીલંકાના નાગરિકોને આ સંકટમાંથી બહાર કાઢવા માટે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે મદદ અને સમર્થનની જરૂર છે. આ વિનાશક કુદરતી આપત્તિએ દેશના આર્થિક અને સામાજિક માળખાને મોટો ફટકો આપ્યો છે, જેના પુનર્નિર્માણ માટે લાંબો સમય અને સંયુક્ત પ્રયાસોની જરૂર પડશે. (૨૨.૧૭)

લગ્નની મોસમ દરમિયાન ભાવ ક્યાં પહોંચ્યા?

સોનું ૪૬ વર્ષનો રેકોર્ડ તોડવાની તૈયારીમાં

આ વર્ષે, સોનાના ભાવ લગભગ દરેક મહિને વધ્યા છે, જે ૪૬ વર્ષમાં તેનું શ્રેષ્ઠ પ્રદર્શન છે

નવી દિલ્હી, તા.૨૮: આ વર્ષે સોનાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. સોનાના ભાવ સતત ચોથા મહિને વધવાના માર્ગે છે. આ વર્ષે, સોનાના ભાવ લગભગ દરેક મહિને વધ્યા છે, જે ૧૯૭૯ પછીનું તેનું શ્રેષ્ઠ વાર્ષિક પ્રદર્શન છે. MCX પર ૫ ફેબ્રુઆરીના ડિલિવરી માટે સોનાના ભાવમાં રૂ.૭૦૦ થી વધુનો વધારો થયો છે. તે પાછલા સત્રમાં રૂ.૧૨૭,૬૬૭ પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયો હતો અને આજે રૂ.૧૨૮,૩૫૨ પર ખુલ્યો હતો. સવારે ૧૧૪૨ વાગ્યે, તે રૂ.૭૧૩ વધીને રૂ.૧,૨૮,૩૮૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

યુએસ ફેડરલ રિઝર્વ ડિસેમ્બરમાં વ્યાજ દરોમાં ઘટાડો કરશે તેવી અપેક્ષાએ સોનાના ભાવ વધી રહ્યા છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, યુએસ આર્થિક બંધ ડેટાને અવરોધી રહ્યો છે. આમ છતાં, સોનું ૧૯૭૯ પછીના તેના શ્રેષ્ઠ વાર્ષિક પ્રદર્શનના માર્ગ પર છે. શુક્રવારે, સોનું લગભગ ૪,૧૭૦ પ્રતિ ઔંસના સ્તરે ટ્રેડ થઈ રહ્યું હતું, જે એક અઠવાડિયામાં ૨ થી વધુનો વધારો દર્શાવે છે. જ્યારે વ્યાજ દર ઘટે છે, ત્યારે સોના જેવી સંપત્તિઓને ફાયદો થાય છે કારણ કે તેઓ કોઈ વ્યાજ ચૂકવતા નથી.

ભાવ કેમ વધી રહ્યો છે?

નવેમ્બરના ટોચથી થોડો ઘટાડો થવા છતાં, સોનું ૪,૦૦૦ પ્રતિ ઔંસના સ્તરથી ઉપર રહ્યું છે. સોના સાથે જોડાયેલા ETF માં છેલ્લા ત્રણ અઠવાડિયાથી સ્થિર પ્રવાહ જોવા મળ્યો છે. ઘણા દેશોની સેન્ટ્રલ બેંકો પણ સોનાની ભારે ખરીદી કરી રહી છે. ત્રીજા ક્વાર્ટરમાં સેન્ટ્રલ બેંક સોનાની ખરીદીમાં પાછલા વર્ષની સરખામણીમાં ૧૦% નો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, આ બેંકોએ કુલ ૨૨૦ ટન સોનું ખરીદ્યું હતું.

દરમિયાન, આજે ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ૫ માર્ચે ડિલિવરી માટે ચાંદીનો ભાવ રાત્રે



૧૨:૧૦ વાગ્યે પ્રતિ કિલોગ્રામ રૂ. ૧૬૭,૯૩૧ પર ટ્રેડ થઈ રહ્યો હતો, જે રૂ. ૧,૯૪૪ અથવા ૧.૧૭% વધીને રૂ.૧,૬૫,૯૮૭ પર બંધ થયો હતો અને આજે રૂ.૧,૬૭,૧૯૦ પર ખુલ્યો હતો. શરૂઆતના વેપારમાં, તે રૂ.૧,૬૬,૯૮૦ ના નીચા અને રૂ. ૧,૬૮,૫૫૩ ના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યો હતો. (૨૩.૨૧)

યુવાનો સંવિધાનને માત્ર વાંચે નહીં, પરંતુ પોતાના જીવનમાં આત્મસાત કરે : ડો. અનામિક શાહ

રાજકોટ : ૨૬ નવેમ્બર, સંવિધાન દિવસ નિમિત્તે 'યુથ ફોર ડેમોક્રેસી' અને 'ભારત સેવક સમાજ'ના સંયુક્ત આયોજન હેઠળ સંવિધાન સ્વીકારણીનો સ્મૃતિદિન, નાગરિક જાગૃતિ અને લોકશાહી મૂલ્યોની ઉજવણી સાથે મનાવવામાં આવ્યો. ભારતનું સંવિધાન નાગરિકોના અધિકારો, કર્તવ્યો, ન્યાય-સ્વતંત્રતા-સમાનતા-બાંધવતા જેવા આધારભૂત સિદ્ધાંતો તથા શાસનવ્યવસ્થાની સ્પષ્ટ રચનાને માર્ગદર્શન આપે છે - તે તત્વોને સમજાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



'યુથ ફોર ડેમોક્રેસી'ના પ્રમુખ એડવોકેટ હિંમતભાઈ લાબડીયાએ સંવિધાન દિવસ પાછળનો ઈતિહાસ, મહત્વ અને યુવાનોને જાગૃતતાના હેતુની વ્યાખ્યા રજૂ કરી. તેમણે લોકશાહી માત્ર મતદાન પૂરતી જ નથી. પરંતુ સજાગ અને જવાબદાર નાગરિક બનાવવાની સતત પ્રક્રિયા છે તેમ જણાવ્યું.

મુખ્ય વક્તા તરીકે ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ વા. ચાન્સેલર ડો. અનામિકભાઈ શાહે સંવિધાનની રચના ડો. બાબાસાહેબ આંબેડકરનો દ્રષ્ટિકોણ અને પ્રસ્તાવનામાં સમાવાયેલા મૂલ્યોની સમયોચિત વ્યાખ્યા આપતાં હાજર પ્રેક્ષકોને પ્રેરિત કર્યા. તેમણે ખાસ કરીને યુવાનો સંવિધાનને માત્ર વાંચે નહીં, પરંતુ જીવનમાં આત્મસાત કરે તે જરૂરી હોવાનું મક્કમતાથી જણાવ્યું હતું. તેમણે લોકશાહીના ચાર સ્તંભો વિશે જાણકારી આપી તેમની કામગીરી અંગે વિગતવાર સમજ આપી હતી.

એડવોકેટ ગૌતમભાઈ દવેએ પોતાના પ્રવચનમાં સંવિધાનિક અધિકારો સાથે કર્તવ્યોનું મહત્વ સમજાવ્યું અને નાનો નાગરિક પણ દેશની લોકશાહી મજબૂત બનાવી શકે તેવા ઉદાહરણો રજૂ કર્યા હતા. તેમની વાણીમાં કાનૂની પરિચય, નાગરિક જાગૃતિ અને સામાજિક જવાબદારીનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. કાર્યક્રમના અંતે ભારત સેવક સમાજના મહામંત્રી જનાર્દનભાઈ પંડયાએ સૌનો આભાર વ્યક્ત કરેલ. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં યશવંતભાઈ જનાણી, નટવરસિંહ ચૌહાણ, એડવોકેટ અતુલભાઈ જોષી, આર.વી. સોલંકી, ભાવેશભાઈ આચાર્ય, નૂતનભાઈ ભટ્ટ, એમ.જે. ચંદે, પ્રકાશભાઈ મોરી, ધર્મેન્દ્રભાઈ ગઢવી, હબીબભાઈ કટારીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. (૩૬.૧૩)

■ પ્રથમ પાનાથી ચાલુ

'ત્રીજા વિશ્વ'ના લોકોને અમેરિકામાં 'નો-એન્ટ્રી'

તમામ થર્ડ વર્લ્ડ દેશોમાંથી સ્થળાંતરને કાયમી ધોરણે રોકીશ, જેથી અમેરિકન સિસ્ટમ સંપૂર્ણપણે સુધારી શકાય. તેમણે વર્તમાન પ્રમુખ જો બિડેનના કાર્યકાળ દરમિયાન થયેલા લાખો ગેરકાયદેસર પ્રવેશને નાબૂદ કરવાની વાત કરી, જેમાં સ્લીપી જો બિડેનના ઓટોપેન દ્વારા મંજૂર કરાયેલા કિસ્સાઓનો પણ સમાવેશ થાય છે. આનો અર્થ સ્પષ્ટ છેઃ ટ્રમ્પનું લક્ષ્ય માત્ર સરહદ સુરક્ષા નથી, પરંતુ સમગ્ર ઈમિગ્રેશન પ્રક્રિયાને ધરમૂળથી બદલી નાખવાનું છે.

ટ્રમ્પે તેમના આગામી પગલાં અંગે વધુ વિગતો આપતા જણાવ્યું કે, જે લોકો અમેરિકા માટે ઉપયોગી નથી અથવા દેશને પ્રેમ કરતા નથી, તેમને હાંકી કાઢવામાં આવશે. આ સિવાય, બિન-નાગરિકો માટેના તમામ ફેડરલ લાભો અને સબસિડીઓ નાબૂદ કરવામાં આવશે. સૌથી મહત્ત્વની જાહેરાત એ છે કે જે ઈમિગ્રન્ટ્સ દેશની શાંતિને નુકસાન પહોંચાડે છે તેમની નાગરિકતા રદ કરવામાં આવશે, અને જે વિદેશી નાગરિકો સુરક્ષા માટે જોખમી છે અથવા પશ્ચિમી સંસ્કૃતિ સાથે અસંગત છે તેમને દેશનિકાલ કરવામાં આવશે. આ પગલાં ગેરકાયદેસર અને વિક્ષેપકારક વસ્તીમાં મોટો ઘટાડો કરવાના ઉદ્દેશથી લેવામાં આવ્યા છે, ખાસ કરીને એવા લોકોમાં જેમને કથિત રીતે અનધિકૃત અને ગેરકાયદેસર ઓટોપેન પ્રક્રિયા દ્વારા યુએસમાં પ્રવેશ અપાયો હતો.

ટ્રમ્પના આ આકરા નિવેદનો વૈશ્વિક સ્તરે ચર્ચાનો વિષય બન્યા છે. થર્ડ વર્લ્ડ દેશોમાંથી આવતા લોકો માટે આ નિર્ણય એક મોટી ચિંતાનો વિષય છે, જ્યારે અમેરિકામાં કડક ઈમિગ્રેશન નીતિના સમર્થકો માટે આ એક મોટી જીત સમાન છે. આ ઘટનાક્રમ દર્શાવે છે કે ઈમિગ્રેશનનો મુદ્દો આગામી યુએસ પ્રમુખીય ચૂંટણીમાં એક કેન્દ્રીય અને અત્યંત ભાવનાત્મક મુદ્દો બની રહેશે. હવે જોવાનું એ રહે છે કે ટ્રમ્પના આ નિવેદનો વૈશ્વિક રાજકારણ અને માનવાધિકાર સંગઠનોમાં કેવી પ્રતિક્રિયાઓ જન્માવે છે અને ભારતીય સમુદાય સહિત અન્ય એશિયન સમુદાયો પર તેની શું અસર થાય છે. (૨૨.૧૪)

ટોક્યોને પાછળ રાખી દીધું જાકાર્તાએઃ દિલ્હી ટોપ-૩માંથી ફેંકાયુંઃ ઢાકા બીજા ક્રમે વસ્તી ૩.૬૬ કરોડ

જાકાર્તા હવે વિશ્વનું સૌથી મોટું શહેરઃ વસ્તી ૪.૧૯ કરોડ

ત્રીજા ક્રમે ટોક્યો જેની વસ્તી ૩.૩૪ કરોડઃ દિલ્હી ચોથા ક્રમેઃ ૩.૨૦ કરોડની વસ્તીઃ પાંચમું શાંઘાઈ, કોલકત્તા ૨.૨૫ કરોડની વસ્તી સાથે ૮મું



ટોપ-૧૦માં ૯ શહેરો એશિયાના

નવી દિલ્હી,તા.૨૮: શહેરો હવે વિશ્વના નકશા પર ફક્ત ઈમારતોનો સંગ્રહ નથી રહ્યા પરંતુ માનવ સભ્યતાના હૃદયના ધબકારા બની ગયા છે. સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના અહેવાલ વર્લ્ડ અર્બનાઈઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫ એક એવું ચિત્ર રજૂ કરે છે જે ફક્ત વર્તમાનને જ નહીં પરંતુ ભવિષ્યના પડકારોને પણ પ્રકાશિત કરે છે. અહેવાલ મુજબ ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા હવે વિશ્વનું સૌથી મોટું શહેર બની ગયું છે, જેની વસ્તી આશરે ૪૨ મિલિયન છે. આ ખિતાબ દાયકાઓથી જાપાનની રાજધાની,ટોક્યો પાસે હતો, પરંતુ હવે ટોક્યો ત્રીજા સ્થાને સરકી ગયો છે. બાંગ્લાદેશની રાજધાની, ઢાકા, બીજા સ્થાને છે, જ્યારે ભારતની રાજધાની, દિલ્હી, ટોચના ત્રણમાંથી બહાર નીકળી ગઈ છે.

આ પરિવર્તન ફક્ત સંખ્યાઓનો વિષય નથી. તે વૈશ્વિક શહેરીકરણની લહેરનો પુરાવો છે જે એશિયાને કેન્દ્ર સ્થાને લાવી રહી છે. આ અહેવાલમાં એવો અંદાજ છે કે ૨૦૨૫ સુધીમાં, વિશ્વની ૮.૨ અબજ વસ્તીમાંથી ૮૦ ટકા લોકો શહેરોમાં રહેશે - જે ૧૯૫૦ કરતા અનેક ગણી વધારે છે. મેગાસિટીઝ (૧૦ મિલિયનથી વધુ વસ્તીવાળા શહેરો) ની સંખ્યા ૧૯૭૫ માં ફક્ત ૮ થી વધીને ૩૩ થઈ ગઈ છે, જેમાંથી ૧૯ એશિયામાં છે.

ઈજિપ્તનું કૈરો ૨૩ મિલિયનની વસ્તી સાથે દસમા સ્થાને છે

યુએન અનુસાર, ૨૩ મિલિયનની વસ્તી સાથે ઈજિપ્તનું કૈરો એશિયાની બહારના ટોચના ૧૦ શહેરોમાં એકમાત્ર શહેર છે. બ્રાઝિલનું સાઓ પાઉલો, ૧૮.૯ મિલિયન લોકો સાથે, દક્ષિણ અમેરિકાનું સૌથી મોટું શહેર છે, જ્યારે નાઈજીરિયાનું લાગોસ પણ ઝડપથી વિકાસ પામ્યું છે, જે સબ-સહારન આફ્રિકાનું સૌથી મોટું શહેર બન્યું છે.

જકાર્તાનો ઉદયઃ એક નવું વૈશ્વિક કેન્દ્ર

જકાર્તાની સફર આશ્ચર્યજનક છે. જાવા ટાપુના પશ્ચિમ કિનારે સ્થિત, આ રાજધાની એક સમયે ડચ વસાહત (બાટાવિયા) હતી. સ્વતંત્રતા પછી (૧૯૪૫), ઝડપી આર્થિક વિકાસ, ગ્રામીણ-શહેરી સ્થળાંતર અને ઊંચા જન્મદરને કારણે તે એક મેગાસિટીમાં પરિવર્તિત થઈ ગઈ. ૨૦૨૫માં ૪.૧૯ કરોડની વસ્તી સાથે, તે આબોહવા પરિવર્તન (સમુદ્ર સપાટીમાં વધારો) અને પૂર જેવા પડકારોનો સામનો કરે છે. તેમ છતાં, ઈન્ડોનેશિયાની નવી રાજધાની, નુસંતારા (બોર્નિયોમાં) નું નિર્માણ જકાર્તાને રાહત આપી શકે છે. ઐતિહાસિક રીતે, અંગકોર (૧૨મી સદીમાં કંબોડિયા, ૧૦ લાખ) જેવા એશિયન શહેરોએ પણ ગીચ વસ્તી દર્શાવી હતી, પરંતુ જકાર્તા આધુનિક વૈશ્વિકરણનું પ્રતિનિધિત્વ કરે છે.

ઢાકાઃ સૌથી ઝડપથી વિકસતું દક્ષિણ એશિયાઈ શહેર

૩૬.૬ મિલિયનની વસ્તી સાથે, બીજા નંબરે ઢાકા, બાંગ્લાદેશની આર્થિક કેન્દ્રિયતાને પ્રતિબિંબિત કરે છે. ૧૯૭૧ના સ્વતંત્રતા યુદ્ધ પછી, તે કાપડ ઉદ્યોગ અને સ્થળાંતરનું કેન્દ્ર બન્યું. અહેવાલો અનુસાર, ઢાકા ૨૦૫૦ સુધીમાં ૫ કરોડથી વધુ વસ્તી સાથે વિશ્વનું સૌથી મોટું શહેર બની શકે છે. પરંતુ આ વૃદ્ધિ પડકારો વિના નથી - ગરીબી, પ્રદૂષણ અને પૂર (ગંગા-બ્રહ્મપુત્ર ડેલ્ટામાં) તેને સંવેદનશીલ બનાવે છે. ઐતિહાસિક રીતે, મુઘલ સમયગાળા (૧૭મી સદી) દરમિયાન ઢાકા બંગાળનું કેન્દ્ર હતું, જેની વસ્તી ૧૦ લાખ સુધીની હતી. આજે, તે એશિયાના શહેરી વિસ્ફોટનું પ્રતીક છે. તે વિશ્વનું સૌથી ગીચ વસ્તી ધરાવતું શહેર છે.

ટોક્યોનો ઘટાડોઃ જાપાનની ઘટતી વસ્તી

ટોક્યો, જે ૧૯૫૦ થી સતત યાદીમાં ટોચ પર છે, તે હવે ૩૩.૪ મિલિયન સાથે ત્રીજા ક્રમે છે. જાપાનનો ઓછો જન્મ દર (પ્રતિ મહિલા ૧.૩), વૃદ્ધત્વ અને ઈમિગ્રેશનનો અભાવ તેના પર અસર કરી છે. ૨૦૫૦ સુધીમાં તેની વસ્તી ઘટીને ૩ કરોડ થઈ શકે છે. પરંતુ ટોક્યોની વાર્તા પ્રેરણાદાયક છે - બીજા વિશ્વયુદ્ધ (૧૯૪૫માં ૭૦% નાશ પામ્યા) પછી, તે એક આર્થિક ચમત્કાર બની ગયો. ઐતિહાસિક રીતે, ટોક્યો (એડો તરીકે ઓળખાતું) ૧૮મી સદીમાં ૧૦ લાખનું શહેર હતું, જે સમુરાઈ યુગનું કેન્દ્ર હતું.

અહેવાલના અંદાજો ડરામણા છે. ૨૦૫૦ સુધીમાં, શહેરોમાં ૯૮.૬ કરોડ નવા રહેવાસીઓ ઉમેરાશે, જેમાંથી અડધા ભારત, નાઈજીરીયા અને પાકિસ્તાન જેવા દેશોના હશે. ઢાકા અને જકાર્તા ૫ કરોડને વટાવી જશે. પરંતુ પડકારો હજુ પણ બાકી છે. આબોહવા પરિવર્તન, અસમાનતા અને માળખાગત સુવિધાઓ. (૪૦.૧૭)

વિશ્વના ૧૦ સૌથી મોટા શહેરી સમૂહોની ૨૦૨૫ની યાદી

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા ૪૧.૯ મિલિયન લોકો સાથે પ્રથમ ક્રમે છે.
૩૬.૬ મિલિયન વસ્તી સાથે બાંગ્લાદેશનું ઢાકા બીજા ક્રમે છે.
જાપાનનું ટોક્યો ૩૩.૪ મિલિયન લોકો સાથે ત્રીજા ક્રમે છે.
ભારતનું નવી દિલ્હી ૩૦.૨ મિલિયન વસ્તી સાથે ચોથા ક્રમે છે.
ચીનનું શાંઘાઈ ૨૯.૬ મિલિયનની વસ્તી સાથે પાંચમા સ્થાને છે.
ચીનનું ગુઆંગઝુ ૨૭.૬ મિલિયનની વસ્તી સાથે છઠ્ઠા સ્થાને છે.
ફિલિપાઇન્સની મનીલા ૨૪.૭ મિલિયનની વસ્તી સાથે સાતમા સ્થાને છે.
ભારતનું કોલકાતા ૨૨.૫ મિલિયનની વસ્તી સાથે આઠમા સ્થાને છે.
દક્ષિણ કોરિયાનું સિઓલ ૨૨.૫ મિલિયનની વસ્તી સાથે નવમા સ્થાને છે.

૨૦૨૫ની ટોચની ૧૦ યાદી એશિયા પ્રભુત્વ ધરાવે છે

વિશ્વ શહેરીકરણ સંભાવનાઓ ૨૦૨૫ એક નવી પદ્ધતિ અપનાવે છે - શહેરીકરણની ડિગ્રી (DEGURBA), જે ભૌગોલિક માહિતી (જેમ કે ગ્લોબલ હ્યુમન સેટલમેન્ટ લેયર) પર આધારિત છે. તે રાષ્ટ્રીય સીમાઓને બદલે ગીચ વસાહતો (૧,૫૦૦ થી વધુ લોકો પ્રતિ ચોરસ કિલોમીટર) માપે છે, જે આંકડાઓને વધુ તુલનાત્મક બનાવે છે. અગાઉના અહેવાલોમાં ટોક્યો ટોચ પર હતો, પરંતુ નવી પદ્ધતિ જકાર્તાને આગળ રાખે છે.

પ્રાચીન સમયથી આધુનિક યુગ સુધી શહેરોની સફર

શહેરોનો ઈતિહાસ માનવ સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે. લગભગ ૯,૦૦૦ વર્ષ પહેલાં, જ્યારે કૃષિ ક્રાંતિએ શિકાર અને ભેગા થવાના જીવનમાં પરિવર્તન લાવ્યું, ત્યારે શહેરોનો ઉદય થયો. સંયુક્ત રાષ્ટ્ર અને ટર્ટિયસ ચેન્ડલર અને જ્યોર્જ મોડેલસ્કી જેવા ઈતિહાસકારોના અંદાજ મુજબ, પેલેસ્ટાઈનમાં જેરીકો ૭૦૦૦ બીસીમાં વિશ્વનું સૌથી મોટું શહેર હતું, જેમાં ફક્ત ૧,૦૦૦-૨,૦૦૦ લોકોની વસ્તી હતી. તે એક પ્રોટો-સિટી હતું - એક દિવાલવાળું શહેર, જ્યાં કૃષિ દ્વારા ખાદ્ય સરપ્લસ ઉત્પન્ન થતું હતું અને વસ્તી વધતી ગઈ.

સમય જતાં, શહેરો સામ્રાજ્યોના કેન્દ્રો બન્યા. ૩૧૦૦ બીસી થી ૨૨૪૦ બીસી સુધી, ઈજિપ્તનું મેમ્ફિસ સૌથી મોટું શહેર હતું, જેની વસ્તી આશરે ૩૦,૦૦૦ હતી. ત્યારબાદ, મેસોપોટેમિયા (હવે ઈરાક) માં અક્કાદનો ઉદય થયો. રોમન સામ્રાજ્યની ઊંચાઈએ, ૧૦૦ એડી માં રોમની વસ્તી ૧૦ લાખ સુધી પહોંચી ગઈ - જે તેને યુરોપનું પ્રથમ મિલિયનથી વધુ વસ્તી ધરાવતું શહેર બનાવ્યું. પરંતુ મધ્ય યુગમાં, એશિયાએ કબજો જમાવ્યો. ૯મી સદીમાં, બગદાદ (ઈરાક) પ્રથમ આધુનિક મિલિયનથી વધુ વસ્તી ધરાવતું શહેર બન્યું, જ્યાં અબ્બાસીદ ખલીફાના દરબારમાં વિજ્ઞાન, કલા અને વેપારનું પોષણ થયું. ૧૯મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિએ યુરોપને આગળ ધપાવ્યું. ૧૮૦૦માં, લંડન વિશ્વનું સૌથી મોટું શહેર હતું (લગભગ ૯૦૦,૦૦૦ લોકો સાથે), પરંતુ ૧૯૦૦ સુધીમાં, ન્યૂ યોર્ક તેનાથી આગળ નીકળી ગયું. એશિયા પાછું આવ્યું ૧૯૫૦માં ટોક્યો ટોચનું સ્થાન મેળવ્યું. સંયુક્ત રાષ્ટ્રના ડેટા દર્શાવે છે કે ૧૯૫૦ અને ૨૦૦૦ દરમિયાન શહેરી વસ્તીમાં ૭.૭ કરોડથી વધુનો વધારો થયો હતો, પરંતુ હવે એશિયા પ્રભુત્વ ધરાવે છે. ૧૮૦૦માં, આફ્રિકા અને એશિયાનો વિશ્વના ૧૦૦ સૌથી મોટા શહેરોમાં હિસ્સો વધુ હતો, પરંતુ વસાહતી યુગે યુરોપને પ્રોત્સાહન આપ્યું. આજે, ૨૦૨૫માં, એશિયાના નવ શહેરો ટોચના ૧૦માં છે - એક પરિવર્તન જે વૈશ્વિકરણ, સ્થળાંતર અને આર્થિક તેજીનું પરિણામ છે.

■ પ્રથમ પાનાથી ચાલુ

ભારત ત્રીજુ શકિતશાળી રાષ્ટ્ર

પાડ્યો છે, જેમાં ૨૭ દેશોના લશ્કરી, આર્થિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક પ્રભાવનું વિગતવાર મૂલ્યાંકન આપવામાં આવ્યું છે. આ અહેવાલમાં પ્રાદેશિક શક્તિમાં મોટા ફેરફારો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેમાં ચીન એક મુખ્ય એશિયન શક્તિ તરીકે ઉભરી રહ્યું છે, ભારત સતત વધી રહ્યું છે અને યુનાઈટેડ સ્ટેટ્સનો પ્રભાવ પાછલા વર્ષોની તુલનામાં ઘટી રહ્યો છે. જાપાને પણ તેની સ્થિતિમાં સુધારો કર્યો છે, જે આ ક્ષેત્રમાં તેની વધતી જતી ક્ષમતાઓને પ્રતિબિંબિત કરે છે.

૨૦૧૯ પછી પહેલીવાર, રશિયાએ એશિયામાં તેની સ્થિતિ મજબૂત કરી છે અને યુક્રેન યુદ્ધ પછી લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે ગુમાવેલો પ્રભાવ પાછો મેળવ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે એશિયામાં રશિયાની હાજરી વધી રહી છે. હકીકતમાં, રશિયા G૭ સાથી દેશો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો સામે જોરશોરથી લડી રહ્યું છે. વિશ્લેષકો મોટાભાગે આ ક્ષેત્રમાં મોસ્કોની પુનઃપ્રાપ્તિનો શ્રેય ચીન અને ઉત્તર કોરિયા સાથેના તેના વ્યૂહાત્મક સંરક્ષણ અને આર્થિક ભાગીદારીને આપે છે. એકંદરે, રશિયા એશિયામાં પાંચમી સૌથી પ્રભાવશાળી શક્તિ છે, જેણે ૨૦૨૪ માં ઓસ્ટ્રેલિયા સામે ગુમાવેલું સ્થાન પાછું મેળવ્યું છે.

આ અહેવાલમાં લશ્કરી ક્ષમતા, સંરક્ષણ નેટવર્ક, આર્થિક શક્તિ, રાજદ્વારી પ્રભાવ, સાંસ્કૃતિક પહોંચ, સ્થિતિસ્થાપકતા અને ભાવિ સંસાધન ક્ષમતા સહિત આઠ વિષયોના ક્ષેત્રોના આધારે દેશોને ક્રમ આપવામાં આવ્યો છે. ટોચના દસ દેશો છેઃ

યુનાઈટેડ સ્ટેટ્સ - ૮૦.૫ (સુપર પાવર) ચીન - ૭૩.૭ (સુપર પાવર), ભારત - ૪૦.૦ (મેજર પાવર), જાપાન - ૩૮.૮ (મધ્ય પાવર), રશિયા - ૩૨.૧ (મધ્ય પાવર), ઓસ્ટ્રેલિયા - ૩૧.૮ (મધ્ય પાવર), દક્ષિણ કોરિયા - ૩૧.૫ (મધ્ય પાવર), સિંગાપોર - ૨૬.૮ (મધ્ય પાવર), ઈન્ડોનેશિયા - ૨૨.૫ (મધ્ય પાવર), મલેશિયા - ૨૦.૬ (મધ્ય પાવર).

પાકિસ્તાન, તે દરમિયાન, ટોચના ૧૦ ની બહાર આવે છે, ૧૬મા ક્રમે છે.

આ અહેવાલ એશિયામાં ભારતના વધતા પ્રભાવને પ્રકાશિત કરે છે. સૂચકાંક આગળ જણાવે છે કે, પ્રદેશમાં ભારતની શક્તિ સતત વધી રહી છે, અને ૨૦૨૫ માં, તે મેજર પાવર દરજ્જા માટે થ્રેશોલ્ડ પાર કરશે.

ભારતની લશ્કરી અને સંસાધન શક્તિમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, તેનું રાજદ્વારી અને આર્થિક લાભ તેની વધેલી ક્ષમતાઓ સાથે સંપૂર્ણપણે મેળ ખાતું નથી, જે વધુ વિસ્તરણની સંભાવના સૂચવે છે.

સુપરપાવર શ્રેણીમાં, ફક્ત યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીન જ સૂચિબદ્ધ છે, જેમાં વોશિંગ્ટન હજુ પણ ટોચ પર છે, પરંતુ ૨૦૧૮ માં એશિયા પાવર ઈન્ડેક્સ પહેલીવાર શરૂ થયા પછી તેનો સ્કોર સૌથી નીચો છે.

વિશ્લેષકો આ ઘટાડાનું કારણ ટ્રમ્પ વહીવટ દરમિયાન લેવામાં આવેલા નીતિગત નિર્ણયોને આભારી છે, જેને અહેવાલમાં એશિયામાં યુએસ પ્રભાવ માટે ચોખ્ખી નકારાત્મકતા તરીકે વર્ણવવામાં આવ્યું છે. દરમિયાન, બેઈજિંગ યુનાઈટેડ સ્ટેટ્સ સાથેના અંતરને ઘટાડવાનું ચાલુ રાખે છે, જેમાં આ અંતર ૨૦૨૦ પછીના સૌથી નીચા સ્તરે જોવા મળે છે. (૨૨.૨૧)

બે વર્ષમાં ૧૩.૫ લાખથી વધુ મુલાકાતીઓએ શિવરાજપુર દરિયાકિનારાની સુંદરતા માણી

શિવરાજપુર ભારતના બ્લૂ ફ્લેગ બીચની યાદીમાં સામેલ, સ્વચ્છ પાણી અને સ્કુબા ડાઇવિંગ માટે લોકપ્રિય સ્થળ: VGRCના આયોજનથી શિવરાજપુર અને સ્થાનિક પ્રવાસન ક્ષેત્રના મહત્વને ઉજાગર કરવામાં આવશે

ગાંધીનગર, તા..૨૮ : શ્રી કૃષ્ણની નગરી દ્વારકાથી ૧૨ કિલોમીટરના અંતરે સ્થિત શિવરાજપુર દરિયાકિનારો તેની વિશેષતાઓના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યો છે અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪માં ૧૩ લાખ ૫૮ હજારથી વધુ પ્રવાસીઓએ શિવરાજપુર દરિયાકિનારાની મુલાકાત લીધી છે. આ રીતે સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપીને ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે અને રાજ્યના વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ (TCGL) અનુસાર, વર્ષ ૨૦૨૩માં ૬,૭૮,૬૪૭ અને ૨૦૨૪માં ૬,૮૦,૩૨૫ પ્રવાસીઓ શિવરાજપુર દરિયાકિનારાની મુલાકાતે આવ્યા હતાં. ૨૦૨૦માં બ્લૂ ફ્લેગ બીચ સર્ટિફિકેશન મળ્યા બાદ શિવરાજપુર બીચ ભારતના બ્લૂ ફ્લેગ બીચની યાદીમાં સામેલ થયો છે. પાણીની ગુણવત્તા, પર્યાવરણની જાળવણી, સુરક્ષા અને સેવાઓને આવરી લેતા ૩૨ માપદંડોના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે. અહીં સ્કુબા ડાઇવિંગ, બોટિંગ અને સ્કિઇંગ જેવી સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓની સુવિધા પણ ઉપલબ્ધ છે.

શિવરાજપુરની સફળથા 'દેખો અપના દેશ' પહેલ સાથે સુસંગત છે. આ પહેલની શરૂઆત જાન્યુઆરી ૨૦૨૦માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય પાંચ શ્રેણીઓ અંતર્ગત સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો છે. આ પાંચ શ્રેણીઓ છે આધ્યાત્મિક, સંસ્કૃતિ અને વારસો, પ્રકૃતિ અને વન્યજીવન, એડવેન્ચર અને અન્ય. દેશવ્યાપી આ અભિયાનને આગળ લઈ જવામાં શિવરાજપુર દરિયાકિનારાનું મહત્વપૂર્ણ યોગદાન છે.

આ વિસ્તારમાં પ્રવાસન અને સ્થાનિક આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકારે અમુક મોટી પહેલો પણ હાથ ધરી છે. ક્ષેત્ર વિશિષ્ટ રોકાણ મેળવવા માટે રાજ્ય સરકાર દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કોન્ફરન્સની બીજી આવૃત્તિ ૮-૯ જાન્યુઆરીએ રાજકોટમાં યોજાશે જે કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તાર પર કેન્દ્રિત છે. આ કોન્ફરન્સમાં શિવરાજપુર જેવા પ્રવાસન આકર્ષણોને ઉજાગર કરવામાં આવશે જે દર્શાવે છે કે પ્રાકૃતિક સંસાધનો અને સાંસ્કૃતિક વારસાનો આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરીને રાજ્ય વિકાસ વિકસિત ગુજરાત@૨૦૪૭ તરફ અગ્રેસર છે.(૪.૯)



ચાલતા ચંત્રે

હોંગકોંગ અગ્નિકાંડનો મૃત્યુઆંક ૧૨૮: કાટમાળ હેઠળથી મળી રહ્યા છે મૃતદેહો: ૨૭૯ લોકો લાપત્તા હતા

કાલે સ્વ. રમેશચંદ્ર અગ્રવાલજીના ૮૧માં જન્મદિનના અવસરે રક્તદાન કેમ્પ



રાજકોટ : સિવિલ હોસ્પીટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી, શ્રીમદ્ રાજ ચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી, સ્વ. રમેશચંદ્ર અગ્રવાલજીના ૮૧માં જન્મદિવસના અવસરે રમેશ એન્ડ શારદા ફાઉન્ડેશન દ્વારા, તા. ૨૯, શનિવાર સવારે ૧૦ થી બપોરે ૨ વાગ્યા સુધી દિવ્યભાસ્કર પ્રેસ, જોસલ કોમ્પ્લેક્ષ, પાંચમાં માળે, સ્ટર્લીંગ હોસ્પીટલની સામે, નાણાવટી ચોક, રાજકોટ ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં રમેશ એન્ડ શારદા ફાઉન્ડેશન, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન, રાજકોટ સિવિલ હોસ્પીટલના એમ. ડી. પેથોલોજીસ્ટ ડોક્ટર્સની ટીમ સેવા આપશે. રક્તદાતાઓએ બહોળી સંખ્યામાં રક્તદાન કરવા અપીલ કરાઈ છે.(૪૧.૪)

સુપ્રીમ કોર્ટે આધાર-સત્યાપનની સલાહ શા માટે આપી ?

શું OTT, યુટ્યુબ જોવા માટે પણ આધાર કાર્ડ ફરજિયાત બનશે?



નવી દિલ્હી, તા.૨૮: દેશમાં વારંવાર એવો આરોપ થાય છે કે લોકો, ખાસ કરીને બાળકો- OTT પ્લેટફોર્મ્સના ખૂબ વ્યસની થઈ રહ્યા છે. આવા આરોપોની વચ્ચે હવે શંકા વ્યક્ત થઈ રહી છે કે શું સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકારને આપવામાં આવેલું માર્ગદર્શન OTT પ્લેટફોર્મ્સ પર નિયંત્રણ વધારવાની દિશામાં એક પગલું ગણાશે? કારણ કે સુપ્રીમ કોર્ટે એવું સૂચન કર્યું છે કે નેટફ્લિક્સ અને યુટ્યુબ જોવા માટે આધાર કાર્ડ જરૂરી બનાવવું જોઈએ.

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી ખંડપીઠે કેન્દ્ર સરકારને સલાહ આપી છે કે નેટફ્લિક્સ, યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ જેવાં OTT પ્લેટફોર્મ્સ પર આધાર આધારિત વય-સત્યાપન ફરજિયાત કરવું જોઈએ, જેથી અશ્લીલ અને ૧૮+ સામગ્રી બાળકોની પહોંચથી દૂર રાખી શકાય.

સુપ્રીમ કોર્ટે આધાર-સત્યાપનની સલાહ શા માટે આપી?

આ સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે માત્ર ચેતવણી સંદેશ બતાવીને આગળ વધી જવું પૂરતું નથી. ચેતવણી દેખાય છે અને થોડી જ સેકન્ડમાં સામગ્રી શરૂ થઈ જાય છે. એથી તેમણે સલાહ આપી કે ૧૮+ સામગ્રી જોવા માટે આધાર દ્વારા ઉંમર ચકાસણીની વ્યવસ્થા શરૂ થઈ શકે. તેમણે એ પણ કહ્યું કે આને પાયલટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરતાં પહેલાં તેનું પરીક્ષણ થઈ શકે.

ન્યાયમૂર્તિ જ્યોમાલ્યા બાગચીએ ચિંતા વ્યક્ત કરી હતી કે પુસ્તકો કે ફિલ્મોમાં અશ્લીલતા પર નિયંત્રણ છે, પરંતુ મોબાઇલ ફોન પર કોઈ નિયંત્રણ નથી. ફોન ચાલુ કરતાં જ સ્ક્રિન પર અનુકૂળ ન હોય એવી સામગ્રી આવી જાય છે અને બાળકો ભૂલથી આવી વસ્તુઓ જોઈ લેવાની મોટી શક્યતા છે. તેથી તેમણે કહ્યું હતું કે આધાર આધારિત લોક એક સારો ઉપાય બની શકે. તેમણે આગળ કહ્યું હતું કે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અર્થ અનિયંત્રિત પ્રવૃત્તિ નથી. કોર્ટે કહ્યું હતું કે ઓનલાઇન સામગ્રીને નિયમિત કરવા માટે એક સ્વતંત્ર અને સ્વાયત્ત નિયમનકારી સંસ્થા હોવી જોઈએ. સ્વનિયમનકારી સંસ્થાઓ પૂરતી નથી. મુખ્ય ન્યાયાધીશે સ્પષ્ટ કર્યું હતું કે આવી સંસ્થા હોવી જોઈએ જે કોઈ બાહ્ય દબાણમાં ન આવે.(૨૩.૨૪)

૨૨ વર્ષથી વોન્ટેડ મોસ્ટ વોન્ટેડ, મૂળ ઓરિસ્સાના આરોપી પણ ક્રાઈમ બ્રાન્ચની પક્કડમાં

જોઇન્ટ સીપી રાઘવેન્દ્ર વસ્તના માર્ગદર્શનમાં અને ડીસીપી ભાવેશ રોજિયાના નેતૃત્વમાં તેમની ટીમના પોલીસ ઇન્સ્પેક્ટર કિરણ મોદી અને ક્રાઇમ બ્રાન્ચ પી.આઇ. જે. જી.પટેલ વિગેરેને મોટી સફળતા

રાજકોટ તા.૨૮: આરોપી ગુન્હો કરી સુરત શહેર પોલીસના તાપથી બચવા શહેર કે રાજ્ય છોડી જાય તે પોલીસની ધાક કહેવાય, પરંતુ મને એટલાથી સંતોષ નથી, આરોપીઓ ગુન્હો કર્યા બાદ વોન્ટેડ હોય અને મારા કાર્યકાળમાં ગુન્હો ન બન્યો હોય તો પણ તે બિન્દાસ્ત ફરે એ પોલીસની નાલેશી ગણાય, સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતન આ એકજ વાક્ય પરથી સુરત PCB/ ક્રાઇમ બ્રાન્ચ/ sog સહિત સ્થાનિક પોલીસ એક્ટિવ મોડમાં આવી છે.



અનુપમસિંહ ગેહલોત અને જોઈન્ટ પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વસ્તના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઇમ ભાવેશ રોજિયા અને sog ડીસીપી રાજદીપસિંહ નકુમ આખું સુપરવિઝન સંભાળી રહ્યા છે. આ અભિયાન અંતર્ગત PCB પોલીસ ઈન્સ્પેક્ટર આર. એસ. સુવેરા મહત્વનો રોલ નિભાવી રહ્યા છે.

દરમ્યાન ક્રાઇમ બ્રાંચની ટીમને બાતમી હકીકત મળેલ કે, 'એક મમતાદેવી કુમાવત નામની મહિલા અને તેનો પતિ રાકેશ કુમાવત નાઓ સુરત શહેર અને બહારના રાજ્યમાં આવેલ કાપડ માર્કેટોમાં દુકાનો ખોલી શરૂઆતમાં પોતાની પેઢીની શાખ ઉભી કરવા માટે કાપડ માર્કેટના ધંધાના નિયમ મુજબ સમયસર પેમેન્ટ ચુકવી વેપારીઓનો વિશ્વાસ જીતી લઈ તે બાદ કરોડો રૂપિયાનો માલ ખરીદ કરી દુકાનો બંધ કરી નાશી જઈ ચિટીંગના ગુનાઓ આચરવાની ટેવ વાળા છે અને પોલીસ પકડથી દુર રહેવા માટે અવાર નવાર તેઓના રહેણાંક સ્થળ બદલતા આવેલ છે અને હાલમા આ બંન્ને જણા ઘર નંબર-૭૨, હરીઓમ નગર, ખોડિયાર ચોકડીની પાસે, ગોડાદરા, સુરત ખાતે પોતાના નામ બદલીને રહે છે.' એ રીતેની બાતમી હકીકત આધારે ક્રાઇમબ્રાંચની ટીમ દ્વારા આરોપીઓ (૧) મમતાદેવી W/O રાકેશ ચંદ્રરામ કુમાવત, ઉ.વ.૩૦, રહેવાસી-૭૨, હરીઓમ નગર, ખોડિયાર ચોકડીની પાસે, ગોડાદરા, સુરત, (૨) રાકેશ ચંદ્રરામ કુમાવત, ઉ.વ.૩૫, રહેવાસી-એજન નાઓને ઝડપી પાડેલ છે.

મજકુર આરોપીઓ પૈકી આરોપી મહિલા મમતાદેવી કુમાવત નીચે મુજબના ગુનાના કામે વોન્ટેડ છે. (૧) ડી.સી.બી. પોલીસ સ્ટેશન 'એ' પાર્ટ, ગુના રજી.નંબર-૧૧૨૧૦૦૧૫૨૪૦૦૪૧/૨૦૨૪ ઈ.પી.કો કલમ-૪૦૯, ૪૨૦, ૧૨૦(બી) મુજબ. (૨) સલાબતપુરા પોલીસ સ્ટેશન 'એ' પાર્ટ ગુના રજી.નંબર ૧૧૨૧૦૦૫૫૨૪૧૮૨૩/૨૦૨૪ ઈ.પી.કો. કલમ-૪૦૯, ૪૨૦, (૩) મુંબઈ લોકમાન્ય તીલકમાર્ગ પોલીસ સ્ટેશન ગુના રજી નંબર-૦૮૪૦/૨૦૨૪ ઈ.પી.કો.કલમ-૪૦૯, ૪૨૦, ૩૪ મુજબ

ડીસીપી રાજદીપસિંહ નકુમ અને pcb પોલીસ ઇન્સ્પેક્ટર આર એસ સુવેરાને પણ પોલીસ કમિશનર દ્વારા મહત્વની જવાબદારીઓ અને સંકલન સોંપાયું છે

૨૫ વર્ષ અને ૨૦ વર્ષથી વોન્ટેડ ૨૬ આરોપીઓ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના ઓપરેશન વોન્ટેડ અભિયાન હેઠળ પકડાયા પછી સુરત પોલીસ નિરાંતની શ્વાસ લેવા તૈયાર નથી

૧૧૪ મુજબ.

ઉપરોક્ત ગુનાના કામે સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગુનાની માહિતી મેળવી આરોપી અંગેની ખાનગી બાતમીદારો મારફતે હકીકત મેળવતા આરોપી સચિન્દ્ર ઉર્ફે સચી ઉર્ફે રાહુલ માસ્તર સાહની પાંડેસરા, બમરોલી વિસ્તારમાં લુમ્સના ખાતામાં કામ કરતો હોવાની માહિતી મળેલ જે અન્વયે સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ માણસો સતત બે દિવસ સુધી પાંડેસરા, બમરોલી ઈન્ડસ્ટ્રિઝ વિસ્તારમાં આરોપી અંગે રેકી કરી માહિતી એકત્રિત કરી આરોપી સચિન્દ્ર ઉર્ફે સચી ઉર્ફે રાહુલ માસ્તર ત્રિનાથ સાહની ઉ.વ.૪૯ રહેવાસી ઘર નંબર -૨૫ વ્રજ વિહાર રેસીડેન્સી, ભેસ્તાન આવાસ પાસે, ડિંડોલી, સુરત મૂળ વતન પાટીગઢ ગામ તા.પોલસરા જી.ગંજામ ઓરીસ્સા વાળાને પકડી પાડી આગળની કાર્યવાહી માટે આરોપીનો કબજો ઓરીસ્સા પોલીસને સોંપવામાં આવેલ છે.અત્રે એ યાદ રહે કે સુરત PCB એ PCB પીઆઈ આર. એસ. સુવેરા ટીમ દ્વારા નકસલવાદ પ્રભાવિત છત્તીશગઢના બિલાસપુર ખાતેથી હત્યાના ૨૫ વર્ષથી ફરાર આરોપી સાથે ૨૦ વર્ષ થી વધુ સમય થયા ફરાર ૨૧ આરોપીઓ પકડી પાડ્યા હતા.(૨.૧૯)

સુપ્રીમ કોર્ટનો રેલ્વેને વેધક સવાલ

અકસ્માત વીમા કવર ફક્ત ઓનલાઈન ટિકિટ ખરીદનારા મુસાફરોને જ કેમ ?



નવી દિલ્હી, તા. ૨૮ : જસ્ટિસ હસનૈનુદ્દીન અમાનુલ્લાહ અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચને જાણ કરવામાં આવી હતી કે આ સુવિધા હાલમાં ઓનલાઈન ટિકિટ બુક કરનારાઓ સુધી મર્યાદિત છે. કોર્ટે રેલવેનું પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ વિક્રમજીત બેનર્જીને આ તફાવતનું કારણ સમજાવવા નિર્દેશ આપ્યો. તેના આદેશમાં, કોર્ટે જણાવ્યું હતું કે મુસાફરોની સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા હોવી જોઈએ અને એ સમજવું મહત્વપૂર્ણ છે કે બંને પદ્ધતિઓ દ્વારા ટિકિટ ખરીદનારા મુસાફરો વચ્ચે ભેદભાવ શા માટે છે. કોર્ટે ટિપ્પણી કરી હતી કે વીમા જેવા મૂળભૂત સલામતીના પગલાં બધા મુસાફરો માટે સમાન હોવા જોઈએ.

સુપ્રીમ કોર્ટે રેલવે દ્વારા રજૂ કરાયેલા અહેવાલની પણ નોંધ લીધી અને જણાવ્યું કે શરૂઆતમાં રેલવે ટ્રેક અને ક્રોસિંગની સલામતી પર ખાસ ધ્યાન આપવું જોઈએ, કારણ કે આ તે જગ્યા છે જ્યાં અન્ય સુધારાઓનો માર્ગ મોકળો થાય છે. કોર્ટે રેલવેને તેની સિસ્ટમ-વ્યાપી સુધારા યોજનાઓ ચાલુ રાખવાનો પણ નિર્દેશ આપ્યો. રેલવેએ હવે આગામી સુનાવણી, ૧૩ જાન્યુઆરી સુધીમાં વીમા મુદ્દા પર વિગતવાર જવાબ રજૂ કરવાનો રહેશે. (૯.૩૧)

૭૭ ફૂટ ઊંચી ભવ્ય કાંસ્ય પ્રતિમા ગોવાના પ્રવાસનને આપશે નવું આકર્ષણ

ગોવા: વિશ્વની સૌથી ઊંચી રામ પ્રતિમાનું પીએમ મોદીના હસ્તે લોકાર્પણ





નવી દિલ્હી, તા.૨૮: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દક્ષિણ ગોવાના કાનાકોનામાં આવેલા ઐતિહાસિક શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠ ખાતે ભગવાન શ્રી રામની વિશ્વની સૌથી ઊંચી, ૭૭ ફૂટ ઊંચી કાંસ્ય પ્રતિમાનું ભવ્ય અનાવરણ કર્યું છે. આ અવસર મઠની ૫૫૦મી વર્ષગાંઠ, જેને સારદ પંચશતમનોત્સવ તરીકે ઉજવવામાં આવી રહી છે, તેનો એક મહત્વનો ભાગ છે. આ ભવ્ય પ્રતિમાનું નિર્માણ પ્રખ્યાત ભારતીય શિલ્પકાર રામ સુતાર દ્વારા કરવામાં આવ્યું છે, જેમને ગુજરાતમાં વિશ્વ વિખ્યાત સ્ટેચ્યુ ઓફ યુનિટીની રચના કરવાનો પણ શ્રેય જાય છે. પીએમ મોદીના આગમન માટે મઠ પરિસરમાં ખાસ હેલિપેડ તૈયાર કરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે આ કાર્યક્રમનું આયોજન કેટલું વિશાળ સ્તરે કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી મોદીએ આ પવિત્ર મઠની મુલાકાત લીધા બાદ એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી હતી, જ્યાં તેમણે મઠ દ્વારા વિકસાવવામાં આવેલ રામાયણ થીમ પાર્ક ગાર્ડનનું પણ ઉદ્ઘાટન કર્યું. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વના કાર્યક્રમમાં ગોવાના રાજ્યપાલ અશોક ગજપતિ રાજુ, મુખ્યમંત્રી પ્રમોદ સાવંત, કેન્દ્રીય મંત્રી શ્રીપદ નાઈક અને રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. આયોજકોના મતે, આ ઉત્સવ તાજેતરના વર્ષોમાં મઠમાં આયોજિત સૌથી મોટા કાર્યક્રમોમાંનો એક છે, જે ૨૭ નવેમ્બરથી ૭ ડિસેમ્બર સુધી ચાલનારા ૫૫૦ વર્ષ જૂની પરંપરાના કાર્યક્રમોનો ભાગ છે.

આ પ્રસંગે પીએમ મોદીએ એક ખાસ ટપાલ ટિકિટ અને એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો હતો, જે મઠના ઐતિહાસિક અને આધ્યાત્મિક યોગદાનને ચિરંજીવ બનાવશે. શ્રી સંસ્થાન ગોકર્ણ પાર્થગલી જીવોત્તમ મઠ એ પ્રથમ ગૌડ સારસ્વત બ્રાહ્મણ વૈષ્ણવ મઠ છે, જે ૧૩મી સદીમાં જગદ્ગુરુ માધવાચાર્ય દ્વારા સ્થાપિત દ્વૈત સંપ્રદાયને અનુસરે છે. આ મઠ લગભગ ૩૭૦ વર્ષ પહેલાં પોર્ટુગાલી શહેરમાં કુશાવતી નદીના કિનારે સ્થાપિત કરવામાં આવ્યો હતો અને તે આજે પણ એક અગ્રણી આધ્યાત્મિક કેન્દ્ર તરીકે કાર્યરત છે. જાહેર બાંધકામ વિભાગના મંત્રી દિગંબર કામતના જણાવ્યા અનુસાર, આ નવી પ્રતિમા મઠના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વને ચાર ચાંદ લગાવી દેશે. વિશ્વની સૌથી ઊંચી રામ પ્રતિમાનું અનાવરણ માત્ર ધાર્મિક કાર્યક્રમ નથી, પરંતુ તે ગોવાના પ્રવાસન માટે એક મોટી ભેટ પણ છે. એવી અપેક્ષા છે કે આ ભવ્ય કાંસ્ય પ્રતિમા ભવિષ્યમાં ગોવા આવતા પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે, જે આ નાના શહેર પોર્ટુગાલીની વૈશ્વિક નકશા પર વધુ પ્રમુખતા આપશે. આયોજકોનો અંદાજ છે કે ઉત્સવ દરમિયાન દરરોજ ૩,૦૦૦થી ૧૦,૦૦૦ ભક્તો મઠ પરિસરની મુલાકાત લેશે, જેના માટે સમગ્ર સંકુલનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.૨૨.૨૩)

૪ બાળકોની માએ કમાણી માટે કર્યો અનોખો બિઝનેસ

આંસુની એક બોટલ વેચીને કમાય છે ૫૨,૦૦૦ રૂપિયા!



મિડવેસ્ટ, તા.૨૮: તમે સાંભળ્યું હશે કે, મનુષ્ય જીવન કિંમતી છે તેથી હંમેશા હસતા રહેવું જોઈએ. દુનિયામાં કેટલાક લોકો દુ:ખથી એટલા ઘેરાયેલા છે તેઓ ખુશ રહી શકતા નથી. જોકે, અમેરિકાની એક મહિલાનો હેરાન કરી દે એવો કિસ્સો સામે આવ્યો છે. આ મહિલાને કોઈપણ બાબતનું દુ:ખ નથી, છતાં હંમેશા રડતી રહે છે. તેના પાછળનું કારણ જાણશો તે તમે દંગ રહી જશો, અને સવાલ થશે કે, ખરેખર કોઈ આવું કરીને પૈસા કમાય? આ મહિલા રડી-રડીને આંસુ કાચની બોટલમાં ભેગા કરીને વેચે છે. તમને જાણીને નવાઈ લાગશે કે, તે દરેક બોટલ ૫૨,૦૦૦ રૂપિયામાં વેચીને ભારે નફો કમાય છે.

અમેરિકન મિડવેસ્ટમાં રહેતી ૪૪ વર્ષીય ચાર બાળકોની માતા લિઝ રિવર સતત ચર્ચામાં આવી છે. કારણ કે તે એક એવું અનોખું કામ કરે છે, જે સાંભળતા જ લોકો આશ્ચર્યચકિત થઈ જાય છે. લિઝ રડી-રડીને બોટલોમાં આંસુ ભેગા કરીને પૈસા કમાય છે. લિઝ તેના આંસુની એક બોટલ માટે લગભગ ૫૦૦ પાઉન્ડ (લગભગ રૂ. ૫૨,૦૦૦) કમાય છે, અને તે આ આવકનો ઉપયોગ તેના પરિવાર સાથે ક્રિસમસની ઉજવણી માટે કરે છે. લિઝે જણાવ્યું હતું કે, ડિસેમ્બર મોટાભાગના લોકો માટે ખુશીનો મહિનો હોય છે, પરંતુ આ સમય દરમિયાન તે ખૂબ રડે છે, પરંતુ રડવું એ તેની કોઈ મજબૂરી નહીં, પણ કામ કરવાની એક અનોખી રીત છે. તે હંમેશા નાના જાર તૈયાર કરીને તેમાં તેના આંસુ એકત્રિત કરે છે. તે આંસુથી ભરેલી બોટલો તેના ચાહકોને વેચે છે, જે આ વિચિત્ર વસ્તુ માટે મોટી રકમ ચૂકવવા માટે પણ તૈયાર હોય છે.

લિઝ રિવરને પૂછવામાં આવ્યું હતું કે, શું આ વધારાની આવકથી તેનો તહેવારનો ખર્ચો નીકળી જાય છે? તો તેણે હસીને જવાબ આપ્યો હતો કે, હા, ચોક્કસ! જો હું મારા આંસુ ન વેચું, તો ક્રિસમસ ખાસ ન બની શકે. તેથી તે આ વખતે કમાણીમાંથી ક્રિસમસ ટ્રી ખરીદશે, જેનો ઉપયોગ તહેવારો પછી પણ કરી શકશે. સાથે જ આ આવક તેના પરિવારને વેકેશન માણવા માટે પણ એક સાથે ભેગા કરી શકે. લિઝે કહ્યું કે, શરૂઆતમાં તેનું કામ ધીમું હતું, વર્ષમાં ફક્ત બે કે ત્રણ બોટલ વેચાતી હતી. જોકે, ધીમે ધીમે તેની ઓળખ વધતી ગઈ, અને તેણે ૧૦૦થી વધુ બોટલો વેચી દીધી છે. ભવિષ્યમાં તે આંસુના માઈક્રો-વર્ઝન, એટલે કે નાની ચાર્મ જેવી બોટલોમાં આંસુ વેચવાની પણ યોજના ધરાવે છે.

રેલનગર એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી રૂા. ૧૫ હજારના દારૂ સાથે શખ્સ પકડાયો

પ્રનગર પોલીસે શિવરાજસિંહ ચાવડાની ધરપકડ: જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુની શોધખોળ

રાજકોટ, તા. ૨૮: રેલનગરમાં ગોવરધન એવન્યુ એપાર્ટમેન્ટમાં પ્રનગર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ફ્લેટમાંથી રૂા. ૧૫ હજારના દારૂ સાથે એક શખ્સને પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ રેલનગરમાં આવેલા ગોવરધન એવન્યુ એપાર્ટમન્ટમાં એક ફ્લેટમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમી મળતા પી.એસ.આઈ. આર.કે. ગોહિલ, કોન્સ રાજાભાઈ ખવડ, તૌફીકભાઈ મંધરા સહિતે દરોડો પાડી એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૨૦૧ માંથી રૂા. ૧૫ હજારના વિદેશી દારૂની ૧૨ બોટલ સાથે શિવરાજસિંહ સુધીરસિંહ ચાવડા ને પકડી લઈ તેની પુછપરછ કરતા જીતેન્દ્રસિંહ ઉર્ફે જીતુ પ્રવિણસિંહ રાણાનું નામ ખુલતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.(૬.૧૭)

કચ્છના ઝરપરા ગામે વૃદ્ધ દંપતીના ગૃહ ક્લેશનો કરુણ અંજામ: પતિએ પત્નીની હત્યા કરીને આપઘાત

(વિનોદ ગાલા દ્વારા)ભુજ તા.૨૮: કચ્છના મુન્દ્રા તાલુકામાં ઝરપરા ગામના લૈયારી વાડી વિસ્તાર માં રહેતા પતિ એ આજે મધ્ય રાત્રી ના કોઈ પણ સમયે પત્ની ને કોઈ તીક્ષ્ણ હથિયાર ના છ ઘા મારી કરુણ હત્યા નીપજાવી હતી. બાદ એ હતભાગી વૃદ્ધ પતિ એ જાતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા મુન્દ્રા પંથક માં અરેરાટી વ્યાપી છે. આ બનાવ ની મળતી વધુ વિગતો મુજબ મુન્દ્રા તાલુકા ના ઝરપરા ગામ થી દૂર આવેલ લૈયારી વાડી વિસ્તાર માં આજે સવારે સાડા ચાર વાગ્યાં પહેલા કોઈ પણ સમયે વૃદ્ધ પતિ સવરાજ સેડા ઉંમર ૬૮ એ પોતાની પત્ની હીરબાઈ સવરાજ સેડા ઉંમર ૬૪ ને શરીર ના ભાગે તીક્ષ્ણ હથિયાર ના ૬ ઘા મારી કરુણ હત્યા નીપજાવી હતી..

બાદ માં બનાવ બાદ આ વૃદ્ધ સવરાજ સેડા ત્યાંથી ચાલ્યા ગયા હતા અને નાગમતી નદી ના પૂર્વ કિનારે પોતાની શાલ થી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ગૃહ ક્લેશમાં પતિ પત્ની બંનેના મોતના કરુણ બનાવથી લેતા પંથક માં સનસનાટી વ્યાપી ગઈ છે.

બનાવ અંગે મુન્દ્રા પોલીસ મથક ના પી આઈ રાકેશ ઠુંમ્મર એ જણાવ્યું હતું કે પતિ પત્ની વચ્ચે ગૃહ ક્લેશ હોવાથી પ્રાથમિક તપાસ માં વિગતો જાણવા મળી છે તેમજ મૃત્યુ પામેલા હતભાગી દંપતી ના બે પુત્રો છે. એક પુત્ર ખેતીવાડી કરે છે અને બીજો પુત્ર ખાનગી કંપની માં સિક્યુરિટી માં નોકરી કરે છે..

આ બનાવ બાદ ઝીરો પોઈન્ટ પોલીસ ચોકી ના ઈન્ચાર્જ ઈન્ચાર્જ જમાદાર જયેન્દ્ર સિંહ ઝાલા મુન્દ્રા જનરલ હોસ્પીટલ પહોંચી આવ્યા હતા અને જનરલ હોસ્પીટલ ના મુખ્ય તબીબ ડો મંથન ફફલ એ પી એમ સહીત ની કાર્યવાહી કરી હતી..



આ બનાવ બનતા હતભાગી દંપતી ના મૃતદેહ મુન્દ્રા જનરલ હોસ્પીટલ લઈ આવવામાં આવ્યા હતા.

આ બનાવ બનતા મુન્દ્રા જનરલ હોસ્પીટલ માં ઝરપરા ગામના નારાણ ગઢવી, કરસન ગઢવી, નારાણ થારુ સેડા, ધનરાજ કરસન ગઢવી, સામરા ધના ગઢવી, ભીમશી સેડા, ભરત સેડા પહોંચી આવ્યા હતા. આગળ ની તપાસ મુન્દ્રા પોલીસ મથક ના પી આઈ રાકેશ ઠુંમ્મર ચલાવી રહ્યા છે. આજે પતિ પત્ની ના મૃત્યુ ના સમાચાર થી મુન્દ્રા તાલુકા માં અરેરાટી વ્યાપી હતી. (તસવીરો: રાજ સંઘવી, મુન્દ્રા) (૯.૩૦)

સમગ્ર પંથકમાં અરેરાટી, પતિ પત્ની વચ્ચેના ગૃહ ક્લેશમાં આ બનાવ બન્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાવતા મુન્દ્રા પીઆઈ રાકેશ ઠુંમ્મર



સુરેશ આર. ફળદુ
પ્રમુખપદના ઉમેદવાર

બાર એસો.ની ચૂંટણી પૂર્વે ભાજપ લીગલ સેલના નેજા હેઠળ સમરસ પેનલની રચનાઃ આવતીકાલે કાર્યાલય ખુલ્લુ મુકાશે

સુરેશ ફળદુના પ્રમુખપદવાળી પેનલ જાહેરઃ વિરાણી હાઈસ્કૂલ ખાતે કાર્યાલયનું કાલે ઉદઘાટન

રાજકોટ, તા.૨૮ઃ રાજકોટ બાર એશોસીએશનની વર્ષ ૨૦૨૫-૨૬ ની ચુંટણીમાં આગામી ૧૯મી ડિસેમ્બરે યોજવા જઇ રહી છે. ત્યારે ભાજપ લીગલ સેલ દ્વારા પોતાની સમરસ પેનલને ચૂંટણી જંગમાં ઉતારવામાં આવી છે. જેમાં પ્રમુખ પદે સુરેશ આર. ફળદુ, ઉપપ્રમુખ પદે સિધ્ધરાજસિંહ કે. જાડેજા, સેક્રેટરી પદે મેહુલ મેહતા, લાઈબ્રેરી સેક્રેટરી પદે સાગર હપાણી, કારોબારી સભ્ય પદમાં અમિત વેકરીયા, દિપ વ્યાસ, રણજીત મકવાણા, યશ ચોલેરા અને કશ્યપ ઠાકર ચૂંટણી લડવા તૈયારી બતાવી છે. જ્યારે બાકી રહેતા પદો માટે પણ ટુંક સમયમાં ઉમેદવારોની જાહેરાત કરવામાં આવશે તેવું જણાવ્યું છે. આગામી રાજકોટ બાર એશોસીએશનની ચુંટણીમાં ભાજપ પ્રેરીત સમરસ પેનલના પ્રચાર પ્રસાર માટે આવતી કાલ તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના કલાક ૬:૩૦ વાગ્યે વીરાણી હાઈસ્કુલમાં ભાજપ લીગલ સેલ પ્રેરીત સમરસ પેનલનું કાર્યાલય ખુલ્લુ મુકવામાં આવશે, આ પ્રસંગે રાજકોટ બાર એશોસીએશનના સિનિયર-જુનીયર ધરાશાસ્ત્રી, ભારતીય જનતા પાર્ટીના સંગઠનના હોદેદારો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ભાજપ પ્રેરીત સમરસ પેનલને સિનીયર ધારાશાસ્ત્રી લલિતસિંહ જે. શાહી, ગીરીશભાઈ ભટ, રામજીભાઈ માવાણી, રમાબેન માવાણી, પ્રશાંતભાઈ જોષી, જયેશભાઈ જાની, તુલશીદાસ ગોંડલીયા, અનિલભાઈ દેસાઈ, હરેશભાઈ દવે, નરેશભાઈ દવે, પિયુષભાઈ શાહ, એન.જે. પટેલ, કમલેશભાઈ શાહ, કિરિટ પાઠક, અર્જુનભાઈ પટેલ, પી.સી. વ્યાસ, કિશોરભાઈ સખીયા, જી.એલ.રામાણી, તરૂણભાઈ કોઠારી, નરેન્દ્રભાઈ બુસા, જે.એફ. રાણા, દિલિપભાઈ જોષી, મનિષ ખખ્ખર, શ્યમલભાઈ સોનપાલ, દિલેશ શાહ, રાકેશ ગોસ્વામી, સી.એમ. દક્ષીણી, મયંકભાઈ પંડયા, જયેશ બોઘરા, હેમંત ભટ, જીજ્ઞેશ જોષી, શૈલેષ ભટ, આનંદભાઈ જોષી, કે.ડી. શાહ, મિતુલભાઈ આચાર્ય, જતીન ઠકકર, અજય જોષી, ભગીરથસિંહ ડોડીયા, હીતેન્દ્રસિંહ ગોહેલ, આર.ડી. ઝાલા, મૌલીકભાઈ ફળદુ, દિપકભાઈ ભીમાણી, ભરતભાઈ બુધ્ધદેવ, અશ્વિન ગોસાઈ, તુષાર બસલાણી, રૂપરાજસિંહ પરમાર, આબીદ શોષન, કમલેશ ડોડીયા, રક્ષિત કલોલા, ભાવેશ રંગાણી, બી.એમ. પટેલ, દિપેશ અંધારીયા, રાજેશ ફળદુ, પ્રશાંત લાઠીગરા, ભાવિન દફતરી, પથીક દફતરી, તરૂણ માથુર, પરેશ કુકડીયા, અશ્વિન મહાલીયા, ડી.બી. બગડા, અશોક ડાંગર, આર.ડી. દવે, એન.આર. જાડેજા, રંજનબેન રાણા, લતાબેન જોષી, ચેતનાબેન કાછડીયા, અંજનાબેન ખુંટ, વીણાબેન કોરાટ, રેખાબેન હરખાણી, હેતલબેન રાજદેવ, રશ્મિબેન જોષી, વિગેરે તથા અસંખ્ય સિનીયર તથા જુનીયર ધારાશાસ્ત્રીઓ ધ્વારા ભાજપ પ્રેરીત સમરસ પેનલને જંગી બહુમતીથી ચુંટી કાઢવા માટે અપીલ કરી છે. (૨૨.૧૮)

એટ્રોસીટીની ફરિયાદમાં કોર્ટ દ્વારા તપાસના મુદ્દા બાબતે કોર્ટનું ડાયરેકશન

રાજકોટઃ તા.૨૮, શહેરમા રહેતા યુવાનના અપહરણનો પ્રયાસ કરી અને માર મારવાના ગુનાના કેસમાં એસી.એસ.ટી સેલ દ્વારા તપાસમાં ઢીલી નીતી રાખવાના આરોપ સાથે ફરિયાદીએ અદાલતમાં કરેલી ફરિયાદ અન્વયે કાયદાની મુજબ કાર્યવાહી કરવા તપાસનીશ આદેશ આપ્યો છે.,

શહેરના સાધુ વાસવાણી રોડ, દર્શન પાર્ક સોસાયટી, શેરી નં.૪, મા રહેતો વિશાલ જેઠાભાઈ સાવ નું તા.૬-૧૦-૨૦૨૫ ના રોજ કુલદીપ દરબાર અને અજાણ્યા શખ્સો ફિલ્મી સ્ટાઈલ થી સાધુવાસવાણી રોડ ઉપર પરથી અપહરણનો પ્રયાસ કરી માર મારેલ અંગેની યુનિ.પોલીસ મથકમાં એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ફરિયાદ આપી હતી.

પોલીસ તપાસમા આરોપીઓ બચાવવા એક તરફી થતી હોવા અંગે અને તપાસ બાબતે મહત્વના સવાલો ઉઠાવતું પોલીસ ને લેખિત રજૂઆત આપેલ પરંતુ પોલીસ દ્વારા ફરિયાદી ની વાત ઉપર તેમજ ગુનાના ના કામે કોઈજ કાર્યવાહી નહિ કરતાં અંતે ફરિયાદી એ પોતાના વકીલ સંજય પંડિત મારફત એટ્રોસિટી કોર્ટમાં મુદ્દા સાથે CCTV ફૂટેજનું સીઝર નથી, સાક્ષીઓના નિવેદનો લેવામાં નથી આવ્યા, ઓળખ પરેડ બાકી, ઘટના રિકન્સ્ટ્રકશન બાકી, વાહનો સીઝ નથી અરજી કરી હતી. પોલીસ તપાસ ઉપર કોર્ટ નજર રાખે તેવી માંગણી કરી હતી.

આ કેસ ની સુનવણી દરમ્યાન કોર્ટ તા.૨૫-૧૧-૨૦૨૫ ના રોજ કડક શબ્દોમાં કહ્યું છે કે SC/ST કાયદા હેઠળ તપાસ માં નિષ્કિયતા કે વિલંબને કોર્ટ સહન નહીં કરે કોર્ટનો આદેશ– તપાસ કરનાર અધિકારી માટે લાલ આંખ સમાન છે.(૩૫-૧૯)

ગુજરાત હાઈકોર્ટ અને અમદાવાદની એક જિલ્લા અદાલતે બે અલગ અલગ કેસોમાં ઐતિહાસિક ચુકાદા આપ્યા

બીજી જ્ઞાતિમાં લગ્ન કરનાર મહિલાને પણ મળશે પૈતૃક મિલકતમાં હિસ્સો

જેમાં જ્ઞાતિની બહાર લગ્ન કરવાને કારણે પરિવારની પૈતૃક મિલકત નકારવામાં આવેલી મહિલાઓની તરફેણમાં ચુકાદો આપ્યો

અમદાવાદ તા.૨૮ઃ ગુજરાત હાઈકોર્ટ અને અમદાવાદની એક અદાલતે મહિલાઓના મિલકત અધિકારો અંગે ઐતિહાસિક ચુકાદા આપ્યા છે. હાઈકોર્ટ અને જિલ્લા અદાલતે એવી મહિલાઓની તરફેણમાં ચુકાદો આપ્યો છે જેમને તેમની જાતિની બહાર લગ્ન કરવાને કારણે પૈતૃક મિલકતમાં હિસ્સો નકારવામાં આવ્યો હતો. ગુજરાત હાઈકોર્ટનો આ નિર્ણય એક પટેલ મહિલાના કેસમાં આવ્યો હતો જેણે ઓબીસી સમુદાયના પુરુષ સાથે લગ્ન કર્યા હતા. લગ્ન પછી, તેના પરિવારે તેની સાથેના બધા સંબંધો તોડી નાખ્યા હતા. ૧૯૮૬માં તેના પિતાના મૃત્યુ પછી, તેના સાત ભાઈ-બહેનોએ પૈતૃક મિલકતના રેકોર્ડમાં પોતાના નામ નોંધાવ્યા હતા, પરંતુ તેનો સમાવેશ કર્યો ન હતો.

મહિલાને ૨૦૧૮માં આ વાતની જાણ થઈ અને ૨૦૧૯માં તેના હિસ્સા માટે દાવો દાખલ કર્યો. નીચલી અદાલતે ૧૨ વર્ષની મર્યાદાના કાયદાને ટાંકીને તેના દાવાને ફગાવી દીધો. ત્યારબાદ તેણીએ હાઈકોર્ટમાં અપીલ કરી, જેણે તેણીની અપીલ સ્વીકારી. તેણે નીચલી કોર્ટના નિર્ણયને ઉલટાવી દીધો, જેમાં કહેવામાં આવ્યું હતું કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ, ૧૯૫૬, પુત્રીઓને સહ-વારસ તરીકે માન્યતા આપે છે. તેથી, પુત્રીનો તેના પિતાની મિલકત પરનો અધિકાર ત્યાં સુધી સમાપ્ત થતો નથી જ્યાં સુધી તે તેના અધિકારોનો ત્યાગ ન કરે અથવા અન્યથા સમાપ્ત ન થાય.

બીજા કિસ્સામાં, અમદાવાદની એક મહિલાએ ભાગી જઈને બીજી જાતિના પુરુષ સાથે લગ્ન કર્યા. ત્યારબાદ, તેણીને તેના પિતા દ્વારા ખરીદેલી મિલકતમાં તેનો હિસ્સો નકારી કાઢવામાં આવ્યો. મહિલાએ ૨૦૧૩ માં દાવો દાખલ કર્યો હતો કે તેની માતા અને ભાઈને તેના સ્વર્ગસ્થ પિતા દ્વારા ખરીદેલી ઘાટલોડિયા મિલકતો વેચતા અટકાવવામાં આવે. તેના પરિવારે તેના દાવાનો વિરોધ કર્યો, દલીલ કરી કે તેણીએ તેમની સાથેના બધા સંબંધો તોડી નાખ્યા છે. પરિવારે જણાવ્યું હતું કે તે ૨૦૦૮ માં પરિવારમાં પાછી આવી હતી, ત્યારબાદ તેની માતાએ તેને વેજલપુરમાં એક એપાર્ટમેન્ટમાં રહેવાની મંજૂરી આપી હતી, પરંતુ તેણીએ તેમાં કબજો કર્યો હતો.

તેની માતાના મૃત્યુ પછી, તેના ભાઈએ વેજલપુરના ઘરનો કબજો પાછો મેળવવા માટે કેસ દાખલ કર્યો. મે ૨૦૨૨ માં, નીચલી કોર્ટે તેણીને ઘર વેચવાથી રોકી હતી. કોર્ટે ઠરાવ્યું હતું કે મિલકત અવિભાજિત સહ-વારસદાર મિલકત છે. ભાઈએ આ નિર્ણયને જિલ્લા અદાલતમાં પડકાર્યો હતો, પરંતુ જિલ્લા અદાલતે ગયા અઠવાડિયે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે અપીલકર્તા એ સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે કે નીચલી અદાલતનો આદેશ કોઈપણ રીતે ભૂલભરેલો, ગેરકાયદેસર અથવા કાયદાના સિદ્ધાંતોની વિરુદ્ધ હતો.(૩૮.૮)

શ્રમિક વૃધ્ધાનાં અકસ્માત મૃત્યુના કેસમાં વિમા કંપનીને ૧૯ લાખનું વળતર ચુકવવા હુકમ



કરણ કારીયા   નિરાલી કોરાટ
અરજદારોના એડવોકેટસ

રાજકોટ તા. ૨૮ઃ મુળ મધ્ય પ્રદેશનાં વતની અને જામનગર મુકામે મજુરી અર્થે સ્થગીત થયેલ ઉમરાનીબેન જમનાપ્રસાદ કુર્મીનું જામનગરનાં દરેડ વિસ્તારમાં ઓટો રિક્ષાના ચાલકે હડફેટે લેતા અકસ્માતનાં કારણે મરણ પામેલ, જેથી ગુજ. ઉમરાનીબેનનાં વારસો દવારા ઓટો રિક્ષાનાં માલિક અને વીમા કુ. સામે રાજકોટનાં મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ સમક્ષ અકસ્માત વળતરને કેસ દાખલ કરવામાં આવેલ જે કેસ માત્ર દોઢ વર્ષનાં ટુંકા ગાળામાં ટ્રીબ્યુનલમાં ચલાવી લઈને ગુજ. ઉમરાનીબેનના વારસોને વ્યાજ સહિત રકમ રૂ. ૧૯,૦૭,૯૭૫/- નું વળતર ચુકવવા હુકમ કરેલ છે.

આ કેસની વિશેષ હકિકતે મધ્ય પ્રદેશ રાજયનાં દામોદ જીલ્લાનાં ચોપરા પટેરા ગામના વતની અને પોતાનું પેત્યુ લડવા મજુરી અર્થે જામનગરનાં દરેડ વિસ્તારમાં સ્થગીત થયેલ પરપ્રાંતીય શ્રમીક વૃધ્ધ સ્ત્રી ઉમરાનીબેન જમનાપ્રસાદ કુર્મીનું ગત તા.૦૩/૦૪/૨૦૨૪ના રોજ ઓટો રિક્ષાના ચાલકે હડફેટે લેતા અકસ્માતનાં કારણે મરણ પામેલ જેથી ગુજ. ઉમરાનીબેનનાં વારસદારોએ તેમના વકિલશ્રી નિરાલી એસ. કોરાટ અને કરણ ડી. કારીયા(ગઢવી) મારફત નામદાર ઓટો રીક્ષાનાં માલીક અફઝલભાઈ સીદીકભાઈ અકરાણી અને વિમા કુ. બજાજ એલીયાઝ જનરલ ઈન્સ્યુરન્સ કુ. લી. સામે રાજકોટનાં મહે. મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રિબ્યુનલ સમક્ષ અકસ્માત વળતરને કેસ દાખલ કરવામાં આવેલ અકસ્માત વળતરનો કેસ માત્ર દોઢ વર્ષનાં ટુંકા ગાળામાં ચાલી જતા ગુજ.ના વારસોના વકિલ અને વીમા કુ. તરફે પુરાવો અને લેખીત અને મોખીક દલીલ કરવામાં આવેલ જેમાં વીમા કું ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ કે ગુજ, ઉમરાનીબેન વૃધ્ધ ઉમરના હોય મજુરી કામ કરવા સક્ષમ ન હોય અને ગુજ.ના વારસદારોમાં તેમના બે પુત્રો છે. જે બંને પરણીત છે અને બંને તેઓનું અને તેના પરિવારનું પાલન પોષણ કરે છે અને ગુજ. અકસ્માત પહેલા મજુરી કામ કરીને કમાતા હતા તેવો કોઈ પુરાવે રજુ કરેલ નથી તેમજ ગુજ. તેમના પુત્ર સાથે જામનગર મુકામે રહેણાંક કરતા હતા તેવો પણ કોઈ પુરાવો રજૂ કરેલ નથી જેથી ગુજ. ની માસીક આવક ત્રણ હજાર ગણી જજમેન્ટ આપવા રજુઆત કરેલ હતી જયારે ગુજના વારસોના વકિલ મારફત નામદાર સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના સીમાચીન્હ જજમેન્ટ ટાંકી લેખીત દલીલ રજુ કરવામાં આવી હતી જે ધ્યાને લઈને મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલએ સામાવાળા વિમા કુ. બજાજ એલીયાન્ઝ જનરલ ઈન્સ્યુરન્સ કુ. લી. ને દિન-૩૦માં ગુજ. ઉમરાનીબેનના વારસોને રકમ રૂ. ૧૯,૦૭,૯૭૫/-નું વળતર ચુકવવા હુકમ કરેલ છે.

આ કામમાં ગુજ. ઉમરાનીબેન જમનાપ્રસાદ કુમીના વારસદારો વતી રાજકોટના યુવા એડવોકેટ નિરાલી એસ. કોરાટ અને કરણડી. કારીયા (ગઢવી) રોકાયેલ હતા.(૭.૨૬)

બાર એસો.ની આગામી ૧૯ જાન્યુઆરીએ યોજાનાર ચુંટણીમાં પ્રમુખ સુમિત વોરાની ટીમ મેદાનમાં ઉતરશે

શહેર ભાજપ પ્રમુખની સુચનાનું બાર 'ભાજપ લીગલ સેલ' નામે ચુંટણી લડશું નહિઃ દિલીપ પટેલ



સુમિત વોરા
પ્રમુખપદના ઉમેદવાર



રાજકોટ, તા.૨૮ઃ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહ અધ્યક્ષ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન તથા બાર એસોસિએશનના વર્તમાન પ્રમુખ પરેશ મારૂના નેતૃત્વમાં આરબીએ પેનલ ચૂંટણી લડશે આરબીએ પેનલમાંથી પ્રમુખ પદે વર્તમાન ઉપપ્રમુખ સુમિત વોરા, ઉપપ્રમુખ પદે બિમલભાઈ જાની, સેક્રેટરી માટે નિલેશ પટેલ, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગોંડલિયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતન મંડ, ટ્રેઝરરમાં પ્રગતિ માકડિયા, મહિલા કારોબારીમાં રક્ષાબેન ઉપાધ્યાય, કારોબારી સભ્ય પદે સ્તવન મેહતા, હસમુખ સાગઠીયા, મીનલબેન સોનપાલ, વિજય રૈયાણી, નિશા લુણાગરિયા, અશ્વિન રામાણી, ભાર્ગવ પંડ્યા, કલ્પેશ સાકરિયા અને સંજય ડાંગરના નામ ઘોષિત કરવામાં આવ્યા છે.

દિલીપભાઈ પટેલની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે શહેર ભાજપ પ્રમુખ માધવ દવેની સુચના મુજબ પ્રદેશમાં કોઈ પણ જગ્યાએ ભાજપ લીગલ સેલના નામે ચૂંટણી લડતું નથી પ્રદેશના તમામ બાર એસોસિએશન ના વકીલો પોતાની જાતે ચૂંટણી લડી રહયા છે. બંને પક્ષે ભારતીય જનતા પાર્ટીના વકીલો ચૂંટણી લડતા હોવાથી ભાજપ લીગલ સેલના નામે નહિ પરંતુ વકીલોએ સ્વતંત્ર ચૂંટણી લડવી જોઈએ તેવી પ્રદેશની સૂચના મુજબ આરબીએ પેનલ દ્વારા લીગલ સેલના નામે ચૂંટણી નહીં લડવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગોંડલઃ ચેકરિટર્ન કેસમાં કેમસ્ટાર ઓર્ગોનાઈઝ કંપનીના ડીરેકટરનો છૂટકારો ફરમાવતી કોર્ટ



શરદ આર. પરમાર
આરોપીના વકીલ

ગોંડલ, તા.૨૮ઃ ચેક રીટર્ન કેસમાં ગોંડલ કોર્ટ દ્વારા કેમસ્ટાર ઓર્ગેનાઈઝ કંપનીના ડિરેકટરનો નિર્દોષ છૂટકારો કોર્ટ ફરમાવેલ હતો.

આ કેસની વિગત એવી કે, ફરીયાદી તેજશભાઈ જગદીશભાઈ ખાનપરા તેઓ જામવાડી મુકામે આવેલ સદગુરૂ ઈન્ડસ્ટ્રીઝ પેઢીના ભાગીદાર છે અને તેઓ વાઈટકોલ તથા બાયોકોલનું વેચાણ કરે છે. અને આરોપી પાદારા મુકામે આવેલ કેમસ્ટાર ઓર્ગેનાઈઝ લી.કંપનીના ડીરેકટર છે અને તેઓ બાયોકોલનો વેપાર ધંધો કરે છે. સને-૨૦૨૨ ના અલગ-અલગ બીલો મુજબ સદગુરૂ ઈન્ડસ્ટ્રીઝ પેઢી પાસેથી કેમસ્ટર ઓર્ગેનાઈઝ લી. કંપનીના ડિરેકટરએ માલ ખરીદ કરેલ હતો. અને તેના સીકયુરીટી પેટે ફરીયાદી પેઢીએ આરોપી ડીરેકટર પાસેથી ચેક લીધેલ હતો. જે મુજબ ફરીયાદીએ આરોપી ડીરેકટરને નોટીસ આપેલ હતી તે મુજબ આરોપી ડિરેકટરે નોટીસનો ખુલાસો કરેલ હતો ત્યારબાદ ગોંડલ કોર્ટમાં કેમસ્ટાર ઓર્ગેનાઈઝ લી. કંપનીના ડીરેકટર ઉપર નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ નીચે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હતી.

આ કેસ ચાલી જતા બચાવપક્ષની દલીલો અને રજુ થયેલ પુરાવા અને તેમજ હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ ગોડલના ચીફ જયુડી. મેજી. શ્રી એમ.ડી. પરમાર ચેકરીટર્નની ફરીયાદમાં કેમસ્ટર ઓર્ગેનાઈઝ લી.કંપનીના ડિરેકટર આશુતોષ રણજીત મજમુદારને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી કેમસ્ટર ઓર્ગેનાઈઝ લી. કંપનીના ડીરેકટર આશુતોષ રણજીત મજમુદાર તરફે ગોડલના વકીલશ્રી શરદ આર. પરમાર રોકાયેલ હતા. (૨૨.૯)

સુપ્રિમ કોર્ટે આપેલા ડાયરેકશન મુજબ

બાર. એસો.ની આગામી ચુંટણીમાં ૩૦ ટકા પોસ્ટ અનામત રાખવી પડશે

રાજકોટ, તા., ૨૮ઃ રાજકોટ બાર એશોસીએશન ને તારીખ- ૧૮/૦૯/૨૦૨૫ ના રોજ મળેલ ચુટણી કાર્યક્રમ કે જે બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા મોકલવામા આવેલ છે તેમા સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડીયાના કેસમાં ઠરાવ્યા મુજબ (તારીખ-૯/૩/૨૦૨૫ મુજબની રીટ તથા તેના જજમેન્ટ અન્વયે બાર કાઉન્સીલઓફ ગુજરાતમાં સ્પષ્ટતા માંગ્યા મુજબ ટ્રેઝરરમા સ્ત્રી માટે, તથા એકઝીકયુટીવ મેમ્બર્સ માટે ૩૦ ટકાની સ્ત્રી માટેની પોસ્ટ રીઝર્વ રાખવાના ડાયરેકશન આપવામા આવેલ છે.


તેમજ આ અંગે બાર કાઉન્સીલ ઓફ ગુજરાત મા પુછાવતા અને તેમના સેક્રેટરી દ્વારા કરવામા આવેલ સ્પષ્ટતા મુજબ આગામી બાર એશોસીએશન ઓફ રાજકોટ ની ચુંટણી તારીખ-૧૯/૧૨/૨૦૨૫ ના રોજ યોજાઈ રહેલ છે તેમાં સ્ત્રી અનામત માટે આખી બોડીમાં નીચે મુજબ ની પોસ્ટ રહેશે.

બીન અનામત પોસ્ટ મુજબ (૧) પ્રમુખ) (૨) ઉપ પ્રમુખ (૩) સેક્રેટરી (૪) જોઈન્ટ સેક્રેટરી (૫) લાયબ્રેરી સેક્રેટરી તથા સ્ત્રી માટે અનામત પોસ્ટ ટ્રેઝરર સ્ત્રી માટે અનામત પોસ્ટ (કારોબારી) તથા કારોબારીની ૯ જગ્યામાંથી કારોબારી ૯ +૧ = ૧૦ માથી ૩૦ ટકા એટલે કે ત્રણ(૩) પોસ્ટ સ્ત્રી માટે અનામત રહેશે. તેમ બાર. એસો.ના પ્રમુખ પરેશભાઈ મારૂની યાદીમાં જણાવાયું છે. (૪.૪)

આવકવેરા વિભાગે આવા ૨૫,૦૦૦ થી વધુ વ્યક્તિઓની ઓળખ કરી છે. CBDT એ તેમને આ વર્ષે ૩૧ ડિસેમ્બર સુધીમાં સુધારેલા રિટર્ન ફાઇલ કરવાની તક આપી છે

૨૫,૦૦૦ લોકો જેમણે ITRમાં તેમની વિદેશી સંપત્તિનો ખુલાસો કર્યો નથી તેઓ આવકવેરા વિભાગના રડાર પર

નવી દિલ્હી તા.૨૮ઃ જો તમે વિદેશમાં સંપત્તિ એકઠી કરી છે અને તમારા આવકવેરા રિટર્નમાં તેનો ખુલાસો કર્યો નથી, તો સાવચેત રહો. આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માટે આવકવેરા રિટર્ન ફાઈલ કરનારાઓમાં વિભાગે ૨૫,૦૦૦ થી વધુ વ્યક્તિઓની ઓળખ કરી છે જેમણે તેમની વિદેશી સંપત્તિનો ખુલાસો કર્યો નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ(CBDT)શુક્રવારથી SMS અને ઈમેઈલ દ્વારા આવા વ્યક્તિઓને ચેતવણી આપવાનું શરૂ કરશે. CBDT એ આ વ્યક્તિઓને સુધારેલા રિટર્ન ફાઈલ કરવા અને તેમની વિદેશી સંપત્તિ જાહેર કરવા માટે આ વર્ષની ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપવાનો નિર્ણય લીધો છે. આમ કરવામાં નિષ્ફળતાના પરિણામે નિયમો અનુસાર દંડ સહિત યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.



સૂત્રોએ જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં, આશરે ૨૫,૦૦૦ ઉચ્ચ જોખમવાળા કેસોને લક્ષ્ય બનાવવામાં આવશે. SMS અને ઈમેઈલ મોકલવામાં આવશે, જેમાં તેમને ૩૧ ડિસેમ્બર અથવા તે પહેલાં તેમના રિટર્નમાં સુધારો કરવા અને તેમની વિદેશી સંપત્તિ જાહેર કરવાની સલાહ આપવામાં આવશે. ૧૫ ડિસેમ્બરની આસપાસ શરૂ થતાં વધારાના વ્યક્તિઓને આવરી લેવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, ઘણી મોટી કંપનીઓના કર્મચારીઓ પણ એવા કરદાતાઓમાં શામેલ છે જેમની પાસે વિદેશી સંપત્તિ છે પરંતુ તેમણે તેનો ખુલાસો કર્યો નથી.

CBDT એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે માહિતીના સ્વચાલિત વિનિમયની તપાસ કરતી વખતે, ઉચ્ચ જોખમવાળા કેસ શોધી કાઢ્યા જ્યાં આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માટે આવકવેરા રિટર્નમાં વિદેશી સંપત્તિની માહિતી જાહેર કરવામાં આવી નથી. CBDT કોમન રિપોર્ટિંગ સ્ટાન્ડર્ડ્સ (CRS) સાથે જોડાયેલા ભાગીદાર દેશો પાસેથી ભારતીય નાગરિકોની વિદેશી સંપત્તિની માહિતી મેળવે છે. તે ફોરેન એકાઉન્ટ ટેક્સ કમ્પ્લાયન્સ એક્ટ હેઠળ યુનાઈટેડ સ્ટેટ્સમાંથી પણ આવી માહિતી મેળવે છે. આનાથી કરદાતાઓ તેમની વિદેશી સંપત્તિઓ વિશેની માહિતી શોધી શકે છે, ભલે તેઓએ તેમના આવકવેરા રિટર્નમાં તેને છુપાવી હોય.

સૂત્રોએ જણાવ્યું હતું કે, CRS હેઠળ મેળવેલા ડેટા અને દુબઈમાં રોકાણો વિશેની માહિતીના આધારે, દિલ્હી, મુંબઈ અને પુણેમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં સેંકડો કરોડ રૂપિયાની વિદેશી સંપત્તિઓ બહાર આવી હતી. આ વર્ષે જૂન સુધીમાં, આવકવેરા વિભાગે ૧,૦૮૦ કેસોમાં મૂલ્યાંકન પૂર્ણ કર્યું હતું અને આશરે રૂા.૪૦,૦૦૦ કરોડની કર માંગણીઓ કરી હતી.(૩૮.૩)

સુપ્રીમ કોર્ટે બાળકોના માનસિક અને ભાવનાત્મક વિકાસ પર ચિંતા વ્યક્ત કરી

છૂટાછેડા પછી બાળકોએ માતા-પિતા બંને સાથે રહેવું જોઈએ

ભાઈ-બહેનોને વિખૂટા ન પાડોઃ બાળકોએ કંઈ ખોટું કર્યુ નથી, તેઓએ શા માટે દુઃખ સહન કરવું જોઈએ?

નવી દિલ્હી, તા.૨૮ઃ સુપ્રીમ કોર્ટે છૂટાછેડાના કેસોમાં બાળકોના કલ્યાણ અંગે એક અત્યંત મહત્વપૂર્ણ અને સંવેદનશીલ અવલોકન કર્યું છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે છૂટાછેડા પછી બાળકોને બંને માતાપિતા સાથે રહેવાની તક મળવી જોઈએ અને સૌથી અગત્યનું, ભાઈ-બહેનોને કોઈપણ સંજોગોમાં અલગ ન કરવા જોઈએ. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કેવી વિશ્વનાથનની બેન્ચે એક દંપતીના છૂટાછેડા કેસની સુનાવણી દરમિયાન નિરાશા વ્યક્ત કરી હતી, જ્યાં જાણવા મળ્યું હતું કે પુત્ર પિતા સાથે અને પુત્રી માતા સાથે રહે છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, અમને એ જાણીને દુઃખ થયું છે કે સગીર ભાઈ-બહેન અલગ રહી રહ્યા છે. આ અલગ થવું ખૂબ જ પીડાદાયક છે, અને કોર્ટે માતાપિતા વચ્ચેના વિખવાદને કારણે ભાઈ-બહેનોએ અલગ રહેવાની તકલીફ કેમ સહન કરવી જોઈએ



તેવો સવાલ ઉઠાવ્યો હતો.

કોર્ટે આ મુદ્દે ઊંડી ચિંતા વ્યક્ત કરી કે જ્યારે દંપતી અલગ થાય છે, ત્યારે ઘણીવાર બાળકો પણ અલગ થઈ જાય છે, જે તેમના માનસિક અને ભાવનાત્મક વિકાસ પર ગંભીર અસર કરી શકે છે. બેન્ચે કહ્યું કે ભાઈ-બહેનોએ સાથે રહેવું જોઈએ કારણ કે તેઓએ કંઈ ખોટું કર્યું નથી. તેઓએ શા માટે દુઃખ સહન કરવું જોઈએ? કોર્ટે કોર્ટ્સને વિનંતી કરી કે તેઓ બાળકોના સર્વશ્રેષ્ઠ હિતોને પ્રાથમિકતા આપે અને ખાતરી કરે કે તેમને એકબીજાના સાથથી વંચિત ન રાખવામાં આવે. આ અવલોકન ભારતીય કાયદાના ઈતિહાસમાં એક મહત્વનો વળાંક સાબિત થઈ શકે છે, જે છૂટાછેડા પછી બાળકોની કસ્ટડીના નિર્ણયોમાં ભાઈ-બહેનોના સંબંધોના મૂલ્યને સર્વોચ્ચ સ્થાન આપે છે.

સુનાવણી દરમિયાન, દંપતીના વકીલોએ કોર્ટને જાણ કરી કે તેમના વચ્ચે સુપ્રીમ કોર્ટ મધ્યસ્થી કેન્દ્ર સમક્ષ સમાધાન માટે મધ્યસ્થી ચાલી રહી છે. તેથી, કોર્ટે મધ્યસ્થીનું પરિણામ ન આવે ત્યાં સુધી સુનાવણી મુલતવી રાખી હતી. જોકે, કોર્ટે મધ્યસ્થીના પરિણામ પહેલા જ પોતાનો નિર્ણય સ્પષ્ટ કરી દીધો હતો. કોર્ટે ભારપૂર્વક પુનરોચ્ચાર કર્યો કે જો સમાધાન નિષ્ફળ જાય અને માતાપિતા અલગ થવાનું નક્કી કરે તો પણ, ભાઈ-બહેનોએ એક જ માતાપિતા સાથે રહે તે સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થા કરવી જોઈએ. આનો અર્થ એ છે કે, જો છૂટાછેડા થાય તો પણ, બાળકોને વિખૂટા પાડવા ન જોઈએ.

કોર્ટે તેના આદેશમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે બંને પક્ષો મધ્યસ્થી ચાલુ રાખે અને શક્ય હોય ત્યાં સુધી સમાધાન કરવાનો પ્રયાસ કરે. જો બંને પક્ષો સૌહાર્દપૂર્ણ અને આદરપૂર્વક અલગ થવાનો નિર્ણય લે, તો પણ અમે માનીએ છીએ કે ભાઈ-બહેનોએ સાથે મોટા થવું જોઈએ. કાં તો પતિ બાળકોને ઉછેરશે, અથવા માતા બાળકોને ઉછેરશે. સુપ્રીમ કોર્ટનું આ અવલોકન છૂટાછેડાના કિસ્સામાં માત્ર કસ્ટડીના કાયદાકીય પાસાંઓ પર જ નહીં, પણ બાળકોના માનવ અધિકારો અને ભાવનાત્મક બંધન પર પણ પ્રકાશ ફેંકે છે. આ નિરીક્ષણ તમામ કૌટુંબિક અદાલતો માટે એક માર્ગદર્શક સિદ્ધાંત બની શકે છે, જે ભવિષ્યમાં ભાઈ-બહેનોને અલગ થવાના દુઃખમાંથી બચાવશે. (૨૨.૧૫)

જાહેર નોટીસ

અરજદાર, ધ્રુવકુમાર છગનભાઈ જાની રહે.હનુમાનપરા રોડ, સહજાનંદ સોસાયટી, શેરી નં. ૩, અમરેલી ની સુચના અને ફરમાઈસથી નીચેની વિગતે જાહેર નોટીસ દ્વારા પ્રસિધ્ધ કરીએ છીએ કે,

અરજદારશ્રી ના ભાઈ રાજેશભાઈ છગનભાઈ જાનીનું અવસાન તા.: ૨૦/૦૯/૨૦૧૦ ના રોજ દેવકીગાલોળ, તા. જેતપુર મુકામે થતા કાયદાકિય અજ્ઞાનતાને કારણે અવસાનની નોંધ કરાવેલ નથી. એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, જેતપુર(ગ્રામ્ય) કોર્ટ સમક્ષ, જન્મ મરણ રજીસ્ટર કેસ નં.: ૨૦/૨૫ થી અવસાનની નોંધ કરવાનો હુકમ થવા અરજ થયેલ છે. આ હુકમ થવા સામે કોઈને વાંધો તકરાર હોય તો અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર પુરાવા સાથે તા.: ૨૯-૧૨-૨૦૨૫ ના રોજ સમય ૧૨:૦૦ કલાકે બપોરે મામલતદાર કચેરી, જેતપુર(ગ્રામ્ય) તાલુકા સેવા સદન, જુનાગઢ રોડ, જેતપુર ખાતે હાજર રહેવા નોટીસ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કોર્ટનો રાઉન્ડ સીક્કો   સહી
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જેતપુર(ગ્રામ્ય)

શ્રી પી.એન.ગોર, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં, ટંકારા

જન્મ/મરણ ૫. અરજી નં.૮૫/૨૦૨૫

શ્રી મહેશભાઇ અમરશીભાઇ દેત્રોજા
રહે. બંગાવડી, તા.ટંકારા, જી.મોરબી.
--- અરજદાર

વિરૂધ્ધ : તલાટી કમ મંત્રીશ્રી,
(જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રાર)
બંગાવડી ગ્રામ પંચાયત. ... સામાવાળા

બાબત : જન્મ/મરણ અધિનીયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મહેશભાઇ અમરશીભાઇ દેત્રોજા ની પુત્રી શ્રી પુજાકુમારી મહેશભાઇ દેત્રોજા નો જન્મ તા.૦૩-૦૫-૧૯૯૬ ના રોજ ગામ બંગાવડી, તા.ટંકારા, જી.મોરબી મુકામે થયેલ હતો. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઇપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીતમાં વાંધો રજુ કરવો. લેખીતમાં વાંધો ન રજુ થયેથી, વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ રોજ તા.૧૪-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીકકો કરીને આપ્યો. પી. એન. ગોર

કોર્ટનો સીકકો   એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
ટંકારા

મહેતા એડસ-9825307652

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન ચિફ જયુડીશીયલ ચિફ મેજીસ્ટ્રેટ શ્રી પી. એમ. શાહસાહેબની કોર્ટમાં દિ.પ.અ.ન.૨૫૨૩/૨૦૨૫ થી અરજદાર શ્રી રાજેશકુમાર પ્રાણલાલભાઈ પંડયાએ તેમના ગુજરનાર પિતા શ્રી પ્રાણલાલ કરશનજીભાઈ પંડયાની સ્થાવર મીલ્કત કે જે રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના રાજકોટ શહેરમાં આવેલ 'ગાયત્રી કુટીર', લાલબહાદુર શાસ્ત્રીનગર, શેરી નં.૫/૭ નો ખુણો, પોપટપરા નાલા સામેનો રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ વાળું મકાન કે જે કુલ- ચોરસ વાર ૩૬-૦૦ એટલે કે ચો.મી. ૩૦-૧૦ જમીન ઉપર આવેલ છે, જે તેમણે ૧ નંબરની બુકના નંબર ૪૫૪૬ તા.૩૦/૦૬/૧૯૮૨થી નોંધાયેલ વેંચાણ દસ્તાવેજથી તુલસીભાઈ જીવરાજભાઈ કુકડીયા પાસેથી તેમની સ્વોપાર્જીત મુડીમાંથી ખરીદ કરેલ છે, સદરહુ સદરહુ મકાન વાળી સ્થાવર મીલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત અરજદારના એડવોકેટ શ્રી અજયકુમાર એન. ત્રિવેદી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. જે સંબંધે કોઈ વ્યકિતને કોઈ વાંધો તકરાર હોય તો તેમણે મુદત તા. ૩૦/૧૨/૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે લેખીત વાંધા અત્રેની ગેરહાજર રહેથી યોગ્ય હુકમ કરવામાં આવશે જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

આજ તારીખ ૨૭/૧૧/૨૦૨૫નાં રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (એ.એચ.માંકડ) સુપ્રિટેન્ડન્ટ   કોર્ટનો સિક્કો   હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર
પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહેરબાન સાતમા એડી. સિવિલ જજશ્રી એ.એસ. ખંડેલવાલ સાહેબની કોર્ટમાં દી.પ.અ. નં. ૨૫૪૪/૨૦૨૫

અરજદાર દેવદત શૈલેષભાઈ સોરઠીયા ઉ.વ.આ.૨૧, ધર્મે.હિન્દુ, ધંધો.વેપાર, રહે. : કામનાથ સોસાયટી શેરી નં. ૨/૪, મ્યુ હુડકો પાછળ, રાજકોટવાળા એ ગુજરનાર શૈલેષભાઈ ધીરજલાલ સોરઠીયા ની નીચે મુજબની મિલકત આવેલ છે.

રાજકોટ જીલ્લાના રાજકોટ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયેલ ગામ કોઠારીયાનાં રેવન્યુ સર્વે નં. ૪૮ પૈકી ૫ ની જમીન ચો.મી.૫૫૮૪-૮૦ તથા રેવન્યુ સર્વે નં. ૪૮ પૈકી ૬ ની જમીન ચો.મી. ૫૫૮૪-૮૦ તથા રેવન્યુ સર્વે નં. ૪૮ પૈકી ૭ ની જમીન ચો.મી.૫૫૮૪-૮૦ તથા રેવન્યુ સર્વે નં. ૪૮ પૈકી ૮ ની જમીન ચો.મી.૫૫૮૪-૮૦ આમ મળી કુલ જમીન ચો.મી. ૨૨૩૩૯-૨૦ ની બહુહેતુક માટે બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી 'યાત્રાંગ પાર્ક' તરીકે ઓળખાતી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૩ થી ૧૬ ના સબ-પ્લોટ નં. ૧૩ થી ૧૬/૩ ની જમીન ચો.મી. ૮૫-૧૭ ખુલ્લો પ્લોટ.

આ મિલકતોનું વારસા સર્ટીફિકેટ મેળવવા માટે તેમના વકીલશ્રી-મોહીત વી.ખુંટ તથા કેયુર એ. તેરૈયા તથા પ્રફુલ એન. પંડયા તથા દિપેન એસ. હદવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઈને કોઈ વાંધો, તકરાર હોય તો મુદત તા.૭/૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ ૨૮ માંહે ૧૧ સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (એ.જી. દવે) આસીસ્ટન્ટ   કોર્ટનો સિક્કો   હુકમથી (એન.આર.વ્યાસ) રજીસ્ટ્રાર

શેઠ ઉપાશ્રય વણિક ભવનના ઉપક્રમે રોયલ વણિક મેરેજ બ્યુરો દ્વારા ડીસેમ્બરમાં તૃતિય પરિચય મેળાનું આયોજન



રાજકોટ તા. ૨૮ : રોયલ વણિક સમાજના લગ્ન ઈચ્છુક દીકરા-મેરેજ બ્યુરોના ઉપક્રમે સમસ્ત વણિક દીકરીઓ માટે તૃતીય યુવા પરિચય મેળો તા. ૨૮-૧૨-૨૦૨૫ ના રવિવારે યોજેલ છે.

'અકિલા' ખાતે વિગતો વર્ણવતા મેરેજ બ્યુરોના આયોજકોએ જણાવ્યુ હતુ કે શેઠ ઉપાશ્રય પ્રેરિત રોયલ વણિક મેરેજ બ્યુરો (નવનાત)ના ઉપક્રમે સમગ્ર વણીક જ્ઞાતિના શિક્ષિત દીકરા/દીકરીઓ માટે યોગ્ય પસંદગીનું પાત્ર મળી રહે તે હેતુથી દર રવિવારે સવારે ૧૦ થી ૧ શેઠ ઉપાશ્રય, પ્રસંગ હોલ પાસે, કે.કે.વી. ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે એક મેરેજ બ્યુરો સરસ રીતે ચાલે છે.

ત્યારે આ મેરેજ બ્યુરો દ્વારા આગામી તા. ૨૮ ડીસેમ્બરના રવિવારે સવારે ૯ થી ૨, ઋષભ વાટીકા (સી.એમ.ફાર્મ), કટારીયા ચોકડી પાસે, બીજો રીંગ રોડ, રાજકોટ ખાતે તૃતિય યુવા પરિચય મેળો યોજેલ છે. જેમાં કુંવારા, સગપણ તુટેલા, વિધુર, વિધવા, ડાયવોર્સી દીકરા-દીકરીઓ ભાગ લઈ શકશે.

ઉપરાંત ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના, ડાયવોર્સી અને વિધવા-વિધુર માટે બપોરે ૨ કલાકથી પરિચય મેળો રાખેલ છે.

આ માટેના ફોર્મ તા. ૧૭-૧૨-૨૦૨૫ સુધીમાં શેઠ ઉપાશ્રય, પહેલા માળે, પ્રસંગ હોલ પાસે, કે.કે.વી. ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રૂબરૂ અથવા સંસ્થાની વેબસાઈટ પર ઓનલાઈન પણ ભરી શકાશે. આ માટેની વધુ માહિતી માટે મો.૮૭૮૦૫ ૬૯૯૩૧ અને મો.૮૭૯૯૬ ૮૭૭૦૨ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

મેરેજ બ્યુરોમાં રજીસ્ટ્રેશન કરવા દીકરાઓ માટે એક વખતનો નોમીનલ ચાર્જ રૂ.૯૯૯ રાખેલ છે. બાદમાં કોઈપણ જાતનો રીન્યુઅલ ચાર્જ ભરવાનો નથી. દીકરીઓ માટે રજીસ્ટ્રેશન સંપૂર્ણ ફ્રી રાખે છે. યુવા મેળામાં ભાગ લેવા માટે વ્યક્તિ દીઠ રૂ. ૩૦૦ ટોકન ચાર્જ રાખેલ છે. જેમાં ચા-કોફી અને બપોરનું જમવાનું સામેલ છે.

સમગ્ર પરિચય મેળાને સફળ બનાવવા જૈન અગ્રણી ચંદ્રકાંતભાઈ શેઠ, પરેશભાઈ મહેતા, મુકેશભાઈ ઝાટકીયા, ચેતનભાઈ વખારીયા, ચંદ્રેશભાઈ કોઠારી, નયનાબેન મોદી, રિધ્ધિબેન બાવીસી, વંદીતભાઈ શેઠ, હર્ષભાઈ ગોડા, રમેશભાઈ શેઠ, નિલેશભાઈ શેઠ, તનસુખભાઈ સંઘવી, નિલેશભાઈ ગાંધી, વિધિબેન મહેતા વગેરે કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

તસ્વીરમાં 'અકિલા' ખાતે વિગતો વર્ણવતા ચેતનભાઈ વખારીયા, નયનાબેન મોદી, રિધ્ધીબેન બાવીસી, વિધીબેન મહેતા, મુકેશભાઈ ઝાટકીયા, હર્ષભાઈ ગોડા, ચંદ્રેશભાઈ કોઠારી, નિલેશભાઈ શેઠ, રમેશભાઈ શેઠ, વંદીતભાઈ શેઠ, તનસુખભાઈ સંઘવી, નિલેશભાઈ ગાંધી નજરે પડે છે. (તસ્વીર : અભિજીત બગથરીયા) (૧૬.૧)

સંયુકત મુખ્ય ચૂંટણી અધિકારી એ.બી. પટેલનો જન્મદિન



રાજકોટ : ગુજરાતના સંયુકત મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી એ.બી. પટેલનો જન્મ તા. ૨૮ નવેમ્બર ૧૯૬૫ના દિવસે થયેલ. આજે ૬૧માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ મુળ પાટણના વતની અને ૨૦૧૨ ની બેચના આઈ.એ. એસ. કેડરના અધિકારી છે. ભૂતકાળમાં વડોદરા શહેરી વિકાસ સતામંડળમાં મુખ્ય કારોબારી અધિકારી સહિત વિવિધ સ્થાનો પર ફરજ બજવી ચુકયા છે.

ફોન નં.૦૭૯-૨૩૨૫૦૪૫૨, મો.૯૮૭૯૦ ૪૪૩૮૮ ગાંધીનગર. (૯.૨૦)

જાજરમાન જીવનના ૭૦માં વર્ષના દ્વારે ડો. જૈમન ઉપાધ્યાયના ટકોરા



રાજકોટ, તા. ૨૮: શહેરના પૂર્વ મેયર ડો. જૈમન ઉપાધ્યાયનો આજે તા.૨૮ નવેમ્બરના જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૭૦ માં મંગલ વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ ચાર ટર્મ કોર્પોરેટર તરીકે ચુંટાયા છે. મ્યુનિ. કોર્પોરેશનમાં ત્રણ ટર્મ સ્ટેન્ડિગ કમિટી ચેરમેન તરીકે તેના કાર્યકાળમાં શહેરીજનોને વિવિધ સુખાકારી યોજનાની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. અઢી વર્ષ રાજકોટના મેયર તરીકે સફળતા પૂર્વક જવાબદારી નિભાવી છે. આ ઉપરાંત સંગઠનમાં પણ વોર્ડ પ્રભારી, સંગઠન પર્વના ઈન્ચાર્જ રહયા છે. રાજકીય ઉપરાંત અનેક સામાજીક સંસ્થામાં સેવા આપી રહયા છે. તેઓ કોઠારીયા રોડ પર છેલ્લા ૪૨ વર્ષથી તબીબી સેવા સાથે સંકળાયેલ છે.

આજે તેમના જન્મદિવસે રાજકીય, સામાજીક આગેવાનો, પદાધિકારીઓ, અધિકારીઓ, શુભેચ્છકો, મીત્રો, પરીવારજનો દ્વારા મો. નં. ૯૮૨૪૨ ૧૦૬૫૦ ઉપર શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. (૬.૧૩)

શ્રી પંચનાથ હોસ્પિટલમાં સેવાઓનું વિસ્તરણઃ સ્પાઈન અને બ્રેસ્ટ કેન્સરની સર્જરી ઉપલબ્ધ બનશે

સોમવારથી સ્પાઈન માટે ડો.શ્રુત વસાવડા અને બ્રેસ્ટ કેન્સર સર્જરી માટે ડો.અશ્વિની જસાણી સેવા આપશે



રાજકોટઃ પંચનાથ હોસ્પિટલ, રાજકોટ ગર્વ સાથે જાહેરાત કરે છે કે ડો. શ્રુત નીલાંગ વસાવડા (M.B.B.S., M.S. ઓર્થોપેડિક્સ) તા. ૧ ડિસેમ્બરથી અમારી હોસ્પિટલમાં સ્પાઈન સર્જન તરીકે તેમની સેવા આપશે. ડો. શ્રુત વસાવડા એક કુશળ અને અનુભવી તથા સ્પાઈન સર્જન છે. તેમને ક્ષેત્રોમાં વિશેષ અનુભવ છે

મિનિમલી ઈન્વેઝિવ સ્પાઈન સર્જરી, એન્ડોસ્કોપિક સ્પાઈન સર્જરી, રોબોટિક સ્પાઈન સર્જરી, ડિજનરેટિવ અને ટ્રોમેટિક સ્પાઈનલ રોગોનું સારવાર, એડલ્ટ તથા પીડિયાટ્રિક સ્પાઈનલ ડીફોર્મિટી કરેકશન, સ્પાઈનલ ઓન્કોલોજી

તેઓએ GCS મેડિકલ કોલેજ, અમદાવાદ ખાતે એસોસિએટ સ્પાઈન સર્જન તરીકે તેમજ ઝાયડસ હોસ્પિટલ & રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે ફેલોશિપ દરમિયાન વિવિધ અદ્યતન સ્પાઈન સર્જરીઓમાં વિશાળ અનુભવ મેળવ્યો છે.

તેમના જોડાણ સાથે પંચનાથ હોસ્પિટલ રાજકોટ અને આસપાસના વિસ્તાર માટે અદ્યતન, વિશ્વસનીય અને સસ્તું સ્પાઈન ટ્રીટમેન્ટ ઉપલબ્ધ કરાવશે. તેમની OPD ફી માત્ર ૨૦૦ રૂપિયા રહેશે અને તેમનો સમય સોમવારથી શુક્રવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૫ થી ૭ રહેશે. શનિવાર માત્ર સવારે ૧૦ થી ૧૨ OPD રહેશે.

નીચે જણાવેલ તકલીફોથી પીડિતા દર્દીઓ હવે પંચનાથ હોસ્પિટલમાં વિશેષ સ્પાઈન સલાહ અને સારવાર મેળવી શકે છે. કમરદર્દ / ગળાદર્દ, સાયટિકા અથવા નર્વ દબાણ, સ્લીપ ડિસ્ક, સ્પાઈનલ ડીફોર્મિટી, સ્પાઈન ફ્રેક્ચર અથવા ઈજા, સ્પાઈન ટ્યુમર, બાળકોમાં સ્પાઈન સંબંધિત સમસ્યાઓ

જે દર્દીઓને ડો. શ્રુત નીલાંગ વસાવડા પાસેથી સારવાર લેવી હોય તેઓ શ્રી પંચનાથ હોસ્પિટલ, રાજકોટનો સંપર્ક કરે.

૧.Herniated Disc: ડિસ્ક ફૂલી જાય તો ચેતા પર દબાણ થઈ પીડા થાય.

૨.Degenerative Disc Disease: ઉંમર સાથે ડિસ્ક ઘસાઈ જાય અને લાંબી અગવડતા થાય.

૩.Spinal Stenosis: કરોડરજ્જુની નળી સાંકડી થવાથી ચેતા દબાય અને પીડા-સુન્નતા થાય.

૪.Scoliosis: કરોડરજ્જુ વળાંકથી પોશ્ચર બગડે અને પીડા થઈ શકે.

૫.Osteoarthritis: કશેરુકાના સાંધામાં ઘસારો થતાં જકડન અને કઠોરતા થાય.

૬.Spondylolisthesis: vertebra ખસી જવાથી કમરનું દુઃખાવું અને નર્વ સમસ્યાઓ થાય.

૭.Sciatica: સાયટીક ચેતામાં દબાણથી પીડા પગ સુધી ફેલાય.

૮.Spinal Infections: ચેપથી ગંભીર પીડા અને નબળાઈ થઈ શકે.

૯.Spinal Tumors: અસામાન્ય વૃદ્ધિથી ચેતા દબાય અને પીડા થાય છે.

કરોડરજ્જુના તકલીફથી પીડાતા દર્દીઓ તેમની સમસીયાનો ઉપચાર શ્રી પંચનાથ હોસ્પિટલ ખાતે ડો. શ્રુત વસાવડા દ્વારા કરવામાં આવશે. તેઓ યોગ્ય નિદાન અને સારવાર દ્વારા દર્દીઓની પીડા ઓછી કરી તેમને સ્વસ્થ જીવન તરફ દોરી શકે છે. સમય પર સારવાર લેતા આ સમસ્યાઓની ગંભીરતા ઘટાડી શકાય છે અને ગતિશીલતા જાળવી શકાય છે.

પંચનાથ હોસ્પિટલ આનંદ સાથે જણાવે છે કે ડો. અશ્વિની જસાણી (મોદી), અનુભવી બ્રેસ્ટ ઓન્કોપ્લાસ્ટિક સર્જન, તા.૧ ડિસેમ્બરથી પંચનાથ હોસ્પિટલમાં પોતાની સેવાઓ આપવાનું શરૂ કરશે.

ડો.અશ્વિની જસાણી (મોદી)ના મહત્વપૂર્ણ શૈક્ષણિક લાયકાતો

MBBS, MS (General & Laparoscopic Surgery), Fellowship in Breast Surgery (MUHS), PG Certificate in Breast Surgery RCS England, NHS Certified Courses in Breast Oncoplastic & Reconstructive Surgery



તેમણે ટાટા મેમોરિયલ હોસ્પિટલ (ACTREC, મુંબઈ) ખાતે બ્રેસ્ટ સર્જિકલ, મેડિકલ, રેડિયેશન ઑન્કોલોજી અને રેડિયોલોજી વિભાગોમાં વિશેષ એડવાન્સ્ડ ટ્રેનિંગ અને ઓબ્ઝર્વરશિપ પૂર્ણ કરી છે.

હાલ સુધી તેઓ જાણીતા બ્રેસ્ટ ઑન્કોપ્લાસ્ટિક સર્જન ડો. તુષાર જાધવ અને ડો. અમિત પાટીલ સાથે નીચે મુજબની પ્રતિષ્ઠિત હોસ્પિટલો સાથે સંકળાયેલા રહ્યા છે. ગ્લેનેગલ્સ હોસ્પિટલ, મુંબઈ, કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ, નવુ મુંબઈ, ઓલિવ હોસ્પિટલ, નવુ મુંબઈ તેમની સભ્યતાઓમાં સમાવેશ થાય છે. ASCO (USA), ESSO (UK), RCS England (UK), BSI, ABSI, BRASA, ASI (India)

ડો.અશ્વિની જસાની (મોદી)ના જોડાણથી પંચનાથ હોસ્પિટલમાં બ્રેસ્ટ કેન્સર સારવાર, બ્રેસ્ટ કન્ઝર્વેશન સર્જરી, અને રી-કન્સ્ટ્રક્ટિવ સર્જરી સેવાઓ વધુ મજબૂત બનશે.

બ્રેસ્ટ કેન્સર સંબંધિત કોઈપણ સમસ્યા ધરાવતા અને સારવાર ઈચ્છુક દર્દીઓ પંચનાથ હોસ્પિટલનો સંપર્ક કરી શકે છે. તેમની OPD ફી માત્ર ૨૦૦ રૂપિયા રહેશે અને તેમનો સમય સોમવારથી શુક્રવાર સાંજે ૫ થી ૭ રહેશે. જે દર્દીઓને ડો. અશ્વિની જસાની પાસેથી સારવાર લેવી હોય તેઓ પંચનાથ હોસ્પિટલ, રાજકોટનો સંપર્ક કરે.

સ્તન કેન્સર ત્યારે થાય છે જ્યારે સ્તનના કોષોમાં અસામાન્ય અને અનિયંત્રિત વૃદ્ધિ થાય છે અને ગાંઠ બને છે, જે સમયસર સારવાર ન મળે તો આસપાસના ટીસ્યુ અને શરીરના અન્ય ભાગોમાં ફેલાઈ શકે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં જીવનશૈલીમાં બદલાવ, મોડું માતૃત્વ, હોર્મોનલ અસંતુલન, વધતું સ્થૂળતા, ઓછી શારીરિક પ્રવૃત્તિ, વંશીય કારણો અને વધતી ઉંમરના કારણે સ્તન કેન્સરના કેસોમાં સતત વધારો જોવા મળે છે. ઘણી મહિલાઓ શરૂઆતના લક્ષણો જેમ કે સ્તનમાં ગાંઠ, આકારમાં ફેરફાર, નિપ્પલમાંથી પ્રવાહી આવવું અથવા ચામડીમાં ડિમ્પલિંગને અવગણે છે, જેના કારણે રોગ મોડા તબક્કે ઓળખાય છે અને સારવાર મુશ્કેલ બની જાય છે. સ્તન કેન્સર માત્ર શારીરિક જ નહીં પરંતુ માનસિક, ભાવનાત્મક અને આર્થિક તણાવ પણ ઊભું કરે છે. જોકે નિયમિત સ્વ-તપાસ, સમયસર સ્ક્રીનિંગ અને યોગ્ય સારવાર દ્વારા આ રોગને કાબૂમાં રાખી શકાય છે અને દર્દીના જીવનને બચાવી શકાય છે.

બ્રેસ્ટ કેન્સર જેવી ગંભીર બીમારીનો ઉપચાર ડો.અશ્વિની જસાણી દ્વારા કરવામાં આવે છે, જે શ્રી પંચનાથ હોસ્પિટલ સાથે સંકળાયેલા છે. તેઓ યોગ્ય તપાસ, આધુનિક સારવાર અને દર્દીઓની યોગ્ય દેખભાળ દ્વારા દર્દીને સ્વસ્થ જીવન તરફ દોરી શકે છે. સમયસર નિદાન અને સારવાર લેવામાં આવે તો બ્રેસ્ટ કેન્સરની ગંભીરતા ઘટાડી શકાય છે અને જીવન બચાવી શકાય છે.

બન્ને નિસાણત ડોક્ટર પ્રથમ દર્દીની સંપૂર્ણ તપાસ કરીને યોગ્ય નિદાન કરશે, ત્યારબાદ જરૂરિયાત મુજબ યોગ્ય સારવાર શરૂ કરવામાં આવશે. જો આવશ્યક લાગશે તો હોસ્પિટલમાં દર્દી પર ઓપરેશન પણ કરવામાં આવશે. (૪૦.૨૫)

રવિવારે વિહિપ-બજરંગદળ દ્વારા યુવા સંમેલન

નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત આયોજનઃ વિનાયકરાવ દેશપાંડે મુખ્ય વકતા

રાજકોટ, તા.૨૮: વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી દર વર્ષે શૌર્ય દિવસ ઉજવવામાં આવે છે. શૌર્ય દિવસ પહેલા ૬ ડિસેમ્બર ના રોજ ઉજવવામાં આવતો હતો પરંતુ ૨૦૨૧ થી ગીતા જયંતી ના દિવસે આ ઉત્સવ ઉજવવાનુ કેંદ્રિય સમિતિ દ્વારા નક્કી કરવામા અવ્યુ હતુ. આ દિવસે ૧૯૯૨ ની સાલમાં બજરંગ દળ ના અસંખ્ય કાર્યકર્તાઓ દ્વારા અયોધ્યામાં બાબરી ધ્વંશ નિમિત સંઘર્ષ કર્યો હતો. આ ઘટના ની સ્મૃતિ રૂપે આ દિવસે દર વર્ષે વિહિપ અને બજરંગ દળ દ્વારા શૌર્ય દિવસ તરીકે દેશભરમાં મનાવવામાં આવે છે. આ ઉત્સવ અસંખ્ય હિન્દુઓ ના હૃદયમાં શૌર્ય અને એકતાની લાગણીને જાળવી રાખે છે તથા હિંદુ સંગમ ના રૂપમાં મનાવવામાં આવે છે. આ દિવસની યાદમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ રાજકોટ મહાનગરના અધ્યક્ષ શ્રી વનરાજભાઈ ગરૈયા દ્વારા થોડા દિવસો પહેલા મિલપરા સ્થિત કાર્યાલય ખાતે બેઠક બોલાવવામાં આવી હતી જેમા તમામ રાજકોટ મહાનગર અને જિલ્લા અધિકારિઓ ઉપરાંત સૌરાષ્ટ્ર પ્રાંત ના અધિકારિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બજરંગ દળ નું સંમેલન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ઉપરાંત આ યુવા સંમેલનમાં બજરંગ દળ દ્વારા ચલાવતા નશા મુક્ત ભારત અભિયાન ના વિષયને પણ આવરી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

ગીતા જયંતી શૌર્ય દિવસ નિમિત્તે 'નશા મુક્ત ભારત' અભિયાન અંતર્ગત બજરંગ દળ દ્વારા યુવા સંમેલન તા. ૩૦/૧૧/૨૦૨૫, રવિવાર સમયઃ સાંજે ૫ થી ૭. સ્થળઃ સરસ્વતી શિશુ મંદિર રેસકોર્સ રીંગરોડ એરપોર્ટ ફાટક પાસે મારુતિ નગર રાજકોટ ખાતે યોજાશે.

કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના કેન્દ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વિનાયકરાવ દેશપાંડેજી પણ ઉપસ્થિત રહેવાના છે અને તેમનું માર્ગદર્શન રાજકોટના યુવાનોને મળવાનું છે.

વર્તમાન સ્થિતિ ને ધ્યાનમાં લઈ ને બજરંગ દળ દ્વારા ભારતભરમાં નશામુક્ત યુવાન - નશામુક્ત ભારતે અભિયાન તાજેતરમાં ચલાવવામાં આવી રહ્યું છે. વિકસિત ભારતની કલ્પના નશામુક્ત યુવાન વગર કરવી ખૂબ કઠિન છે આ વિષયની ગંભીરતાને ધ્યાનમાં લઈ સૌર્ય દિવસ નિમિત્તે ના યુવા સંમેલનમાં નશામુક્ત ભારત ના વિષયને આવરી લેવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાજકોટ શહેરના ડીસીપી ક્રાઈમ શ્રી જગદીશ બાંગરવા પણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી ને યુવાનોને નશા મુક્તિના વિષય પર માર્ગદર્શન આપવાના છે. ઉપરાંત આ કાર્યક્રમ મા રાજકોટ મા સેવા કાર્ય સાથે જોડાયેલા યુવાનોનુ સન્માન પણ કરવામા આવશે.

વિહીપ રાજકોટ વિભાગના સહમંત્રી શ્રી પરેશભાઈ રૂપારેલીયાએ રાજકોટ શહેરના યુવાનોને બજરંગ દળના આ કાર્યક્રમમા જોડાવા માટે તમામ યુવાનોને જાહેર આમંત્રણ પાઠવ્યુ છે. તથા યુવાનોને મો. ૯૫૩૭૩ ૭૫૮૨૧, ૭૮૭૮૦ ૮૮૧૯૯ નંબર પર સમ્પર્ક કરવા જણાવ્યુ છે. (૬.૧૪)

રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મદિવસ



રાજકોટઃ શહેર ભાજપ મહામંત્રી શ્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મદિવસ છે. તેઓ જીટીપીએલના ડીરેક્ટર પણ છે. બાળપણથી જ રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલા વિરેન્દ્રસિંહ ઝાલા યુવાવસ્થાથી જ રાજકારણ સાથે જોડાયેલ છે અને યુવા મોરચામાં ઉપપ્રમુખ તથા મહામંત્રી તરીકેની જવાબદારી સંભાળી ચુક્યા છે. રાજકોટ મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકેની જવાબદારી નિભાવી તે દરમિયાન બે ટર્મ વોટર વર્કસ સમિતિનાં ચેરમેન અને શાસક પક્ષનાં નેતા તરીકેની જવાબદારી પણ સુપેરે નિભાવી છે, એટલું જ નહીં સતત ૧૧ વર્ષ સુધી શહેર ભાજપ ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી પણ તેમણે સુપેરે નિભાવી છે. એ સિવાય પાર્ટીએ નાની-મોટી જે કાંઈ પણ જવાબદારી આપી હોય તે તેમણે સુપેરે નિભાવી છે. વોર્ડ નંબર -૧૭નાં પ્રભારી તરીકે પાંચ વર્ષ સુધી જવાબદારી સંભાળી છે. તો રાજકોટ શહેર બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનનાં ઈન્ચાર્જ તરીકે પણ જવાબદારી સંભાળી ચુક્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં મન કી બાત કાર્યક્રમનાં પણ ઈન્ચાર્જ તેઓ રહી ચૂક્યા છે. બે વખત સંગઠન પર્વનાં ઈન્ચાર્જની જવાબદારી પણ નિભાવી છે. અનેક ચૂંટણીઓમાં જેમકે કઠલાલ, ઉદયપુર, જસદણ, ઉપલેટા અને જૂનાગઢમાં પણ ખૂબ સારી રીતે જવાબદારી સંભાળી છે, હાલમાં શહેર ભાજપ મહામંત્રી તરીકે છેલ્લાં ૩ વર્ષથી જવાબદારી નિભાવી રહ્યા છે

તેઓ શ્રી ધારેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળનાં પ્રમુખ તરીકેની જવાબદારી ઉપરાંત શિવમ ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન તરીકેની પણ જવાબદારી નિભાવી રહ્યા છે. જ્યારે જીટીપીએલ પાર્શ્વા કેબલ નેટવર્ક પ્રાઈવેટ લિમિટેડનાં ડાયરેક્ટર પદ પર કાર્યરત છે ઉપરાંત સૌરાષ્ટ્ર બ્રોડબેન્ડ પ્રાઈવેટ લિમિટેડનાં ડાયરેક્ટર તરીકે પણ કાર્યરત છે અને ગુજરાત ન્યુઝ સૌરાષ્ટ્ર-કચ્છનાં બિઝનેસ હેડ તરીકેની જવાબદારી પણ નિભાવી રહ્યા છે. વિરેન્દ્રસિંહ ઝાલાને જન્મદિને તેમના મો.૯૮૨૫૦ ૭૦૧૭૦ ઉપર અભિનંદનવર્ષા થઈ રહી છે. (૪૦.૧૨)

જન્મ-મરણના દાખલામાં હવે વધુ વખત સુધારો કરી શકાશે : મનપાની અમલવારી ટુંક સમયમાં

બદલાયેલા સામાજિક માળખા અને સિંગલ પેરેન્ટ માટે સરકારનો મહત્વનો નિર્ણય માર્ગદર્શન જાહેરઃ જુના દાખલાઓ યથાવત રહેશે


રાજકોટ, તા.૨૮: ગુજરાતના લાખો નાગરિકોને જન્મ અને મરણના દાખલામાં નામ સુધારવા અંગેની મુશ્કેલીઓમાંથી મુક્તિ આપતો એક ક્રાંતિકારી નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ, એક મહત્વપૂર્ણ એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે, જે તાત્કાલિક અસરથી લાગુ થશે. આ નવા નિયમો ખાસ કરીને બદલાયેલા સામાજિક માળખા અને સિંગલ પેરેન્ટ્સને મોટી રાહત આપશે. આ પરિપત્ર મુજબ રાજકોટ મહાનગરપાલિકામાં ટૂંક સમયમાં સતાવાર જાહેર કર્યા બાદ અમલવારી ચાલુ કરવામાં આવશે.

જો છૂટાછેડા લીધેલા દંપતીના કિસ્સામાં બાળકની કસ્ટડી કોર્ટના આદેશ મુજબ માતા પાસે હોય, તો બાળકના જન્મના પ્રમાણપત્રમાં તેના નામની પાછળ માતાનું નામ અને માતાની અટક રાખી શકાશે.

નાગરિકોને સૌથી મોટી રાહત આપતો નિયમ એ છે કે હવે જન્મ-મરણની નોંધમાં એકથી વધુ વખત સુધારો કરી શકાશે. અગાઉ, ૨૦૦૭ના નિયમો મુજબ રજિસ્ટ્રાર દ્વારા માત્ર એક જ વાર સુધારો કરી શકાતો હતો. હવે, સંજોગો અને નિયમો બદલાય ત્યારે યોગ્ય આધાર-પુરાવા રજૂ કરીને ફરીવાર પણ જરૂરી સુધારા કરી શકાશે. મરણના દાખલામાં પણ સરળતા

મરણના પ્રમાણપત્રમાં પણ સુધારો કરાયો છે. હવે મરનારના નામ પાછળ પિતા કે પતિનું નામ અને અટક લખાવવી વૈકલ્પિક ગણાશે. મુખ્ય રજિસ્ટ્રાર દ્વારા રાજ્યના તમામ જિલ્લા રજિસ્ટ્રાર, મહાનગરપાલિકા અને નગરપાલિકાના અધિકારીઓને આ નવી એડવાઈઝરીનો તાત્કાલિક અમલ કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. (૯.૨૮)

પૂ. શ્રી ધીરજમુની મ.સા.ના અનુગ્રહથી વડનગરમાં શશીકાંત જી.બદાણી બોયસ હોસ્ટેલનું નિર્માણ



રાજકોટ : વડનગરમાં શ્રીમતી માલિની કિશોર સંઘવી આયુર્વેદિક ઈન્સ્ટીટયુટના નિર્માણ બાદ વસંત-પ્રભા હોસ્પિટલ અને શશીકાંત જી. બદાણી-બોયસ હોસ્ટેલનું નિર્માણ થવા પામેલ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વતનમાં જૈન સખાવતોએ મોદીજીની રાષ્ટ્ર સેવાને બિરદાવી સંકુલ નિર્માણમાં સહભાગી બનવાની તક ઝડપી ૧.૫૧ કરોડનું દાન બદાણીએ અર્પણ કરેલ છે.

હાલ હોસ્ટેલમાં ૨૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસરત છે. બદાણી પરિવારનું રાજકોટમાં જૈન બોર્ડિંગ, શિશુ મંદિર, વિરાણી બહેરા-મૂંગા શાળા વગેરેમાં કરોડોનું દાન પૂ. શ્રી ધીરગુરૂદેવના અનુગ્રહથી પ્રાપ્ત થયેલ છે. (૫-૧૭)

શેરી ફેરીયાઓને મનપા લોન અપાવશે

PMSVANidhi યોજના અંતર્ગત લાભ લેવા તંત્રનો અનુરોધ

રાજકોટ, તા., ૨૮: શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગ રૂપે ભારત સરકારશ્રી દ્વારા શેરી ફેરિયાઓ માટે **PMSVANidhi (PM Street Vendors AtmaNirbharNidhi)** યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ યોજના જાહેર કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ફેરિયાઓ તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે.

આ યોજનામાં સમગ્ર રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરી ફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર નવા લાભાર્થીઓ માટે લોન ફોર્મ ભરવા તથા જે લાભાર્થીઓની લોન અરજી બેંક લેવલે મંજુરી માટે પેન્ડીંગ છે તેમની અરજીઓના નિકાલ, લોન મેળવેલ ફેરિયાઓ તથા તેમના પરિવારજનોનું સામાજિક-આર્થિક પ્રોફાઈલિંગ થકી સરકારશ્રીની અન્ય યોજનાઓનો લાભ આપવામાં આવે છે.

PMSVANidhi યોજના અંતર્ગત રાજકોટ શહેરમાં ફેરી પ્રકારનો વ્યવસાય કરતા લાભાર્થીઓને સિક્યુરીટી વિના તબક્કા વાર લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા લાભાર્થીઓએ મોબાઈલ ઉપરાંત આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, બેંક પાસબુક, **UPI** આઈ.ડી., ઓરીજનલ અને ઝેરોક્ષ નકલ સાથે **NULM** સેલ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ ખાતે સંપર્ક કરવાનો રહેશે. (૪.૬)

મેટોડા જીઆઇડીસીમાં દિપકભાઇના કારખાનામાં રૂા. ૬.૧૬ લાખની ચોરી

તસ્કરો કારખાનામાં ઓફિસના દરવાજાનો લોક તોડી રૂા.૬ લાખ રોકડા, બે મોબાઇલ ઉઠાવી ગયા

રાજકોટઃ તા. ૨૮, મેટોડા જીઆઈડીસી. ગેઈટ નં. ૨ માં આવેલા કારખાનાને નિશાન બનાવી તસ્કરો કારખાનામાં પ્રવેશ કરી ઓફિસના દરવાજાનો લોક અને કાચ તોડી ટેબલના ખાનામાંથી રોકડ તથા બે મોબાઈલ ફોન મળી રૂા. ૬.૧૬ લાખની માલમતા ચોરી જતા ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ રાજકોટના અમીન માર્ગ પર ભરતવન સોસાયટીમાં રહેતા દિપકભાઈ મોહનભાઈ ઘેટીયા (ઉ.વ. ૪૯) ના મેટોડા જીઆઈડીસી ગેઈટ નં. ૨ માં પ્લોટ નં. જી-૧૯૩૫/૩ માં આવેલા લેકસમો પોલીફલેકસ ઈન્ડસ્ટ્રીઝ નામના કારખાનાને નિશાન બનાવી તસ્કરો કારખાનામાં પ્રવેશ કરી અંદર ઓફિસના દરવાજાનો કશાય તોડીને લોક તોડયો હતો બાદ અંદર પ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલા કુલ ૬ લાખની રોકડ તથા રૂા. ૮ હજારની કિંમતના બે મોબાઈલ ફોન મળી રૂા. ૬,૧૬,૫૦૦ ની માલમતા ચોરી ગયા હતા, ગઈ કાલે સવારે કારખાનામાં કામ કરતા કર્મચારીઓ કારખાને આવતા ઓફિસના દરવાજાનો કાચ અને લોક તુટેલો જોવા મળ્યો હતો અને અંદર સામાન વેરવીખેર જોતા તુરત જ જાણ કરતા કારખાનાના માલિક દિપકભાઈ ઘેટીયા દોડી આવ્યા હતા તેણે જાણ કરતા મેટોડા પોલીસ મથકના પીઆઈ.એસ.એમ. શર્મા સહિતના સ્ટાફે સ્થળ પર પહોંચી કારખાનાના માલિક દિપકભાઈની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સો વિરુધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (૩૫-૧૩)



જ્યોતિબા ફુલેની પુણ્યતિથિ : પુષ્પાંજલિ અર્પણ

રાજકોટઃ મહાત્મા જ્યોતિબા ગોવિંદરાવ ફૂલે (૧૧ એપ્રિલ ૧૮૨૭ - ૨૮ નવેમ્બર ૧૮૯૦) એક વિચારક, સમાજ સુધારક, લેખક, તત્વચિંતક, દાર્શનિક વિદ્વાન અને સંપાદક હતા. ગરીબ અને મજૂરો માટે લડતા હતા. બાળ વિવાહના વિરોધી હતા. બાળવિવાહ અટકાવવામાં તેઓએ પ્રયાસો કર્યા હતા. આજે તેમની પુણ્યતિથિ નિમિત્તે રાજકોટના જયુબેલી ગાર્ડન માં આવેલી જ્યોતિબા ફુલે ની પ્રતિમાને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના કાર્યાલય મંત્રી જયદીપભાઈ મયાત્રા અને સિનિયર કોંગ્રેસ પ્રવકતા ગજેન્દ્રસિંહ ઝાલાએ ભાવભરી પુષ્પાંજલિ અર્પણ કરી ફૂલહાર કરવામાં આવ્યા હતા.

અવસાન નોંધ

વિનોદબાળાબેન જાની

રાજકોટ : સ્વ. વિનોદબાળાબેન જાની (નિવૃત વિરબાઈ મહિલા કોલેજ - પ્રોફેસર સંસ્કૃત) તે સ્વ. પ્રાણલાલ નરભેરામ જાની (જામનગર નિવાસી) ના સુપુત્રીનું તા. ૨૬ બુધવારના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે, જે કૌશિકભાઈ (એલ.ઈ. કોલેજ, મોરબી) જીતેશભાઈ (અમેરિકા નિવાસી), ભવિનભાઈ (પંજાબ નેશનલ બેન્કના રિટાયર્ડ કર્મચારી), પુલિંદભાઈ (ઓર્થો. સર્જન, મોરબી સીવીલ હોસ્પિટલ) તથા જામનગર નિવાસી મંદાકિનીબેન જાનીના મોટા બહેન તેમજ ધૈવત જાની (અમદાવાદ) અને વૈરાજ જાની (નાગરિક બેન્ક, રાજકોટ)ના ફૈબાનું અવસાન થયેલ છે. તેઓનું બેસણું બાલ કુંજ હોબી સેન્ટર, જુના એરપોર્ટ ફાટક પાસે, રેલ્વે લાઈન સામે, તા. ૨૯-૧૧-૨૦૨૫ અને શનિવારના રોજ, સમય સાંજે ૪-૩૦ થી ૬ વાગ્યા સુધી રાખેલ છે. (૩૬.૧૧)

નેશનલ ગાર્ડ પરના હુમલા બાદ ટ્રમ્પ વહીવટીતંત્ર આકરા પાણીએ

અમેરિકા ૧૯ દેશોના ગ્રીન કાર્ડ ધારકોની ફરીથી તપાસ કરશે

ટ્રમ્પે કહ્યું કે ઢીલી સ્થળાંતર નીતિઓ રાષ્ટ્રીય સુરક્ષા માટે સૌથી મોટો ખતરો છે



વોશિંગ્ટન તા.૨૮: ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે જાહેરાત કરી છે કે તે ૧૯ દેશોના લોકોને આપવામાં આવેલા ગ્રીન કાર્ડની ફરીથી તપાસ કરશે. યુએસ નાગરિકતા અને ઈમિગ્રેશન સેવાના વડા જોસેફ એડલોએ આ જાહેરાત કરી. એડલોએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમને દરેક ચિંતા ધરાવતા દેશના લોકોના ગ્રીન કાર્ડની સંપૂર્ણ અને કડક રીતે ફરીથી તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. વ્હાઈટ હાઉસ નજીક ગોળીબારની ઘટના બાદ આ પગલું લેવામાં આવ્યું હતું.

બીબીસીના અહેવાલ મુજબ, જોસેફ એડલોએ સ્પષ્ટ કર્યું નથી કે કયા ૧૯ દેશોના ગ્રીન કાર્ડ ધારકોની તપાસ કરવામાં આવશે. એજન્સીએ આ વર્ષે જૂનમાં વ્હાઈટ હાઉસની જાહેરાત તરફ ધ્યાન દોર્યું હતું, જેમાં અફઘાનિસ્તાન, ક્યુબા, હૈતી, ઈરાન, સોમાલિયા, વેનેઝુએલા, બર્મા, ચાડ, કોંગો રિપબ્લિક અને લિબિયાનો સમાવેશ થતો હતો. અમેરિકાએ અફઘાનિસ્તાનથી આવતી તમામ ઈમિગ્રેશન વિનંતીઓની પ્રક્રિયા પણ અટકાવી દીધી છે.

એડલોએ ગુરુવારે સોશિયલ મીડિયા પર ગ્રીન કાર્ડ સમીક્ષા વિશે પોસ્ટ કરી. એડલોએ કહ્યું કે આ દેશ અને અમેરિકન લોકોની સુરક્ષા સર્વોપરી છે. અમેરિકન લોકો અગાઉના વહીવટની અવિચારી પુનર્વસન નીતિઓનો ખર્ચ ઉઠાવશે નહીં. જોકે, તેમણે તેમની પોસ્ટમાં નેશનલ ગાર્ડ પરના હુમલાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હતો.

એડલોએ ગ્રીન કાર્ડની ફરીથી તપાસ કેવી રીતે હાથ ધરવામાં આવશે તે અંગે વિગતો આપી ન હતી. જૂનમાં, યુએસ ઈમિગ્રેશન એજન્સીએ ઘણા દેશોના ગ્રીન કાર્ડ ધારકોની કડક તપાસની જાહેરાત કરી હતી. ખાસ કરીને, અફઘાનિસ્તાનમાં પાસપોર્ટ અથવા નાગરિક દસ્તાવેજો જારી કરવા માટે કોઈ સહકારી કેન્દ્રીય સત્તા ન હોવાનું કહેવાય છે, અને યોગ્ય તપાસ અને ચકાસણી પ્રક્રિયાઓનો અભાવ હતો.

બુધવારે વોશિંગ્ટન, ડીસીમાં વ્હાઈટ હાઉસ નજીક ગોળીબારમાં બે નેશનલ ગાર્ડ સૈનિકોને ગોળી વાગી હતી. ગોળીબારના શંકાસ્પદ વ્યક્તિની ઓળખ અફઘાન નાગરિક તરીકે થઈ છે. શંકાસ્પદ રહેમાનુલ્લાહ લકનવાલ ૨૦૨૧ માં અફઘાન લોકોને ખાસ ઈમિગ્રેશન સુરક્ષા પૂરી પાડતા કાર્યક્રમ હેઠળ અમેરિકા આવ્યો હતો.

હુમલા બાદ, ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ગોળીબારથી રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો ઉજાગર થયો છે. અગાઉના બિડેન વહીવટીતંત્રે વિશ્વભરમાંથી ૨૦ મિલિયન બિનદસ્તાવેજીકૃત વિદેશીઓને પ્રવેશવાની મંજૂરી આપી હતી, એવી જગ્યાઓથી જ્યાંથી તમે જાણવા પણ માંગતા નથી. આવું બન્યું છે અને આજે એક મોટો ખતરો બની રહ્યું છે.(૩૮.૧૦)

★જસદણમાં પાંચ કરોડના ખર્ચે બનેલા રોડમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે સ્થાનિકોએ કર્યો વિરોધ

★અમદાવાદમાં એક તરફી પ્રેમમાં પાગલ યુવક, ખુદ પોતાના પર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી મર્યો

ભારતની રૂશ સિંધુએ ૧૨ વર્ષ પછી સ્પર્ધામાં ઇતિહાસ રચ્યો, પરંતુ તે ટોચના ૧૦માં સ્થાન મેળવી શકી નહીં

કોલંબિયાની કેટાલિના ડ્યુકે બની મિસ ઇન્ટરનેશનલ ૨૦૨૫



નવી દિલ્હી તા.૨૫: મિસ ઈન્ટરનેશનલ ૨૦૨૫ : મિસ ઈન્ટરનેશનલ ૨૦૨૫નો ગ્રાન્ડ ફિનાલે ૨૭ નવેમ્બરના રોજ જાપાનના ટોક્યોમાં યોજાયો હતો, જ્યાં કોલંબિયાની કેટાલિના ડ્યુકે મિસ ઈન્ટરનેશનલ ૨૦૨૫નો ખિતાબ જીત્યો હતો. આ વર્ષે, વિશ્વભરની ૮૦ સુંદરીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ૮૦ સુંદરીઓમાં, ભારતની પુત્રી રૂશ સિધુએ પણ ભાગ લીધો હતો, જેણે ૧૨ વર્ષ પછી આ સ્પર્ધામાં ઈતિહાસ રચ્યો હતો.

આ વર્ષના સ્પર્ધાનું આયોજન વેનેઝુએલાની મિસ ઈન્ટરનેશનલ ૨૦૨૩, એન્ડ્રીયા રુબિયો અને ૨૦૧૯ મિસ ઈન્ટરનેશનલ જાપાન, મોમી ઓકાડા અને મેક્સ પાવર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. ટોચની ૨૦ સુંદરીઓએ સ્વિમસ્યુટ અને ઈવનિંગ ગાઉન રાઉન્ડમાં ભાગ લીધો હતો. ત્યારબાદ, ટોચની ૧૦ સુંદરીઓએ જાહેર ભાષણ રાઉન્ડમાં ભાગ લીધો હતો, જેમાં ટકાઉ વિકાસ લક્ષ્યો અને સામાજિક કાર્ય પર તેમના મંતવ્યો શેર કરવામાં આવ્યા હતા.

જોકે રૂશ સિધુ મિસ ઈન્ટરનેશનલ ૨૦૨૫નો તાજ જીતી શકી ન હતી, ૧૨ વર્ષની લાંબી રાહ જોયા પછી, રૂશે ટોચના ૨૦ માં સ્થાન મેળવીને ભારતનું ગૌરવ વધાર્યું છે. તેની સુંદરતા, આત્મવિશ્વાસ અને શૈલીની દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. રૂશ સિધુના ભારતીય ચાહકોએ પણ સોશિયલ મીડિયા પર તેણીને પ્રેમ અને સમર્થન આપ્યું હતું. રૂશની સિદ્ધિ સાબિત કરે છે કે સખત મહેનત અને ખંતથી, વ્યક્તિ સૌથી પ્રતિષ્ઠિત સ્પર્ધાઓમાં પણ ગૌરવ પ્રાપ્ત કરી શકે છે.

૨૦૨૪ માં, વિયેતનામના હુયન્હ થી થાન્હ થોઈએ ટાઈટલ જીત્યું, જે કોલંબિયાની પ્રથમ વિજેતા બની. નવી મિસ ઈન્ટરનેશનલ ૨૦૨૫ વિજેતા ૨૩ વર્ષીય કેટાલિના ડ્યુક છે. સૌથી નોંધપાત્ર વાત એ છે કે, તે આ પ્રતિષ્ઠિત ખિતાબ જીતનાર તેના દેશની ચોથી મહિલા બની. ઝિમ્બાબ્વેની યોલાન્ડા ચિમ્બારામી પ્રથમ રનર-અપ રહી. બોલિવિયાની પાઓલા ગુઝમેન સાંચેઝ બીજી રનર-અપ રહી. ઈન્ડોનેશિયાની મેલિઝા જાવિએરા યુલિયન ત્રીજી રનર-અપ રહી. ફિલિપાઈન્સની મિર્ના એસ્ગુએરા ચોથા સ્થાને રહી.

બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસના 'બંટાધાર' પાછળના ૮ કારણો : હાર પર મંથન બાદ કોંગ્રેસે દોષનો ટોપલો EVM, SIR અને સાથી પક્ષો પર ઢોળ્યો

શીર્ષ નેતાઓએ ૭૦ ઉમેદવારો સાથે બેઠકો યોજી : કે.સી વેણુગોપાલે કહ્યું : ચૂંટણી જનાદેશ વાસ્તવિક નહીં, પણ મનઘડંત પરિણામ: સ્થાનિક મુદ્દાઓની અવગણના, મહિલા લાભાર્થીઓને ચૂકવણી અને AIMIM દ્વારા વોટ વિભાજન મુખ્ય કારણો ગણાવાયા



નવી દિલ્હી, તા.૨૮: બિહાર વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની કારમી હાર બાદ હવે પક્ષમાં મંથનનો દોર ચાલી રહ્યો છે. કોંગ્રેસના ટોચના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી અને કે.સી. વેણુગોપાલ દ્વારા લગભગ ૭૦ ઉમેદવારો અને સાંસદો સાથે હારની સમીક્ષા બેઠકોના અનેક રાઉન્ડ યોજાયા હતા, જેમાં પરાજયના વિવિધ કારણો પર ખુલ્લીને ચર્ચા કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર ૬ બેઠકો જીતી શકી હતી અને ૬.૦૯% વોટ શેર મેળવ્યો હતો. બેઠકોમાં હાજર મોટાભાગના નેતાઓ અને ઉમેદવારોએ હાર માટે નીચે મુજબના આઠ મુખ્ય કારણોને જવાબદાર ગણાવ્યા છે: EVM અને SIR નો દુરુપયોગ કે.સી. વેણુગોપાલે બેઠક બાદ નિવેદન આપ્યું હતું કે બિહાર ચૂંટણીનો જનાદેશ વાસ્તવિક નથી, પરંતુ મોટા પાયે વ્યવસ્થાપિત અને મનઘડંત પરિણામ હતું. તેમણે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અને EVM ના દુરુપયોગ પર ભાર મૂક્યો.

સ્થાનિક મુદ્દાઓની અવગણના: ઘણા વરિષ્ઠ પદાધિકારીઓએ આક્ષેપ કર્યો કે પાર્ટીએ મોંઘવારી, પલાયન અને ભ્રષ્ટાચાર જેવા મહત્વના સ્થાનિક મુદ્દાઓને બદલે SIR અથવા 'વોટ ચોરી'જેવા મુદ્દાઓ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું.

ગઠબંધનનું ધ્રુવીકરણ: પક્ષના એક વર્ગે RJD સાથેના ગઠબંધન પર નિશાન સાધ્યું અને કહ્યું કે સાથી પક્ષ થોડા વોટ તો લાવે છે, પરંતુ અન્ય સમુદાયોનું ધ્રુવીકરણ પણ કરે છે. કેટલાક નેતાઓએ તો RJD સાથે ગઠબંધન તોડવાની પણ માંગ કરી હતી, જોકે રાહુલ ગાંધીએ આ માંગને ફગાવી દીધી.

AIMIMની ભૂમિકા: સીમાંચલ વિસ્તાર અને તે ઉપરાંત AIMIM ને મુસ્લિમ વોટોના વિભાજન (વિભાજન) માટે જવાબદાર ગણાવવામાં આવ્યું.

મહિલા લાભાર્થીઓને ચૂકવણી: સ્થાનિક નેતાઓએ આરોપ લગાવ્યો કે સરકારે ચૂંટણી દરમિયાન રૂ.૧૦,૦૦૦ ની રકમ સીધી મહિલાઓના ખાતામાં ટ્રાન્સફર કરી, જેનાથી મહિલા મતદારો નિર્ણાયક રીતે પ્રભાવિત થયા.


બૂથમાં હેરાફેરી: બૂથ પર હેરાફેરીના આરોપો લગાવવામાં આવ્યા, જેમાં બૂથની નજીક જીવિકા દીદીઓની હાજરી અને તેમનો મતદારોને એક વિશેષ ગઠબંધન માટે પ્રભાવિત કરવાનો સમાવેશ થાય છે.

જવાબદેહીની માંગ: એક નેતાએ રાહુલ ગાંધીને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની હારની જવાબદારી લઈને રાજીનામું આપવાની ઘટના યાદ અપાવી અને રાજ્યમાં પણ જવાબદેહી નક્કી કરવાની માંગ કરી, જે AICC પ્રભારી કૃષ્ણા અલ્લવરુ પર પરોક્ષ કટાક્ષ માનવામાં આવે છે.

જાતિ વસ્તી ગણતરી: પક્ષના કેટલાક સભ્યોએ જાતિ વસ્તી ગણતરીને આપવામાં આવેલા મહત્ત્વ પર સવાલ ઉઠાવ્યો. તેઓએ દલીલ કરી કે ઉચ્ચ જાતિના ઉમેદવારોની જીતનું પ્રમાણ તેમની વસ્તીના હિસ્સા કરતાં ઘણું વધારે છે.(૨૩.૧૦)

વિમાનની સાવચેતીભરી તપાસ બાદ સબ સલામત મળ્યું

દિલ્હીથી અમદાવાદ જતી એર ઇન્ડિયા ફ્લાઇટના કાર્ગો હોલ્ડમાં ધુમાડો દેખાયો: ઇમરજન્સી લેન્ડિંગ



નવી દિલ્હી, તા.૨૮: દિલ્હીથી અમદાવાદ જતી ફ્લાઈટનું કાર્ગો હોલ્ડમાં ધુમાડાને કારણે મોડી રાત્રે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, એર ઈન્ડિયાની ફ્લાઈટ AI ૨૯૩૯ એ કાર્ગો હોલ્ડમાં શંકાસ્પદ ધુમાડાને કારણે રાત્રે ૧૦:૨૦ વાગ્યે ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. ફ્લાઈટ દિલ્હીથી અમદાવાદ માટે રવાના થઈ હતી, પરંતુ તેને દિલ્હી એરપોર્ટ પર પાછી ફરવું પડ્યું હતું.


એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે દિલ્હીથી અમદાવાદ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ કર્યા પછી તરત જ દિલ્હી પાછી આવી ગઈ કારણ કે કોકપીટમાં વિમાનના કાર્ગો હોલ્ડમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો, ત્યારબાદ ક્રૂએ સાવચેતીભર્યા સલામતીનાં પગલાં લેવાનું શરૂ કર્યું હતું.

એર ઈન્ડિયાના એક અધિકારીના જણાવ્યા અનુસાર, કોકપીટ સિસ્ટમ પર ચેતવણી પ્રદર્શિત થયા પછી, સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોટોકોલ મુજબ, ફ્લાઈટ AI૨૯૩૯ ના ક્રૂ તરત જ દિલ્હી પાછા ફર્યા. અધિકારીએ જણાવ્યું હતું કે, ૨૭ નવેમ્બરના રોજ, દિલ્હીથી અમદાવાદ જતી ફ્લાઈટ AI૨૯૩૯ ઓપરેટિંગ ક્રૂએ કાર્ગો હોલ્ડ એરિયામાં ધુમાડાના સિગ્નલને કારણે ટેકઓફ પછી તરત જ દિલ્હી પાછા ફરવાનું નક્કી કર્યું હતું, જે પાછળથી વિમાનની સંપૂર્ણ સાવચેતી તપાસ બાદ ખોટું હોવાનું જાણવા મળ્યું હતું.

એર ઈન્ડિયાના એક અધિકારીએ જણાવ્યું હતું કે વિમાન સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું અને કોઈપણ ઘટના વિના તમામ મુસાફરો અને ક્રૂને નીચે ઉતારી લેવામાં આવ્યા હતા. એરલાઈને જણાવ્યું હતું કે માનક સંચાલન પ્રક્રિયાઓનું પાલન કરીને વિમાન દિલ્હીમાં ઉતર્યું હતું અને મુસાફરો અને ક્રૂને સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા. (૨૨.૧૧)

કેચીધામવાળા બાબા નીબ કરૌરી મહારાજનો આજે ૧૨૫મો જન્મોત્સવ : ઉત્તર પ્રદેશના અકબરપુરમાં ભવ્ય ઉજવણી

૩૦ નવેમ્બર ૧૯૦૦ના રોજ જન્મેલા બાબાનું મૂળ નામ લક્ષ્મી નારાયણ શર્મા : ૧૩ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી : સ્ટીવ જોબ્સ અને માર્ક ઝકરબર્ગ સહિત વિશ્વભરના અનુયાયીઓ માટે કેંચીધામ આસ્થાનું કેન્દ્ર



નવી દિલ્હી, તા.૨૮: આજે, શુક્રવારે, બાબા નીબ કરૌરી મહારાજનો ૧૨૫મો જન્મોત્સવ સમગ્ર દેશમાં અને વિશ્વભરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. હિંદુ પંચાંગ મુજબ, બાબાનો જન્મ ઈ.સ. ૧૯૦૦માં માર્ગશીર્ષ શુક્લ પક્ષની અષ્ટમીના દિવસે ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લાના અકબરપુર ગામમાં થયો હતો.

૧૨૫મા જન્મોત્સવ નિમિત્તે, બાબાના મંદિરોમાં ધાર્મિક અનુષ્ઠાન, સત્સંગ, ભંડારા અને હવન જેવા આયોજનો કરવામાં આવી રહ્યા છે. બાબાની જન્મસ્થળી પર પણ વિશેષ કાર્યક્રમોનું આયોજન થયું છે.

લક્ષ્મી નારાયણથી નીબ કરૌરી મહારાજ સુધીની અલૌકિક યાત્રા બાબા નીબ કરૌરી મહારાજનું વાસ્તવિક નામ લક્ષ્મી નારાયણ શર્મા હતું. તેઓને પિતા પંડિત દુર્ગા પ્રસાદ શર્મા અને માતા કૌશલ્યા દેવી તરફથી સંસ્કારી અને આધ્યાત્મિક વાતાવરણ મળ્યું હતું.

'સાધનાનો માર્ગ' માત્ર ૧૦ વર્ષની ઉંમરે તેઓ બનારસ ગયા અને ત્યાં વેદ તેમજ વ્યાકરણનો ઊંડો અભ્યાસ કર્યો. ૧૩ વર્ષની નાની ઉંમરે જ તેઓ ગૃહત્યાગ કરીને સાધનાના માર્ગે નીકળી પડ્યા હતા.

અલૌકિક સિદ્ધિઓ: ગુજરાત, બાવનિયા, નીબ કરૌરી અને જંગલોમાં સાધના દરમિયાન તેઓ લક્ષ્મણદાસ, તલૈયા બાબા, હાન્ડીવાલે બાબા, તિકોનિયા બાબા અને ચમત્કારી બાબા જેવા અનેક નામોથી વિખ્યાત થયા. માત્ર ૧૭ વર્ષની ઉંમરે તેમણે અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી લીધી હતી.

સેવા અને સમાજ સુધારક: બાબા માત્ર આધ્યાત્મિક ગુરુ જ નહીં, પણ મોટા સમાજસેવી પણ હતા. સ્ત્રી-પુરુષ સમાનતા, ગરીબોની મદદ અને સામાજિક ન્યાય તેમના જીવનના મૂળ સિદ્ધાંતો રહ્યા હતા. તેમણે નૈનીતાલ જિલ્લામાં હનુમાનગઢી મંદિર, ભૂમિયાધાર, કેંચીધામ અને કાકડીઘાટમાં હનુમાનજીની પ્રતિમાઓની સ્થાપના કરી હતી.

કેંચીધામ: વૈશ્વિક આસ્થાનું કેન્દ્ર

૧૯૬૪ માં સ્થાપિત થયેલું કેંચીધામ આજે ઉત્તરાખંડના સૌથી પ્રસિદ્ધ આધ્યાત્મિક સ્થળોમાંનું એક છે. એવી માન્યતા છે કે અહીંથી કોઈ ભક્ત ખાલી હાથે પાછો ફરતો નથી.

વૈશ્વિક પ્રભાવ: બાબાનો પ્રભાવ માત્ર ભારત પૂરતો સીમિત નહોતો. હાર્વર્ડના ડો. રિચર્ડ અલ્પર્ટ (જે રામદાસ બન્યા), ગાયક કૃષ્ણદાસ અને લેરી બ્રિલિયન્ટ સહિત અનેક આંતરરાષ્ટ્રીય હસ્તીઓ તેમના ભક્ત રહ્યા છે.

ટેક જાયન્ટ્સ: એપલના સંસ્થાપક સ્ટીવ જોબ્સ અને ફેસબુકના સંસ્થાપક માર્ક ઝકરબર્ગ પણ કેંચીધામની મુલાકાત લઈ ચૂક્યા છે અને બાબાની કૃપાનો ઉલ્લેખ કરી ચૂક્યા છે.

મહાપ્રયાણ અને સંદેશ: બાબાએ ૧૧ સપ્ટેમ્બર ૧૯૭૩ ના રોજ વૃંદાવનમાં દેહત્યાગ કર્યો હતો. તેમનો સંદેશ સ્પષ્ટ હતો કે, 'ભક્તિનો રસ્તો સરળ રાખો, સેવા કરતાં મોટી કોઈ સાધના નથી.'(૨૩.૧૧)

પિસ્તોલ અને જીવતા કારતૂસ જપ્ત: દિલ્હી પોલીસને મોટી સફળતા

કેનેડામાં કપિલ શર્માના કાફે પર ગોળીબાર કરનારની ધરપકડ

'ગોલ્ડી ધિલ્લોન' ગેંગનો મુખ્ય હેન્ડલર દબોચાયો: આંતરરાષ્ટ્રીય સ્તરે ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવનાર ગેંગસ્ટર બંધુ માન સિંહ સેખોનની ધરપકડ



નવી દિલ્હી, તા.૨૮: દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવી છે, જેમાં કોમેડિયન કપિલ શર્માના કેનેડા સ્થિત કેપ્સ કાફે પર ગોળીબારના મુખ્ય આરોપી ગેંગસ્ટરની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલ આરોપીની ઓળખ બંધુ માન સિંહ સેખોન તરીકે થઈ છે, જે કુખ્યાત ગોલ્ડી ધિલ્લોન ગેંગના ભારત-કેનેડા સ્થિત મુખ્ય હેન્ડલર તરીકે કાર્યરત હતો. તેની સામે અનેક ગંભીર ગુનાહિત કેસો નોંધાયેલા છે. ક્રાઈમ બ્રાન્ચે તેના કબજામાંથી ચીનમાં બનેલી હાઈ-એન્ડ PX-૩ પિસ્તોલ અને આઠ જીવતા કારતૂસ પણ જપ્ત કર્યા છે, જે તેની આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલી ગુનાહિત લિંક્સ તરફ ઈશારો કરે છે. આ ધરપકડ કેનેડામાં ભારતીય નાગરિકોના વ્યવસાયોને નિશાન બનાવતી ગેંગ્સ સામે એક મહત્વપૂર્ણ પગલું છે.

કપિલ શર્માનું કેપ્સ કાફે પહેલીવાર ૧૦ જુલાઈના રોજ અજાણ્યા હુમલાખોરો દ્વારા નિશાન બન્યું હતું, અને ત્યારબાદ ૭ ઓગસ્ટ અને ૧૬ ઓક્ટોબરના રોજ વધુ બે વખત હુમલા થયા હતા. સદભાગ્યે, આ ત્રણેય ઘટનાઓમાં કોઈને ઈજા થઈ ન હતી. જોકે કોઈ પણ ગુનાહિત જૂથે આ હુમલાઓની જવાબદારી સ્વીકારી નહોતી, પણ દિલ્હી પોલીસે હવે મુખ્ય આરોપીને ઝડપી પાડીને પડદા પાછળના કાવતરાનો પર્દાફાશ કર્યો છે. બંધુ માન સિંહ સેખોનની ધરપકડથી એ સ્પષ્ટ થાય છે કે આ હુમલાઓ માત્ર સ્થાનિક ઝઘડો નહોતા, પરંતુ એક સંગઠિત ગુનાહિત ગેંગ દ્વારા આયોજનબદ્ધ રીતે કરવામાં આવ્યા હતા, જેનું નેટવર્ક ભારત અને કેનેડા બંને દેશોમાં સક્રિય છે.

આ ઘટનાઓ બાદ કોમેડિયન કપિલ શર્માએ પોતે બુધવારે મુંબઈમાં આ અંગે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કેનેડાના સરેમાં તેમના કાફેમાં થયેલા ગોળીબારની આ ત્રણ ઘટનાઓએ કેનેડિયન અધિકારીઓને દેશમાં આવા હુમલાઓ સામે પગલાં લેવાની ફરજ પાડી છે. કપિલ શર્માએ વ્યક્ત કર્યું કે શરૂઆતમાં તેમને લાગ્યું કે ત્યાંના કાયદા અને પોલીસ પાસે આવી ઘટનાઓને નિયંત્રિત કરવાની પૂરતી શક્તિ નથી, પરંતુ તેમના કેસને કારણે આ મુદ્દો ફેડરલ સરકાર પાસે પહોંચ્યો અને તેની ચર્ચા કેનેડિયન સંસદમાં પણ કરવામાં આવી. તેમણે હકારાત્મક દ્રષ્ટિકોણ અપનાવતા કહ્યું કે હુમલાઓ પછી પણ તેમના કાફેમાં લોકોનો ધસારો વધ્યો અને તેમને વિશ્વાસ છે કે જો ભગવાન મારી સાથે હોય, તો બધું બરાબર છે.

કપિલ શર્માએ આશા વ્યક્ત કરી હતી કે તેમના કાફે પરના ગોળીબારના કેસને કારણે આ મુદ્દો વૈશ્વિક સ્તરે ચર્ચામાં આવ્યો અને હવે કેનેડામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. મુંબઈ અને ભારતની સુરક્ષા પર વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે, મને મુંબઈમાં કે આપણા દેશમાં ક્યાંય પણ અસુરક્ષિત લાગ્યું નહીં. મુંબઈ જેવું બીજું કોઈ શહેર નથી. દિલ્હી પોલીસની આ ધરપકડ દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય ગુનેગારો પણ ભારતીય કાયદાની પહોંચથી દૂર નથી. આ સફળતા ગેંગસ્ટર નેટવર્કને તોડવા અને વિદેશમાં રહેતા ભારતીય નાગરિકોના વ્યવસાયોની સુરક્ષા માટે એક મોટો સંદેશ આપે છે. (૨૨.૧૩)

આ કેલેન્ડરમાં ૧૪ ફરજિયાત રજાઓ અને ૧૨ વૈકલ્પિક (પ્રતિબંધિત) રજાઓનો સમાવેશ થાય છે

કેન્દ્ર સરકારે ૨૦૨૬ માટે રજાઓની યાદી જાહેર કરી

દિલ્હી/નવી દિલ્હીની બહાર સ્થિત કેન્દ્ર સરકારની વહીવટી કચેરીઓ માટે, નીચેની રજાઓ ફરજિયાતપણે મનાવવામાં આવશે, જેમાં ૧૨ વૈકલ્પિક રજાઓની યાદીમાંથી પસંદ કરાયેલી ત્રણ રજાઓ શામેલ છે



નવી દિલ્હી: તા.૨૮, કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૬ માટે જાહેર રજાઓની સત્તાવાર યાદી જાહેર કરી છે. આ યાદીમાં સરકારી કચેરીઓ માટે ફરજિયાત અને વૈકલ્પિક બંને રજાઓનો સમાવેશ થાય છે. ૨૦૨૬ માટે કુલ ૧૪ ફરજિયાત રજાઓ અને ૧૨ વૈકલ્પિક રજાઓ નક્કી કરવામાં આવી છે. દિલ્હી અને નવી દિલ્હીની બહાર કામ કરતા સરકારી કર્મચારીઓ માટે નિયમો થોડા અલગ છે. ૧૪ ફરજિયાત રાષ્ટ્રીય રજાઓ ઉપરાંત, કર્મચારીઓએ ૧૨ વૈકલ્પિક રજાઓમાંથી ત્રણ દિવસ પસંદ કરવાના રહેશે. સરકારી પરિપત્ર મુજબ, કર્મચારીઓ ફરજિયાત રજાઓ ઉપરાંત જારી કરાયેલ પ્રતિબંધિત રજાઓની યાદીમાંથી બે દિવસ પણ પસંદ કરી શકે છે.

૧. પ્રજાસત્તાક દિવસ, ૨. સ્વતંત્રતા દિવસ, ૩. મહાત્મા ગાંધીનો જન્મદિવસ, ૪. બુદ્ધ પૂર્ણિમા, ૫. નાતાલનો દિવસ, ૬. દશેરા (વિજયા દશમી), ૭. દિવાળી (દીપાવલી), ૮. ગુડ ફ્રાઈડે, ૯. ગુરુ નાનકનો જન્મદિવસ, ૧૦. ઈદ અલ-ફિત્ર, ૧૧. ઈદ અલ-ઝુહા, ૧૨. મહાવીર જયંતિ, ૧૩. મોહરમ, ૧૪. પયગંબર મુહમ્મદનો જન્મદિવસ (ઈદ-એ-મિલાદ)

નવી દિલ્હી/દિલ્હી સ્થિત કચેરીઓ માટે, કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા ત્રણ રજાઓ પસંદ કરવામાં આવે છે. દિલ્હી/નવી દિલ્હીની બહાર સ્થિત કચેરીઓ માટે, રાજ્યની રાજધાનીઓમાં સ્થિત કેન્દ્ર સરકારના કર્મચારી કલ્યાણ સંકલન સમિતિ દ્વારા નીચે આપેલી યાદીમાંથી ત્રણ રજાઓ પસંદ કરવાની રહેશે, જો જરૂરી હોય તો, રાજ્યના અન્ય સ્થળોએ સ્થિત સંકલન સમિતિઓ સાથે પરામર્શ કરીને.

વૈકલ્પિક રજાઓની સૂચિ, ૧. દશેરા માટે વધારાનો દિવસ, ૨. હોળી, ૩. જન્માષ્ટમી (વૈષ્ણવ), ૪. રામ નવમી, ૫. મહાશિવરાત્રી, ૬. ગણેશ ચતુર્થી/વિનાયક ચતુર્થી, ૭. મકરસંક્રાંતિ, ૮. રથયાત્રા, ૯. ઓણમ, ૧૦. પોંગલ, ૧૧. શ્રી પંચમી/ બસંત પંચમી, ૧૨. વિશુ/વૈશાખી/ વૈશાખાદી/ભાગ બિહુ/મશાદી/ઉગાદી/ ચૈત્ર શુક્લ પક્ષ/ચેટી ચાંદ/ગુડી પડવો/ પ્રથમ નવરાત્રી/નૌ રાજ/છઠ પૂજા/કરવા ચોથ, ૨૦૨૬ માં રાજપત્રિત રજાઓની સૂચિ પ્રજાસત્તાક દિવસ - ૨૬ જાન્યુઆરી, હોળી - ૪ માર્ચ, ઈદ અલ-ફિત્ર - ૨૧ માર્ચ, રામ નવમી - ૨૬ માર્ચ, મહાવીર જયંતિ - ૩૧ માર્ચ, ગુડ ફ્રાઈડે - ૩ એપ્રિલ, બુદ્ધ પૂર્ણિમા - ૧ મે, ઈદ અલ-ઝુહા (બકરીદ) - ૨૭ મે, મોહરમ - ૨૬ જૂન, સ્વતંત્રતા દિવસ - ૧૫ ઓગસ્ટ, મિલાદ-ઉન-નબી - ૨૬ ઓગસ્ટ, ઈદ-એ-મિલાદ - ૨૬ ઓગસ્ટ, જન્માષ્ટમી - ૪ સપ્ટેમ્બર, મહાત્મા ગાંધીનો જન્મદિવસ - ૨ ઓક્ટોબર, દશેરા (વિજયાદશમી) - ૨૦ ઓક્ટોબર, દિવાળી (દીપાવલી) - ૮ નવેમ્બર, ગુરુ નાનક જયંતિ - ૨૪ નવેમ્બર, નાતાલનો દિવસ - ૨૫ ડિસેમ્બર, ૨૦૨૬ માં પ્રતિબંધિત રજાઓની સૂચિ, નવા વર્ષનો દિવસ - ૧ જાન્યુઆરી, હઝરત અલીનો જન્મદિવસ - ૩ જાન્યુઆરી, મકરસંક્રાંતિ - ૧૪ જાન્યુઆરી, માઘ બિહુ/પોંગલ - ૧૪ જાન્યુઆરી, શ્રી પંચમી/બસંત પંચમી - ૨૩ જાન્યુઆરી, ગુરુ રવિ દાસનો જન્મદિવસ - ૧ ફેબ્રુઆરી, દયાનંદ સરસ્વતીનો જન્મદિવસ - ફેબ્રુઆરી ૧૨, મહાશિવરાત્રી - ૧૫ ફેબ્રુઆરી, શિવ જયંતિ - ૧૯ ફેબ્રુઆરી, હોલિકા દહન - ૩ માર્ચ, દોલ યાત્રા - ૩ માર્ચ, ચૈત્ર શુક્લ દી/ગુડી પડવ/ઉગાદી/ચેટી ચાંદ - માર્ચ, ૧૯ જમાત-ઉઇ-વિદા - ૨૦ માર્ચ, ઈસ્ટર રવિવાર - ૫ એપ્રિલ, વૈશાખી/ વિસુ/મેશાદી (તમિલ નવા વર્ષનો દિવસ), - ૧૪ એપ્રિલવૈશાખી (બંગાળ)/બહાગ બિહુ (આસામ), - ૧૫ એપ્રિલગુરુ રવિન્દ્રનાથ ટાગોરનો જન્મદિવસ - ૯ મેરથયાત્રા - ૧૬ જુલાઈ, પારસી નવા વર્ષનો દિવસ/નવરાજ - ૧૫ ઓગસ્ટ, ઓણમ અથવા તિરુ ઓનમ દિવસ - ૨૬ ઓગસ્ટ, રક્ષા બંધન - ૨૮ ઓગસ્ટ, ગણેશ ચતુર્થી/વિનાયક ચતુર્થી - ૧૪ સપ્ટેમ્બરદશેરા (સપ્તમી) - ૧૮ ઓક્ટોબર દશેરા (મહા અષ્ટમી) - ૧૯ ઓક્ટોબર દશેરા (મહાનવમી) - ૨૦ ઓક્ટોબર, મહર્ષિ વાલ્મીકિ જયંતિ - ૨૬ ઓક્ટોબર, કરક ચતુર્થી (કરવા ચતુર્થી) ચોથી) - ૨૯ ઓક્ટોબર, નરક ચતુર્દશી - ૮ નવેમ્બર, ગોવર્ધન પૂજા - ૯ નવેમ્બર, ભાઈ દૂજ - ૧૧ નવેમ્બર, પ્રતિહાર ષષ્ઠી અથવા સૂર્ય ષષ્ઠી (છઠ પૂજા) - ૧૫ નવેમ્બર, ગુરુ તેગ બહાદુરજીનો શહીદ દિવસ - ૨૪ નવેમ્બર, હઝરત અલીનો જન્મદિવસ - ૨૩ ડિસેમ્બર, નાતાલની પૂર્વ સંધ્યા - ૨૪ ડિસેમ્બર, દિલ્હી/નવી દિલ્હીની બહાર સ્થિત કચેરીઓ માટે, સંબંધિત રાજ્ય રાજધાનીઓમાં કેન્દ્ર સરકારના કર્મચારી કલ્યાણ સંકલન સમિતિઓને રજાની તારીખો બદલવાનો અધિકાર છે. જો જરૂરી હોય તો, આવા ફેરફારો સંબંધિત રાજ્ય સરકારો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્ર દ્વારા ઈદ અલ-ફિત્ર, ઈદ અલ-ઝુહા, મોહરમ અને ઈદ-એ-મિલાદ અંગે લેવામાં આવેલા નિર્ણયો અનુસાર કરવામાં આવશે.

૨૦૨૬માં, દિવાળી (દીપાવલી) રવિવાર, ૮ નવેમ્બરના રોજ આવે છે. જો કે, કેટલાક રાજ્યોમાં, લોકો નરક ચતુર્દશીના એક દિવસ વહેલા ઉજવે છે. જો કોઈ રાજ્ય તેના સરકારી કાર્યાલયો માટે નરક ચતુર્દશીને સત્તાવાર દિવાળી રજા તરીકે જાહેર કરે છે, તો તે રાજ્યમાં કેન્દ્ર સરકારની કાર્યાલયો પણ મુખ્ય દિવાળી તારીખને બદલે તે જ દિવસે રજા પાળી શકે છે.(૩૫-૫)

પલાશ સાથે માત્ર એક મહિનાની ટૂંકી વાતચીત રહી હતી: ડિકોસ્ટા

પલાશ મુચ્છલની કથિત ગર્લફ્રેન્ડે કહ્યું હું કોરિયોગ્રાફર નથી, વાયરલ થયેલ વાતચીતને ખોટી રીતે રજૂ કરાઇ

સ્મૃતિ મંધાનાએ પોતાની પ્રોફાઇલમાંથી સગાઇ, લગ્ન સંબંધીત ફોટાઓ ડીલીટ કરી નાખ્યા



નવી દિલ્હી: ભારતની જાણીતી ક્રિકેટર સ્મૃતિ મંધાના અને ગાયક પલાશ મુચ્છલની ૨૩ નવેમ્બરે થનારી લગ્ન વિધિ અનિશ્ચિતકાળ માટે ટાળી દેવામાં આવતા સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની અટકળો અને આરોપો ફેલાયા હતા. ખાસ કરીને પલાશ અને કોરિયોગ્રાફર તરીકે ઓળખાવતી એક મહિલાની વાયરલ ચેટ્સને લઈ ભારે ચર્ચાઓ થઈ રહી હતી. પરંતુ હવે મેરી ડિકોસ્ટાએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ મૂકીને મોટું સ્પષ્ટીકરણ આપ્યું છે કે હું એ કોરિયોગ્રાફર નથી અને વાયરલ થયેલી વાતચીતને ખોટા સંદર્ભમાં રજૂ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે તેમની પલાશ મુચ્છલ સાથે માત્ર એક મહિનાની ટૂંકી વાતચીત રહી હતી. ૨૯ એપ્રિલથી ૩૦ મે ૨૦૨૫ સુધી. તેઓએ સ્પષ્ટ કર્યું કે તેઓ ક્યારેય પલાશને વ્યક્તિગત રીતે મળી નથી અને તેમની કોઈપણ ચર્ચા એવી નહોતી કે જેને ખોટા અર્થમાં લેવામાં આવી શકે. મેરી અનુસાર તેમની વચ્ચે થયેલી વાતચીતને કોઈએ ખોટી રીતે કોરિયોગ્રાફર તરીકે રજૂ કરી છે, જ્યારે તેઓ આ વ્યવસાય સાથે કોઈ સંબંધ રાખતી નથી.

ડિકોસ્ટાએ પોતાની પોસ્ટમાં ઉમેર્યું કે તેઓએ આ વાતચીત જુલાઈમાં જ જાહેર કરી હતી પરંતુ તે સમયે પલાશ અથવા સ્મૃતિના લગ્નના મુદ્દે લોકોનું ધ્યાન નહોતું, તેથી તે સમાચાર ચર્ચામાં આવ્યા ન હતા. તેઓ માને છે કે હવે જ્યારે કોરિયોગ્રાફર વિશેની ખોટી અફવાઓ ફેલાઈ રહી છે ત્યારે સત્ય પ્રકાશમાં લાવવામાં આવવું જરૂરી બની ગયું છે. આ સાથે જ ડિકોસ્ટાએ સ્પષ્ટ કર્યું કે તે એ છોકરી નથી જેના સાથે પલાશે 'ધોકો' કર્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેમણે સ્મૃતિ મંધાનાની ખૂબ પ્રશંસા કરતા કહ્યું કે તેઓ ક્યારેય કોઈ સ્ત્રીને દુઃખ થાય તવું કરે નહીં. તેમણે મીડિયાને વિનંતી કરી કે ખોટા દાવાઓ ન ફેલાવે અને તેમની તસવીરોનો ગેરવપરાશ ન કરે.

આ વચ્ચે સ્મૃતિ મંધાનાએ પોતાના પ્રોફાઈલમાંથી લગભગ તમામ સગાઈ અને લગ્ન સંબંધિત પોસ્ટ્સ, ફોટો અને વીડિયો તુરંત હટાવી દીધા છે. તેમની નજીકની મિત્ર અને ભારતીય ખેલાડી જેમિમા રોડ્રિગ્સે પણ એંગેજમેન્ટના વીડિયો કરી દીધા છે, જે ઘણી વાતો સૂચવે છે.(૩૮.૫)

શહેરના રામદેવપીર ચોકડી, જામટાવર, સોરઠીયાવાડી સર્કલ, નાનામવા સર્કલ તથા મનપા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે વાયુ પ્રદુષણનું સ્તર ચિંતાજનક

રાજકોટ બન્યુ પ્રદુષણનું હોટ સ્પોટ : AQI ૨૧૦

ગત વર્ષ કરતા ૩ ૩ આ વર્ષે ૩ હવા વધુ પ્રદુષીત બની: વધતા વાહનો તથા શિયાળો કારણભુત : બિમાર તથા વૃધ્ધ લોકોને શ્વાસ લેવામાં તકલીફની ફરીયાદો

રાજકોટ, તા.,૨૮ : શહેરમાં શિયાળાની શરૂઆત થતા જ અનેક વિસ્તારોમાં પ્રદૂષણ સતત વધતુ હોવાના રિપોર્ટ મનપા દ્વારા જારી કરવામાં આવ્યા છે. કમાન્ડ અને કંટ્રોલ ખાતે સેન્સર દ્વારા નોંધાયેલા આંકડા મુજબ ફરી વખત રામદેવપીર ચોકડી, જામટાવર, સારોઠીયાવાડી સર્કલ, નાનામવા સર્કલ અને કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી સર્કલ ખાતે સૌથી વધુ એકયુઆઇ જોવા મળ્યો છે.

સવારે ધુમ્મસ હોય ત્યારે એર કવોલીટી ઈન્ડેસ વધતો હોવાનુ નિષ્ણાંતો જણાવી રહ્યા છે. છતાં દિવસ દરમિયાન સતત ટ્રાફિકથી ધમધમતા વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી એર કવોલીટી ઈન્ડેસ ૧૧૦માંથી ૨૧૦ સુધી પહોંચી ગયો છે. જેના લીધે બિમારી લોકો અને વૃધ્ધો સહિતનાને શ્વાસ લેવામાં તકલીફ પડી હોવાનુ જાણવા મળેલ છે.

ગઇકાલે અને આજે જાહેર થયેલા એર કવોલીટી ઈન્ડેસ મુજબ ફરી વખત શહેરની મધ્યમાં આવેલ કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી સર્કલ ખાતે એર કવોલીટી ઈન્ડેસ ૨૧૦ને પાર થયો હોવાનુ નોંધાયું છે.

રાજકોટમાં વસ્તીની સાથે વાહનોની સંખ્યા વધતા અને શિયાળાની શરૂઆત થતા સુકા પવનો સાથે ધુળની ડમરીઓ ઉડતા દિવસેને દિવસે પ્રદૂષણનું પ્રમાણ ચિંતાજનક બની રહ્યું છે. શહેરની હવામાં શ્વાસ લેવો અઘરો પડી રહ્યો છે ત્યારે ગુરુવારે દિવસ દરમિયાન શહેરના અનેક વિસ્તારોમાં એર કવોલિટી ઈન્ડેક્સ (AQI)૨૧૦ને પાર કરી ગયો હોવાનું જાણવા મળ્યું છે.

કોર્પોરેશન દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સેન્સર મૂકવામાં આવ્યાં છે. ગુરુવારે આ સેન્સરોએ જે આંકડા રજૂ કર્યા તે ચિંતાજનક જોવા મળ્યાં હતાં. સોરઠિયાવાડી સર્કલે ૧૪૦, કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરી ચોકમાં ૨૧૦, જામટાવર પાસે ૧૦૮, રામદેવપીર ચોકડીએ ૧૦૬, નાનામવા સર્કલે ૧૦૮, પ્રદ્યુમન પાર્કમાં ૧૩૫, જોવા મળ્યો હતો. આ તમામ વિસ્તારો સૌથી વધુ પ્રદૂષિત જોવા મળ્યાં હતાં. અલબત પ્રદૂષણ વધવાનું એ કારણ ઋતુગત ફેરફાર હોવાનું પણ સામે આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, શિયાળાની ઋતુમાં તાપમાનના ઘટાડાને કારણે થતાં ઈન્ડવઝને લીધે નીચેના સ્તરથી પ્રદૂષણની સમસ્યા ઉભી થતી હોય છે જે વિસ્તારોમાં પ્રદૂષણનો આંકડો વધુ આવ્યો છે તે ટ્રાફિકથી ધમધમતા વિસ્તારો છે. અહીં ઔદ્યોગિક પ્રદૂષણ નહીં પરંતુ વાહનોની અવરજવર અને ધૂળો ઉડતા પ્રદૂષણનું પ્રમાણ વધ્યું છે.

તેવી જ રીતે હાલમાં શહેરના મોટાભાગના વિસ્તારોમાં રોડ રસ્તાનું મેટલીંગ કામ અને પેવર કામ ચાલુ હોવાથી તુલનાએ રાજકોટ શહેરમાં આ વર્ષે આવા વિસ્તારોમાં સતત ધૂળયુ વાતાવરણ પ્રદૂષણમાં વધારો થયો હોવાનુ તંત્ર જણાવી જોવા મળી રહ્યુ છે. ત્યારે ગત વર્ષની રહ્યુ છે.



ધ્રાંગધ્રાના જસમતપુરમાં પિતા-પુત્રનો કેનાલમાં ઝંપલાવીને આપઘાત

મહેશભાઇ મફતભાઇ ઠાકોર અને તેના પુત્ર દેવરાજે ઘરકંકાસથી કંટાળીને મોત મીઠુ કરી લીધુ

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ તા.૨૮: સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા તાલુકાના જસમતપુર ગામે પિતા-પુત્ર એ કેનાલમાં ઝંપલાવી અને આપઘાત કરવાનો બનાવ સામે આવ્યો છે ત્યારે અંગેની જાણકારી મળતા તાત્કાલિક અસર એ પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી અને તપાસનો ધમધમાટ પણ શરૂ કર્યો હતો ત્યારે તપાસમાં ઘટના પાછળનું કારણ ઘર કંકાસ કારણભૂત હોવાનું લોકો પાસેથી જાણવા મળ્યું હતું. કેનાલમાંથી મૃતદેહોને બહાર કાઢી અને તાત્કાલિક અસરો સાર્વજનિક હોસ્પિટલ ખાતે પીએમ માટે મોકલી આપવામાં આવ્યા. ધાંગધ્રા પોલીસે આગળની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.



મહેશભાઈ મફતભાઈ ઠાકોર અને તેમના પુત્ર દેવરાજભાઈ મહેશભાઈ ઠાકોર (ઉંમર ૯ વર્ષ) ગુરુવારે સવારે જસમતપુર ગામ નજીક કેનાલમાં કૂદી પડ્યા હતા. આજુબાજુના વાડી વિસ્તારમાં કામ કરતા મજૂરોને આ અંગે જાણ થતાં તેમણે તાત્કાલિક ગામના અન્ય ગ્રામજનોને જાણ કરી હતી. ગ્રામજનો કેનાલ ખાતે દોડી ગયા હતા. ગ્રામજનોએ ધ્રાંગધ્રા તાલુકા પોલીસને જાણ કરતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. પિતા-પુત્રની શોધખોળ માટે ધ્રાંગધ્રા ફાયર ટીમને પણ બોલાવવામાં આવી હતી. ફાયર ટીમે કલાકો સુધી કેનાલમાં શોધખોળ કરી હતી, પરંતુ મોડી સાંજ સુધી તેમના મૃતદેહ મળ્યા ન હતા.

આત્મહત્યા પાછળ ઘર કંકાસ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે, મૃતદેહ મળ્યા બાદ આગળની તપાસ હાથ ધરવામાં આવશે.(૨.૧૨)

મનપાની ફુડ શાખાનું ચેકીંગ યથાવત

પરાબજાર- સંતકબીર રોડ-કાલાવડ રોડ વિસ્તારમાં દરોડા: મીઠાના ૯ નમૂના લેવાયા

સ્પીડવેલ વિસ્તારમાં ખાણીપીણીના ૧૯ ધંધાર્થીને ત્યાં ચેકીંગ: ૮ને લાઇસન્સની સૂચના

રાજકોટ, તા.૨૮: મહાનગર પાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના સ્પીડવેલ પ્લોટ- ૮૦ ફૂટ રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૯ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૮ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. આ ઉપરાંત વિવિધ વિસ્તારઓની નમક (મીઠા)ના નમૂના લેવામાં આવ્યા હતા.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ ફૂડવિભાગ દ્વારા ચેકીંગ હાથધરી ક્રિષ્ના માવા કેન્ડી, પુર્ણિમા ઘૂઘરા-નિધિ કચ્છી દાબેલી, બાલાજી વડાપાઉં, ભેરુનાથ કોલ્ડ પાણીપૂરી, GJ 36 ભૂંગળા બટેટા, આકાશ સ્વીટસ, જ્યુસ & શેઈક-સહિતને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. TAZA અને TARU ,અંકુર REFINED IODISED SALT (1 KG PKD.) સંદીપ સોલ્ટ ટ્રેડર્સ, પરાબજાર, માંથી તથા NIRMA SHUDH SALT DANDI REFINED FREE FLOW IODISED SALT (1 KG. PACK) સ્થળ- ખોડિયાર પ્રોવિઝન સ્ટોર રામાપીર મંદિર પાસે, સંત કબીર રોડ, 'REAL RICH' IODISED SALT (1 KG. PACK) ગોકુલ જનરલ સ્ટોર ગોકુલનગર, સંત કબીર રોડ, તેમજ 'TATA SALT' LITE (1 KG. PACK) SAFFOLA SALT PLUS (1 KG. PACK) સ્થળ- ભોલા જનરલ સ્ટોર, જાગનાથ પ્લોટ, કાલાવડ રોડ, સહિત ૪ સ્થળોએથી ૯ નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂના વડોદરા સ્થિતિ રાજય સરકારની લેબોરેટરીમાં પરિક્ષણઅર્થે મોકલવામાં આવ્યા છે. (૩.૧૩)



મનપામાં સફાઇ કામદારોનું હલ્લાબોલ: રાજીનામાથી મેડીકલ સર્ટીમાંથી મુક્તિ આપો

વિવિધ પ્રશ્નો ૧૫દિ'માં ઉકેલો: હડતાલ-આંદોલનની ચીમકી

વાલ્મિકી સમાજના આગેવાન મુકેશ પરમારની આગેવાનીમાં ટોળા ઉમટયા: ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજાને આવેદન પાઠવી રજૂઆત



રાજકોટ, તા.૨૮: રાજકોટ મનપામાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મીઓ સ્વૈચ્છીક રાજીનામુ આપી તેમના વારસદારને નોકરીમાં લેવા માટેની રજૂઆતો અવાર-નવાર કરી રહ્યા છે. જેમાં ખાસ કરીને વારસદારે મેડિકલ સર્ટિ રજૂ કરવું પડે છે. જેમાં અનેક મુશ્કેલીઓ આવતી હોય અને આજે વાલ્મિકી સમાજ દ્વારા ડે.મેયરને રજૂઆત કરી સ્વૈચ્છીક રાજીનામા મેડિકલ સર્ટિને મુક્તિ આપવામાં આવે અને જો ૧૫ દિવસમાં પ્રશ્ન હલ નહી થાય તો જલદ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

વાલ્મિકી સમાજને રજૂઆત કરી જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકામાં અમદાવાદ, વડોદરા તેમજ સુરત તથા અન્ય મહાનગરપાલિકાની જેમ સફાઈ કામદારોમાં સ્વૈચ્છીક રાજીનામુ આપી તેમના વારસદારને નોકરીમાં લેવાનો નિયમ અમલમાં છે. પરંતુ છેલ્લા ૪-વર્ષથી સીવીલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવતા મેડીકલ સર્ટીફીકેટમાં વિસંગતતાઓને કારણે ૨૦૦ થી વધારે સફાઈ કામદારોના રાજીનામાં અટવાયેલા પડયા છે અને ઘણા સફાઈ કામદારો નિવૃત થઈ ગયેલ છતાં તેમને પોતાના વારસદારને નોકરી ના હકકથી વંચીત રહેવુ પડેલ છે.

તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ સફાઈ કામદારોની રેલીના આવેદન બાદ કોર્પોરેશનના તમામ પદાધિકારીઓ તથા અધિકારીઓની તાકીદની મીટીંગમાં અમોને સફાઈ કામદારોની ભરતી તથા રાજીનામાંથી મેડીકલ સર્ટીફીકેટ રદ કરવાના મુદ્દા એક માસમાં પૂર્ણ કરવાની ખાત્રી આપવા આગેવાનો દ્વારા આંદોલન સમેટવામાં આવેલ ત્યારબાદ ભરતી માટે ફોર્મ બહાર પાડવામાં આવેલ અને અનેક બેરોજગાર લોકો દ્વારા ભરવામાં આવેલ પરંતુ ભરતી કરવામાં આવેલ નથી. રાજીનામામાંથી મેડીકલ રદ કરવાનો જનરલ બોર્ડમાં રા.મ.ન.પા.ની તા.૦૪ ઓકટોબર ૨૦૨૪ નં. ૨૨૪ થી ઠરાવ કરવામાં આવેલ ત્યારે જનરલ બોર્ડમાં આ ઠરાવ રાજય સરકારમાં મોકલવા માટેની શરત રાખેલ જેનો અમોએ ઉગ્રવિરોધ નોંધાવેલ કે રાજીનામા સંદર્ભના કોઈ ઠરાવો રાજય સરકારમાં મોકલવામાં આવેલ નથી તો આ ઠરાવ પણ મોકલવો ન જોઈએ. આમછતાં આ ઠરાવ રાજય સરકારમાં મોકલવામાં આવેલ અને ત્યાં છેલ્લા ૯ માસથી અર્ધનીત છે. ત્યારબાદ ઘણી રજુઆતો બાદ સફાઈ કામદારોના પેન્ડીંગ રાજીનામાઓ મેડીકલ અભિ-નય માટે સીવીલ હોસ્પિટલમાં મોકલવાનું થયેલ અને દર ગુરૂવારે ૩૦-૩૦ સફાઈ કામદારોને સીવીલ હોસ્પિટલમાં મોકલવામાં આવે છે. પરંતુ ત્યાં પોતાના કામમાં રજાઓ મુકી મેડીકલ માટે જતા સફાઈ કામદારોને સતત ને સતત ધકકા ખવડાવે છે. મોટી ઉંમરના કામદારોને ચાલી શકતા ન હોવા છતાં અલગ-અલગ વિભાગોમાં દાદરા ચડ-ઉતર કરવા છતાં હાલ સુધી એકપણ મેડીકલ સર્ટીફીકેટ રા.મ.ન.પા. માં જમા કરાવવામાં આવેલ નથી. જેથી અમારી વિનંતી છે કે, આ માટે ફરીથી જનરલ બોર્ડમાં ઠરાવ કરી અત્યાર સુધીની તમામ અરજીઓને મેડીકલ સર્ટીફીકેટમાંથી મુકિત આપી મંજુર કરવા તથા સફાઈ કામદારોની ભરતી માટે જનરલ બોર્ડમાં ૨-૨ વાર ઠરાવ કરવામાં આવેલ ૨-૨ વાર ફોર્મ ભરવામાં આવેલ પરંતુ હજુ સુધી ભરતી કરવામાં આવેલ નથી તો ભરાયેલા ફોર્મનો તાત્કાલીક ડ્રો કરી ભરતી કરી આંદોલન સમયે આગેવાનો તથા સફાઈ કામદારોને રા.મ.ન.પા.ના અધિકારીઓ તથા પદાધિકારીઓ દ્વારા આપવામાં આવેલ ખાત્રીનું પાલન કરી બંને પ્રશ્નોનો દિવસ-૧૫માં ઉકેલ કરવો અમારા દ્વારા થણી લેખિત-મૌખિક રજુઆતો કરવામાં આવેલ છતાં નિરાકરણ આવેલ નથી તો આ પ્રશ્નોનું નિરાકરણ દિન-૧૫માં ન આવે તો ફરીથી આંદોલન, હડતાલ સહિતના પગલા લેવાની ફરજ પડશે. જે ધ્યાન પર લઈ આ પ્રશ્નો નાકીદે ઉકેલવા જણાવાયું છે.(૬.૧૫)

સફાઇ કામદારોના સ્વૈચ્છીક રાજીનામા તથા ભરતી પ્રશ્ને રજુઆત

રાજકોટ મહાનગરપાલિકામાં અમદાવાદ, વડોદરા તેમજ સુરત તથા અન્ય મહાનગરપાલિકાની જેમ સફાઇ કામદારોમાં સ્વૈચ્છીક રાજીનામા આપી તેમના વારસદારને નોકરીમાં લેવાનો નિયમ અમલમા છે. પરંતુ છેલ્લા ૪ વર્ષથી સીવીલ હોસ્પિટલ દ્વારા આપવામાં આવતા મેડીકલ સર્ટીફિકેટમાં વિસંગતતાઓને કારણે ૨૦૦ થી વધારે સફાઇ કામદારોના રાજીનામાં અટવાયેલા પડયા છે અને ઘણા સફાઇ કામદારો અવસાન પામેલ તથા નિવૃત થઇ ગયેલ છતાં તેમને પોતાના વારસદારને નોકરી ના હકકથી વંચીત રહેવા પડેલ છે. ત્યારે આ બાબતે આજે મોટી સંખ્યામાં સફાઇ કામદારો મનપા મુકેશ પરમારની આગેવાનીમાં કચેરીએ ઉમટી પડયા હતા અને આ પ્રશ્ને તાકિદે ઉકેલવા ડે. મેયરને લેખિત પત્ર પાઠવ્યો હતો.(તસ્વીર: સંદિપ બગથરીયા)(૬.૧૬)

હરિપર પાળ ગામે તળાવમાં ડુબી જતાં ૬ વર્ષના બાળકનું મોત

માતા શોધવા નીકળી ત્યારે ઘટનાની જાણ થઇ: પરિવારમાં શોકની કાલીમા

રાજકોટ તા. ૨૮: શહેરના કાલાવડ રોડ પર હરિપર પાળ ગામે રહેતો હંસ કાળુભાઈ સાલાણી (ઉ.વ.૬) નામનો બાળક સવારે ઘરની પાછળ રમતો રમતો તળાવમાં ડૂબી જતાં મોત થયું છે. બનાવની જાણ થતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

મૃત્યુ પામનાર હંસ એક બહેનથી નાનો અને માતા-પિતાનો એક જ દિકરો હતો. તેના પિતા ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. સવારે હંસ રમવા નીકળ્યા બાદ માતા આશાબેન તેને શોધવા નીકળ્યા ત્યારે દિકરો તળાવમાં ડુબી ગયાની ખબર પડી હતી. બનાવથી પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. (૧૪.૧૩)



મિશન મંગલમનો કમાલ: મેટ્રો કેન્ટીન થકી મહિલાઓએ વાર્ષિક ૩. ૬ લાખથી વધુની આવક મેળવી

ગુજરાતમાં 30 નવા સ્થળોએ શરૂ થશે 'મંગલમ કેન્ટીન'

સખી મંડળની મહિલાઓને દર મહિને થશે ૫૦ હજાર સુધીની આવક

અમદાવાદ: તા. ૨૮, રાજયના ગ્રામ વિકાસ વિભાગ સંચાલિત ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ-GLPC તમામ જિલ્લાઓમાં મહિલા સ્વસહાય જૂથો-સખી મંડળોને સશકત બનાવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. જે અંતર્ગત 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સૂત્રને સાર્થક કરતી અને મહિલાઓના સશકિતકરણ-રોજગાર માટે વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજયમાં ૫૦ નવી કેન્ટીન સહિત ૨૦૦થી વધુ 'મંગલમ કેન્ટીન'કાર્યરત કરવામાં આવી છે.

સખી મંડળની મહિલાઓ દ્વારા સંચાલિત આ કેન્ટીન રાજયની વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્ટેલ, હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને NGO જેવી મહત્વપૂર્ણ જગ્યાઓ પર ચાલી રહી છે.

દર મહિને મહિલાઓને થશે આટલી કમાણી

ગ્રામ વિકાસ પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં હાલમાં 'મંગલમ કેન્ટીન'થકી ૧,૩૦૦થી વધુ સખી મંડળની મહિલાઓને રોજગારીની તકો મળી છે. રાજય સરકારની આ પહેલથી મહિલાઓને તેમના સંચાલનના સ્તર પર આધારિત દર મહિને રૂ. ૧૦ હજારથી ૫૦ હજાર સુધીની આવક મળી રહી છે. આ આવક મહિલાઓની આર્થિક સ્વતંત્રતા તેમજ તેમના પરિવારના સર્વાંગી ઉત્થાન માટે મહત્વનું યોગદાન બની રહી છે.

હાલ ૨૭ કેન્ટીન છે કાર્યરત

રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે 'વન ડિસ્ટ્રિક્ટ વન કેન્ટીન'પ્રચાર અભિયાન હેઠળ એકસરખા બ્રાન્ડ નેમ અને ડિઝાઇન સાથે ૩૦ નવી 'મંગલમ કેન્ટીનો'શરૂ કરવામાં આવશે, જે પૈકી અત્યારસુધીમાં ૨૭ કેન્ટીન કાર્યરત થઈ ચૂકી છે. આ નવી કેન્ટીન પોલીસ વિભાગ, R&B કચેરીઓ, મ્યુનિસિપલ બિલ્ડિંગ્સ અને અન્ય સરકારી સંસ્થાઓ ખાતે પ્રારંભ કરાશે.

ગામડાઓમાં મહિલાઓ ખાસ પ્રસંગો તેમજ વિવિધ કાર્યક્રમો દરમિયાન કેટરિંગની સેવાઓ આપે છે. GLPC દ્વારા આ મહિલાઓની ઓળખ કરી, પ્રોત્સાહન અને માર્ગદર્શન થકી તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ બાદ વ્યવસાયિક કેન્ટીન સંચાલન અને કેટરિંગ સેવાઓ માટે ક્ષમતા નિર્માણના સતત પ્રયાસો થકી તેમને સહાયતા પણ પૂરી પાડવામાં આવે છે.

પ્રથમ મંગલમ કેન્ટીન ક્યારે થઈ હતી શરૂ

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં GLPC એ 'મંગલમ કેન્ટીન'નામની બ્રાન્ડ હેઠળ તેમનું પ્રથમ મોડલ ગાંધીનગરના પોલીસ ભવન ખાતે સ્થિત ડિરેક્ટર જનરલ ઓફિસમાં શરૂ કર્યું હતું. જેનું સંચાલન છ સખી મંડળ મહિલાઓ દ્વારા સંપૂર્ણપણે કરવામાં આવી રહ્યું છે. GLPC અને ગુજરાત પોલીસના સહયોગથી શરૂ કરવામાં આવેલી આ પહેલ ખૂબ સફળ સાબિત થતાં હવે પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ તેમજ પોલીસ અધિક્ષકની કચેરી, ગાંધીનગર ખાતે પણ 'મંગલમ કેન્ટીન'શરૂ કરવામાં આવી છે. સખી મંડળની મહિલાઓ દ્વારા સંચાલિત સુવિધાસભર ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેની આ કેન્ટીન આરોગ્ય, સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના ઉચ્ચ ધોરણોને અનુસરીને પોલીસ અધિકારી-કર્મચારીઓ માટે પૌષ્ટિક ભોજન પૂરું પાડી રહી છે. (૩૫-૨૦)



પતિએ પત્નિને મર્કયુરીનું ઇન્જેકશન આપી દીધું: નવ મહિના હેરાન થઈને પત્નિ મૃત્યુ પામી

કિડની સહિત ઇન્ટર્નલ ઓર્ગન્સને નુકસાન પહોંચ્યું હતું અને ધીમે-ધીમે કરતાં ૯ મહિનાના જંગ પછી તે હારી ગઈ હતી

બેંગ્લોર, તા.૨૮: કર્ણાટકના બેંગ્લોરથી લગભગ ૨૮ કિલોમીટર દૂર અટ્ટીબેલે ગામમાં એક મહિલાનું લાંબી માંદગીને કારણે મૃત્યુ થયું. ભલે મૃત્યુ લાંબી માંદગીને કારણે થયું, પરંતુ એ માટે તેના પતિને જવાબદાર ઠેરવવામાં આવ્યો હતો. આરોપ છે કે પતિએ તેને મર્કયુરી એટલે કે પારાનું ઈન્જેકશન લગાવ્યું હતું એને કારણે તે ૯ મહિનાથી જીવસટોસટનો જંગ ખેડી રહી હતી. વિદ્યા નામની આ મહિલા માંદી પડી એ પહેલાં જ તેણે પોતાનું નિવેદન આપ્યું હતું. તેનાં લગ્ન બસવરાજ નામના યુવક સાથે થયાં હતાં. બસવરાજ અને તેના સસરા બન્ને તેને વારંવાર અપમાનિત કરતા હતા એવી તેની ફરિયાદ હતી. પતિ તેને પાગલ કહીને ઉતારી પાડતો અને ઘરમાં બંધ કરીને જતો રહેતો. સંબંધીઓને મળવા પણ નહોતો દેતો. વિદ્યાએ આરોપ લગાવ્યો હતો કે આ વર્ષે ૨૬ ફેબ્રુઆરીએ રાતે તે સૂઈ ગઈ હતી તો તેને ઊંઘમાં જ કોઈ ઈન્જેકશન લગાવી રહ્યું હોય એવું લાગ્યું. છેક બીજા દિવસે સાંજે તે ઊઠી ત્યારે તેના જમણી બાજુના નિતંબમાં ખૂબ જ પીડા થઈ રહી હતી. એ પીડા ધીમે-ધીમે શરીરમાં ફેલાવા લાગી. છેક દસ-બાર દિવસ પછી તેને સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ત્યાંથી મોટી હૉસ્પિટલમાં રિફર કરાતાં ડૉક્ટરોએ ઊંડી તપાસ કરી. ખબર પડી કે તેના શરીરમાં પારાનું ઝેર ફેલાઈ ગયું છે. ડૉક્ટરોએ ટેસ્ટિંગ માટે સૅમ્પલ મોકલ્યું અને રિઝલ્ટમાં એની પુષ્ટિ થઈ. પારો કાઢવા માટેની કોઈ દવાઓ તેને કામ ન લાગી બલ્કે એને કારણે તેની કિડની સહિત ઈન્ટર્નલ ઑર્ગન્સને નુકસાન પહોંચ્યું હતું અને ધીમે-ધીમે કરતાં ૯ મહિનાના જંગ પછી તે હારી ગઈ હતી.(૨૩.૨૨)



જાહેર નોટીસ

મીલ્કત :-

રાજકોટ શહેરના રાજકોટના રેવન્યુ સર્વે નં. ૩૪૨, ૩૪૩, ૩૪૬, ૩૪૭ તથા ૩૪૮ ના બીનખેડવાણ તથા રહેણાંક હેતુ માટે ઇમારત બાંધવાની મંજુરીવાળા 'શ્રી ભકિતનગર સોસાયટી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.' (રજી. નં. બી/૨, ૧૯૪૯) ના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૮/સી ની જમીન ચો.વા. ૩૦૦-૦૦ ચો.મી. ૨૫૦-૮૪(સીટી સર્વે રેકર્ડ મુજબ સ્થળ ઉપર જમીન ચો.મી. ૨૫૦-૭૧) ના સબપ્લોટ નં. ૧૮/સી/૧ ની જમીન ચો.મી. ૧૨૫-૫૪. (સીટી સર્વે વોર્ડ નં. ૮/૧, સીટી સર્વે નં. ૧૦૧૫)

ઉપરોકત સબપ્લોટ નં. ૧૮/સી/૨ ની જમીન ચો.મી. ૧૨૫-૫૪ રાજકોટના શ્રી નેમિષભાઇ શરદભાઇ નારીગરાના સ્વતંત્ર માલીકી કબજાની આવેલ છે.

આ જમીન પરત્વે કોઇનો કોઇપણ હકક, દાવો, લેણું, કરજ, બોજો કે કોઇ જાતનો વાંધો તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮(આઠ) માં અમોને લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. આ મુદત દરમ્યાન કોઇનો હકક, દાવો કે વાંધો તકરાર નહી આવે તો મારા અસીલો ચુકતે અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવવાની કાર્યવાહી કરશે, ત્યારબાદ કોઇનો હકક, દાવો કે વાંધો તકરાર મારા અસીલોને બંધનકર્તા રહેશે નહી, તેની નોંધ લેવી.

રાજકોટ
તારીખ : ૨૮/૧૧/૨૦૨૫

અમન બી. દોશી (એડવોકેટ)
એડ્રેસ – 'ધ ઇમ્પીરીયા', ઓફીસ નં. ૧૦૦૮, ૧૦ મો માળ, શાસ્ત્રી મેદાન સામે, લીમડા ચોક, રાજકોટ. મો.૯૮૨૪૨ ૦૦૨૧૧

જાહેર નોટીસ

મીલ્કત :-

રાજકોટ શહેરના રાજકોટના રેવન્યુ સર્વે નં. ૩૪૨, ૩૪૩, ૩૪૬, ૩૪૭ તથા ૩૪૮ ના બીનખેડવાણ તથા રહેણાંક હેતુ માટે ઇમારત બાંધવાની મંજુરીવાળા 'શ્રી ભકિતનગર સોસાયટી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.' (રજી. નં. બી/૨, ૧૯૪૯) ના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૮/સી ની જમીન ચો.વા. ૩૦૦-૦૦ ચો.મી. ૨૫૦-૮૪(સીટી સર્વે રેકર્ડ મુજબ સ્થળ ઉપર જમીન ચો.મી. ૨૫૦-૭૧) ના સબપ્લોટ નં. ૧૮/સી/૧ ની જમીન ચો.મી. ૧૨૫-૧૭. (સીટી સર્વે વોર્ડ નં. ૮/૧, સીટી સર્વે નં. ૧૦૧૫)

ઉપરોકત સબપ્લોટ નં. ૧૮/સી/૧ ની જમીન ચો.મી. ૧૨૫-૧૭ રાજકોટના શ્રી વિજયભાઇ શરદભાઇ નારીગરાના સ્વતંત્ર માલીકી કબજાની આવેલ છે.

આ જમીન પરત્વે કોઇનો કોઇપણ હકક, દાવો, લેણું, કરજ, બોજો કે કોઇ જાતનો વાંધો તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૮(આઠ) માં અમોને લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. આ મુદત દરમ્યાન કોઇનો હકક, દાવો કે વાંધો તકરાર નહી આવે તો મારા અસીલો ચુકતે અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવવાની કાર્યવાહી કરશે, ત્યારબાદ કોઇનો હકક, દાવો કે વાંધો તકરાર મારા અસીલોને બંધનકર્તા રહેશે નહી, તેની નોંધ લેવી.

રાજકોટ
તારીખ : ૨૮/૧૧/૨૦૨૫

અમન બી. દોશી (એડવોકેટ)
એડ્રેસ – 'ધ ઇમ્પીરીયા', ઓફીસ નં. ૧૦૦૮, ૧૦ મો માળ, શાસ્ત્રી મેદાન સામે, લીમડા ચોક, રાજકોટ. મો.૯૮૨૪૨ ૦૦૨૧૧

સોદો રદ કર્યા અંગેની જાહેર નોટીસ

સ્થળઃ રાજકોટ, તારીખઃ૨૮-૧૧-૨૦૨૫
અમારા મારફતઃ-
પી.જે.ગોડા એન્ડ કાં.-એડવોકેટસ,
૮૦૧, ૮૦૨, ૮૦૩, સ્પેસ ઓડીસી,
કે.કેવી ચોક પાસે,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
મો. ૯૮૨૫૦ ૭૪૯૪૯

વિરેશ પી. ગોડા
સાગર વી. ગોડા
ભવ્ય સી. ગોડા
એડવોકેટસ

જાહેર નોટીસ

ગુજરાત રાજયના સબરજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ રાજકોટ મહાનગરપાલીકાની હદમાં રાજકોટ શહેરના **રેવન્યુ સર્વે નંબર-૬૩** પૈકીના રહેણાંક હેતુ માટેના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા ''**કલ્પતરૂ સીટી-એ**'' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨૯** ની જમીન **ચો.મી.આ.૬૬-૦૦ શ્રી ચંપાબેન જયંતીભાઈ ટાંકએ** રજી.વેચાણ **દસ્તાવેજ અનું.નં.૧૬૮૫૯, તા.૦૨/૧૧/૨૦૦૭થી શ્રી રેખાબેન જમનાદાસ સાવલીયા** પાસેથી ખરીદ કરી માલીકી, કબજા, ભોગવટાથી ધરાવે છે. આ મિલ્કત અમારા અસીલ તેમની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સદરહુ મિલ્કત પરત્વે કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા, કબજા, લેણા, કરજ, બોજા, લીયન, ભરણપોષણ, વારસાઈ હક કે અન્ય કોઈ પ્રકારના વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દસ)** માં કાયદેસરના લેખીત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રૂબરૂ મળવુ અથવા રજીસ્ટર પોસ્ટથી લખવુ, ઉપરોકત સમય મર્યાદામાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર આવશે નહી તો આ મિલ્કત ઉપર કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરાર નથી અને હોય તો તે જતા(**વેવ**) કરેલ છે, તેમ માની અમારા અસીલ વેચાણ વ્યવહાર પૂર્ણ કરી મિલ્કતનો પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે ત્યારબાદના વાંધા તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૮/૧૧/૨૦૨૫

જીજ્ઞેશ એ. દેસાઈ,
જીજ્ઞેશ એન. ડોડીયા
એડવોકેટસ

જીજ્ઞેશ એ. દેસાઈ
એડવોકેટ
મો.૯૦૩૩૨૩૬૭૩૬

શીવમ પ્લાઝા, S.B.I બેન્કની બાજુમા, પેડક મેઈન રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના **રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાનાં વાજડી (વડ) ના રેવન્યુ સર્વે નં.૮૭** ની રહેણાંકના હેતુ માટે બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનનાં પ્લોટસ કે જે ''**શ્રી નાથજી વાટીકા**'' તરીકે ઓળખાતા વિસ્તારના **પ્લોટસ પૈકી પ્લોટ નં. ૩૩** ની ખુલ્લી જમીન ચો.મી.આ.૧૮૩-૨૭, **શ્રી વિશાખા યોગેશભાઈ રાજયગુરૂ** ની સ્વતંત્ર કબજા ભોગવટા અને માલીકીની આવેલ છે. સદરહું જમીન અમારા અસીલ ઉપરોકત જમીનના માલીક પાસેથી ખરીદ કરવા માંગે છે. તેથી સદરહું જમીન પરત્વે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો બક્ષીસ, ગીરો, વારસાઈ, દરદાવો કે અન્ય કોઈ પણ રીતે વાંધા તકરાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ ૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા-તકરાર આવશે નહી તો આ જમીનમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહું જમીન ખરીદ કરશે. ત્યાર બાદ જો કોઈના વાંધા-તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની તમામ એ નોંધ લેવી.

સ્થળઃ- રાજકોટ., તા. ૨૮-૧૧-૨૦૨૫

તુષાર જી. ગોસ્વામી એડવોકેટ મો.૯૦૩૩૫ ૧૨૫૩૧

શીવ એસોસીએટસ **નીતેશ વી. વેગડ, જયેશ જી. ગોસ્વામી**
૬૨૬ ધ સ્પાયર-૨, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ કમ ચેતવણી

આથી અમો નીચે સહી કરનાર **શ્રી નરેન્દ્રસિંહ જે. વાઘેલા, એડવોકેટ એન્ડ નોટરી** તે મારા અસીલની સુચના અને ફરમાઈશ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કેઃ-

રાજકોટ જીલ્લાના કોટડાસાંગાણી તાલુકાના ગામ-અરડોઈના ખાતા નં. ૧૯૭૧ થી આવેલ **(૧) રે.સર્વે નં. ૪૧ (જુનો રે.સર્વે નં. ૪૫૫/૩) જમીન હે.૧-૪૬-૭૧ તથા (૨) રે.સર્વે નં. ૪૨ (જુનો રે.સર્વેનં. ૪૫૫/૪) જમીન હે.૧-૧૫-૩૫** વાળી ખેતીની જમીન તેના ખાતેદાર **શ્રી અલ્પેશભાઈ પ્રવિણભાઈ વિરોજા**, રહે. અરડોઈ, તા. કોટડાસાંગાણી, જી.રાજકોટ, ની સ્વતંત્ર માલીકીની ખેતીની જમીન આવેલ છે.

ઉપરોકત બતાવેલ વિગતવાળી ખેતીની જમીન તેના માલીક/ખાતેદાર શ્રી અલ્પેશભાઈ પ્રવિણભાઈ વિરોજા, છેલ્લા પાંચ વર્ષથી માનસિક રીતે અસ્વસ્થ હોય જેનો ગેરલાભ લઈ અમુક માણસો સદરહું ખેતીની જમીન નજીવા ભાવે બોગસ ડોકયુમેન્ટ ઉભા કરી પચાવી પાડવા માંગતા હોય જેથી તેમના માતા-પિતાની રૂબરૂ સહિ સંમતી કે મંજુરી વગર સદરહું ખેતીની જમીન અંગે કોઈપણ વ્યકિતઓએ લેખીત કે મૌખીક વ્યવહાર કરવો નહી. અને જો આવો કોઈપણ વ્યવહાર કરશે અથવા અમારા અસીલના ધ્યાને આવશે તો તે કરેલ વ્યવહાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની આથી સર્વે લાગતા વળગતાએ નોંધ લેવી.

ગોંડલ. તા. ૨૮-૧૧-૨૦૨૫

એન. જે. વાઘેલા એડવોકેટ એન્ડ નોટરી-ગોંડલ

''સેફરોન સ્કવેર'' કોર્ટની બાજુમા, ફર્સ્ટ ફલોર, ઓફિસ નં.૧૦૫, ગોંડલ, રાજકોટ

રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના મોજે ગામ-અનળગઢના રેવન્યુ સર્વે નં. ૧૪ ની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી.૨-૦૮-૪૧ તથા રેવન્યુ સર્વે નં.૧૪/પૈકી ૧ ની ખેડવાણ જમીન હે. આરે. ચો. મી.૨-૦૨-૩૫ વાળી જમીન અંગે

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપીને સૌને જણાવવાનું કે, રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના મોજે ગામ-**અનળગઢના રેવન્યુ સર્વે નં. ૧૪** ની જુની શરતની ''**ખાંભાવાડુ**'' તરીકે ઓળખાતી પિયત પ્રકારની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી. ૨-૦૮-૪૧ બરાબર એકર ૫-૦૬ ગુંઠા તથા રેવન્યુ સર્વે નં. ૧૪/ પૈકી ૧** ની જુની શરતની ''**ખાંભાવાડુ**'' તરીકે ઓળખાતી પિયત પ્રકારની ખેડવાણ જમીન **હે.આરે.ચો.મી.૨-૦૨-૩૫ બરાબર એકર ૫-૦૦ ગુંઠા** વાળી ખેડવાણ જમીનો તેમના માલીક જમનાદાસ સવજીભાઈ કનેરીયાના સ્વતંત્ર નામે **ખાતા નં.૨૧૬, નોંધ નં.૧૦૩૧,૧૦૩૨** થી તેમની સ્વતંત્ર માલીકી અને કબજા-ભોગવટાની આવેલ છે. સદરહું ખેડવાણ જમીનો અમારા અસીલ તેઓની પાસેથી ખરીદ કરવા માંગે છે. ઉપરોકત વેંચાણ, વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો–તકરાર, હકક, હીત, હીસ્સો, લાગભાગ કે અન્ય કોઈ વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૦૮** માં લેખીત આધાર પુરાવા સાથે અમારી સમક્ષ રજુ કરવા આ સમય દરમ્યાન જો કોઈના વાંધા, તકરાર નહીં આવે તો કોઈને આ મીલ્કત પરત્વે વાંધો, તકરાર નથી અને હશે તો તે જતો કરેલ છે. તેમ ગણી મારા અસીલ આ મીલ્કતનો વેંચાણ દસ્તાવેજ તેમની પાસેથી કરાવી લેશે ત્યાર બાદ આવેલ કોઈ વાંધો, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં જેની સર્વે, લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા. ૨૮-૧૧-૨૦૨૫
''એક્રોસ હાઉસ'', ચોથો માળ,
૧-સૂર્યોદય સોસાયટી,
વોકહાર્ટ હોસ્પિટલ સામે,
કાલાવડ રોડ, રાજકોટ.
મો. ૯૯૯૮૦૦૮૫૩૯

અમારા મારફતઃ
આર. એમ. વારોતરિયા
દિનેશ આર. વારોતરિયા
એડવોકેટસ

જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રાજકોટ જીલ્લાના, રાજકોટ તાલુકાના, રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ ગામ રૈયાના રેવન્યુ સર્વે નં.૯૭ પૈકી, ટી.પી.સ્કીમ નં.૧ (રૈયા), ફાઈનલ પ્લોટ નં.૮૦૨ વાળી બીનખેતીમાં ફેરવાયેલ ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં.૧૭ પૈકીની ઉત્તર-દક્ષિણ વચ્ચેની પૂર્વના રસ્તાવાળી જમીન ચો.વાર આ.૧૨૫-૩૦ બરાબર ચો.મી.આ.૧૦૪-૭૯ આવેલ છે. તે ખુલ્લી જમીન **શ્રી મનસુખલાલ કાલીદાસ કારીયા** ની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટા અને સુખાધિકારની આવેલ છે. તેઓ પાસેથી અમારા અસીલ અવેજ આપી ખાલી કબજે વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા નકકી કરેલ છે.

જેથી આ નોટીસ પ્રસિધ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત વર્ણનવાળી ખુલ્લી જમીન સંબંધે, ટાઈટલ સંબંધે કે કબજા પરત્વે કે તેના વેચાણ સંબંધે કોઈ વ્યકિત, પેઢી, બેંક, સોસાયટી, મંડળી કે એસાઈનીઓ કે વારસદારો, સરકારી, અર્ધ-સરકારી કચેરી વિગેરેનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ, વારસાઈ હકક, ભરણપોષણ હકક, લેણું, બોજો, ગીરો, લીયન કે કોઈપણ જાતની જવાબદારી કે હકક-અધિકાર સદરહું જમીન પરત્વે હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૧૦ (દસ)** માં અમારી ઓફીસે લેખીત રજુઆત આધાર પુરાવા સાથે કરવી. સદરહું મુદત દરમ્યાન જો કોઈના વાંધા તકરાર નહિ આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી, તેમજ જો હોય તો જતો યાને વેઈવ કરેલ છે, તેમ સમજી અમારા અસીલ સદરહું મિલ્કત પરત્વેના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે અને સદરહું જમીનનો ટાઈટલ કલીયર રીપોર્ટ આપી દેવામાં આવશે. જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા તકરારો અમારા અસીલને શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિં જેની સર્વે લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળઃ રાજકોટ, તારીખઃ૨૮-૧૧-૨૦૨૫
અમારા મારફતઃ-
પી.જે.ગોડા એન્ડ કાં.-એડવોકેટસ,
૮૦૧, ૮૦૨, ૮૦૩, સ્પેસ ઓડીસી,
કે.કેવી ચોક પાસે,
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
મો. ૯૮૨૫૦ ૭૪૯૪૯

વિરેશ પી. ગોડા
સાગર વી. ગોડા
ભવ્ય સી. ગોડા
એડવોકેટસ



ચિંતન શિબીરમાં ઉપસ્થિત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ એકબીજાને મીઠા મોઢા કરાવીને કોમનવેલ્થની યજમાની માટે શુભેચ્છા પાઠવી હતી. જે તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીરઃ નિમીષ ગણાત્રા, ગાંધીનગર) (૨.૭)

નરેન્દ્રભાઈનું વિઝન છે કે, કોઈ દેશ કરી શકે તો ભારત પણ કરી જ શકે છે, આ જ વિશ્વાસથી આજે આપણે દરેક ક્ષેત્રમાં વિશ્વની સાથે સ્પર્ધા કરી રહ્યા છીએ: ભુપેન્દ્રભાઇ પટેલ: નરેન્દ્રભાઇ મોદીએ ૨૦ વર્ષ પહેલાં જે મહેનત કરી હતી તેનું આજે આપણને ફળ મળ્યું છે: હર્ષ સંઘવી

કોમનવેલ્થની યજમાની એ નરેન્દ્રભાઇનુ વિઝન- દીર્ઘદ્રષ્ટિનું પરિણામઃ ભુપેન્દ્રભાઇ

ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાનપદ મળતા ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ થીમ આધારિત ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની ગરિમામય ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસભેર વધાવવામાં આવી

અમદાવાદ તા.૨૮: ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાનપદ મળતા આ ઐતિહાસિક સફળતાને ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાઈ રહેલી સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ થીમ આધારિત ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ગરિમામય ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસભેર વધાવવામાં આવી હતી.



કોમન વેલ્થ ગેઇમ્સ ૨૦૩૦ ના આયોજન માટેના બીડમાં ભારતને મળેલા વિજયને પગલે ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની મળતા આ અવિસ્મરણીય ઘડીને આવકારવા માટે આશ્રમના પેવેલિયનમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આવી પહોંચતા ઢોલ નગારાની ગુંજ અને આતશબાજી સાથે વાજતે ગાજતે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ એ આદિવાસી નૃત્ય કરી આ ઘડીને આવકારી હતી.

આ ઐતિહાસિક સફળતાની ઉજવણીને વધાવતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, કોમનવેલ્થ ગેમ્સની યજમાની ગુજરાતને મળી તેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું વિઝન અને દીર્ઘદૃષ્ટિનું પરિણામ છે. આપણા સૌ માટે ગૌરવની ક્ષણ છે. નરેન્દ્રભાઈનું વિઝન છે કે, વિશ્વનો કોઈ દેશ કરી શકે તો ભારત પણ કરી જ શકે છે, આ જ વિશ્વાસથી આજે આપણે દરેક ક્ષેત્રમાં વિશ્વ સાથે સ્પર્ધા કરી રહ્યા છીએ.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગેમ્સ માટે જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કર્યું છે તેનાથી આજે આ ઐતિહાસિક સફળતા મળી છે. યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના પ્રયાસોના પરિણામે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ના ભારતમાં આયોજનને મંજૂરી મળી છે. તેમના માર્ગદર્શનમાં આ કોમનવેલ્થ ગેમ્સથી વિશ્વને ભારતને આંગણે આવકારવા અને સ્પોર્ટ્સ હબ બનાવવા આપણે સજ્જ છીએ.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે, ભારત દેશ માટે ગૌરવની વાત છે. કોમનવેલ્થ ગેમ્સને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે તેના નેતૃત્વનો અવસર ગુજરાતને પ્રાપ્ત થયો તે ગૌરવવંતી ક્ષણ છે. નરેન્દ્રભાઈ મોદીએ ૨૦ વર્ષ પહેલાં જે મહેનત કરી હતી તેનું આજે આપણને ફળ મળ્યું છે. રમતગમત વિભાગનું ટીમવર્ક, પ્રેઝન્ટેશનની સફળતા થકી ગુજરાત અને અમદાવાદને યજમાનપદ



મળ્યું છે. જે બદલ સૌને અભિનંદન પાઠવું છું.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દરેક ક્ષેત્રમાં સફળતા મળી રહી છે. કોમનવેલ્થ મળી છે તેમ ઓલિમ્પિક પણ મળે તે માટે પ્રયાસો ચાલુ છે. આ માત્ર શરૂઆત છે. ટીમ લીડર તરીકે તેમણે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સમગ્ર ભારતને ગૌરવ થાય તે રીતે ગુજરાતની ટીમ કામ કરી રહી છે.

આ ખુશીને વધાવી સૌએ એકબીજાને મોં મીઠું કરાવ્યું હતું. આતશબાજી સાથે આ યજમાનીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. ભારત અને ગુજરાતનો વિકાસ આભ ને આંબી જાય તેવો કરવાનો સંદેશ આપવા માટે મંત્રી મંડળ દ્વારા બલૂન ઉડાડવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મંત્રી મંડળ ના સૌ મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવ મનોજકુમાર દાસ સનદી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.(૨.૬)

મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ પરસ્પર મ્હોં મીઠું કરાવી હર્ષ વ્યક્ત કર્યો: ઢોલ નગારા અને ફટાકડાની સાથે વાજતે ગાજતે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીનુ ઉષ્માભેર સ્વાગત કરાયું







ધરમપુર ખાતે આયોજીત ચિંતન શિબીરમાં રાજયના મંત્રીઓ તથા સચિવો ઉપસ્થિત રહયા હતા અને જુદા-જુદા મુદે ચિંતન કરવામાં આવ્યું હતું. (તસ્વીરઃ નિમીષ ગણાત્રા, ગાંધીનગર)

SIR અંતર્ગત રાજકોટ શહેર-જીલ્લામાં તા. ૨૯-૩૦ મતદારો માટે વિશેષ કેમ્પ

મતદારો મામલતદાર કચેરી-નગરપાલીકા કચેરી-બૂથો ઉપર ફોર્મ અંગે કાર્યવાહી કરી શકશે

રાજકોટ તા. ૨૮ :.. ભારતના ચૂંટણીપંચ, નવી દિલ્હી દ્વારા જાહેર કરવામાં આવેલી તા.૦૧.૦૧.૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં હાલ ચાલી રહેલા મતદારયાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (**Special Intensive Revision - SIR**) અંતર્ગત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સૂચના મુજબ મતદારોની સુવિધા માટે દરેક વિધાનસભા મતવિભાગોના વિસ્તારમાં તા.૨૯, ૩૦ નવેમ્બર,૨૦૨૫ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

જેના ભાગરૂપે રાજકોટ જિલ્લાના ૭૫-ધોરાજી વિધાનસભા મતદાર વિભાગમાં નીચેના સ્થળોએ અને કેમ્પ યોજાશે. આ સિવાય તમામ ગ્રામ્ય વિસ્તારોમાં ગામની પ્રાથમિક શાળાઓ ખાતે પણ કેમ્પ યોજાશે.

તા.૨૯ નવેમ્બરે બપોરે ૧૨.૦૦થી સાંજે ૦૫.૦૦ સુધી અને તા.૩૦ નવેમ્બરે સવારે ૧૦.૦૦થી સાંજે ૦૫.૦૦ સુધી ઉપલેટા મામલતદાર કચેરી ખાતે બુથના ભાગ નં. ૭૬થી ૯૭, ઉપલેટા નગરપાલિકા ખાતે બુથના ભાગ નં.૯૮થી ૧૧૭, ભાયાવદર નગરપાલિકા ખાતે બુથના ભાગ નં. ૧ ૩થી ૨૬, ધોરાજી મામલતદાર કચેરી ખાતે બુથના ભાગ નં.૧૬૩થી ૧૯૪, ધોરાજી નગરપાલિકા ખાતે બુથના ભાગ નં.૧૫૯ અને ૧૯૫થી ૨૨૪ માટે લ્ત્યનો ખાસ કેમ્પ યોજાશે.

આ ઉપર મુજબના કેમ્પમાં મતદારોના ૨૦૦૨ના વર્ષની મતદારયાદીમાંથી નામ શોધવાની સુવિધા, **ENUMERATION FORMS** (ગણતરી ફોર્મ)કલેકટ કરવા, જે મતદારો કે તેઓના માતા, પિતા, દાદા, દાદીનું નામ ૨૦૦૨ની યાદીમાં મળેલ નથી તેવા મતદારો ઇચ્છે તો સ્વેચ્છાએ ફ્રફ્શ્ય્ય્ય્ત્બ્ફ જબ્ય્ત્ (ગણતરી ફોર્મ) સાથે ભારતીય ચૂંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવેલ ૧૨ પુરાવાઓ પૈકીના પુરાવાઓ રજુ કરી શકશે.

૬૮-રાજકોટ પૂર્વ વિસ્તાર

૬૮ રાજકોટ પૂર્વ વિધાનસભા બેઠકના જે મતદારોને તેમના મતદારયાદી ખાસ સંક્ષીપ્ત સુધારણાના ગણતરી ફોર્મ જમા કરાવવાના બાકી છે, તેઓ ૨૯ તથા ૩૦ નવેમ્બર ના રોજ નીચેના સ્થળોએ તેમના ફોર્મ જમા કરાવી શકશે.

(૧) મામલતદાર કચેરી, રાજકોટ શહેર (પૂર્વ), જુની કલેકટર કચેરી કમ્પાઉડ, આઈ.પી. મીશન સ્કુલ સામે, રાજકોટ

(૨) મહાનગર પાલિકા વોર્ડ નં.૩, ૪, ૫, ૬, ૧૫,૧૬, ૧૮ ની કચેરીઓ

(૩) તમામ મતદાન મથક ખાતે

તા.૨૯/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૧૨ કલાક થી સાંજના પકલાક સુધી અને તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ સવારના ૧૦ કલાક થી સાંજના ૫ કલાક સુધી મતદારો ઉપરોક્ત સ્થળોએ તેમના ફોર્મ જમા કરાવી શકશે.

દક્ષિણ -રાજકોટ

૭૦ દક્ષિણ રાજકોટ વિધાનસભા બેઠકના જે મતદારોને તેમના મતદારયાદી ખાસ સંક્ષીપ્ત સુધારણાના ગણતરી ફોર્મ જમા કરાવવાના બાકી છે, તેઓ ૨૯ તથા ૩૦ નવેમ્બર ના રોજ નીચેના સ્થળોએ તેમના ફોર્મ જમા કરાવી શકશે.

(૧) મામલતદાર રાજકોટ શહેર દક્ષીણ ની કચેરી, પી.ડી. માલવીયા કોલેજ પાસે, રાજકોટ

(૨) વોર્ડ નં.૭, ૮, ૧૩,૧૪, ૧૭, ૧૮ ની વોર્ડ ઓફીસ

(૩) સંબંધિત મતદાન મથક ખાતે

તા.૨૯/૧૧/૨૦૨૫ના રોજ બપોરના ૧૨ કલાક થી સાંજના ૫ વાગ્યા સુધી અને તા.૩૦/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૧૦ કલાક થી સાંજના ૫ વાગ્યા સુધી મતદારો ઉપરોક્ત સ્થળોએ તેમના ફોર્મ જમા કરાવી શકશે. (૫-૧૨)

સોખડામાં ઉર્ષ

રાજકોટ તા. ૨૮ :.. હાઈવે ઉપર સાત હનુમાન પાછળ, ધમલપર રોડ ઉપર આવેલ સોખડા ગામે કાલે શનિવારે હઝરત ગૈબનશાહપીરનો ઉર્ષ રાબેતા મુજબ ઉજવાશે જેમાં સાંજે ૭ વાગ્યે નિયાઝ ત્થા રાત્રે અનિષ નવાબની કવ્વાલીનો કાર્યક્રમ રાખેલ હોઈ હિન્દુ-મુસ્લિમોએ લાભ લેવા કાર્યકર્તાઓ તોફીકભાઈ અને ઈકબાલ આમદભાઈ મીરાએ જણાવ્યું છે. (૫-૧૦)









નિધિ સ્કૂલમાં ''ભારતીય બંધારણ દિવસ''ની ઉજવણી: શહેરના વોર્ડ નંબર - ૧ માં આવેલ નિધિ સ્કૂલના છ થી આઠ ના વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા''ભારતીય બંધારણ દિવસ''ની ઉજવણી કરવામાં આવેલ હતી.સમગ્ર દેશમાં દર વર્ષે ૨૬ નવેમ્બરને ભારતીય બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, રાષ્ટ્રીય બંધારણ દિવસને રાષ્ટ્રીય કાયદા દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતનું બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ છે, ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારો, નાગરિકોની ફરજો, સરકારની ભૂમિકા વડાપ્રધાન, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને મુખ્યમંત્રીની સત્તાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.ડો. ભીમરાવ આંબેડકરને ભારતીય બંધારણના નિર્માતા કહેવામાં આવે છે, ભારતના પ્રથમ કાયદા મંત્રી ડો. આંબેડકર બંધારણ સમિતિના અધ્યક્ષ હતા, આ ઉપરાંત ગુજરાતના શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, કનૈયાલાલ મુનશી પણ આ સમિતિના સભ્ય હતા. નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા દ્વારા બંધારણ દિવસ નિમિત્તે વિદ્યાર્થી ભાઈ બહેનોને ભારતના બંધારણ વિશે માહિતગાર કરાયા હતા, તેમજ વિદ્યાર્થી ભાઈ બહેનો વચ્ચે ક્વિઝ કોમ્પિટિશન નું આયોજન પણ કરવામાં આવેલ હતું, જેમાં વિદ્યાર્થીઓના ૧૩ ગ્રુપોએ ભાગ લીધેલ હતો, અને બંધારણ વિશેના પ્રશ્નોત્તરીના જવાબ રજૂ કરેલ હતા તેમ જ વિજેતા ગ્રુપ અજમેરિયા ક્રિશા, ભટ્ટી એન્જલ, કામોથી હેમાંશી, આમરશેડા કાવ્યા ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રિન્સિપાલ બીના ગોહેલ,જાનકી નકુમ,હર્ષદ રાઠોડ,હેમાલી મકવાણા,અંકિતા પીઠડીયા , દિશાંગી દવે, પ્રકાશબા ગોહિલ, અસ્મિતા ડાભી કાર્યરત રહેલ હતા.(૩૫-૧૪)







વોર્ડ નં.૧૨માં વિવિધ વિસ્તારમાં ડામર રોડ રિ-કાર્પેટ કામનો પ્રારંભ ખાતમુહૂર્ત

રાજકોટઃ મહાનગરપાલિકા દ્વારા આજ તા.૨૬ના વોર્ડ નં.૧૨માં ગોકુલધામ સોસાયટી, જલજીત સોસાયટી, દ્વારકાધીશ સોસાયટી તેમજ ગીતાંજલિ સોસાયટીને લાગુ ડામર રોડ રિ-કાર્પેટ અંદાજીત રૂ.૨ કરોડના કામનું ખાતમુહૂર્ત પૂર્વ મંત્રી અને વિધાનસભા-૭૧ રાજકોટ ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું. આ ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, દંડક મનિષભાઈ રાડીયા, વોર્ડ નં.૧૨ પૂર્વ મેયર અને કોર્પોરેટર ડો. પ્રદિપ ડવ, મગનભાઈ સોરઠીયા, મિતલબેન લાઠીયા, વોર્ડ પ્રમુખ જયેશભાઈ પંડ્યા, મહામંત્રી ધીરજભાઈ મૂંગરા, મહામંત્રી મહેશભાઈ ભરડવા, રાજકોટ શહેર યુવા ભાજપ પ્રમુખ કિશનભાઈ ટીલવા, રાજકોટ શહેર મહિલા મોરચો મહામંત્રી કિરણબેન હરસોડા, પૂર્વ પ્રમુખ યોગેન્દ્રસિંહ જાડેજા, પૂર્વ ક્રમુખ યોગરાજસિંહ જાડેજા, હિમાંશુભાઈ વડોલિયા, પ્રતાપભાઈ વ્યાસ, મહેન્દ્રભાઈ હદવાણી, ચંદુભાઈ ડાંગર, રઘુભાઈ કોટિલા, તુષારભાઈ ઉદેશી, જીગ્નેશભાઈ લાઠીયા, ભુપતભાઈ ધાધલ, જી.સી. ઠાકર, ચેતનાબેન વાઘેલા, દક્ષાબેન કારેલીયા, હેતલબેન જાની, દર્શિતાબેન દોમડીયા, મહિપતસિંહ જાડેજા, જતીનભાઈ ગોહેલ, વિપુલભાઈ ગોસ્વામી, કિરીટભાઈ કે.કે, જે.જે.જાડેજા, રાજુભાઈ ગરચર, કંચનબેન મારડિયા, લાલાભાઈ બોળીયા, અશોકભાઈ ત્રંબાડીયા, અશોકભાઈ ગજજર, સરોજબેન સભાયા, અશોકભાઈ જીવાણી વગેરે ઉપસ્થિત રહેલ. (૩.૧૮)

કોઈના પર આંધળો વિશ્વાસ ન કરતા

મુંબઈમાં ૭૨ વર્ષના વૃદ્ધ સાથે ૩૫ કરોડની છેતરપીંડી

કંપનીએ ચાર વર્ષ સુધી અમને ખોટી તસવીર દેખાડી, જ્યારે બીજી તરફ વાસ્તવિક નુકસાન સતત વધતું ગયું

મુંબઈ,તા.૨૮:મુંબઈમાં ફ્રોડનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. માટુંગા વેસ્ટના રહેવાસી ૭૨ વર્ષીય ભરત હરકચંદ શહાએ આરોપ લગાવ્યો છે કે, ગોરેગાંવ (પૂર્વ) સ્થિત ગ્લોબ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ નામની બ્રોકરેજ ફર્મે મારા વિશ્વાસનો ફાયદો ઉઠાવીને લગભગ ૩૫ કરોડનું નુકસાન કરાવ્યું છે. જત્ય પ્રમાણે કંપનીના કર્મચારીઓએ શહાને 'સુરક્ષિત ટ્રેડિંગ'ની લાલચ આપીને તેનો વિશ્વાસ જીતી લીધો. પછી ચાર વર્ષ સુધી તેમના અને તેમની પત્નીના ડીમેટ ખાતાઓમાં તેમની જાણ વગર કરોડો રૂપિયાના વ્યવહારો થતા રહ્યા. કંપનીના પ્રતિનિધિઓ પાસે OTP થી લઈને ઈમેઈલ સુધીની ઍક્સેસ હતી અને શહાને તેમની ભનક પણ ન લાગવા દીધી.

ભરત શહા લગભગ છેલ્લા ત્રણ દાયકાથી માટુંગા વેસ્ટમાં રહે છે. તેઓ પાંચ દાયકાથી પરેલમાં એક ગેસ્ટ હાઉસ ચલાવે છે, જેમાં કેન્સરના દર્દીઓ અને તેમના પરિવારજનો ઓછા ભાડામાં રોકાય છે. ૧૯૮૪માં તેમના પિતાના નિધન પછી મોટી માત્રામાં શેર તેમના અને તેમની પત્નીના નામે ટ્રાન્સફર થયા હતા. જોકે, તેમને અને તેમની પત્નીને શેરબજારની સમજ નહોતી, તેથી ક્યારેય એક્ટિવ ટ્રેડિંગ ન કરી.

વર્ષ ૨૦૨૦માં એક મિત્રની સલાહ પર તેમણે ગ્લોબ કેપિટલ માર્કેટ્સ લિમિટેડમાં પોતાના અને તેમની પત્નીના ડિમેટ અને ટ્રેડિંગ ખાતું ખોલાવ્યું. વારસામાં મળેલા શેર આ જ કંપનીમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા. શરૂઆતમાં બધું સામાન્ય હતું. પછી કંપનીના પ્રતિનિધિઓએ સતત સંપર્કમાં આવવાનું શરૂ થયું અને શહાને વિશ્વાસ અપાવ્યો કે, ટ્રેડિંગ માટે અલગ રોકાણ કરવાની જરૂર નથી. શેર હોલ્ડ કરીને સુરક્ષિત રીતે ટ્રેડ કરી શકાય છે. તેમાં નિયમિત નફો મળશે અને કંપની તરફથી ક્રુપર્સનલ ગાઈડ મળશે. સાથે શેર હોલ્ડ કરીને સુરક્ષિત રીતે ટ્રેડિંગ કરી શકાય છે. આ બહાને બે લોકો અક્ષય બારિયા અને કરણ સિરોયાને શહાના પોર્ટફોલિયોને મેનેજ કરવાના નામ પર તહેનાત કરવામાં આવ્યા.



FIR પ્રમાણે આ બે પ્રતિનિધિઓ તેમને દરરોજ ફોન કરીને જણાવતા હતા કે કયો ઓર્ડર લગાવવાનો છે. થોડા સમય બાદ કંપનીના કર્મચારીઓ તેમના ઘરે આવીને લેપટોપથી ઈમેઈલ મોકલવા લાગ્યા. ધીમે-ધીમે પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે દરેક OTP તેઓ જ નાખતા હતા, દરેક SMS અને ઈમેઈલ તેઓ જ ખોલતા અને તેનો જવાબ આપતા. શહાને માત્ર એ જ માહિતી આપવામાં આવતી જે તેમને આપવાની હતી. તેમના એકાઉન્ટનું સંપૂર્ણ કંટ્રોલ કંપની પાસે જતું રહ્યું.

માર્ચ ૨૦૨૦થી જૂન ૨૦૨૪ સુધી શહાને કંપની તરફથી જે વિગતો મળતી હતી, તમાં બધુ બરાબર દેખાડવામાં આવતું હતું. સ્ટેટમેન્ટમાં નફો દેખાડવામાં આવતો હતો, તેથી તેમને ક્યારેય શંકા ન ગઈ કે પડદા પાછળ બીજો જ ખેલ ચાલી રહ્યો છે. પરંતુ જુલાઈ ૨૦૨૪માં શહાને ગ્લોબ કેપિટલના રિસ્ક મેનેજમેન્ટ વિભાગથી ફોન આવ્યો અને જણાવ્યું કે તમારા અને તમારી પત્નીના ખાતામાં ૩૫ કરોડનું ડેબિટ બેલેન્સ છે. તમારે તે તાત્કાલિક ભરવું પડશે નહીં તો તમારા શેર વેચાઈ જશે. કંપનીમાં પહોંચ્યા પછી તેમને ખબર પડી કે તેમના ખાતાઓમાં ભારે ટ્રેડિંગ કરવામાં આવ્યું છે અને કરોડોના શેર વેચી દેવાયા છે અને અનેક વખત એક પાર્ટી સાથે Circular Trades થઈ છે. એકાઉન્ટને ધીમે-ધીમે નુકસાન તરફ ધકેલી દેવામાં આવ્યું.

પરિવારની સલાહ લીધા પછી શહાએ ખુદ માર્કેટમાં પોતાના શેર વેચી દીધા અને ૩૫ કરોડ ચૂકવી દીધા. તેમણે બાકીના શેર બીજી કંપનીમાં ટ્રાન્સફર કરી દીધા. આ દરમિયાન જ્યારે તેમણે ગ્લોબની વેબસાઈટ પરથી મૂળ સ્ટેટમેન્ટ ડાઉનલોડ કર્યું અને જૂના ઈમેઈલમાં મળેલા સ્ટેટમેન્ટ સાથે તેની સરખામણી કરી ત્યારે ચોંકાવનારી વાત સામે આવી. બંને સ્ટેટમેન્ટમાં મોટું અંતર, ઘણી NSE નોટિસ કંપનીને મળી હતી. કંપનીએ તે નોટિસનો જવાબ શહાના નામે આપ્યો હતો, પરંતુ શહાને આ નોટિસની કોઈ જાણ નહોતી. અસલી ટ્રેડિંગ હિસ્ટ્રી ઈમેઈલમાં દર્શાવેલ ડેટાથી બિલકુલ અલગ હતી.

શહાનો દાવો છે કે કંપનીએ ચાર વર્ષ સુધી અમને ખોટી તસવીર દેખાડી, જ્યારે બીજી તરફ વાસ્તવિક નુકસાન સતત વધતું ગયું. હવે તેમણે FIR નોંધાવી છે, અને આર્થિક ગુના શાખા (EOW) એ કેસની તપાસ શરૂ કરી દીધી છે. ભરત શહાએ સમગ્ર કેસને સંગઠિત નાણાકીય છેતરપિંડી ગણાવીને કાર્યવાહીની માગ કરી છે. વનરાઈ પોલીસ સ્ટેશનમાં જત્ય નોંધવામાં આવી છે જેમાં IPCની ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૩૪ કલમ સામેલ છે.(૪૦.૫)

સહાય વળતરનો સમયગાળો નિશ્ચિત કરવા ખેડૂતોમાં ઉઠતી માંગ

લાખો ખેડૂતોને સહાય પેકેજની રકમ બાકી, રવી સિઝન માટે વાવેતર શરૂ

અમદાવાદ,તા.૨૮: રાજ્યમાં કમોસમી વરસાદના કારણે કૃષિ પાકને થયેલા નુકસાન બદલ જાહેર કરાયેલા સહાય પેકેજમાં મળનારી રકમની લાખો ખેડૂતો રાહ જોઈ રહ્યા છે તેમ છતાં ખેડૂતોએ રવી સિઝન માટે વાવેતર શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં ૨૭ ટકા જેટલા વાવેતરમાં મુખ્યત્વે ઘઉં, મકાઈ સહિતના ધાન્ય પાકનો સમાવેશ થાય છે. જેનું ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં મહત્તમ વાવેતર થવા પામ્યું છે.

રાજ્ય સરકાર દ્વારા બે સહાય પેકેજમાં ૧૧ હજાર કરોડ કરતા વધુ રકમનો સમાવેશ થાય છે. તેમાં લાખો અરજીઓ મળી છે અને તબક્કાવાર સહાય ચૂકવાઈ રહી છે. જો કે ખેડૂતને સહાય ક્યારે મળશે તે નિશ્ચિત ન હોવાથી તેનો - સમયગાળો નક્કી કરાય તેવી માગણી ઉભી થવા પામી છે. કૃષિ વિભાગ દ્વારા બંને પેકેજમાં સહાય મેળવવા ખેડૂતો દ્વારા જેટલી અરજી કરાઈ તેની સામે સરકાર દ્વારા જેટલી સંખ્યામાં વળતર ચૂકવાયું તે બંને વચ્ચે મોટો તફાવત છે.

બીજી તરફ જગતના તાત ગણાતા ખેડૂતે સહાય મળવાની અનિશ્ચિતતા વચ્ચે રવી ઋતુ માટે વાવેતરની ઉત્સાહભેર શરૂઆત કરી દીધી છે. એટલું જ નહીં ગત વર્ષે આ સમયગાળા કરતા ૬૨,૬૩૦ હેક્ટર જેટલા વધુ વિસ્તારમાં વાવેતર કર્યું છે. રવી સિઝન માટે ૧૨,૨૫,૬૧૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરાયું છે જે ગત વર્ષે આ સમયગાળા માટે ૧૧,૬૨,૯૮૮ હેક્ટર વિસ્તારમાં હતું. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન આ સિઝન માટે સરેરાશ ૪૬.૦૬ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરાતું હોય છે.

વાવેતરમાં પિયત ઘઉંનું ૨૧.૬૩ ટકા, બિન પિયત ઘઉંનું ૮.૫૨ ટકા, જુવારનું ૧૯.૪૪ ટકા, મકાઈનું ૫૨.૪૪ ટકા, ચણાનું ૨૬ ટકા, અન્ય કઠોળનું ૫૨.૯૮ ટકા, રાઈનું ૪૫ ટકા, અન્ય તેલીનું ૬૭.૭૭ ટકા, શેરડીનું ૩૧ ટકા, જીરુનું ૧૮ ટકા અને ઈસબગુલનું ૧૬ ટકા જેટલું વાવેતર થવા પામ્યું છે.(૪૦.૬)

ગત વર્ષ કરતા ઉત્સાહભેર વધુ વાવેતર

૧૨ લાખથી વધુ વાવેતરમાં ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં ૪,૩૬,૦૦૦ વિસ્તારમાં, મધ્ય ગુજરાતમાં ૨,૨૨,૫૦૦ વિસ્તારમાં, સૌરાષ્ટ્રમાં ૪,૦૧,૦૦૦ વિસ્તારમાં અને દક્ષિણ ગુજરાતમાં ૧,૦૬,૮૦૦ વિસ્તારમાં વાવેતર કરાયું છે. જેમાં બનાસકાંઠામાં સૌથી વધુ ૧૪૩૮૦૦ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

ખોપડીમાં આઇસ-બ્રેકર સાથે 3 કિલોમીટર ચાલીને યુવક હોસ્પિટલ પહોંચ્યો



આગરા,તા.૨૮: ઉત્તર પ્રદેશના આગરામાં બાઈક પર આવેલા બે હુમલાખોરોએ ઈ-રિક્ષા કંપનીના કર્મચારી સચિન શર્મા પર હુમલો કર્યો હતો અને બરફ તોડવા માટે વપરાતું સ્ક્રૂ-ડ્રાઈવર જેવું પાનું તેના માથામાં માર્યું હતું. હુમલો કર્યા બાદ હુમલાખોરો તરત જ ભાગી ગયા હતા. જોકે સચિન શર્મા માથામાં આઈસ-બ્રેકર લાગ્યું હોવા છતાં લગભગ ૩ કિલોમીટર ચાલીને હોસ્પિટલમાં પહોંચ્યો હતો. સચિન શર્મા સિકંદરાના પશ્ચિમપુરીમાં આવેલી ભાગ્ય ઈ-વ્હીકલ કંપનીમાં કર્મચારી છે.

સચિન હોસ્પિટલમાં ચાલતો જઈ રહ્યો હોવાનો વિડિયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયો છે. ઊંડી ઈજા હોવા છતાં તે એસ. એન. મેડિકલ કોલેજના ઈમર્જન્સી વોર્ડમાં પહોંચ્યો હતો, જ્યાં ડોક્ટરોએ સર્જરી કરીને તેના માથામાં ફસાયેલું આઈસ-બ્રેકર દૂર કર્યું હતું. તેની હાલત હવે સ્થિર છે. સચિન પર થોડા સમય પહેલાં પણ હુમલો થયો હતો. તેને એ ખબર નથી કે કોણ તેને મારવા માગે છે. (૪૦.૮)

માર્કેટ ઓલ-ટાઈમ હાઈ, પરંતુ અનેક મિડ અને સ્મોલ કેપ સ્ટોક્સમાં ખાસ્સું ધોવાણ

નિફ્ટીના ૨૩ સ્ટોક્સ ૧૪ મહિના પહેલાં જે સ્તર પર હતા તેના કરતાં ઓછામાં ઓછા ૧૦ ટકા નીચા ટ્રેડ થઈ રહ્યા છે



નવી દિલ્હી,તા.૨૮:સેન્સેક્સ અને નિફ્ટીએ ગુરુવારે નવી ટોચ બનાવી. પરંતુ દલાલ સ્ટ્રીટમાં નવી ટોચ પર જે માહોલ જોવા મળે છે તેવો માહોલ જોવાતો નથી. નિફ્ટી ૫૦ સ્ટોક્સમાં ૫૦ ટકા સ્ટોક્સ આ વર્ષે તેમની ઐતિહાસિક ટોચ પર નથી પહોંચ્યા, જે દર્શાવે છે કે આ તેજી બ્રોડબેઝ્ડ નથી પરંતુ કેટલાક મર્યાદિત હેવીવેઈટ શેરોના દમ પર ઓલ-ટાઈમ હાઈ સપાટી જોવા મળી છે. માર્કેટ ટોચ પર છતાં ટ્રેન્ટ લિમિટેડ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૪૦ ટકા ઘટી ગયો છે.

તેણે ઓક્ટોબર-૨૦૨૪માં અગાઉ જ્યારે માર્કેટ ઓલ-ટાઈમ હાઈ હતું ત્યારે જે લેવલ હતું તે મેળવવા માટે ડબલ વળતર આપવું પડે. એ જ રીતે ટીસીએસ ૨૩ ટકા ઘટ્યો છે. વિપ્રો, ટેક મહિન્દ્રા, પાવર ગ્રિડ, ઈન્ફોસીસ, ઈન્ડસઈન્ડ બેન્ક, એચસીએલ ટેક્નોલોજીઝ, ડો. રેડ્ડીઝ જેવા સ્ટોક્સ ૧૦ ટકાથી વધુ નીચે છે. નિફ્ટીના ૨૩ સ્ટોક્સ ૧૪ મહિના પહેલાં જે સ્તર પર હતા તેના કરતાં ઓછામાં ઓછા ૧૦ ટકા નીચા ટ્રેડ થઈ રહ્યા છે.

આ તો વાત થઈ નિફ્ટી૫૦ સ્ટોક્સની. બ્રોડબેઝ્ડ માર્કેટ જોઈએ તો સ્થિતિ વધારે ખરાબ છે. બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ ૨૦૨૫માં ૫ ટકા ઘટેલો છે. મિડ કેપ ઈન્ડેક્સ માત્ર ૨ ટકા વધ્યો છે.

મિડ કેપમાં કોલગેટ-પામોલિવ ૪૨ ટકા તૂટ્યો છે, ઈન્ડસઈન્ડ બેન્ક પણ ૪૨ ટકા તૂટ્યો છે. ટાટા ટેક્નોલોજીઝ ૩૯ ટકા અને આરવીએનએલ પણ ૩૯ ટકા તૂટ્યા છે. ઈરેડા ૩૮ ટકા તૂટ્યો છે.

સ્મોલ કેપમાં જોઈએ તો ઓલા ઈલેક્ટ્રિક અને તેજસ નેટવર્ક્સ બન્ને ૬૦-૬૦ ટકા તૂટ્યા છે. જિન્દાલ સો ૫૫ ટકા ઘટ્યો છે. બ્રેઈનબીઝ સોલ્યૂશન્સ ૫૦ ટકા નીચો છે. વ્હર્લપૂલ ૪૬ ટકા ઘટ્યો છે.

ન્યૂ-એજ સ્ટોક્સ અને ઓલ્ડ-ઈકોનોમી સ્ટોક્સ બન્ને માટે વેલ્યૂએશન માટેના માપદંડ પણ અલગ-અલગ થઈ ગયા છે ત્યારે રોકાણકારો નવા રોકાણની મૂંઝવણમાં છે તેવું જણાય છે. ફિયર ઓફ મિસિંગ આઉટ જોવાઈ રહ્યું છે પરંતુ નિષ્ણાતો સલાહ આપે છે કે અનેક માપદંડ પર ખરા ઊતરે તેવા સ્ટોક્સ પસંદ કરવા જોઈએ.

બોમ્બે હાઈકોર્ટે હાઉસિંગ સોસાયટીમાં મેમ્બરશિપ બદલ મહત્ત્વનો ચુકાદો આપ્યો

હાઉસિંગ સોસાયટીમાં અગાઉના ઓનરે પૈસા આપવાના બાકી હોય તો નવા માલિકને મેમ્બરશિપ ન મળે

મુંબઈ,તા.૨૮: બોમ્બે હાઈ કોર્ટે હાઉસિંગ સોસાયટીમાં મેમ્બરશિપ બદલ મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. હાઈ કોર્ટના જાસ્ટિસ અમિત બોરકરે કહ્યું હતું કે નવા ઘરનો માલિક વેચાતા લીધેલા ફ્લેટના અગાઉના માલિકે સોસાયટીને ન ચૂકવેલી બેલેન્સ રકમ ચૂકવે નહીં ત્યાં સુધી સોસાયટીનો મેમ્બર ન બની શકે, કો-ઑપરેટિવ સોસાયટીની મેમ્બરશિપ એ કંઈ બિનશરતી અધિકાર નથી. સોસાયટીના મેમ્બર બનવા પહેલાંનું બેલેન્સ ભરવું જ પડે એવો સ્પષ્ટ નિર્દેશ જાસ્ટિસ અમિત બોરકરે આપ્યો હતો.



ફ્લેટ ખરીદનાર કે કમર્શિયલ જગ્યા ખરીદનાર એ જગ્યાની સોસાયટીની બેલેન્સ રકમ ચૂકવ્યા સિવાય સોસાયટીનો મેમ્બર ન બની શકે. દહિસરની એક સોસાયટીમાં કમર્શિયલ જગ્યા ખરીદનારને સોસાયટીના મેમ્બર તરીકે સ્વીકારવો જ પડશે એવા બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના R-નોર્થ વોર્ડના આદેશને બોમ્બે હાઈ કોર્ટના જાસ્ટિસ અમિત બોરકરે રદબાતલ ઠેરવ્યો હતો.

એ જગ્યા ખરીદનાર અગાઉના માલિકે ૫૮ લાખ રૂપિયાની સોસાયટીની બાકી નીકળતી રકમ ભરી નહોતી. આ પ્રકરણ મૂળ ૨૦૨૧નું હતું. ટી ઍન્ડ એમ સર્વિસિસ કન્સલ્ટિંગ પ્રાઈવેટ લિમિટેડે ઈન્ડિયન ઓવરસીઝ બેન્કે ગોઠવેલા ઑક્શનમાં દહિસર-ઈસ્ટની એક સોસાયટીમાં કમર્શિયલ જગ્યા ખરીદી હતી. જૂન ૨૦૨૧માં કંપનીએ સોસાયટીમાં તેમને મેમ્બર બનાવવામાં આવે એ માટે અરજી કરી હતી. જોકે સોસાયટીએ તેમને મેમ્બરશિપ આપી નહોતી. એ જગ્યાના આ પહેલાંના માલિકે સોસાયટીને મેઈન્ટેનન્સ ચાર્જિસ અને પ્રોપર્ટી-ટેક્સ એમ કુલ મળીને ૫૮ લાખ રૂપિયા ચૂકવ્યા નહોતા. કો-ઑપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ મેઈન્ટેનન્સ ચાર્જિસ સમયસર વસૂલ કરતી હોવાથી જ ટકી શકતી હોય છે એમ કોર્ટે વધુમાં જણાવ્યું હતું.(૪૦.૧૦)

પિતા અને બે સાવકા ભાઈ સાથે ૬ દિવસની રજા માણવા માટે ક્રૂઝમાં ગઈ હતી

બહેનના પ્રેમમાં પાગલ બન્યો ભાઈ, દરિયાની વચ્ચે ક્રૂઝમાં એકલી જોઈ દાનત બગાડી બાદમાં હત્યા કરી નાખી

ફ્લોરિડા,તા.૨૮: એક ૧૬ વર્ષનો ભાઈ પોતાની બહેનના પ્રેમમાં એવો પાગલ થયો કે તે પોતાની બહેનને પણ ગંદી નજરથી જોવા લાગ્યો. વાત છે અમેરિકાના ફ્લોરિડામાં એક ક્રૂઝ પર રજા માણવા ગયેલી ચીયરલીડર એનાની. જેના મોતે સૌને ચોંકાવી દીધા. એના પોતાની સ્કૂલમાં ખૂબ જ ફેમસ હતી અને ભવિષ્યમાં અમેરિકાની નૌસેનામાં જવા માગતી હતી. પણ તેની સાથે કંઈક એવું થયું જેને જાણીને તમારા રુંવાડા ઊભા થઈ જશે.

એના પોતાના પિતા અને બે સાવકા ભાઈ સાથે ૬ દિવસની રજા માણવા માટે ક્રૂઝમાં ગઈ હતી. તેના માતા-પિતાના લગભગ ૧૩ વર્ષ પહેલાં છૂટાછેડા થઈ ગયા હતા અને ત્યારથી તે પોતાના પિતા સાથે રહેતી હતી. અસલી મા સાથે તેને ખૂબ ઓછી વાત થતી હતી. ૭ નવેમ્બરના રોજ એના ક્રૂઝ પર મૃત જોવા મળી હતી. શરૂઆતમાં સૌને લાગ્યું કે તે ગૂમ થઈ ગઈ છે, પણ બાદમાં એક મહિલા સફાઈકર્મીએ તેના રૂમમાં બેડની નીચે તેની લાશ જોઈ. પોલીસ તપાસમાં જે વાત સામે આવી, તેણે આખો મામલો વધારે ડરામણો બનાવી દીધો.



પોલીસને શંકા છે કે એનાની હત્યા તેના ૧૬ વર્ષના ભાઈએ કરી છે. સાવકા ભાઈ પર પહેલાં પણ એના સાથે ગંદી હરકત કરવાનો આરોપ લાગ્યો હતો. એનાના એક્સ બોયફ્રેન્ડના પિતાએ જણાવ્યું કે એનાના સાવકા ભાઈ એના પર ખોરી દાનત રાખતા હતા અને તેણે ઘણી વાર એના સાથે જબરદસ્તી કરવાની કોશિશ પણ કરી ચૂક્યો છે.

એક્સ બોયફ્રેન્ડના પિતાના જણાવ્યા અનુસાર, છોકરો હંમેશા પોતાની પાસે એક મોટું ચાકૂ રાખતો હતો, જેનાથી એના ડરેલી હતી. તેણે આ વાત એનાની ફેમિલીને પણ બતાવી હતી, પણ કોઈએ તેની વાતને ગંભીરતાથી લીધી નહીં. પોલીસને શંકા છે કે રજા દરમિયાન આ સાવકા ભાઈએ કોઈ વિવાદમાં આવીને એનાની હત્યા કરી નાખી. હત્યા બાદ તેની લાશને લાઈફ જેકેટમાં લપેટીને બેડની નીચે નાખી દીધી, જેથી કોઈને ખબર ન પડે.

જો કે એના લાંબા સમય સુધી દેખાઈ નહીં, ત્યારે ગુમ થવાના સમાચાર ફેલાયા. તેના થોડા સમય બાદ રૂમની સફાઈ કરી રહેલી મહિલાએ બેડની નીચે લાશ જોઈ અને પોલીસને સૂચના આપી. આંતરરાષ્ટ્રીય સરહદમાં મોત થયું હોવાના કારણે આ મામલો ખૂબ જ સંવેદનશીલ થઈ ગયો. એનાની અસલી મા જે તેને કેટલાય વર્ષોથી મળી નહોતી, અંતિમ સંસ્કારમાં ચૂપચાપ આવી અને મીડિયાથી દૂર રહેતી દેખાઈ.

એનાનું સપનું હતું કે તે અમેરિકી નૌસેનામાં ભરતી થઈને દેશની સેવા કરે. તે મહેનતી, ફિટ અને સ્કૂલમાં સૌની ફેવરેટ હતી. પણ તેની નજીક રહેતા એક શખ્સે તેની જિંદગી ખતમ કરી નાખી. હાલમાં આ કેસમાં સતત તપાસ થઈ રહી છે.

ખોટી રીતે પેન્શનનો ફાયદો લેવાના ફ્રોડ કેસમાં દીકરા પર કેસ

3 વર્ષ માનું શબ છુપાવી રાખ્યું અને મા જેવો મેકઅપ કરીને દીકરો જાતે પેન્શન લેતો રહ્યો

૫૬ વર્ષના દીકરાએ તેની ૮૨ વર્ષની ગેઝિએલા નામની માનું મૃત્યુ એટલા માટે છુપાવ્યું જેથી માના નામે આવતું સરકારી પેન્શન ખાઈ શકાય



મોન્ટુઆ,તા.૨૮:ઈટલીના મોન્ટુઆ શહેરમાં ૫૬ વર્ષના એક દીકરાની હેવાનિયત છેક ૩ વર્ષ પછી બહાર આવી હતી. ૫૬ વર્ષના દીકરાએ તેની ૮૨ વર્ષની ગેઝિએલા નામની માનું મૃત્યુ એટલા માટે છુપાવ્યું જેથી માના નામે આવતું સરકારી પેન્શન ખાઈ શકાય. માના મૃત્યુ પછી તેણે શબને ઘરમાં જ છુપાવી રાખ્યું. એટલું જ નહીં, જાણે મા જીવતી હોય એમ તે અવારનવાર મા જેવો મેકઅપ કરીને નીકળતો અને સરકારી ઑફિસથી પેન્શન લઈ આવતો. દર વર્ષે માને ૫૩,૦૦૦ યુરો એટલે કે લગભગ ૪૭ લાખ રૂપિયાનું પેન્શન મળતું હતું. એ દીકરો લેતો રહ્યો. જ્યારે પણ માને સદેહે રજૂ થવાનું કહેવામાં આવતું ત્યારે તે ખુદ મેકઅપ, લિપસ્ટિક, મોતીની માળા અને લોન્ગ સ્કર્ટ પહેરીને સરકારી ઑફિસોમાં રજૂ થતો. તેણે માના શબને એવી રીતે સ્લીપિંગ બેગમાં મસાલા ભરીને ઘરના સ્ટોરેજમાં છુપાવી દીધું હતું કે તેનું શબ પણ હવે મમી બની ચૂક્યું હતું. લગભગ ૩ વર્ષ પછી જ્યારે ઓળખપત્ર રિન્યુ કરવાનું આવ્યું ત્યારે પણ તે હંમેશની જેમ સરકારી ઑફિસ પહોંચી ગયો. એ વખતે એક સરકારી કર્મચારીને તેના વર્તનમાં અનિયમિતતા લાગી. તેને લાગ્યું કે મહિલાના ચહેરા પર જેટલી કરચલીઓ છે એની સરખામણીએ ગળું બહુ જાડું છે અને હાથમાં ૮૦ વર્ષની વ્યક્તિ જેટલી કરચલી નથી ધરાવતી. તેણે મહિલાની ઓરિજિનલ તસવીર સાથે કમ્પેરિઝન કરાવી તો દીકરાની પોલ ખૂલી ગઈ હતી. પોલીસ દીકરાના ઘરે પહોંચી ત્યારે ઘરમાંથી જ માનું મમી બની ગયેલું શબ મળ્યું હતું. ખોટી રીતે પેન્શનનો ફાયદો લેવાના ફ્રોડ કેસમાં દીકરા પર કેસ ચાલી રહ્યો છે. પ્રાથમિક તપાસમાં એવું લાગી રહ્યું છે કે માનું મૃત્યુ કુદરતી રીતે જ થયું હતું. (૪૦.૯)

બેરોજગાર છોકરાઓમાંથી કોઈ એક સાથે પણ લગ્ન કરવા તૈયાર છે, કારણ કે તેણે પોતાનું ફ્યુચર સરકારી નોકરીથી સુરક્ષિત કરી લીધું છે

'હસબંડ જોઈએ છે' નવી નવી શિક્ષિકા બનેલી ખુબસૂરત છોકરીએ મૂકી ઓફર

નવી દિલ્હી,તા.૨૮: સોશિયલ મીડિયા પર એક વીડિયો તાજેતરમાં જોરદાર વાયરલ થયો છે, જેમાં નવી નવી સરકારી સ્કૂલમાં નોકરી મળેલી એક યુવતી દ્વારા બેરોજગાર યુવકોને અનોખી લગ્નની ઓફર કરવામાં આવી છે. આ યુવતીનું નામ પ્રીતિ છે જે એક સરકારી ટીચર તરીકે નિયુક્ત થઈ છે અને તેણે જાહેરમાં ઘોષણા કરી છે કે તે તમારામાંથી કોઈ એકની થનારી પત્ની બની શકે છે અને ખાસ વાત એ કે જેના પાસે નોકરી ન હોય તે પણ ચાલશે.



સામાન્ય રીતે છોકરીના લગ્ન માટે છોકરાએ નોકરી હોવી એ પરિવારની પ્રથમ શરત હોય છે. બેરોજગાર યુવાનો સામે ઘણા સમયથી લગ્નની સમસ્યા ઊભી રહેતી હતી, પરંતુ પ્રીતિના આ નિવેદનને સાંભળીને અનેક યુવકોમાં નવજીવન ફરી ફુંકાઈ ગયેલું લાગી રહ્યું છે.

પ્રીતિ વીડિયોમાં કહે છે કે, મારે તમને કંઈક કહેવું છે, મારું નામ પ્રીતિ છે અને ગુડ ન્યૂઝ એ છે કે તમારામાંથી કોઈ એકની હું થનારી વાઈફ છું. હું સરકારી સ્કૂલમાં TGT ટીચર છું. મારા ફ્યુચર હસબન્ડને કહેવું છે કે તમે આરામથી કામ કરો, જે તમને ગમે તે કરો, મેં આપણું ફ્યુચર સેવ કરી લીધું છે.

પ્રીતિના આ શબ્દોમાં જે આત્મવિશ્વાસ અને હળવું હાસ્ય છે, તેને કારણે કમેન્ટ બોક્સ યુવાનોની મજેદાર પ્રતિક્રિયાઓથી રંગાઈ ગયું. કોઈએ લખ્યું કે ભાઈ આ હવે મારી પત્ની છે, બીજો કોઈ ટ્રાય ન કરશો. તો બીજા એક યુઝરે મજાકમાં લખ્યું કે, પરંતુ ૨૦૨૬માં દુનિયા ખતમ થવાની છે. અન્ય એક યુઝરે લખ્યું કે, ''નસીબદાર હશે જેના લગ્ન આ સરકારી નોકરીવાળી પત્ની સાથે થશે. આ વીડિયો એ બેરોજગાર યુવકો માટે જાણે એક લાઈટહાઉસની જેમ કામ કર્યું છે. રોજગારીની અનિશ્ચિતતા વચ્ચે કોઈએ ખુલ્લેઆમ સ્વીકાર્યું કે નોકરી વગરનો છોકરો પણ લગ્ન માટે યોગ્ય જીવનસાથી હોઈ શકે છે. આ વીડિયો સાચો છે કે પ્રેન્ક તે અંગે ચોક્કસ કહ્યુ નથી, પરંતુ સોશિયલ મીડિયા પર તેમાં ચર્ચા, હાસ્ય અને આઈડિયાલોજી ત્રણેયનો મિશ્રણ જોવા મળી રહ્યું છે.(૪૦.૩)

'ધર્મેન્દ્રજી મારા સપનામાં આવ્યા...' રાખી સાવંતની ટિપ્પણીથી ફેન્સ ગુસ્સે ભરાયા

જ્યારે સમગ્ર દેશ ભારતીય સિનેમાના અભિનેતા ધર્મેન્દ્રના મૃત્યુ પર શોક વ્યક્ત કરી રહ્યો છે, ત્યારે રાખી સાવંતે તેમના વિશે એક એવી ટિપ્પણી કરી છે જેનાથી યુઝર્સ ગુસ્સે ભરાયા છે. લોકો રાખીને અસંવેદનશીલ ગણાવી રહ્યા છે

મુંબઈ,તા.૨૮: જ્યારે સમગ્ર દેશ ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રના મૃત્યુ પર શોક વ્યક્ત કરી રહ્યો છે, ત્યારે રાખી સાવંતે તેમના વિશે એક એવી ટિપ્પણી કરી છે જેનાથી યુઝર્સ ગુસ્સે ભરાયા છે. લોકો રાખીને અસંવેદનશીલ ગણાવી રહ્યા છે અને કહી રહ્યા છે કે તેને શરમ આવવી જોઈએ. રાખી સાવંત તાજેતરમાં મુંબઈમાં એક કાર્યક્રમમાં જોવા મળી હતી. જ્યારે ધર્મેન્દ્રના મૃત્યુ વિશે પૂછવામાં આવ્યું, જેના કારણે સમગ્ર દેશમાં શોકની લહેર ફેલાઈ ગઈ, ત્યારે તેના શબ્દોએ બધાને સ્તબ્ધ કરી દીધા.



ધર્મેન્દ્રના મૃત્યુ વિશે રાખી સાવંતની ટિપ્પણીએ લાખો ચાહકોના દિલ તોડી નાખ્યા, અને લોકો તેના પર ગુસ્સે થયા. આ નાટક જે બનાવવામાં આવ્યું હતું... તેમનું બે-ત્રણ દિવસ પહેલા જ અવસાન થઈ ગયું હતું, તેણે કહ્યું. આ સાંભળીને પેપરાઝી ચોંકી ગયા અને પૂછ્યું, તમને કોણે કહ્યું? રાખીએ જવાબ આપ્યો, ઘણા લોકોએ મને કહ્યું. ધરમજી મારા સપનામાં મારી પાસે આવ્યા. ત્યાંના ડોક્ટરોએ પણ મને કહ્યું.

રાખી સાવંતે આગળ કહ્યું કે તેને ખૂબ જ દુઃખ છે કે ચાહકોને ધર્મેન્દ્રજીની છેલ્લી ઝલક પણ મળી નહીં. તેમના અંતિમ સંસ્કાર દરમિયાન કોઈને ધર્મેન્દ્રજીને જોવાની તક પણ મળી નહીં. તેણે કહ્યું, મને દુઃખ છે કે તેઓએ ધર્મેન્દ્રજીના ચાહકોને તેમને મળવા દીધા નહીં. ધર્મેન્દ્રજી વિશ્વવ્યાપી સુપરસ્ટાર હતા. તેઓ મારા હીરો હતા. ચાહકો રાખીના નિવેદન સાથે સંમત થયા, પરંતુ તેમના મૃત્યુ પરની ટિપ્પણીઓએ યુઝર્સને ગુસ્સે કર્યા.

યુઝર્સે રાખી સાવંત પર કટાક્ષ કર્યો. એકે લખ્યું, બહેન, સની દેઓલથી ડર. બીજાએ કહ્યું, તમને યાદ છે કે સની દેઓલનો હાથ અઢી કિલોનો છે? જો તે તને સ્પર્શી જશે, તો તું ઉઠશે નહીં, તું ઉઠી જશે. એક યુઝરે ટિપ્પણી કરી, તે કેટલી બેશરમ છે. બીજાએ લખ્યું, બહેન, આ કરવાનું બંધ કરો, આ ખૂબ વધી રહ્યું છે. બીજાએ કહ્યું, તે ખૂબ બોલે છે. બીજાએ લખ્યું, શરમ આવવી જોઈએ, વિચારો કે તેમના પરિવાર પર શું વીતી રહી હશે.(૪૦.૧૧)

ગંજીવાડામાં રહેતાં નિકીતામાસીએ સાંજે ચોકમાં ફિનાઇલ પીધી: તેણે જેના પર આક્ષેપો કર્યા એ મીરાદેના છ શિષ્ય વ્યંઢળોએ રાતે બે વાગ્યે ઘંટેશ્વર ખાટુ શ્યામ મંદિર પાસે સામુહિક ફિનાઇલ ગટગટાવ્યું

૭ વ્યંઢળનો ફિનાઇલ પી આપઘાતનો પ્રયાસ

નિકીતાદેએ આક્ષેપ કર્યો કે અગાઉની મારામારીનું સમાધાન કરી લેવા મને દબાણ થાય છે: સામે ખુશ્બુદે, સમીરાદે, બીંદીયાદે, ગોપીદે, કલ્પુદેએ કહ્યું-નિકીતાદેને કમિટીમાં મોટુ થઇને રહેવું છે, અમે તેને બરતરફ કરતાં વિવાદ ચાલે છે, અમને સતત ધમકી મળતાં અમારે પગલુ ભરવું પડ્યું: પોલીસે બંને પક્ષની તપાસ હાથ ધરી





નિકીતાદેનો અનહદ ત્રાસ-કડક પગલાની માંગણી: મીરાદે સહિતના વ્યંઢળોની પોલીસ કમિશનરને રજૂઆત

રાજકોટ: ગંજીવાડાના વ્યંઢળ નિકીતામાસીએ સાંજે ઘર નજીક ચોકમાં ફિનાઈલ પી લેતાં હોસ્પિટલમાં ખસેડાયેલ. તેણે પોતાને મીરાદે અને મોહિત સહિતના ખુબ હેરાન કરતાં હોવાનો ધમકી આપતાં હોવાનો આક્ષેપ કર્યો હતો. બાદમાં મોડી રાતે બે વાગ્યે મીરાદેના છ શિષ્ય એવા વ્યંઢળોએ ઘંટેશ્વર નજીક ખાટુ શ્યામ મંદિર પાસે ફિનાઈલ પી સામુહીક આપઘાતનો પ્રયાસ કરતાં છએયને સારવાર માટે દાખલ કરાયા હતાં. દરમિયાન બપોરે રામનાથપરા મઢના મીરાદે સહિતના બસ્સો વ્યંઢળોએ પોલીસ કમિશનર કચેરીએ પહોંચી નિકીતાદેનો ત્રાસ ખુબ વધી ગયો હોઈ તેના કારણે એક સાથે છ વ્યંઢળોને આપઘાતનો પ્રયાસ કરવા મજબુર થવું પડ્યાની રજૂઆત કરી તેની સામે પગલા લેવા માંગણી કરી હતી. નિકીતાદે ખોટી રીતે ધાકધમકી આપી સતત હેરાન કરતાં હોવાનો આક્ષેપ રજૂઆતમાં થયો હતો. (તસ્વીર: સંદિપ બગથરીયા) (૧૪.૧૦)

રાજકોટ તા. ૨૮: શહેરમાં વધુ એક વખત કિન્નર સમુદાયમાં ચકચાર જગાવતી ઘટના બની છે. જેમાં ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતાં એક વ્યંઢળે સાંજે ચોકમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. તેણે જેના પર આક્ષેપો કર્યા એ છ વ્યંઢળ કે જે ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહે છે એ છએયએ મોડી રાતે બે વાગ્યે ઘંટેશ્વર નજીક આવેલા શ્રી ખાટુશ્યામ મંદિર પાસે એક સાથે ફિનાઈલ પી સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં છએયને સારવાર માટે દાખલ કરાયા છે. બંને પક્ષે પાંચ મહિનાથી ચાલતાં જુના મનદુ:ખ મામલે સામ સામે આક્ષેપો થયા હોઈ પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં કિન્નર-વ્યંઢળો ખુશ્બુદે ગોપીદે (ઉ.વ.૨૪), સમીરાદે ગોપીદે (ઉ.વ.૩૦), બીંદીયાદે મીરાદે (ઉ.વ.૩૨), ગોપીદે મીરાદે (ઉ.વ.૩૦), ટીનદે મીરાદે (ઉ.વ.૩૦)અને કલ્પુદે મીરાદે (ઉ.વ.૨૭)એ રાતે બે વાગ્યે જામનગર રોડ ઘંટેશ્વર નજીક આવેલા શ્રીખાટુ શ્યામ મંદિર પાસે એક સાથે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તમામને હેતલદેએ ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, અમૃતભાઈ મકવાણા, ધર્મેન્દ્રભાઈ, પ્રતાપભાઈ, રવિભાઈ સહિતે



સાંજે ફિનાઇલ પી લેનાર નિકીતામાસીનો વિડીયો વાયરલ: તેણે આક્ષેપ કર્યા મીરાદે અને મિહીરનો ત્રાસ છે, હું મારુ જીવન ટુંકાવી લઇશ: મને પાંચ મહિના પહેલા ૩૦ જણાએ ભેગા થઇ જ્યુબીલી પાસે મારી હતી: હું શાંતિથી રોટલો માંગી ખાઉ એટલી જ માંગણી

ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

હોસ્પિટલના બીછાનેથી ખુશ્બુદે સહિતના વ્યંઢળોએ કહ્યું હતું કે અગાઉ અમારી સાથે જ નિકીતાદે હતાં. પણ તેને અમારી કમીટીમાં આગળ થઈ જવું હોઈ જેથી અમારી વચ્ચે વિવાદ થયો હતો. પાંચ મહિના પહેલા આ કારણે માથાકુટ થતાં અમે તેને અમારી કમિટીમાંથી બરતરફ કરી દેતાં હાલ તે ગંજીવાડામાં રહે છે અને અમે બધા ઘંટેશ્વરમાં રહીએ છીએ. અમને તેના તરફથી ફોન પર સતત ધમકીઓ મળતી રહે છે. ગઈકાલે પણ તેણે ફોન કરી અમે તને જ્યાં ભેગા થઈશું ત્યાં તે છરી મારી દેશે તેવી ધમકી આપી હતી. આથી અમે બધા ગભરાઈ ગયા હોઈ રાતે ઘરેથી નીકળી એક સાથે ફિનાઈલ પી લીધી હતી.

બીજી તરફ આ ઘટના બની એ પહેલા સાંજે સાડા આઠેક વાગ્યે ગંજીવાડા-૧૩માં રહેતાં નિકીતામાસી જેના ગુરૂ મીરાદે છે તેણીએ પણ ગંજીવાડાના શક્તિ ચોકમાં ફિનાઈલ પી લેતાં તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરાઈ હતી. સારવાર બાદ નિકીતામાસીએ રાતે જ રજા લીધી હતી. તેણીએ મીરાદે અને મિહીર સહિતનો પોતાને અનહદ ત્રાસ હોઈ તેના કારણે આ પગલુ ભર્યાનો આક્ષેપ કર્યો હતો. આ પછી સારવાર બાદ રજા લીધી હતી.બાદમાં મોડી રાતે નિકીતામાસીએ જેના પર આક્ષેપો કર્યા એ મીરાદેના શિષ્યો એવા છ વ્યંઢળોએ સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં છએય સારવાર હેઠળ છે. પોલીસે સામ સામે કરવામાં આવેલા આક્ષેપોની તપાસ હાથ ધરી છે. શહેરમાં વધુ એક વખત કિન્નર સમુદાયમાં અંદરો અંદરની માથાકુટને કારણે ચર્ચા જાગી છે.

દરમિયાન સાંજે ફિનાઈલ પી લેનારા નીકીતામાસીનો વિડીયો પણ સોશિયલ મિડીયામાં વહેતો થયો છે. જેમાં તેણે કહ્યું છે કે-મારૂ નામ નિકીતામાસી છે, મેં ભેખ પહેર્યો એને સોળ વર્ષ થયા છે. મેં મીરા અને મીહીરના ત્રાસથી દવા પીધી છે, મને સારુ થઈ જાશે તો પણ આગળ જતાં મારુ જીવન ટુંકાવી લીધુ હતું. મને ત્રીસ જણાએ મળીને જ્યુબીલી પાસે માર માર્યો હતો. હું ઓરીજીનલ કિન્નર છું, હું મારો રોટલો શાંતિથી માંગી ખાઉ બસ એટલી જ મારી માંગણી છે. (૧૪.૭)

ડો. વિરલ જીવરાજાની
દરરોજ ૧ થી ૮ સુધી
જીવરાજાની
હોસ્પિટલમાં મળશે.

• ઉપલબ્ધ સુવિધા •

-કાર્ડીયોગ્રામ (ઇસીજી)
-હૃદયની સોનોગ્રાફી (2 Decho)
-ટ્રેડમીલ ટેસ્ટ

જીવરાજાની હોસ્પિટલ,
ગોંડલ નાગરીક બેંકની સામે,
મોટી ટાંકી ચોક
મો. 76981 46564

ચોટીલાના તાજપરની બાળા એક વર્ષથી રાજકોટ છાત્રાલયમાં ધોરણ-૧૧માં ભણતી હતી

મારાથી કોઇને દુ:ખ પહોંચ્યું હોય તો માફ કરજો, મારા આત્માને શાંતિ મળે: ચિઠ્ઠી લખી છાત્રાનો આપઘાત

ગોકુલધામ પાસે છાત્રાલયમાં રહેતી હતી: બે વાગ્યે રૂમમાં સાથે રહેતી છાત્રા જાગી ત્યારે રીન્કલને લટકતી જોતાં દેકારો મચાવ્યો: ગૃહમાતાએ ૧૦૮ બોલાવી પણ જીવ ન બચ્યો: કારણ જાણવા માલવીયાનગર પોલીસ દ્વારા તપાસ: ગત બપોરે જ પિતાને ફોન કરી ખબર અંતર પુછ્યા હતાં: દિકરીના અચાનક આવા પગલાથી માતા-પિતા સહિતના સ્વજનો શોકમાં ગરક



રાજકોટ તા. ૨૮: શહેરના ગોકુલધામ નજીક આવેલી છાત્રાલયમાં રહી લાલ બહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી ચોટીલાના તાજપર ગામની ૧૬ વર્ષની છાત્રાએ મોડી રાતે છાત્રાલયના રૂમમાં આવેલા ખુણામાં લોખંડના એંગલમાં દૂપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. 'મારાથી કોઈને દુ:ખ પહોંચ્યું હોય તો માફ કરજો, મારા આત્માને શાંતિ મળે' તેવું ટુંકુ લખાણ ચિઠ્ઠીમાં લખ્યા પછી તેણીએ આ પગલુ ભર્યુ હતું. સાથે સાથે બહેનપણીનું નામ લખી તેને પણ સોરી કહ્યું છે. આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જાણવા મળ્યા મુજબ ગોકુલધામ ક્વાર્ટર પાસે આવેલી ડાલીબાઈ કન્યા છાત્રાલયમાં રહેતી ચોટીલાના તાજપર ગામની રીન્કલ મનસુખભાઈ ગોરધનભાઈ ગાબુ (ઉ.વ.૧૬) નામની છાત્રાએ મોડી રાતે બે વાગ્યા આસપાસ રૂમમાં ખુણાના ભાગે દિવાલમાં લોખંડનું એંગલ હોઈ તેમાં દૂપટ્ટો બાંધી દેહ લટકાવી દીધો હતો. તેણીના રૂમમાં સાથે જ રહેતી બહેનપણીની રાતે બે વાગ્યે ઉંઘ ઉડી ત્યારે રીન્કલને લટકતી જોઈ હેબતાઈ ગઈ હતી અને બૂમાબૂમ કરી મુકતાં ગૃહમાતા તથા બીજી છાત્રાઓ જાગી ગઈ હતી અને બધા રીન્કલના રૂમ તરફ દોડી આવ્યા હતાં. તુરત જ ૧૦૮ને બોલાવાઈ હતી. પરંતુ તેના તબિબે રીન્કલને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો.

ઘટનાની માલવીયાનગર પોલીસને જાણ થતાં એએસઆઈ એચ. ટી. પરમાર સહિતના સ્ટાફે ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. એ પહેલા ગૃહમાતા દ્વારા બાળાના વાલીને પણ જાણ કરી દેવાઈ હોઈ તાજપરથી રીન્કલના પિતા મનસુખભાઈ ગોરધનભાઈ ગાબુ, માતા શોભનાબેન સહિતના પરિવારજનો રાજકોટ દોડી આવ્યા હતાં.

પોલીસે તપાસ કરતાં રીન્કલે આપઘાત કરતાં પુર્વે એક ફુલ સ્કેપ ચોપડામાં સ્યુસાઈડ નોટ લખી હતી. જેમાં 'મારાથી કોઈને દુ:ખ પહોંચ્યું હોય તો મને માફ કરો, મારા આત્માને શાંતિ મળે' તેવુ લખ્યું છે. આ ઉપરાંત બહેનપણીનું નામ લખી તેને પણ સોરી કહ્યું છે. ત્રણ લિટીની આ નોટ પોલીસે કબ્જે કરી છે. રીન્કલે આપઘાત શા માટે કર્યો તેની કોઈ વિગતો હજુ બહાર આવી નથી.

રીન્કલ બે ભાઈ અને બે બહેનમાં ત્રીજી હતી. તેના પિતા મનસુખભાઈ ગાબુ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમણે કહ્યું હતું કે-અમે આ વર્ષે જ દિકરી રીન્કલને રાજકોટ ૧૧મું ધોરણ ભણાવવા લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિદ્યાલયમાં એડમીશન કરાવ્યું હતું. રીન્કલ છાત્રાલયમાં રહીને ત્યાંથી શાળાએ સીટી બસમાં આવ-જા કરતી હતી. હજુ ગઈકાલે બપોરે જ રીન્કલે છાત્રાલયના નિયમ અનુસાર ત્યાંના ફોનમાંથી મારી સાથે ફોનમાં વાત કરી હતી અને મને ખબર અંતર પુછ્યા હતાં. છાત્રાલયમાં દિકરીઓને ફોન રાખવાની મનાઈ છે. મારી સાથે વાત કરી ત્યારે તે જરા પણ દુ:ખી હોય કે ચિંતામાં હોય તેવો અણસાર આવ્યો નહોતો. ત્યાં મોડી રાતે અમને દિકરીના આ કઠોર પગલાની જાણ થઈ હતી.

અંતિમવિધી બાદ પોલીસ વિશેષ નિવેદન સહિતની કાર્યવાહી કરશે. રીન્કલે ચિઠ્ઠીમાં જે ત્રણ લીટી લખી છે તેમાં તેણે કોઈ ભુલ થઈ ગઈ હોય તો માફ કરજો એવુ લખ્યું છે. ત્યારે તેનાથી કઈ ભુલ થઈ હતી? શું બન્યું હતું? કઈ વાત તેને આત્મહત્યા સુધી દોરી ગઈ? તે સહિતની તપાસ હવે પછી પોલીસ કરશે. લાડકવાયી દિકરીના મૃત્યુથી ગાબુ પરિવારમાં અને છાત્રાલયમાં પણ ગમગીની વ્યાપી ગઈ છે. (૧૪.૫)

સહુને પરવડે તેવા ભાવે બ્લાઉઝ અને ડ્રેસ સીવડાવો...
સાડીના ફોલ-છેડા માટે પણ અમને મળો:
સ્થળ:
નયનાબેન પ્રમોદભાઈ દરજી,
સતગુરૂ એજન્સીની બાજુની
શેરીમાં, શેરી નંબર ૭ ના ખૂણા
ઉપર માધાપર ગામ, રાજકોટ.
મો. ૯૫૭૪૪ ૩૦૩૧૧

પ્લોટ લે-વેચ
ઘંટેશ્વર સર્વે નંબર - 140
વર્ધમાન
મળો:વર્ધમાન એસ્ટેટ
98 24 66 62 66

પ્લોટ જોઈએ છે
નારણકા સર્વે નંબર - 174
જામનગર રોડ
વૈભવ
મળો:વર્ધમાન એસ્ટેટ
98 24 66 62 66

તાત્કાલીક ફ્લેટ વેચવાનો છે
રાજકોટના વિકસીત એરીયા કાલાવડ રોડ પર કટારીયા ચોકડીથી તદન નજીક પંડિત દિનદયાળ નગર હાઉસીંગ બોર્ડ ફ્લેટ, રંગોલી પાર્ક, 3 જો માળ Q બિલ્ડીંગ, ૨ BHK કુલ હવા ઉજાસ વિશાળ પાર્કીંગ એરીયા, CCTV પર્સનલ બિલ્ડીંગ વોચમેન, ૨૪ કલાક પાણીની સુવિધા
રસ ધરાવતા વ્યકિત કોન્ટેક કરો.
Mo.+91 99244 62552

॥ રૂદ્રાક્ષ ॥
૧ મુખી થી ૧૪ મુખી રૂદ્રાક્ષ, નાની મોટી માળા, નવગ્રહ રત્ન, શ્રી યંત્ર તથા દરેક પ્રકારના યંત્ર
ઓમ સેલ્સ
૯ - મણીનગર, નાગરીક બેંકની સામે, મવડી મેઇન રોડ, રાજકોટ.
સેલ્સ માટે લેડીઝ જોઇએ છે } ઉંમર 30 થી 35 સુધી, રૂબરૂ મળવા માટે ફક્ત રવિવાર સવારે ૧૦.૩૦ થી ૫.૦૦ સુધી, મો. ૯૩૭૬૫૫ ૧૬૦૧૯
MANISH ADS

કંકોત્રી તથા રિટર્ન ગિફ્ટ
॥ મધુરમ્ ॥
એસ્ટ્રોન ચોક, રાજકોટ
૨૪૮૩૦૦૯
૧૦ થી ૧ અને 3.30 થી ૮.૩૦

Raymond શુટ રૂા. 3000
કાપડ + સિલાઇ સાથે
સફારી શુટ રૂા.૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે
ફક્ત રૂા. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે
બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ન્યુ ફેશ કલેકશન
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

ચામુંડા શુટ ઝોન
શુટ ફેન્સી → ૩૦૦૦થી
ઇન્ડોવેસ્ટર્ન → ૩૫૦૦થી
ફેન્સી બ્લેઝર → ૨૫૦૦થી
સેમી ઇન્ડોવેસ્ટર્ન → ૨૨૦૦થી
સિલ્ક કુરતા શેટ → ૧૨૦૦થી
ફેન્સી કોટ → ૧૦૦૦થી
સિલ્ક કુરતા જેકેટ વાળા → ૧૮૫૦થી
કાઉલ કુરતા શેટ → ૨૫૦૦થી
કોટી → ૫૫૦થી

#SIR2025
SIR કેમ્પ
તા. ૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨ થી સાંજે ૫
તા. ૩૦-૧૧-૨૦૨૫ સવારે ૧૦ થી સાંજે ૫
આપના વિધાનસભા મતવિસ્તારના કેમ્પના સ્થળની માહિતી મેળવવા મામલતદાર કચેરી અથવા મતદાર નોંધણી અધિકારીની કચેરીનો સંપર્ક કરો.
• ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ સર્ચ કરો - મેપિંગ કરો.
• ગણતરી ફોર્મ પરત કરો.
Online સહાયતા માટે:
ડાયલ કરો ૧૯૫૦
Seach name in last SIR
Book a call with BLO
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત